કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com

તા.૨૩ જૂલાઇ, ૨૦૨૬ ગુરૂવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૫૬◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ અષાઢ સુદ - ૯ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ: ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### ભારતમાં ચોમાસાની રફતાર તેજ

# દ.ગુજરાતમાં 'આફત'નો વરસાદ : સરકાર હરકતમાં

**ભારે વરસાદની સ્થિતિ વચ્ચે ભૂપેન્દ્ર પટેલનો ત્વરિત નિર્ણય : અસરગ્રસ્ત જિલ્લાઓમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત વરિષ્ઠ અધિકારીઓને રવાના કરાયા : રાજ્યના જે જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, તે તમામ જિલ્લાઓમાં પણ સંબંધિત પ્રભારી સચિવોને તાત્કાલિક અસરથી પહોંચવા આદેશો અપાયા**

ગાંધીનગર : રાજ્યના સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક વહીવટી પગલાં લીધાં છે. અસરગ્રસ્ત

અનુસંધાન પાના નં.૪ પર

## આગામી ૪૮ કલાક ગુજરાત માટે ભારે

ગાંધીનગર : ગુજરાતમાં હવે મેઘરાજા પૂરજોશમાં બેટિંગ કરવાના મૂડમાં છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં એક સાથે ૪ જેટલી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે, જેના કારણે આગામી ૭ દિવસ સુધી સમગ્ર ગુજરાતમાં સામાન્ય વરસાદી વાતાવરણ ચાલુ રહેશે. ખાસ કરીને આગામી ૨ દિવસ સુધી, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં અતિ ભારે વરસાદની શક્યતા છે.

## વલસાડમાં બારે મેઘ ખાંગા, ૨૪ કલાકમાં ઉમરગામમાં ૩૫ ઈંચ વરસાદ

વલસાડ : દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૧૩ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે, જેમાં વલસાડ જિલ્લો જળબંબાકાર થઈ ગયો છે. વલસાડના ઉમરગામમાં છેલ્લા ૨૪ કલાકમાં આભ ફાટ્યું હોય તેમ ૩૫.૬૭ ઈંચ વરસાદ ખાબક્યો છે.

## ભરૂચમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ : ઠેર ઠેર જળબંબાકાર



વલસાડ અને નવસારી બાદ હવે ભરૂચ જિલ્લા પર પણ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ભરૂચ શહેર સહિત સમગ્ર જિલ્લામાં ગઈકાલે

અનુસંધાન પાના નં.૪ પર

## સીએમની અધ્યક્ષતામાં ગાંધીનગર સ્ટેટ ઇમર્જન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે સમીક્ષા બેઠક યોજાઇ




ગાંધીનગર : દક્ષિણ ગુજરાતમાં પડેલા અતિભારે વરસાદના કારણે ઊભી થયેલી પરિસ્થિતિ તેમજ આગામી ૨૪ કલાક દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા કરાયેલી આગાહી ના પગલે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર સ્ટેટ ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી જેમાં દક્ષિણ ગુજરાતમાં વલસાડ નવસારી સુરત જિલ્લામાં થયેલા ભારે વરસાદના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ અંગે નો ચિતાર મેળવ્યો હતો અને સ્થાનિક જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ રાહત બચાવ કામગીરી અંગે વિગતો મેળવીને જિલ્લા તંત્રોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લામાં આભ ફાટ્યું હોય તેમ ઉંમરગામમાં ૨૪ કલાકમાં ૩૫ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતા ભારે તારાજી સર્જાઈ હતી. વલસાડ જિલ્લા ઉપરાંત નવસારી અને સુરત જિલ્લામાં પણ ભારે વરસાદ પડતા કેટલાક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. દક્ષિણ ગુજરાતમાં પડેલા અતિ ભારે વરસાદના કારણે ઊભી થયેલી પરિસ્થિતિ અંગે ગાંધીનગર

અનુસંધાન પાના નં.૪ પર

## ડીજીપીશ્રી મલિકની અધ્યક્ષતામાં ભારે વરસાદની સ્થિતિ અંગે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ






ગાંધીનગર : રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં આજે પોલીસ ભવન ખાતેથી તમામ પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ વડા, રેન્જ વડા તથા SRP ગ્રુપના સેનાપતિઓ સાથે એક મહત્વપૂર્ણ વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આ ઉચ્ચસ્તરીય બેઠક દરમિયાન મુખ્યત્વે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સમગ્રતયા સ્થિતિની ગહન સમીક્ષા કરવામાં આવી હતી. રાજ્યમાં શાંતિ, સલામતી અને સુરક્ષાનું વાતાવરણ જળવાઈ રહે તે માટે તમામ પોલીસ અધિકારીઓને સતત વિજિલન્ટ રહેવા, સરકારી મિલકતો તેમજ કચેરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા ખાસ દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને સોશિયલ

અનુસંધાન પાના નં.૪ પર

## ડિજિટલ ફ્રોડ અટકાવવા હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં બેંક - પોલીસ કોઓર્ડિનેશન માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ



બેઠકમાં રાજ્યની ૫,૩૦૦થી વધુ બેંક શાખાના અધિકારીઓ- કર્મચારીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર: સાઈબર અપરાધીઓ સામે સમયસર પરિણામલક્ષી પગલાં ભરી નાગરિકોને ડિજિટલ ફ્રોડથી સંપૂર્ણ રક્ષણ આપી શકાય તે હેતુથી ગુજરાત સરકારે મહત્વનું પગલું ભર્યું છે. આ સંદર્ભે ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં વિવિધ અગ્રણી બેંકોના વડાઓ અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાગરિકોને થતું નાણાકીય નુકસાન અટકાવવા માટે પોલીસ અને તમામ બેંકો વચ્ચેનું પરસ્પર સંકલન વધુ મજબૂત અને ઝડપી બનાવવા ચર્ચા કરવામાં આવી હતી.બેઠકનો મુખ્ય હેતુ સાઈબર ફ્રોડનો ભોગ બનતાં નાગરિકોની પરસેવાની કમાણી બચાવવાનો અને પોલીસ તથા બેંકિંગ સિસ્ટમ વચ્ચે સઘન સંકલન સ્થાપિત કરવાનો હતો. આ બેઠકમાં અત્યાર સુધી નોંધાયેલા તમામ સાઈબર ફ્રોડ અને સંબંધિત ડેટાનું એનાલિસિસ

અનુસંધાન પાના નં.૪ પર

### નીટ પેપર લીકકાંડ : ફાસ્ટટ્રેક કોર્ટમાં થશે સુનાવણી

## યુવાનોનું ભાવિ કેન્દ્રની પ્રાથમિકતા : પીએમ

**વડાપ્રધાન નરેન્દ્રમોદીએ કર્યુ ટવિટ : દોષિતોને ઝડપથી સજા મળશે : વડાપ્રધાને આજે કર્યુ ટવીટ**

નવી દીલ્હી : નીટ પેપરલીક મામલે પીએમ મોદીએ મહત્વનું ટ્વિટ કર્યુ છે. પીએમ મોદીએ ટ્વિટમાં જણાવ્યું કે નીટ પેપરલીક મામલે સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં થશે. યુવાઓનુ હિત અને તેમનુ ભવિષ્ય સર્વોચ્ચ પ્રાથમિકતા છે. મહત્વનું છે કે નીટ પેપર લીક મામલે કોકરોચ જનતા પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. આ મામલે દિલ્હીમાં જંતર મંતર ખાતે પ્રદર્શનકારીઓ ભેગા થયા છે.યુવાઓનું ભવિષ્ય અમારી પ્રાથમિકતા- પીએમ મોદી પીએમ મોદીએ ટ્વિટ કરતા જણાવ્યું કે દેશના યુવાનોનું કલ્યાણ અને ભવિષ્ય અમારી ટોચની પ્રાથમિકતા છે. પેપર લીકની કોઈપણ ઘટનામાં દોષિતોને ઝડપી અને કડક સજા મળે તે માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવશે. જરૂરી કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવા માટે સંબંધિત વિભાગોને સૂચનાઓ જારી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા નિર્ણયોની શ્રેણીમાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. યુવાનોના ભવિષ્યને જોખમમાં મૂકનાર કોઈપણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં. પીએમ મોદીએ ઉલ્લેખ કર્યો કે તેમણે આ બાબતે સંબંધિત અધિકારીઓ અને વિભાગોને જરૂરી નિર્દેશો આપ્યા કર્યા છે. તેમને આ નિર્ણયને અમલમાં મૂકવા માટે જરૂરી તમામ પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ આને વિદ્યાર્થીઓના હિતમાં સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાંઓની શ્રેણીના ભાગ રૂપે વર્ણવ્યું, નોંધ્યું કે આ નિર્ણય વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા માટે સરકારના ચાલુ પ્રયાસોનો અભિન્ન ભાગ છે.પીએમ મોદીએ તેમના નિવેદનમાં કડક ચેતવણી પણ આપી હતી, જાહેર કર્યું હતું કે યુવાનોના ભવિષ્યને જોખમમાં નાખવાનો પ્રયાસ કરનારાઓને બક્ષવામાં આવશે નહીં. તેમણે પુનરોચ્ચાર કર્યો કે દેશના યુવાનોના હિતો અને ભવિષ્ય સરકારની ટોચની પ્રાથમિકતા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પેપર લીકના તમામ

અનુસંધાન પાના નં.૪ પર

## દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ સામે રાજ્યતંત્ર સંપૂર્ણ સજ્જ : રાહત કમિશ્નર ગૌરાંગ મકવાણા



ગાંધીનગર:દક્ષિણ ગુજરાતમાં થઈ રહેલા ભારેથી અતિભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત સરકારનું વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ અને એલર્ટ મોડ પર છે. આ અંગે માહિતી આપતાં રાજ્યના રાહત કમિશ્નર ગૌરાંગ મકવાણાએ જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરાતાં જ ગઈકાલ રાતથી જ સમગ્ર તંત્રને સતર્ક કરી દેવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સ્થિતિ પર સીધી નજર રાખી રહ્યા છે"મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ જાતે સમગ્ર સ્થિતિનો તાગ મેળવી રહ્યા છે. તેમણે સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના કલેક્ટરશ્રીઓ સાથે સીધી વાતચીત કરીને જરૂરી તમામ માર્ગદર્શન અને સૂચનાઓ આપી છે. આ ઉપરાંત, પૂરની સ્થિતિ બાદ રોગચાળો ન ફેલાય તે માટે સફાઈ કામગીરી, પીવાના શુદ્ધ પાણીનો પુરવઠો જળવાઈ રહે અને અન્ય આવશ્યક સેવાઓ ખોરવાય નહીં તે અંગે પણ મુખ્યમંત્રીશ્રીએ વિશેષ દિશાનિર્દેશો આપ્યા છે.રાહત કમિશ્નરશ્રીએ ઉમેર્યું હતું કે, નીચાણવાળા કે પાણીમાં ફસાયેલા લોકોને


અનુસંધાન પાના નં.૪ પર

## દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ : ભાજપ કાર્યકરો સેવા માટે આગળ આવે : જગદીશ વિશ્વકર્માનું આહ્વાન



ગાંધીનગર : ગુજરાતના અનેક વિસ્તારોમાં, ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદ અને પૂર જેવી વિકટ પરિસ્થિતિ વચ્ચે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ ભાજપના તમામ કાર્યકરોને 'સેવા હી સંગઠન'ના મંત્ર સાથે રાહત અને બચાવ કામગીરીમાં સક્રિય સહભાગી બનવા અપીલ કરી છે. જગદીશભાઈ વિશ્વકર્માએ સોશિયલ મીડિયા 'X' પર કરેલી પોસ્ટમાં જણાવ્યું છે કે કુદરતી આફતના આ સમયમાં ભાજપના કાર્યકરો અસરગ્રસ્ત અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચીને જ્યાં જે પ્રકારની જરૂરિયાત હોય તે મુજબ મદદરૂપ બને. તેમણે સરકારી તંત્ર દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં ચાલી રહેલી રાહત અને બચાવ કામગીરીમાં પણ કાર્યકરોને સહયોગ આપવા અનુરોધ કર્યો છે. તેમણે જનતાને પણ અતિ ભારે વરસાદની પરિસ્થિતિમાં સંપૂર્ણ સાવચેતી રાખવા અપીલ કરી છે. સાથે જ સલામતી અને રક્ષણ માટે સરકારી તંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની વિનંતી કરી છે.

### તિકડમ ! – દેવેન વ્યાસ




## વિદ્યાર્થીઓના આંદોલનને સમર્થન આપવા આજે મહારાષ્ટ્ર બંધનું એલાન

નવી દીલ્હી : ન્યુદિલ્હીના જંતરમંતર ખાતે ચાલી રહેલ વિદ્યાર્થી આંદોલનના સપોર્ટમાં અનેક રાજકીય પક્ષોએ ઝંપલાવ્યું છે. વિદ્યાર્થીઓ પર જે બર્બરતાથી લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો તે કાર્યવાહીના વિરોધમાં વંચિત બહુજન આઘાડી દ્વારા આજે ૨૩મી જુલાઈએ 'મહારાષ્ટ્ર બંધ' નું આહ્વાન કરવામાં આવ્યું છે.પ્રકાશ આંબેડકરે પ્રેસ-કોન્ફરન્સમાં મહારાષ્ટ્ર બંધ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે દિલ્હીમાં આંદોલન પર ઊતરેલા વિદ્યાર્થીઓ પર અમાનવીય અત્યાચાર ગુજારવામાં આવ્યા છે.

## મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધ : અમેરિકાના ઈરાન પર તબાહી મચાવતા હુમલા

વોશિંગ્ટન : મિડલ ઈસ્ટમાં સ્થિતિ દિવસેને દિવસે વધુ ગંભીર અને ભયાનક બની રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધના ૧૨મા દિવસે યુએસ સેનાએ ઈરાનના વિવિધ વિસ્તારો પર પ્રચંડ હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ રેડ સીમાં સાઉદી અરેબિયાના ઓઈલ ટેન્કરો પર મિસાઈલ હુમલા કર્યા છે. આ સાથે જ આ સંઘર્ષ હવે સમગ્ર પશ્ચિમ એશિયા અને વૈશ્વિક ઊર્જા માર્ગો પર ફેલાઈ ગયો છે.અમેરિકન સેનાએ બુધવારે સતત ૧૨મી રાત્રે ઈરાન પર ભીષણ હવાઈ અને મિસાઈલ હુમલા કર્યા છે. દક્ષિણ ઈરાનના સિરિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડે સ્પષ્ટ કર્યું છે કે ઈરાનના એરક્રાફ્ટ હેંગર્સ, ડ્રોન સ્ટોરેજ સાઈટ્સ, મિલિટરી ઓપરેશન સેન્ટર્સ અને મરીન લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવાયા છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં કોમર્શિયલ જહાજો અને નાવિકો માટે ઈરાન તરફથી ઊભા થતા ખતરાને નાબૂદ કરવા અમેરિકાએ આ મિશન આગળ પણ ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

## મોંઘા ક્રૂડતેલ અને અલ નીનોના બેવડા ફટકાથી ફુગાવો વધશે

**IMFએ ૨૦૨૬-૨૭ માટે ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ ૧૦ બેસિસ પોઇન્ટ ઘટાડીને ૬.૪ ટકા કર્યો**

નવી દિલ્હી : ભારતનો કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) વૃદ્ધિ દર ૨૦૨૬-૨૭માં ઘટી શકે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અનુસાર, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે પેટ્રોલિયમના ભાવમાં વૃધારો અને અલ નીનોની અસરને કારણે નબળું ચોમાસું ભારતના વિકાસ માટે મુખ્ય પડકારો છે.એશિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર ભારત, તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતોનો લગભગ ૮૦ ટકા આયાત દ્વારા પૂર્ણ કરે છે. આનાથી તે પેટ્રોલિયમના ભાવમાં વૃધઘટનો ભોગ બની શકે છે. આ ભારતના વિકાસ પર પ્રતિકૂળ અસર કરી શકે છે અને ફુગાવો વૃધારી શકે છે.

આ મહિને આઈએમએફ એ ૨૦૨૬-૨૭ માટે ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૧૦ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૬.૪ ટકા કર્યો છે, જ્યારે ૨૦૨૭-૨૮ માટેનો અંદાજ ૨૦ બેસિસ પોઈન્ટ વૃધારીને ૬.૭ ટકા કર્યો છે.આમાં કદાચ બે જોખમો છે તેમ જણાવતા આઈએમએફ ના રિપ્રેઝન્ટેટિવ રાનિલ સાલ્ગાડોએ જણાવ્યું હતું કે એક તો એ છે કે યુદ્ધ ફરી શરૂ થઈ ગયું છે, અને તે તેલના ભાવને અસર કરે છે. ગયા અઠવાડિયે હોર્મુઝ સ્ટ્રેટમાં નાકાબંધીના ભયને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૯૦ ડોલરને વટાવી ગયા હતા. યુએસ-ઈરાન મધ્યસ્થીનાં સમાચારોને કારણે છેલ્લા બે દિવસમાં તેમાં થોડો ઘટાડો થયો હતો.

## સતત ત્રીજા સત્રમાં સોનામાં તેજી

નવી દીલ્હી : બજારમાં આવી રહેલી તેજી અને મજબૂત સ્થાનિક માંગના કારણે આજે, ૨૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સોનાના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. વૈશ્વિક બજારોમાંથી મળેલા સકારાત્મક સંકેતો અને નીચા મથાળે થયેલી લેવાલીને કારણે સોનાના ભાવ બે અઠવાડિયાની ઊંચી સપાટીએ પહોંચી ગયા છે.આજે ૨૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ દેશભરના બુલિયન બજારમાં સોનાના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**અષાઢ સુદ-૯, તા.૨૩ જૂલાઇ, ગુરૂવાર**

## પ્રિ-મોન્સૂન કામગીરીનું કાગળ પર પ્લાન ચોમાસામાં જનતાની હાલાકી

**જયા સુધી ઠેકેદારો-એન્જીનીયરોની કોઈ કેસમાં જવાબદારી ફીટ નહી થાય ત્યા સુધી ચોમાસાના તમામ પ્લાનો પાણીમાં જ જવાના છે**

દર વર્ષે ચોમાસું બેસે તે પહેલાં સ્થાનિક નગરપાલિકાઓ અને વહીવટીતંત્રો દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે 'પ્રિ-મોન્સૂન કામગીરી' એટલે કે વરસાદી નાળાઓ અને ગટરોની સફાઈની જાહેરાતો કરવામાં આવે છે. પરંતુ સિઝનના પ્રથમ બે કે ત્રણ ઈંચ વરસાદમાં જ આ કરોડોના ખર્ચા અને દાવાઓ પાણીમાં ધોવાઈ જાય છે. આ પરિસ્થિતિ કોઈ કુદરતી આપત્તિ નથી, પરંતુ સંપૂર્ણપણે માનવસર્જિત અને વહીવટી ક્ષતિઓનું પરિણામ છે.સફાઈના વાર્ષિક કોન્ટ્રાક્ટ લેનારી એજન્સીઓ માત્ર કાગળ પર કામ બતાવીને બિલો પાસ કરાવી લેતી હોવાના આક્ષેપો અવારનવાર થતા રહે છે. ગ્રાઉન્ડ રિયાલિટી એ હોય છે કે મુખ્ય બજારો અને નીચાણવાળા વિસ્તારોના નાળાઓ પ્લાસ્ટિક અને માટીથી જામ હોય છે, જેના કારણે સામાન્ય વરસાદમાં પણ દુકાનો અને મકાનોમાં પાણી ઘૂસી જાય છે અને વેપારીઓને કરોડોનું નુકસાન વેઠવું પડે છે. હવે સમય પાકી ગયો છે કે માત્ર નોટિસો આપવાની ઔપચારિકતા છોડીને, બેદરકારી દાખવનાર ઠેકેદારો અને ઓવરસાઈટ ન રાખનાર એન્જિનિયરો સામે ફોજદારી પગલાં લેવામાં આવે. જ્યાં સુધી જવાબદારી નક્કી નહીં થાય, ત્યાં સુધી જનતાએ દર ચોમાસે આ જ રીતે હાલાકી ભોગવવી પડશે.

## બન્ની ગ્રાસલેન્ડમાં લાકડાની ગેરકાયદે હેરફેર અને ભ્રષ્ટાચારની ગંધ

ભુજ - કચ્છઉદય : વિશ્વવિખ્યાત કચ્છના બન્ની ગ્રાસલેન્ડ વિસ્તારમાં ગેરકાયદેસર લાકડાની કાપણી, પરિવહન અને વન વિભાગના કર્મચારીઓની કથિત મિલીભગત સામે સ્થાનિકેથી વ્યાપક ફરિયાદો રાજયના વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા સુધી પહોંચી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર બન્ની પટ્ટામાં પ્રતિબંધ હોવા છતાં અન્ય ખેડૂતોના ૭/૧૨ના દસ્તાવેજોનો દુરૂપયોગ કરીને મોટા પાયે ગેરકાયદેસર લાકડાની હેરફેર કરવામાં આવી રહી છે.

ભુજ તાલુકાના લોરિયા ચેકપોસ્ટ નજીક આવેલી કાર્બન ક્રેડિટ કંપની અને વન વિભાગના કેટલાક કર્મચારીઓની સાંઠગાંઠથી મોટા પ્રમાણમાં લાકડાનો સંગ્રહ અને કપાત થઈ રહી છે. આ સિવાય, છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી કરોડો રૂપિયાની ગ્રાન્ટ તથા ઘાસના પ્લોટોના વિકાસમાં પણ મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ થઈ રહ્યો છે.

વન વિભાગની બેદરકારીના કારણે બન્ની વિસ્તારમાં શિકારી પ્રવૃત્તિઓ વધી છે અને પાણીના અવાડાઓની યોગ્ય જાળવણી ન થવાથી હરણ, તેતર, કુંજ અને સસલા જેવા વન્યજીવોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ગેરરીતિ અંગે રજૂઆત કરનારા સામાજિક કાર્યકરો અને બાતમીદારોને ધાકધમકી આપવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. શંકાસ્પદ લાકડાની કાપણી પર તાત્કાલિક રોક લગાવવા, જવાબદાર અધિકારીઓ સામે કડક વિભાગીય તથા ફોજદારી કાર્યવાહી કરવા અને બન્નીના વન્યજીવો તથા પર્યાવરણના જતન માટે વિશેષ કાર્યયોજના અમલમાં મૂકવા રાજ્યના વનમંત્રી સમક્ષ રજૂઆતો થઈ છે.

## ગાંધીધામમાં ટ્રાફિકને અડચણરૂપ બનતા વાહનચાલકો ટ્રાફિક પોલીસની ઝપટે ચડયા

ગાંધીધામઃ સીટી ટ્રાફિક શાખાના એ.એસ.આઈ. મુળભાઇ બોખરિયા તેમની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પૂર્વ કલ્ચર હોટલ સામે જાહેર રોડ પર રાજેન્દ્ર તલરિંગ ઠાકુર (ઉ.વ. ૨૫, રહે. ગળપાદર) નામનો ચાલક પોતાના કબજાનું મોટરસાઈકલ (GJ-08-AU-8112) પૂરઝડપે, ગફલતભરી રીતે અને રોંગ સાઇડમાં ચલાવતો મળી આવ્યો હતો. ટ્રાફિક પોલીસે ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા તથા એમ.વી. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપરાંત એ.એસ.આઈ. સતિષકુમાર વાઘેલાને સ.વ.પ. પુતળા પાસે શંકર ભગવાનના મંદિર સામે જાહેર રોડ પર રિક્ષા ચાલક કિશનભાઈ રામાજી ઠાકોર (ઉ.વ. ૧૯, રહે. કાર્ગો એકતાનગર) પોતાની પેસેન્જર રિક્ષા (GJ-11-AU-1068) ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખીને ઉભેલો મળી આવ્યો હતો. પોલીસે બીએનએસ કલમ ૨૮૫ હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી છે. સાથોસાથ સીટી ટ્રાફિક શાખાના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચૌધરીની ટીમ દ્વારા સ.વ.પ. પુતળા પાસે શિવ મંદિર નજીક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કિશોરભાઈ શંકરભાઈ ખિચડા (ભાનુશાલી) (ઉ.વ. ૪૯, રહે. ભારતનગર) પોતાની અતુલશક્તિ રિક્ષા (GJ-12-AZ-0817) રાહદારીઓ તથા અન્ય વાહનો માટે અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખી મળી આવતા તેની સામે BNS કલમ ૨૮૫ મુજબ કાર્યવાહી કરી અટકાયત કરવામાં આવી છે.

### નેશનલ હાઇવે પર જોખમી રીતે ટ્રેલર પાર્ક કરનાર ચાલક સામે ગુનો

ગાંધીધામઃ ભચાઉથી ગાંધીધામ જતા નેશનલ હાઈવે પર ગાયત્રી પેટ્રોલ પંપ સામે એક ટ્રેલર ચાલકે પોતાનું ટ્રેલર અકસ્માત સર્જાય તે રીતે ભયજનક સ્થિતિમાં પાર્ક કર્યું હતું. ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસના કોન્સ્ટેબલ ગોપાલ આહિરે ટ્રેલર (GJ-12-AT-9906) ના ચાલક મનીષકુમાર નન્હા યાદવ (રહે. બિહાર, હાલે ગાંધીધામ) સામે બીએનએસ કલમ ૨૮૫ હેઠળ કાર્યવાહી કરી છે.

## મેઘપર બોરીચીમાં યુવકે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

અંજારઃ મેઘપર બોરીચી ગામની સોનલનગરમાં રહેતા રાજેશભાઈ નારણભાઈ માલી (ઉ.વ. ૩૬) નામના યુવકે પોતાના ઘરે પંખા સાથે ચૂંદડી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે રામબાગ હોસ્પિટલના તબીબે અંજાર પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માતે મોત (BNSC કલમ ૧૯૪) હેઠળ નોંધ કરી છે. ગળે ફાંસો ખાવાનું અગમ્ય કારણ જાણી શકાયું નથી. અંજાર પોલીસે લાસનું ઈક્વેસ્ટ ભરી પી.એમ. અર્થે ખસેડી વધુ તપાસ પીએસઆઈ વી.એ. ઝા ચલાવી રહ્યા છે.

--------




### દારૂના નશામાં બાઈક ચલાવતો ઈસમ ભચાઉમાંથી પકડાયો

ભચાઉઃ નાયરા પંપ સામે બટીયા વિસ્તારમાંથી ભચાઉ પોલીસ ટીમે અલ્પેશભાઈ પ્રવિણભાઈ ઠક્કર (ઉ.વ. ૫૦, રહે. ફુલવાડી, ભચાઉ) નામના શખ્સને જી.જે.-૧૨-બીઈ-૮૮૭૫ નંબરની હીરો પેશન પ્રો મોટરસાઈકલ સાથે ઝડપી પાડ્યો હતો. આરોપી પાસ-પરમિટ વગર કેફી પીણું (દારૂ) પીધેલી હાલતમાં જોખમી રીતે વાહન ચલાવતો મળી આવતા પોલીસે એમ.વી. એક્ટ કલમ ૧૮૫ તથા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી બાઈક કબ્જે કરી છે.

----

### ભચાઉ : કમરમાં છરી રાખી જાહેરનામાનો ભંગ કરનાર યુવક ઝડપાયો

ભચાઉઃ ભચાઉ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ પ્રદિપભાઈ વાજા અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોપડવા પાટીયા પાસે મહેશ નારણભાઈ પરમાર (ઉ.વ. ૩૨, રહે. ચોપડવા) નામનો યુવક શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેની તલાશી લેતાં તેની કમરમાં ભરાવેલી છરી મળી આવી હતી. કલેક્ટરશ્રીના હથિયારબંધી જાહેરનામાનો અનાદર કરવા બદલ પોલીસે જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

-------

### રાપરના રવ મોટી ગામમાંથી ૨૦ વર્ષીય યુવતી ગુમ

ગાંધીધામ : રાપર તાલુકાના રવ મોટી ગામના ખેડૂત ભીખાભાઈ આલાભાઈ પરમારની ૨૦ વર્ષીય પુત્રી દિવ્યાબેન પરમાર ગત તા. ૨૧/૦૭/૨૦૨૬ ની વહેલી સવારે પોતાના ઘરેથી કોઈને કશું કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગઈ છે. પરિવારે પોતાના સ્તરે શોધખોળ કર્યા બાદ કોઈ પત્તો ન લાગતાં રાપર પોલીસ મથકે ગુમનોંધ કરાવી છે. રાપર પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

-------

## ભીમાસરમાં મજુરો મુદ્દેના જાહરેનામાનો ભંગ કરનાર ઠેકેદાર સામે કાર્યવાહી

અંજારઃ ભીમાસર ખાતે આવેલ રત્નામણી મેટલ એન્ડ ટ્યુબ્સ પ્રા.લી.માં મજૂરો પૂરા પાડતા લેબર કોન્ટ્રાક્ટર અસગર રોજા અંસારી (રહે. મેઘપર બોરીચી) દ્વારા મજૂર નોંધણી અંગેની જરૂરી પ્રક્રિયા ન કરી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કચ્છ-ભુજના જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો છે. અંજાર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હિરાભાઈ ચૌધરીની ફરિયાદના આધારે બીએનએસ કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે. અન્ય એક લેબર કોન્ટ્રાક્ટર સામે ગુનો દાખલ અંજાર ભીમાસરની રત્નામણી મેટલ કંપનીમાં મજૂરો પૂરા પાડતા આદિપુરના લેબર કોન્ટ્રાક્ટર જીતેન્દ્રસિંગ અરૂણકુમાર સીંગ સામે મજૂર નોંધણીના જાહેરનામાનો ભંગ કરવા બદલ અંજાર પોલીસ મથકે ગુનો નોંધાયો છે. કલેક્ટરના જાહેરનામા અનુસાર મજૂરોની નોંધણી કરાવવાની કામગીરી ન કરી નિયમોનો અનાદર કરવા બદલ પોલીસે કાર્યવાહી કરી છે.

## ભુજ ખાતે શિક્ષણ અને લોકશાહી બચાવવા માટે યોજાયેલ બે દિવસીય પ્રતિક ધરણા પૂર્ણ

**કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરાયું**



ભુજ - કચ્છઉદય : રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ - કચ્છ જિલ્લાના ઉપક્રમે કચ્છ જિલ્લા કલેક્ટર કચેરીની બાજુમાં "શિક્ષણ બચાવો - લોકશાહી બચાવો" ના સૂત્ર સાથે બે દિવસીય પ્રતીક ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધરણામાં વિદ્યાર્થીઓ, યુવાનો, સામાજિક કાર્યકરો અને પક્ષ ના સાથીઓ સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શિક્ષણ અને લોકશાહીના પ્રશ્નોને લઈને સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરી હતી.

ધરણા પૂર્ણ થયા બાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું, જેમાં રજૂઆત કરવામાં આવી છે કે આ રજૂઆત ભારતના રાષ્ટ્રપતિ તથા ગુજરાતના રાજ્યપાલ મહોદયને મોકલવામાં આવે. આવેદનપત્રમાં જણાવાયું છે કે, ગુજરાત તથા ખાસ કરીને કચ્છ જિલ્લાના શિક્ષણ ક્ષેત્રની સ્થિતિ ચિંતાજનક છે. સરકારી શાળાઓમાં શિક્ષકોની લાંબા સમયથી રહેલી ખાલી જગ્યાઓને કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ પર પ્રતિકૂળ અસર થઈ રહી છે. ચાલુ શૈક્ષણિક સત્ર શરૂ થયા પછી પણ અનેક વિદ્યાર્થીઓને સમયસર પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ થયા નથી, જે શિક્ષણના અધિકાર સાથે જોડાયેલ ગંભીર પ્રશ્ન છે. ધરણા દરમિયાન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ પણ ઉઠાવવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે, શિક્ષણ ક્ષેત્રમાં ઊભા થયેલા પ્રશ્નો અને વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને જવાબદારી નિર્ધારિત થવી જરૂરી છે.

આ ઉપરાંત, દિલ્હીના જંતર-મંતર ખાતે શ્રી સોનમ વાંગચૂંગ દ્વારા ચલાવવામાં આવેલા શાંતિપૂર્ણ આંદોલન અને ભૂખ હડતાલને રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ – કચ્છ જિલ્લા દ્વારા જાહેર સમર્થન વ્યક્ત કરવામાં આવ્યું હતું. સાથે જ, જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ અને યુવાનો સામે થયેલી પોલીસ કાર્યવાહીને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી અને લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવાની માંગ કરવામાં આવી હતી.

સંસ્થાએ સરકાર સમક્ષ કચ્છ જિલ્લામાં શિક્ષકોની તમામ ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવે, તમામ વિદ્યાર્થીઓને સમયસર પાઠ્યપુસ્તકો અને જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે, ગુજરાત તથા કચ્છની શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપક સુધારા કરવામાં આવે, સોનમ વાંગચૂંગના શાંતિપૂર્ણ આંદોલન અંગે સંવાદ દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવ અને વિદ્યાર્થીઓ તથા યુવાનોના લોકશાહી અને બંધારણીય અધિકારોનું રક્ષણ કરવામાં આવે તેવી માંગણીઓ મૂકી હતી.

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ કચ્છ જિલ્લાના પ્રમુખ હિતેશ મહેશ્વરીએ જણાવ્યું હતું કે, આ પ્રતીક ધરણા માત્ર શરૂઆત છે. જો રજૂ કરાયેલ માંગણીઓ અંગે સરકાર દ્વારા યોગ્ય અને સમયબદ્ધ કાર્યવાહી કરવામાં નહીં આવે તો સંસ્થા બંધારણીય અને લોકશાહી માર્ગે વધુ વ્યાપક જનઆંદોલન, પ્રદર્શન અને કાનૂની લડત ચલાવશે. શિક્ષણના અધિકાર અને લોકશાહી મૂલ્યોના રક્ષણ માટેનો સંઘર્ષ સતત ચાલુ રહેશે.

આ રજૂઆતમાં અંકિતા ગોર, અંજલિ ગોર, ડો. રમેશ ગરવા, નરેશ મહેશ્વરી, વી. કે. હુંબલ, વાલજી દનીચા, દતેશ ભાવસાર, રમેશ થારૂ, કરણ ફુફલ, ઉમર સમા, પુષ્પાબેન સોલંકી, દિપ્તીબેન ખત્રી, વાલુબેન ધેડા, શિવજી ધેડા, બાલારામ ચંડે, કિશોરદાન ગઢવી, એચ.એસ. આહીર, રામજી કટુઆ વગેરે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## જિલ્લા ફેર બદલી પામેલા ૧૪૫ શિક્ષકોને એક જ દિવસમાં છૂટા કરાયા

**વહીવટી પારદર્શિતાનું ઉત્તમ ઉદાહરણ : ડીપીઈઓ સંજય પરમારની વિશિષ્ટ પહેલથી સેવાપોથી, એલપીસી અને ઓનલાઈન ટ્રાન્સફરની કામગીરી સ્થળ પર જ પૂર્ણ : શિક્ષક સંગઠનોએ નિર્ણયને આવકાર્યો**



ભુજ - કચ્છઉદય : જિલ્લા ફેર બદલી પામેલા શિક્ષકો માટે સામાન્ય રીતે બદલી બાદ છૂટા થવાની પ્રક્રિયા ખૂબ જ જટિલ અને વિલંબકારી રહેતી હોય છે. શિક્ષકોને પોતાની મૂળ શાળા, ગ્રુપ શાળા, તાલુકા કચેરી અને ત્યારબાદ જિલ્લા કચેરી સુધી દરખાસ્તો રજૂ કરવી પડતી હોય છે. આ ઉપરાંત સેવાપોથી મેળવવી, લાસ્ટ પે સર્ટિફિકેટ અને ઓનલાઈન ટ્રાન્સફર પ્રક્રિયા પૂર્ણ કરવા માટે જે-તે જિલ્લામાં વારંવાર ધક્કા ખાવા પડતા હતા. શિક્ષકોની આ લાંબા સમયની હાલાકી અને મુશ્કેલીઓને ધ્યાને રાખીને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમાર દ્વારા એક અત્યંત સરાહનીય અને પારદર્શક નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપીને સમગ્ર ટીમને કામે લગાડી હતી, જેના પરિણામે એક જ દિવસમાં ૧૪૫ શિક્ષકોની તમામ વહીવટી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજ્યભરમાં પ્રથમ વખત હાથ ધરાયેલી આ પ્રકારની વિશિષ્ટ અને ત્વરિત કામગીરીને કારણે જિલ્લા ફેર બદલી પામેલા શિક્ષકો હવે કોઈપણ પ્રકારના વહીવટી ઉલઝન વગર પોતપોતાના વતન તરફ ઝડપથી પ્રયાણ કરી શકશે. શિક્ષક સંગઠનના પ્રમુખ નયનસિંહ જાડેજાએ આ ઐતિહાસિક અને નોંધપાત્ર વહીવટી પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, વિલંબકારી અને જટિલ પ્રક્રિયામાંથી શિક્ષકોને મુક્તિ અપાવીને પારદર્શક વહીવટનો સુખદ અનુભવ કરાવવામાં આવ્યો છે. આ કામગીરી વેળાએ તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, કચેરીનો સ્ટાફ તેમજ પ્રાથમિક શિક્ષક સંઘ અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્રના આ હકારાત્મક અભિગમથી સમગ્ર શિક્ષક આલમમાં ભારે ખુશી અને સંતોષનો માહોલ છવાઈ ગયો છે.

## મુસ્લિમ એજ્યુકેશન શાળામાં જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા યોજાઇ



**મુસ્લિમ અજ્યુકેશન શાળાએ બે ગોલ્ડ મેડલ મેળવ્યા**

ભુજ - કચ્છઉદય : અહીંની ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી સંચાલિત શાળામાં બહેનો માટેની સીજીએફઆઈ જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા યોજાઇ હતી.

આ સ્પર્ધામાં મુસ્લિમ એજ્યુકેશન શાળાએ બે ગોલ્ડ મેડલ જીત્યા હતા. સંસ્થાના ચેરમેન અલીમોહમ્મદ એમ. જત, સેક્રેટરી જુમ્મા આઇ.નોડે અને શાળાના આચાર્ય જુસબખાન આઇ. ટાકે પ્રાસંગિક પ્રવચન સાથે સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. મુસ્લિમ એજ્યુકેશન શાળાની બે વિદ્યાર્થીની ગજણ માહિરા ઈદ્રીશ અને સુમરા સેફીના ઈબ્રાહીમે ગોલ્ડ મેડલ જીત્યા હતા. શાળાના રમતગમતના શિક્ષકો અયાઝ એચ. ઝાખરા, હમીદ ઓ. સુમરા, રૂબીના લુહાર અને શેખ મુશાહીદે સમગ્ર સ્પર્ધાની વ્યવસ્થા અને સંચાલન સાંભળ્યું હતું.

સંસ્થાના વાઈસ ચેરમેન અમીરઅલી એચ.લોઢીયા, સેક્રેટરી યુનુસભાઈ હિંગોરા, ખજાનચી બશીરભાઈ મેમણ અને અન્ય તમામ ટ્રસ્ટીઓએ અભિનંદન આપ્યા હતા.

## ગાંધીધામમાં જૂની અદાવતમાં જૂથ અથડામણઃ સામસામે ફરિયાદો નોંધાઈ

ગાંધીધામઃ જગજીવન નગર ખેડોઈ કેમ્પ વિસ્તારમાં અગાઉના ઝઘડાનું મનદુઃખ રાખીને બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષે સામસામે ગુના નોંધાયા છે.

રમેશભાઈ ગોપલભાઈ રતડની ફરિયાદ મુજબ આરોપી બાદલભાઈ શ્યામભાઈ દેવરીયા, શ્યામભાઈ બાબુભાઈ દેવરીયા અને અશ્વીન ઝાઝીયાએ તીક્ષ્ણ હથિયારો (છરી, તલવાર) વડે હુમલો કરી રમેશભાઈ, સાહિલ, ગીતાબેન અને મંજુલાબેનને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. શ્યામભાઈ બાબુભાઈ દેવરીયાની ફરિયાદ મુજબ, આરોપી સાહીલ રમેશભાઈ રતડ, રમેશભાઈ રતડ, મયુર રમેશભાઈ રતડ અને ગીતાબેન ઉર્ફે ખીતુબેને ધારીયા, છરી અને ધોકા વડે હુમલો કરી શ્યામભાઈ, ખેતબાઈ, બાદલ, અશ્વીન, ગીતાબેન, આણંદભાઈ અને ગંગાબેનને નાની-મોટી ઈજાઓ પહોંચાડી હતી. ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસે બંને પક્ષો સામે બીએનએસ કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ અને જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### વરસાણાની કંપનીમાંથી કોપર વાયરની ચોરી

અંજારઃ વરસાણા સ્થિત સાઝ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના પાવર પ્લાન્ટ વિભાગના સ્ટોરેજ રૂમમાંથી અજાણ્યા ત્રણ તસ્કરો પ્રવેશ કરી ૫૮ મીટર (૪ કોર ૫૦ સ્કવેર એમએમ) કોપરના કેબલ વાયર (કિંમત રૂ. ૮૫,૦૦૦/) ની ચોરી કરી ફરાર થઈ ગયા છે. કંપનીના મેનેજર પરેશભાઈ મોવરે નોંધાવેલી ફરિયાદના આધારે અંજાર પોલીસે અજાણ્યા ચોરો સામે બીએનએસ કલમ ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) હેઠળ ગુનો નોંધી તપાસ ચાલુ કરી છે.

## ભુજને રક્તરંજિત થતું બચાવવું હોય તો બાયપાસ રોડ એ જ ઉકેલ

ભુજ - કચ્છઉદય : ભૂકંપ બાદ ભુજનો વિકાસ અને કચ્છમાંથી અંદરના ગામડામાંથી થતું માઈગ્રેશન, શિક્ષણ, આરોગ્ય, ધંધાના કારણે ભુજનો ચૌમુખી વિકાસ થયો છે. રહેણાંક વિસ્તાર સોસાયટીઓ, રિલોકેશન સાઈટો, વિશાળ મોલ, આસપાસ આવેલી શિક્ષણ અને આરોગ્યની સગવડોના કારણે ભુજના રોડ-રસ્તાઓ જે હાઈવે કનેક્ટ છે તેના કારણે છાશવારે અકસ્માતોના કારણે ભુજના લોકોના મરણ થવાથી રક્તરંજિત થાય છે. બાયપાસના અભાવે ભારેખમ ડમ્પરો, વિશાળકાય ટ્રેલરોના કારણે ક્યાંકને ક્યાંક નાના વાહન ચાલકોને હડફેટે લઈ લે છે. આ ડમ્પરો અને ટ્રેલરો બેફામ ચલાવતા હોય છે. કોઈ ગતિ નિયંત્રણ હોતું નથી. વળી અમુક જગ્યાએ સ્પીડબ્રેકરો હોતા નથી અને હોય છે તો વ્હાઈટપટ્ટા હોતા નથી. રસ્તાનું વિસ્તૃતિકરણ ગોકળગતિએ થાય છે ત્યારે ભુજને શેખપીરથી સુખપરનો બાયપાસ રોડ યુદ્ધના ધોરણે બનાવવો જોઈએ. તંત્ર ધારે તો બધું શક્ય છે. રહેણાંક વિસ્તારમાં ભારેખમ વાહનો માટે ગતિ નિયંત્રણ ૨૦/૩૦નું રાખવું જોઈએ. બાયપાસ રોડ મંજૂર થયો છે, પણ ઈચ્છાશક્તિના અભાવે ઝડપી આવતી નથી.

**CHANGE OF NAME / SURNAME**

I **MAKWANA BHOOMI NITIN**, RESIDENT OF NALIYA, POST. NALIYA, TA.-ABDASA, DIST. KUTCH-GUJARAT, PREVIOUSLY I WAS KNOWN AS **MAKVANA BHOOMI NITIN** NOW AFTER CHANGE OF MY SURNAME I WILL BE KNOWN AS **MAKWANA BHOOMI NITIN**.

**EARN ATTRACTIVE**
**8.05% Interest Rate**
**FIXED INCOME FROM YOUR INVESTMENT**
Backed by the Government of India
Regular Interest Payouts
For more details contact
**Jignesh Chawda**
**9016318735**
**7069744422**

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફેકસ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**

અરજી નં.૦૨/૨૦૨૬

શ્રી સવિતાબેન હિરેનભાઈ મહેશ્વરી
રહે. રતાડીયા, તા. મુન્દ્રા-કચ્છ. ................... અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

**સંદર્ભઃ- શ્રી સવિતાબેન હિરેનભાઈ મહેશ્વરી, રહે. રતાડીયા તા.મુન્દ્રા -કચ્છ ની તા.૨૯/૧૦/૨૦૨૫ વાળી અરજી**

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે શ્રી સવિતાબેન હિરેનભાઈ મહેશ્વરી, રહે, રતાડીયા તા.મુન્દ્રા-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેમના પુત્ર હિતેન હિરેનભાઈ મહેશ્વરી નો જન્મ તા.૦૮/૧૧/૨૦૦૯ ના રોજ જૂની સુંદરપુરી ગાંધીધામ મધ્યે થયેલ છે.પરંતુ તેમની નોંધ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.જેમના જન્મ ની અરજી નં.૦૨/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમનો જન્મ નોંધણી જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મ ની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૮/૦૧/૨૦૨૬

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગાંધીધામ કચ્છ.

**મામલતદાર અને એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી(કચ્છ)ની કોર્ટમાં**

**જાહેર નોટિસ**

જન્મ-મરણ કેસ નં. ૭૫/૨૦૨૬

દાતણીયા ભરત કરશન,
રે. મોરાવાડી ગુંદિયાલી, તા.માંડવી-કચ્છ. ........................અરજદાર
અરજદારના વકીલશ્રી એ.આર.નારેજા, એ.આઇ.સુમરા
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી ગુંદિયાલી, ગ્રામ પંચાયત ........................સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટિસ થી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી દાતણીયા ભરત કરશન, રે.મોરાવાડી ગુંદીયાલી, તા.માંડવી-કચ્છની અરજી અત્રે મળ્યા તા.૦૩/૦૭/૨૦૨૬ વાળી અરજી થી જણાવેલ છે કે તેઓના પુત્ર નામ દાતણીયા અનીલ ભરતનો જન્મ તા.૧૪/૦૩/૨૦૦૭ના રોજ ગુંદીયાલી મધ્યે થયેલ પરંતુ પરિવારની અજ્ઞાનતાના તથા શરતચૂકના કારણે જન્મ અંગેની નોંધણી ગુંદીયાલી ગ્રામ પંચાયતના વર્ષ : ૨૦૦૭ ના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ-મરણ નોંધણી રજિસ્ટર નં.૭૫/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધારપુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

(પી.એ. જેઠવા)
મામલતદાર અને એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી-કચ્છ

આજરોજ તા. ૨૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેકસ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

**જાહેર નોટીસ**

નં.મેજી/જન્મ/વશી-૧૮૯/૨૦૨૬ તા. ૧૩/૦૭/૨૦૨૬
જન્મ રજી.નં.૧૮૯/૨૦૨૬

શ્રી ફકીર સુલતાનશા કરીમશા
રહે.સામખિયારી તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી સામખિયારી તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે ફકીર શેરબાનુ સુલતાનશા નો જન્મ તા.૧૨-૦૭-૧૯૮૩ ના રોજ ગામ સામખિયારી તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે.તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર-ભચાઉ.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેકસ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

**જાહેર નોટીસ**

નં.મેજી/જન્મ/વશી-૨૫૯/૨૦૨૬ તા. ૧૩/૦૭/૨૦૨૬
જન્મ રજી.નં.૨૫૯/૨૦૨૬

શ્રી કુંભાર કાદરભાઈ મુસાભાઈ
રહે. બટીયા પાસે, ભચાઉ તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
ચીફ ઓફિસરશ્રી ભચાઉ, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે કુંભાર મુસ્કાન કાદરભાઈ નો જન્મ તા.૧૦-૧૨-૨૦૦૩ ના રોજ ગામ ભચાઉ તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે.તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર-ભચાઉ.

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજિ. નં.૩૨૫/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી જોશનાબેન શામજીભાઇ પ્રજાપતી, રહે.નાની હમીરપર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, નાની હમીરપર, તા.રાપર-કચ્છ. .... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી જોશનાબેન શામજીભાઇ પ્રજાપતી, રહે.નાની હમીરપર, તા.રાપર વાળાએ તા.૦૪/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી વિનાક્ષીબેન શામજીભાઇ પ્રજાપતીનો જન્મ મોજે : નાની હમીરપર તા.રાપર-કચ્છ મુકામે તા. ૨૧/૦૧/૨૦૦૭ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ નાની હમીરપર, તા.રાપર-કચ્છના વર્ષ ૨૦૦૭ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૩૨૫/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તા. ૨૯/૦૬/૨૦૨૬

કોર્ટનો સિક્કો

(એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**મામલતદાર અને એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી(કચ્છ)ની કોર્ટમાં**

**જાહેર નોટિસ**

જન્મ-મરણ કેસ નં. ૭૪/૨૦૨૬

ભાગુબાઈ કરશન બ્રહ્મભટ્ટ,
રે. ગઢશીશા, તા.માંડવી-કચ્છ ........................અરજદાર
અરજદારના વકીલશ્રી એસ.એચ.રાયમા, એ.એસ.ચાવડા, એ.એ.સરકી
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી ગઢશીશા, ગ્રામ પંચાયત ........................સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટિસ થી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભાગુબાઈ કરશન બ્રહ્મભટ્ટ, રે.ગઢશીશા, તા.માંડવી-કચ્છની અરજી તા.૦૫/૦૬/૨૦૨૬ વાળી અરજી અત્રેની કચેરીએ મળ્યા તા.૨૪/૦૬/૨૦૨૬થી જણાવેલ છે કે તેઓના પુત્રનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૫ ના રોજ ગઢશીશા મધ્યે થયેલ પરંતુ પરિવારની અજ્ઞાનતાના તથા શરતચૂકના કારણે જન્મ અંગેની નોંધણી ગઢશીશા ગ્રામ પંચાયતના વર્ષ : ૨૦૦૫ ના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ-મરણ નોંધણી રજિસ્ટર નં.૭૪/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધારપુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

(પી.એ. જેઠવા)
મામલતદાર અને એકિઝક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી-કચ્છ

આજરોજ તા. ૨૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ૫૬ ચો.કિ.મી.માં ફેલાયેલા ભુજને અંડરગ્રાઉન્ડ કેબલિંગની તાતી જરૂર

## ચોમાસામાં લટકતા વીજવાયરોથી જીવનું જોખમ : હાલમાં ઠેકઠેકાણે વાયરોનું જાળું ફેલાયેલુ છે

ભુજ - કચ્છઉદય : કચ્છનું પાટનગર ભુજ વિસ્તાર અને વસ્તી બંને દૃષ્ટિએ ઝડપથી વિકસી રહ્યું છે. અંદાજે ૫૬ ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલા શહેરમાં હાલ ૩થી ૪ લાખ જેટલી વસ્તી વસવાટ કરે છે. સતત નવા વિસ્તારો અને સોસાયટીઓ વિકસતાં ભુજને આધુનિક અને વાયર-ફ્રી શહેર બનાવવા માટે અંડરગ્રાઉન્ડ કેબલિંગની જરૂરિયાત દિવસેને દિવસે વધી રહી છે. જોકે કરોડો રૂપિયાના પ્રોજેક્ટ અને સરકારની જાહેરાતો છતાં કામગીરી ગોકળગાય ગતિએ ચાલી રહી હોવાથી ચોમાસામાં ખુલ્લા અને લટકતા વીજવાયરો લોકો માટે જોખમરૂપ બન્યા છે.

વરસાદ શરૂ થતાં શહેરના અનેક વિસ્તારોમાં શોર્ટ સર્કિટ અને માસફોલ્ટની ઘટનાઓ વધી રહી છે. વાણિયાવાડ, ભીડ ગેટ, હોસ્પિટલ રોડ, જ્યૂબિલી ગ્રાઉન્ડ સહિતના વિસ્તારોમાં વીજવાયરોના જાળાં આજે પણ ખુલ્લેઆમ લટકી રહ્યા છે. જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકો અકસ્માતના ભય વચ્ચે પસાર થવા મજબૂર બન્યા છે. અનેક વિસ્તારોમાં માસફોલ્ટને કારણે કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. સાથે જ શહેરના સૌંદર્યીકરણ પર પણ તેની નકારાત્મક અસર પડી રહી છે. ભુજમાં વિવિધ વિભાગો વચ્ચે સંકલનના અભાવે પણ સમસ્યા વધુ ગંભીર બની રહી છે. એક તરફ ગેસ લાઈન માટે રસ્તા ખોદાય છે તો થોડા દિવસોમાં ટેલિકોમ અથવા ઈન્ટરનેટ કંપનીઓ એ જ રસ્તા ફરી ખોદે છે. પરિણામે પાણીની લાઈનો, કેબલ અને અન્ય સુવિધાઓને નુકસાન પહોંચે છે. અધૂરા ખોદકામને કારણે વરસાદમાં રસ્તાઓ પર કાદવ, ખાડા અને ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. સ્થાનિક વેપારીઓ અને રહીશોનું કહેવું છે કે દર વર્ષે ચોમાસામાં લટકતા વીજવાયરો અને ખોદાયેલા રસ્તાઓ વચ્ચે જીવના જોખમે અવરજવર કરવી પડે છે. સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ વિભાગો વચ્ચેના સંકલનના અભાવે પ્રજાને તેનો લાભ મળતો નથી. ભુજ જેવા ઝડપથી વિકસતા શહેર માટે હવે માત્ર જાહેરાતો પૂરતી નથી. જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને પીજીવીસીએલ, નગરપાલિકા, પાણી પુરવઠા, ગેસ અને ટેલિકોમ કંપનીઓ વચ્ચે સંયુક્ત માસ્ટર પ્લાન બનાવી સુનિયોજિત રીતે કામગીરી થાય તો જ અંડરગ્રાઉન્ડ કેબલિંગનો પ્રોજેક્ટ સફળ બની શકે અને શહેરને ચોમાસામાં જોખમી વીજવાયરોમાંથી કાયમી રાહત મળી શકે. આ અંગે પીજીવીસીએલ ભુજ વર્તુળના અધિક્ષક ઈજનેર જયેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની રીવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ યોજના હેઠળ ભુજમાં વીજવાયરોને લગતી કામગીરી ચાલી રહી છે. અન્ડર ગ્રાઉન્ડ કેબલીંગ માટે કોઈ નિર્ણય લેવાયો નથી.

### ગુજરાતના આ શહેરોમાં અન્ડરગ્રાઉન્ડ વીજ કેબલ સક્સેસ

ગુજરાતમાં આધુનિક શહેરીકરણ અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ હેઠળ ઘણા શહેરોમાં વીજવાયરોને અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરી સફળતાપૂર્વક થઈ ચૂકી છે જેમાં ગાંધીનગર, અમદાવાદ, ગીફ્ટ સીટી, સુરતનો સમાવેશ થાય છે. રાજકોટ અને વડોદરા મહાનગરોમાં પણ નવા વિસ્તારો અને સ્માર્ટ સિટી નોડ્સમાં વાયર-ફ્રી કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

### વીજપોલ પર ઈન્ટરનેટના કેબલો જાણે કરોડીયાની જાળું : કલેક્ટરના જાહેરનામાનો છડેચોક ઉલ્લંઘન

કલેક્ટરનું જાહેરનામુ છે કે, વીજ થાંભલા કે વીજરેસા પર કોઈ પણ પ્રકારના વાયરો પસાર કરવા નહીં તેમ છતાં ઈન્ટરનેટ, ટીવી કેબલ સહિતના વાયરો છડેચોક થાંભલા પરથી પસાર થાય છે. જાણે કરોડીયાનું જાળું હોય તેવા દ્રશ્યો ખાસ કરીને કોર્નર પર જોવા મળે છે. કલેક્ટર જાહેરનામુ બહાર પાડીને સંતોષ માની લે છે. પરંતુ અમલવારી થતી નથી જે વાસ્તવિકતા છે.

### અંડરગ્રાઉન્ડ કેબલિંગના ફાયદા

- કુદરતી આપત્તિઓ સમયે મહત્તમ સુરક્ષા : ખુલ્લા વાયરો વાવાઝોડા, ભારે પવન કે વરસાદમાં તૂટી જવાનો સૌથી મોટો ભય રહે છે. અંડરગ્રાઉન્ડ કેબલિંગ હોવાથી ભારે વરસાદ કે વાવાઝોડામાં પણ શોર્ટ સર્કિટ કે માસફોલ્ટ થતો નથી અને વીજ પુરવઠો ખોરવાતો નથી (દા.ત. બિપરજોય વાવાઝોડા વખતે અંડરગ્રાઉન્ડ લાઈનો સુરક્ષિત રહી હતી).
- અકસ્માતો અને જાનહાનિમાં ઘટાડો : લટકતા વાયરો અડી જવાથી રસ્તે ચાલતા નાગરિકો કે પ્રાણીઓને કરંટ લાગવાના (ઈલેક્ટ્રોક્યુશન) બનાવો બને છે. અંડરગ્રાઉન્ડ સિસ્ટમ આ જોખમને ૧૦૦% નાબૂદ કરે છે.
- સતત અને વિશ્વસનીય વીજ પુરવઠો : ખુલ્લા વાયરોમાં પતંગની દોરી ભરાઈ જવાથી, ઝાડની ડાળીઓ પડવાથી કે પક્ષીઓ બેસવાથી વારંવાર વીજળી ડૂલ થઈ જાય છે. ભૂગર્ભ કેબલિંગમાં આવા બાહ્ય પરિબળોની કોઈ અસર થતી નથી, જેથી ગ્રાહકોને ૨૪૮૭ વીજળી મળે છે.
- સૌંદર્યીકરણ (શહેરનો સુંદર દેખાવ) : રસ્તાઓ પરથી વીજળીના થાંભલા અને વાયરોના જાળાં દૂર થતાં શહેરનું આકાશ ચોખ્ખું દેખાય છે. તેનાથી શહેરના સૌંદર્યમાં વધારો થાય છે અને આધુનિક લુક મળે છે.
- ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો : રસ્તા પરના થાંભલા અને ટ્રાન્સફોર્મર દૂર થવાથી રસ્તાઓ પહોળા બને છે. પ્લેટફોર્મ કે ફૂટપાથ ખુલ્લા થવાથી રાહદારીઓને ચાલવામાં સરળતા રહે છે અને ટ્રાફિક જામની સમસ્યા હળવી બને છે.
- વીજ ચોરી અને લાઈન લોસ પર અંકુશ : ખુલ્લા વાયરોમાં આંકડા નાખીને થતી વીજ ચોરી અંડરગ્રાઉન્ડ કેબલિંગમાં અશક્ય બની જાય છે. ઉપરાંત, વાતાવરણની અસર ન થતી હોવાથી વીજ પ્રવાહમાં થતો ટેકનિકલ લોસ પણ ઘટે છે, જે સરવાળે વીજ કંપની અને ગ્રાહક બંને માટે ફાયદાકારક છે.



# કચ્છમાં ખનીજ રોયલ્ટીની વસૂલાતમાં રેકોર્ડતોડ ઉછાળો

**માત્ર ત્રણ મહિનામાં રોયલ્ટીની આવક રૂપે ૧૨૩ કરોડ સરકારી તિજોરીમાં ઠાલવાયા: તંત્ર દ્વારા ગેરકાયદે ખનન સામે કડક ઝુંબેશ હાથ ધરાઈ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લો તેના વિશાળ ભૌગોલિક વિસ્તાર અને કુદરતી સંપત્તિ માટે સમગ્ર રાજ્યમાં અગ્રેસર સ્થાન ધરાવે છે. ખાસ કરીને પશ્ચિમ કચ્છનો વિસ્તાર લિગ્નાઈટ, લેન્ટરરાઈટ, ચાઈનાકલે, બોક્સાઈટ, બેન્ટોનાઈટ, સિલિકા સેન્ડ અને બિલ્ડિંગ સ્ટોન જેવા વિવિધ પ્રકારના કિંમતી ખનીજોથી સમૃદ્ધ છે. અહીંથી વિપુલ પ્રમાણમાં મળી આવતા ખનીજો રાજ્યના આર્થિક વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. આ ખનીજ સંપત્તિના યોગ્ય વ્યવસ્થાપન અને આવક વસૂલાત અંગે પશ્ચિમ કચ્છના જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી ડી. એસ. બારીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે ખનીજ રોયલ્ટીની આવકમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો છે, જે તંત્રની કાર્યક્ષમતા અને કડક કામગીરીનો પુરાવો આપે છે.

રોયલ્ટી અને આવકના આંકડાઓની વિગતવાર વાત કરતા ભૂસ્તરશાસ્ત્રી ડી. એસ. બારીયાએ જણાવ્યું હતું કે, ગત વર્ષે એપ્રિલથી જૂન દરમિયાન ત્રણ મહિનાના સમયગાળામાં રોયલ્ટીની આવક અંદાજે ૫૦ કરોડ રૂપિયા જેટલી થઈ હતી. જેની સરખામણીમાં આ વર્ષે એપ્રિલથી જૂન સુધીના સમાન ગાળામાં રોયલ્ટીની કુલ વસૂલાત રૂ. ૧૨૩ કરોડ સુધી પહોંચી ગઈ છે.

આ સરખામણી દર્શાવે છે કે ગઈ વખતની સાપેક્ષે આ વખતે તંત્રને ૨૦૦ ટકાથી ૨૫૦ ટકા જેટલી, એટલે કે સવા બે ગણીથી પણ વધુ આવક પ્રાપ્ત થઈ છે, જે ભૂસ્તર વિભાગ માટે એક મોટી સિદ્ધિ ગણાવી શકાય. હાલ સરકારે રોયલ્ટીના ભાવમાં પણ વધારો કર્યો છે પણ વિકાસના કામો ખાસ પ્રાધાન્ય અપાયા બાદ વિકાસ કામોમાં ખનીજ મહત્વનો ફાળો હોય છે.

માત્ર રોયલ્ટી વસૂલાત જ નહીં, પરંતુ ગેરકાયદેસર ખનીજ વહન અને ખનન સામે પણ વિભાગ દ્વારા કડક પગલાં ભરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ મહિનામાં ભૂસ્તર વિભાગે કુલ ૮૦ જેટલા કેસ દાખલ કર્યા છે. આ કાર્યવાહી દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા ૫૮ જેટલા વાહનોને સીઝ કરવામાં આવ્યા છે અને તેમની પાસેથી ૧ કરોડ ૫૦ લાખ રૂપિયા જેટલી દંડકીય વસૂલાત પણ કરવામાં આવી છે. આ ઉપરાંત, પશ્ચિમ કચ્છ વિસ્તારમાં હાલમાં લગભગ ૮૯૩ જેટલી કાયદેસરની લીઝ અસ્તિત્વ ધરાવે છે, જેના પર વિભાગ સતત નજર રાખી રહ્યું છે.

ભવિષ્યની કામગીરી અને સુધારા અંગે વાત કરતા શ્રી બારીયા સ્પષ્ટ કર્યું હતું કે, કચ્છ કલેક્ટર શ્રીની સુચનાથી ખનીજ ચોરી અટકાવવા માટે માત્ર ભૂસ્તર વિભાગ જ નહીં પરંતુ અન્ય સરકારી વિભાગો પણ સાથે મળીને કામ કરી રહ્યા છે. જેમાં પશ્ચિમ કચ્છ જિલ્લાના તમામ પાંચેય તાલુકાના મામલતદારશ્રીઓ, ચારેય પ્રાંત અધિકારીશ્રીઓ અને પોલીસ વિભાગની સંયુક્ત ટીમો સતત સક્રિય છે.

આ તમામ વિભાગોના સમન્વયથી બનેલી સંયુક્ત ટીમો દ્વારા વિસ્તારમાં સરપ્રાઈઝ ચેકિંગ અને કડક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે, જેથી કાયદાનું પાલન સુનિશ્ચિત કરી શકાય અને જિલ્લાની ખનીજ સંપત્તિનું રક્ષણ થઈ શકે.

### બેફામ રફ્તાર સાથે કાયદાનો છેદ

# ભુજના માર્ગો પર 'ધૂમ' સ્ટાઈલે દોડતા વાહનો અને સગીરોની સ્ટંટબાજીથી અકસ્માતનો ભારે દહેશત

**હોસ્પિટલ રોડ, અનમ રિંગરોડ, વાણિયાવાડ સહિતના વિસ્તારોમાં ત્રિપલ સવારી અને સગીર વાહનચાલકોનો ત્રાસ વધ્યો : કડક કાર્યવાહી કરવાને બદલે ટ્રાફિક પોલીસ માત્ર 'નો-પાર્કિંગના મેમો' ફાડવામાં મશગૂલ રહેતી હોવાનો સ્થાનિકોનો આક્ષેપ**

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના માર્ગો પર હાલમાં ટ્રાફિકના નિયમોના સરેઆમ ધજાગરા ઉડી રહ્યા છે અને બેફામ સ્પીડે વાહનો હંકારતા ચાલકોનો ઉપદ્રવ ચિંતાજનક હદે વધી ગયો છે. ખાસ કરીને યુવાવર્ગ દ્વારા શહેરના સતત ધમધમતા અને ગીચ વિસ્તારોમાં 'ધૂમ' સ્ટાઈલથી અત્યંત ભયજનક ઝડપે ટુ-વ્હીલર વાહનો દોડાવવામાં આવી રહ્યા છે. રસ્તા પરથી પસાર થતા નિર્દોષ રાહદારીઓ કે અન્ય વાહનચાલકોની સુરક્ષાની પરવા કર્યા વગર આડેધડ રીતે ઓવરટેક કરીને નીકળતા આ વાહનચાલકો સામે કાયદાનો કોઈ જ ભય રહ્યો ન હોય તેવું ચિત્ર સ્પષ્ટપણે ઉપસી રહ્યું છે. શહેરના માર્ગો પર દરરોજ સર્જાતા આ જીવલેણ રોમાંચના કારણે કોઈ નિર્દોષ નાગરિક પોતાનો જીવ ગુમાવે કે મોટો અકસ્માત સર્જાય તે પહેલાં પોલીસ તંત્ર ક્યારે જાગશે? તેવો તીખો સવાલ હવે ભુજનો શાંતિપ્રિય નાગરિક પૂછી રહ્યો છે.

આ ગંભીર સમસ્યામાં સૌથી વધુ ચિંતાજનક પાસું એ છે કે, શહેરમાં ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતા કૂમળી વયના કિશોર-કિશોરીઓ પણ લાયસન્સ મળવાની કાયદેસરની ઉંમર થાય તે પહેલાં જ પૂરઝડપે વાહનો લઈને રોડ પર નીકળી પડે છે. ટ્રાફિકના પાયાના નિયમોથી અજાણ અને બિનઅનુભવી એવા આ ટીનેજરો માટે વાહન હંકારવું એ માત્ર એક મનોરંજન કે સ્ટંટ બની ગયું છે. ભુજના મુખ્ય ટ્રાફિક જંક્શનો અને પોઈન્ટ પર ખુદ ટ્રાફિક પોલીસ કર્મીઓ ફરજ બજાવતા હોય છે અને તેમની સગી આંખો સામેથી જ આ સગીરો તેમજ મોટરસાયકલ પર ત્રણ-ત્રણ સવારી બેસાડીને બેફામ સ્પીડે નીકળતા નવયુવાનો પસાર થાય છે, તેમ છતાં પોલીસ દ્વારા તેમની સામે ભાગ્યે જ કોઈ આકરી કાર્યવાહી કરવામાં આવે છે. ટ્રાફિક પોલીસની આ પ્રકારની ઘોર બેદરકારી અને આંખ આડા કાન કરવાની નીતિને કારણે આવા નિયમભંગ કરનારા તત્વો વધુ પ્રોત્સાહિત થઈ રહ્યા છે.

સ્થાનિકોમાં ઉગ્ર રોષ સાથે એવો આક્ષેપ પણ થઈ રહ્યો છે કે, ભુજ શહેરની ટ્રાફિક પોલીસને હાલમાં માત્ર રસ્તાઓ પર આડેધડ કે નો-પાર્કિંગમાં પાર્ક કરેલા વાહનોને શોધી શોધીને મેમો ફટકારવાની કામગીરીમાં જ રસ હોય તેમ લાગી રહ્યું છે. માત્ર દંડ વસૂલવાના ટાર્ગેટ પૂરા કરવા પાછળ દોડતું તંત્ર રસ્તા પર પ્રત્યક્ષ રીતે લોકોના જીવનું જોખમ ઊભું કરતા વાહનચાલકો સામે તદ્દન નિષ્ક્રિય સાબિત થયું છે. ટુ-વ્હીલર પર ત્રિપલ સવારી જતાં ચાલકો, મોડી રાત્રે કે ભરચક બજારમાં સાયલેન્સરના ભયાનક અવાજો સાથે બેફામ ઝડપે દોડતા બાઈકરો અને વાહનો લઈને નીકળી પડતા કુમળી વયના બાળકો જાણે ટ્રાફિક કર્મીઓની નજરે જ ચડતા નથી. તંત્રની આ એકતરફી કાર્યવાહી સામે શહેરીજનોમાં ભારે કડવાશ અને અસંતોષની લાગણી જન્મી છે.

શહેરના અત્યંત ગીચ અને વેપારી દ્રષ્ટિએ મહત્વના એવા હોસ્પિટલ રોડ, વાણિયાવાડ, અનમ રીંગરોડ, બસ સ્ટેશન રોડ તેમજ સ્ટેશન રોડ જેવા વિસ્તારોમાં દરરોજ નાની-મોટી ટક્કરો અને અકસ્માતો થવા એ હવે રોજિંદી બાબત બની ગઈ છે. આ માર્ગો પર દર્દીઓ, વૃદ્ધો અને નાના બાળકો સતત અવરજવર કરતા હોય છે, ત્યારે આ પ્રકારે સરેઆમ દોડતા 'યમદૂતો' જેવા વાહનચાલકો ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે છે. કાયદાનો સહેજ પણ ડર ન હોવાના કારણે બેફામ બનેલા આ વાહનચાલકો પર લગામ કસવી હવે અનિવાર્ય બની ગઈ છે. ભુજના જાગૃત નાગરિકો આક્રોશ સાથે માગણી કરી રહ્યા છે કે, ટ્રાફિક પોલીસ માત્ર કાગળ પરની કે દંડકીય કામગીરી પૂરતી મર્યાદિત ન રહેતાં, નિયમોને નેવે મૂકનારા આવા જોખમી વાહનચાલકો, ત્રિપલ સવારી ચાલકો અને સગીરોના વાહનો જપ્ત કરી તેમના વાલીઓ સામે પણ કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરે.

# શાળા સલામતી માત્ર કાર્યક્રમ નથી, પરંતુ જીવન બચાવતી જાગૃતિનું અભિયાન છે

**ભુજ ઈંગ્લિશ સ્કૂલ ખાતે શાળા સલામતી સપ્તાહ અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપન, ફાયર સેફ્ટી અને ૧૦૮ ઈમરજન્સી સેવા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો**





ભુજ - કચ્છઉદય: "સુરક્ષિત વિદ્યાર્થી - સુરક્ષિત શાળા - સુરક્ષિત સમાજ"ના ઉદ્દેશ્યને સાકાર કરતાં અજરામર ટ્રસ્ટ સંચાલિત ભુજ ઈંગ્લિશ સ્કૂલ, હોસ્પિટલ રોડ, ભુજ ખાતે શાળા સલામતી સપ્તાહ -૨૦૨૬ ની ઉજવણી અંતર્ગત ભુજ નગરપાલિકા ફાયર વિભાગ તથા જી.કે. જનરલ હોસ્પિટલ, ભુજ- ૧૦૮ ઈમરજન્સી સેવા ટીમના સંયુક્ત ઉપક્રમે આપત્તિ વ્યવસ્થાપન, ફાયર સેફ્ટીઅને ૧૦૮ ઈમરજન્સીસેવા જાગૃતિ કાર્યક્રમ તેમજ મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં આપત્તિ સમયે ગભરાયા વગર યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા, સલામતી પ્રત્યેની જાગૃતિ તથા જીવનરક્ષક કૌશલ્યાનો વિકાસ કરવાનો હતો. કાર્યક્રમમાં ભુજ નગર પાલિકા ફાયર વિભાગના મુખ્ય ફાયર ઓફિસર સચિન પરમાર, ડીસીપીઓ મોહમ્મદભાઈ, ફાયર ફાઈટર ઈમ્તિયાઝ સમા, રુદ્ર જોશી તથા ટ્રેનિંગ સ્ટાફ દ્વારા આગ લાગવાના મુખ્ય કારણો, આગના વિવિધ પ્રકારો, આગ બુઝાવવાની પદ્ધતિઓ તેમજ વોટર, ફોમ, સીઓર અને ક્લીન એજન્ટ જેવા વિવિધ પ્રકારના ફાયર એક્સ્ટિંગ્યુશરની ઉપયોગિતા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

નિષ્ણાતોએ પાસ્ટ ટેકનિકના આધારે ફાયર એક્સ્ટિંગ્યુશરનો સુરક્ષિત અને અસરકારક ઉપયોગ કેવી રીતે કરવો તેની લાઈવ મોકડ્રિલ દ્વારા તાલીમ આપી હતી. આગ લાગવાની પરિસ્થિતિમાં શાંતિ જાળવવી, ઈલેક્ટ્રિક આગ પર પાણી ન નાખવું, ધુમાડા વચ્ચે સુરક્ષિત રીતે બહાર નીકળવું અને તાત્કાલિક ૧૧૨ અથવા ૧૦૧ પર જાણ કરવાની મહત્વપૂર્ણ બાબતો સમજાવવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ભંવર પ્રજાપતિ, પ્રોગ્રામ ઓફિસર – ૧૦૮ તથાઈએમઈ રાહુલ ગોરના માર્ગદર્શન હેઠળ જી.કે. જનરલ હોસ્પિટલ, ભુજની ૧૦૮ ઈમરજન્સી સેવા ટીમના ઈએમટી શ્રવણ વર્ણ અને પાયલોટ મુકેશ જોષી દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવાની સમગ્ર કામગીરી, અકસ્માત સમયે 'ગોલ્ડન અવર'નું મહત્વ, પ્રાથમિક સારવાર, દર્દીને સુરક્ષિત રીતે સંભાળવાની પદ્ધતિ તેમજ ૧૦૮ અને ૧૧૨ ઈમરજન્સી સેવાઓનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કેવી રીતે કરવો તેની જીવંત રજૂઆત સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પણ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ફાયર સેફ્ટી, શોર્ટ સર્કિટથી બચવાના ઉપાયો, માર્ગ અકસ્માત, ઈમરજન્સી પ્રતિભાવ, સીપીઆર, પ્રાથમિક સારવાર, રોડ સેફ્ટી તથા ડાયલ-૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટ અંગે અનેક જિજ્ઞાસાપૂર્ણ પ્રશ્નો પૂછ્યા હતા, જેના નિષ્ણાતોએ સરળ અને વ્યવહારુ જવાબો આપી સૌને જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન એક મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો કે ઈમરજન્સી નંબર માત્ર જરૂરિયાતના સમયે જ ઉપયોગમાં લેવો જોઈએ. સમયસર આપવામાં આવેલી સાચી માહિતી અને યોગ્ય નિર્ણય કોઈ વ્યક્તિનું અમૂલ્ય જીવન બચાવી શકે છે.

શાળાના આચાર્યા ચેતનાબેન એન. રાઠોડના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું સંકલન કોઓર્ડિનેટર એમ. આઈ. બાયડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સફળતામાં સાજીદભાઈ ખોજા, સમગ્ર શિક્ષકમંડળ, સ્ટાફ તથા ટ્રસ્ટીઓએ નોંધપાત્ર સહયોગ આપ્યો હતો.

# ભુજ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં કથળતું શિક્ષણ

**ગેરહાજર શિક્ષકો સામે કાર્યવાહી કરવા ભુજ તાલુકા કોંગ્રેસ પ્રમુખની રજૂઆત**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ૨૫૦૦થી વધુ ઘટ હોવા વચ્ચે ભુજ તાલુકાના આહીરપટ્ટી, બન્ની અને પછમ જેવા સરહદી તથા અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણનું સ્તર સતત કથળી રહ્યું હોવાની ગંભીર રજૂઆત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરવામાં આવી છે. ભુજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સોઢા લાખાજી વેલાજી દ્વારા પાઠવવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, આ વિસ્તારોમાં વસતા ગરીબ, માલધારી અને ખેડૂત પરિવારના બાળકો શિક્ષણથી વંચિત રહી રહ્યા છે.

રજૂઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, કચ્છ બહારના ઘણા શિક્ષકો બદલી કે અનધિકૃત રીતે લાંબી રજાઓ ભોગવે છે અને કેવળ જૂથબંધી કરીને વારાફરતી નોકરી પર હાજર રહે છે. વધુમાં, સી.આર.સી. અને બી.આર.સી. દ્વારા રૂબરૂ મુલાકાત લેવાને બદલે માત્ર વોટ્સએપ માધ્યમથી જ શાળા તપાસણીની વિગતો મેળવાતી હોવાનો ગંભીર દાવો કરાયો છે. જેથી ઘટ વાળી શાળાઓમાં જ્ઞાન સહાયકોની ત્વરિત નિમણૂક કરવા, અનધિકૃત રીતે રજા ભોગવતા શિક્ષકો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવા અને વાંચન-લેખન જેવી પાયાની શિક્ષણ ગુણવત્તા સુધારવા માટે યોગ્ય પગલાં ભરવા માંગ કરાઈ છે.

# વાંચન દ્વારા વિચાર અને વ્યક્તિત્વ ઘડતરનો ઉદેશ્ય



**નારાણપર ગામે ઈન્સ્ટિટયુટ ઓફ યુથ ડેવલોપમેન્ટ અને સ્વામિનારાયણ કન્યા વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ગ્રંથ સારથીઓના સન્માન કાર્યક્રમ યોજાયો**

ભુજ - કચ્છઉદય : તાલુકાના નારાણપર ગામે ઈન્સ્ટિટયુટ ઓફ યુથ ડેવલોપમેન્ટ અને સ્વામિનારાયણ કન્યા વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ગ્રંથ સાર્થીઓના સન્માન અને પ્રોત્સાહન માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાંચન દ્વારા વિચાર અને વ્યક્તિત્વ ઘડતરના ઉદેશ્ય સાથે સ્વામિનારાયણ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ તથા સંયોજક જિજ્ઞાબેન જોશી દ્વારા ચલાવવામાં આવતા ઝોલા પુસ્તકાલયને ૬ વર્ષ પૂર્ણ કરી સાતમા વર્ષમાં મંગલ પ્રવેશ અને મહિલા પુસ્તક પરબને ૩ વર્ષ પૂર્ણ કરીને ચોથા વ ર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે મુખ્ય મહેમાન ઈન્સ્ટિટયુટ ઓફ યુથ ડેવલપમેન્ટના પ્રમુખ રસનિધિભાઈ અંતાણીની ઉપસ્થિતિમાં પ્રકલ્પ ચલાવનાર ગ્રંથ સારથીઓના સન્માન કરવામાં આવ્યા હતા.

શાળાના મંત્રી અને સહમંત્રીએ પધારેલા મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આચાર્ય અને સમગ્ર પ્રકલ્પના માર્ગદર્શક વર્ષાબેન જોશીએ પ્રસંગ પરિચય આપી મહેમાનો રસનિધિ અંતાણી, વર્ષાબેન, દિનેશભાઈ ઠક્કર, હિનાબેનનું સન્માન લતાબેન પટેલે કર્યું હતું.

# કલાવૃંદ ક્લબની સંગીતની છોળો શિવમનગર સુધી ઉડી

ભુજ - કચ્છઉદય : અહીંની જાણીતી સંગીતની પ્રથમ હરોળની કરાઓકે ગ્રુપ, કલાવૃંદ ક્લબ દ્વારા પૂર્વ નાયબ પોલીસ અધિકારી ગીરધરભાઈ ગઢવીના નિવાસસ્થાને સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં કચ્છી, ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ ગીતો રજૂ થયા હતા, જેમાં ટીઆના માંડલિયા, અમિતભાઈ કોઠારી, જાણિતા કથાકાર નવનીતભાઈ જોશી, હેમાલીબેન માંડલિયા, ગીરધરભાઈ ગઢવી, વિણાબેન માંડલિયા, જયાબેન ઠક્કર, નિતાબેન વ્યાસ, આનંદ શાહ, ઈન્દુબેન ઠાકર, હેમાબેન તેજવાણી, અશોકભાઈ માંડલિયા, જયાબેન તેજવાણીએ ગીતો રજૂ કર્યા હતાં. જ્યોતિબેન કોઠારી, હિરલબેન ઠક્કર, નયનાબેન ગઢવી, વિનોદભાઈ ગઢવી, હસમુખભાઈ ગઢવી, હરેશભાઈ ઠાકર તથા પ્રેરક ગઢવી હાજર રહ્યા હતાં. આ પૂર્વે પ્રાર્થના ગીત બધાએ ગાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ માંડલિયાએ કર્યું હતું જ્યારે આભારવિધિ જી.આર. ગઢવીએ કરી હતી. નવા સભ્યોનું સન્માન જી.આર. ગઢવી,ઈન્દુબેન ઠાકર, હેમાલીબેન માંડલિયા તથા નિતાબેન વ્યાસે કર્યું હતું.

# વી.ડી. હાઈસ્કૂલ અને રોટરી ક્લબ ભુજ દ્વારા ક્વિઝન સ્પર્ધાનું આયોજન કરાયું



ભુજ - કચ્છઉદય : શહેરની વી.ડી. હાઈસ્કૂલ અને રોટરી ક્લબ ભુજ દ્વારા ક્વિઝન સ્પર્ધાનું આયોજન કરવામા આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની સમજ, રમતગમત, ફિલ્મ અને મનોરંજન સહિત વિવિધ વિષયો પ્રત્યે રસ જાગૃત કરવાનો તેમજ તેમની તર્કશક્તિ, ઝડપી વિચારશક્તિ અને આત્મવિશ્વાસનો વિકાસ કરવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના સ્વાગત સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ક્વિઝની નિયમાવલી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી. સ્પર્ધામાં ધોરણ ૯થી ૧૨ના કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલીફીકેશન રાઉન્ડ રાઉન્ડના અંતે ૧૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી અને ત્યારબાદ તેમની વચ્ચે મુખ્ય ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય ક્વિઝમાં વિદ્યાર્થીઓને ચાર ટીમોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા, જેમાં સ્માર્ટ સ્ક્વોડ, બ્રેઈન બ્લાસ્ટર્સ, માઈન્ડ માસ્ટર્સ અને ૪ અલ્ટીમેટર્સ. તમામ ટીમોએ ઉત્સાહ, આત્મવિશ્વાસ અને રમતિયાળ ભાવનાથી વિવિધ રાઉન્ડમાં ભાગ લીધો હતો. શાળાના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ પ્રેક્ષક તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ જ્ઞાન, ઉત્સાહ અને સ્પર્ધાત્મક ભાવનાથી છલકાતું બન્યું હતું. સ્પર્ધા માટેનું આયોજન ઈન્ટરેક્ટ ક્લબ ઓફ વી.ડી.હાઈસ્કૂલની ખૂબ જ ઉત્સાહથી ભરપૂર ટીમ તથા ખાસ તો પ્રશ્નોની તૈયારીમા અક્ષ ડી.છાયા, દેવ એન. ચૌહાણ, જેનીશ જે. શાહ તથા જન્ય એચ. પટ્ટણીએ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ ક્વિઝમાં પ્રશ્નો મંત્રી હરમન જે. ઝાલા દ્વારા વિદ્યાર્થીઓને પૂછવામાં આવ્યા હતા. સંચાલન પ્રમુખ ઉદિશ ઓ. વોરાએ કર્યું હતું. વિજેતા ટીમ માઈન્ડ માસ્ટર્સને ગોલ્ડ મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવી હતી તેમજ અન્ય બાર સ્પર્ધકોને આશ્વાસન ઈનામ તરીકે બોલપેન આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ સફળતા પૂર્વક અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનમાં વધારો, ઝડપી નિર્ણયશક્તિ, ટીમવર્ક, આત્મવિશ્વાસ તથા સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાનો વિકાસ થયો હતો. આચાર્ય બ્રિજેશભાઈ ઠક્કર, સુપરવાઈઝર અજિતભાઈ ભાનુશાલી, લાયઝન ઈન્ટ્રેક્ટ રોટેરિયન પરાગ ઠક્કર, શાળાના પ્રમુખ ઉદિશ ઓ. વોરા, મંત્રી હરમન જે. ઝાલા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવા માગ

ભુજ - કચ્છઉદય : ભુજ રેલવે સ્ટેશન પર છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા વિકાસકામોને કારણે વડીલ અને બિમાર મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ અને મુખ્ય પ્રવેશદ્વારનું કામ અધૂરું હોવાથી વૃદ્ધો, દર્દીઓ અને અશક્ત નાગરિકો માટે ટ્રેનમાં બેસવું અત્યંત યાતનાદાયક બની ગયું છે. મુસાફરો માટેની પાયાની સુવિધાઓને બદલે અન્ય કામોને પ્રાથમિકતા અપાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલ ભુજના રેલ્વે સ્ટેશન અદ્યતન બની રહ્યો છે તેનો આવકાર પણ વૃદ્ધ પ્રવાસીને પડતી તકલીફ સંદર્ભ જલ્દી ધ્યાને લેવાય તે પણ જરૂરી છે. ભુજના જાગૃત નાગરિક અશોકભાઈએ સત્તાધીશોને રજૂઆત કરી છે કે પ્રવાસીઓની અવરજવર માટે જરૂરી પ્લેટફોર્મ અને માર્ગોની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવામાં આવે.

# ગાંધીધામ અપહરણ - ખંડણીકાંડ : પોલીસની એક ટુકડી દિલ્હી પહોંચી : મુખ્ય સૂત્રધાર હર્ષની અટક હાથવેંતમાં !

**અપહરણ કરનાર જાવેદને જે શખ્સે રૂપિયા બાકી નીકળતા હોવાનું કહી કામ સોંપ્યું હોવાની ચર્ચા છે તે મુખ્ય માથું દિલ્હીથી દબોચાઈ ગયું હોવાની ચર્ચાઃ જોકે, પૂર્વ કચ્છ પોલીસ દ્વારા હજુ સુધી આ વાતને સત્તાવાર સમર્થન નહીં**

**હર્ષ દિલ્હીમાં મોટા મોટા નેતાઓ અને અધિકારીઓ સાથે ઘરોબો ધરાવતો હોવાની ચકચારઃ પોલીસ હર્ષને કાયદાનો સાચો પાઠ ભણાવી શકે છે કે પછી તે કોઈ નેતાઓ મારફતે દબાણ લાવી સાંગોપાંગ સરળતાથી છૂટી જાય છે તે તરફ સૌની મીટ મંડાઈ**

ગાંધીધામઃ ગાંધીધામમાં ધોળા દિવસે BSNL કચેરી સામેથી વેપારી દિલીપ મજીઠીયાનું અપહરણ કરી, રૂ. ૨૦ લાખની ખંડણી વસૂલી અને પોલીસ ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી રસ્તા પર છોડી દેવાના ચર્ચિત પ્રકરણમાં પૂર્વ કચ્છ પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. ફિલ્મ નિર્દેશકને પણ શરમાવે તેવી ઢબે આચરાયેલા આ ગંભીર કૃત્યમાં સંડોવાયેલા આરોપીઓને કાયદાનું ભાન કરાવવા પોલીસે અલગ-અલગ સ્પેશિયલ ટુકડીઓ બનાવી છાનબીન હાથ ધરી હતી. દરમિયાન, આ સમગ્ર અપહરણકાંડના તાર દિલ્હી સુધી લંબાયા હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી રહી છે. ચર્ચા મુજબ, મુખ્ય સૂત્રધાર જાવેદને "વેપારી પાસેથી રૂપિયા બાકી નીકળે છે" તેમ કહી અપહરણ અને ખંડણીનું કામ સોંપનાર હર્ષ નામના મુખ્ય માથાને દબોચી લેવા પૂર્વ કચ્છ પોલીસની એક વિશેષ ટુકડી દિલ્હી પહોંચી છે અને તેને રાઉન્ડ-અપ કરી લેવાયો હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, આ અંગે પૂર્વ કચ્છ પોલીસ વિભાગ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર સમર્થન આપવામાં આવ્યું નથી. બીજી તરફ, લોકલ વર્તુળોમાં એવી પણ ભારે ચકચાર જાગી છે કે હર્ષ દિલ્હીના ઉચ્ચ રાજકીય નેતાઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે ગાઢ ઘરોબો ધરાવે છે. ત્યારે હવે સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે પૂર્વ કચ્છ પોલીસ તમામ રાજકીય દબાણોને બાજુ પર મૂકીને આરોપી હર્ષને કાયદાનો સાચો પાઠ ભણાવશે કે પછી તે વગદાર નેતાઓના આકાઓ મારફતે દબાણ લાવી આ કેસમાંથી સાંગોપાંગ સરળતાથી છૂટી જશે? હાલ તો આ હાઈપ્રોફાઈલ અપહરણ-ખંડણીકાંડમાં પોલીસની આગળની કાર્યવાહી પર સૌ કોઈની મીટ મંડાયેલી છે.

# ગુજરાતમાં ભારે વરસાદી આફત વચ્ચે કેન્દ્ર સરકાર વહારે

### ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી સાથે કરી વાતચીત

ગાંધીનગરઃ ગુજરાતના વિવિધ ભાગોમાં, ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં થઈ રહેલા ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને ધ્યાને રાખીને કેન્દ્ર સરકાર પણ સંપૂર્ણપણે રાજ્યની મદદે આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરીને રાજ્યની વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. રાહત અને બચાવ કામગીરી માટે કેન્દ્ર તરફથી તમામ મદદની ખાતરી"ગૃહમંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રી પાસેથી રાજ્યમાં વરસાદથી થયેલા નુકસાન, જળબંબાકારની સ્થિતિ અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ચાલી રહેલી રાહત કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી હતી. તેમણે ખાતરી આપી હતી કે, ભારે વરસાદ વચ્ચે નાગરિકોના બચાવ અને રાહત કાર્ય માટે કેન્દ્ર સરકાર તરફથી તમામ સંભવ સહાય અને મદદ પૂરી પાડવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, જરૂર પડે દ્ગઠ્ઠઇહ્લ (રાષ્ટ્રીય આપદા પ્રતિચાર દળ) ની વધારાની ટુકડીઓ, એરફોર્સની મદદ કે અન્ય કોઈપણ પ્રકારની કેન્દ્રીય સહાય તાત્કાલિક ધોરણે રાજ્ય સરકારને ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેન્દ્ર સરકાર રાજ્યની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને ગુજરાતની જનતાની સુરક્ષા માટે કટિબદ્ધ છે.

# આદિપુરમાં એક્સેસ ટુ-વ્હીલર ચોરીનો ભેદ ઉકેલાયો, બે આરોપી મુદ્દામાલ સાથે ઝડપાયા

**ચોરીમાં ગયેલું રૂ.૩૦ હજારની કિંમતનું એક્સેસ ટુ-વ્હીલર પોલીસે કબજે કર્યું**



આદિપુર : પૂર્વ કચ્છ જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓને અટકાવવા પોલીસ તંત્ર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓના પગલે આદિપુર પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે એક્સેસ ટુ-વ્હીલર ચોરીના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને ઝડપી પાડી ચોરીમાં ગયેલું વાહન કબજે કરી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. આદિપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહીમાં સોહીલ સતારભાઈ દલ (સંધી), ઉંમર ૨૯ વર્ષ, રહે. મફતીયા પ્લોટ, કલ્યાણપર, તા. ટંકારા, જી. મોરબી તથા દાઉદ ઉર્ફે દલ્લો ઉર્ફે ઝીયો અલીભાઈ જામ, ઉંમર ૩૭ વર્ષ, રહે. બસ સ્ટેશનની બાજુમાં આવેલા ઝૂંપડા, આદિપુર, તા. ગાંધીધામને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલું એક્સેસ ટુ-વ્હીલર રજી. નં. ય્ત્ન-૧૨-ઈસ્-૪૫૭૪, જેની અંદાજિત કિંમત રૂ.૩૦,૦૦૦ છે, તે મુદ્દામાલ તરીકે કબજે કર્યું હતું. આ મામલે ગુ.ર.નં. ૧૧૯૯૩૦૦૨૨૬૦૪૮૧/૨૦૨૬, મ્દ્ગજી કલમ ૩૦૩(૨) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે અને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ સફળ કામગીરી આદિપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.સી. વાળા, પીએસઆઈ આર.એમ. દુવા તથા આદિપુર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

**ભચાઉ સ્પેશિયલ ઇલેક્ટ્રિસિટી કોર્ટનો ચુકાદો**

# રાપરમાં ૫.૦૭ લાખની વીજચોરી કેસમાં કડક ચુકાદોઃ આરોપીને ૩ વર્ષની સખત કેદ અને ૫.૪૧ લાખનો દંડ

**ગેરકાયદે વીજ જોડાણથી બ્લોક બનાવવાના કારખાનામાં વીજચોરી સાબિત, દંડ નહીં ભરે તો વધુ ૩ માસની સાદી કેદ**

ગાંધીધામ : ભચાઉ સ્થિત સ્પેશિયલ ઈલેક્ટ્રિસિટી કોર્ટે વીજચોરીના એક મહત્વપૂર્ણ કેસમાં કડક ચુકાદો આપતા રાપર તાલુકાના બાંભણકા ગામના રહેવાસી નવીન મગનલાલ દવેને ધી ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ-૧૩૫ સાથે વાંચતા કલમ-૧૫૦ હેઠળ દોષિત ઠેરવ્યા છે.કોર્ટે આરોપીને ૩ વર્ષની સખત કેદ,૫,૪૧,૨૨૬નો દંડ અને દંડ નહીં ભરે તો વધુ ૩ માસની સાદી કેદની સજા ફટકારી છે. સાથે જ અગાઉ મળેલા જામીન પણ રદ કરવાનો હુકમ કર્યો છે.

કેસની વિગતો મુજબ તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પીજીવીસીએલની લોકલ ચેકિંગ ડ્રાઈવ દરમિયાન બાંભણકા ગામે બ્લોક બનાવવાના કારખાનામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપી દ્વારા અન્ય ગ્રાહકના વીજ કનેક્શનમાંથી ટી.સી.ની એલ.ટી. સાઈડ પરથી આશરે ૭૦ મીટર કેબલ દ્વારા ગેરકાયદે વીજ જોડાણ કરી વીજ વપરાશ કરવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું. સ્થળ પરથી ગેરકાયદે કેબલ અને સ્ટાર્ટર કબજે કરી વીજ પુરવઠો બંધ કરાયો હતો.તપાસ બાદ પીજીવીસીએલે આરોપી સામે ૫,૦૭,૨૨૫.૭૩ની વીજચોરી તથા ૩૪,૦૦૦ના કમ્પાઉન્ડિંગ ચાર્જ અંગે ફરિયાદ નોંધાવી હતી. તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ દાખલ કરવામાં આવી અને કેસ ભચાઉની સ્પેશિયલ ઈલેક્ટ્રિસિટી કોર્ટમાં ચાલ્યો હતો.

ચુકાદામાં કોર્ટે નોંધ્યું કે વીજચોરી માત્ર વીજ કંપનીને આર્થિક નુકસાન પહોંચાડતો ગુનો નથી, પરંતુ દેશના વિકાસ અને જરૂરીયાતમંદ લોકોને મળતા વીજ પુરવઠા પર પણ ગંભીર અસર કરે છે. આવા ગુનાઓમાં સમાજમાં દાખલો બેસે તે માટે કડક સજા જરૂરી હોવાનું કોર્ટે અવલોકન કર્યું છે.

સરકાર પક્ષ તરફથી એ.જી.પી. ડી.એસ. જાડેજાએ કડક સજાની માંગણી કરી હતી, જ્યારે બચાવ પક્ષે આરોપી પ્રથમ ગુનેગાર હોવા, પરિવારની જવાબદારી અને સ્વાસ્થ્યના કારણો દર્શાવી ઓછી સજાની વિનંતી કરી હતી. જોકે, તમામ પુરાવા અને દલીલોને ધ્યાનમાં લઈને કોર્ટે આરોપીને દોષિત ઠેરવી ઉપરોક્ત સજા ફટકારી હતી.

# પરીક્ષા કૌભાંડ અને વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મુદ્દે સરકાર સામે શક્તિસિંહ ગોહિલના આકરા પ્રહાર



નવી દિલ્હી : નીટ પરીક્ષામાં થયેલી ભારે ધાંધલી અને અન્યાયના કારણે દેશના ૨૧ જેટલા નિર્દોષ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાની અત્યંત દુઃખદ ઘટના અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા રાષ્ટ્રીય કોંગ્રેસ પ્રવક્તા અને પૂર્વ રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે કોંગ્રેસ પક્ષ તથા પોતાની વતી મૃતક વિદ્યાર્થીઓને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને શોકગ્રસ્ત પરિવારજનોને આ વિકટ પરિસ્થિતિ સહન કરવાની ઈશ્વર શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

શક્તિસિંહ ગોહિલે સરકારની નીતિઓ સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભારતીય બંધારણે દેશના દરેક નાગરિકને વાણી, અભિવ્યક્તિ અને હથિયાર વગર શાંતિપૂર્ણ રીતે ધરણાં, પ્રદર્શન કે રેલીઓ યોજી સરકાર સામે અવાજ ઉઠાવવાનો મૂળભૂત અધિકાર આપ્યો છે. આમ છતાં, નીટ પેપર લીક અને શિક્ષણ ક્ષેત્ર વ્યાપેલા ભ્રષ્ટાચાર વિરુદ્ધ દિલ્હીના જંતર-મંતર ખાતે આંદોલન કરી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓ પર બર્બરતાપૂર્વક લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૧૨ વર્ષની માસૂમ બાળકીથી લઈને અનેક યુવાનો ગંભીર રીતે ઘવાયા છે અને ૧૯ વર્ષની એક દીકરી આઈસીયુમાં જીવન અને મરણ વચ્ચે ઝૂમી રહી છે. લોકશાહી વ્યવસ્થામાં આવી તાનાશાહી કોઈ પણ ભોગે ચલાવી શકાય નહીં.

તેમણે ઉમેર્યું હતું કે, દેશના ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી હતી. હવે જો ફરીથી આ પરીક્ષા યોજવામાં આવે તો તેનો ખર્ચ કેન્દ્ર સરકારના વાર્ષિક શિક્ષણ બજેટ કરતાં પણ વધી જાય તેમ છે, જેનો આર્થિક બોજ અંતે તો દેશના સામાન્ય નાગરિકો પર જ પડશે. આટલા ગંભીર મુદ્દે સંસદમાં લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને રાજ્યસભાના વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગેએ સભા મોકૂફીની દરખાસ્ત હેઠળ ચર્ચાની માંગ કરી હતી, પરંતુ કમનસીબે સરકાર આ મુદ્દે ગૃહમાં વિસ્તૃત ચર્ચા કરવા તૈયાર નથી.

વર્ષ ૨૦૨૪ના કૌભાંડનો ઉલ્લેખ કરતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અગાઉ જ્યારે નીટનું પેપર ફૂટ્યું ત્યારે પણ તેનું મુખ્ય કેન્દ્રબિંદુ ગુજરાત જ હતું. કલેક્ટર દ્વારા એફ.આઈ.આર. નોંધાવવામાં આવી અને પકડાયેલા આરોપીઓમાં સત્તાધારી ભાજપના હોદ્દેદારો જ નીકળ્યા હતા, છતાં સરકારે તેમની સામે કોઈ કડક સજા કરી નહોતી. જો તે સમયે જ સરકારે બોધપાઠ લઈને કડક પગલાં ભર્યા હોત તો આજે ૨૦૨૬માં ફરીથી દ્ગઈઈ્નું પેપર લીક થવાની નોબત ન આવી હોત અને લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળાયું ન હોત.

## પહેલા પાનાથી...દ.ગુજરાતમાં 'આફત'

વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી વધુ અસરકારક બને તેમજ સ્થાનિક વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન અને સહયોગ મળી રહે તે હેતુથી તેમણે વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓને સ્થળ પર જવા સૂચના આપી છે.મુખ્યમંત્રીના નિર્દેશ અનુસાર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ તેમજ સચિવો રેમ્યા મોહન અને આલોક પાંડેને સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં તાત્કાલિક અસરથી રવાના કરવામાં આવ્યા છે. તેઓ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને વરસાદની સ્થિતિની સમીક્ષા કરશે તેમજ રાહત અને બચાવ કામગીરીનું માર્ગદર્શન આપશે. દેશમાં ચોમાસાની આક્રમક તીવ્રતા વચ્ચે હવામાન વિભાગે નવી ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આજે ૨૩ જુલાઈના રોજ ઉત્તર પ્રદેશ અને બિહાર સહિત ૧૧ રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી છે. આ વરસાદ સાથે ૮૦ થી ૮૫ કિમી/કલાકની ઝડપે ભારે પવન ફૂંકાશે. પૂર્વ ભારતમાં વાવાઝોડા અને વીજળી તબાહી મચાવી શકે છે. કેટલાક રાજ્યો માટે કરા પડવાની ચેતવણી પણ છે. ગાઢ જંગલોવાળા પહાડી વિસ્તારો માટે ભૂસ્ખલન પણ ચેતવણી છે.આ દરમિયાન, આગામી ત્રણથી ચાર દિવસમાં પૂર્વ ભારતમાં ચોમાસાનું ઉગ્ર સ્વરૂપ ધારણ કરવાની આગાહી છે. પૂર્વ ભારતમાં લોકોને અત્યંત સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. દરમિયાન ઉત્તરપૂર્વીય આસામ અને આસપાસના વિસ્તારોમાં ઉપરી હવાનું ચક્રવાતી પરિભ્રમણ વિકસિત થઈ રહ્યું છે. વધુમાં, ઉત્તર મધ્યપ્રદેશના મધ્ય ભાગોમાં ચક્રવાતી સર્ક્યુલેશન રચાઈ રહ્યું છે.

**સીએમની અધ્યક્ષતામાં ગાંધીનગર**

સ્ટેટ ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા માં એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ છે. આ બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવ એમ.કે.દાસ મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ તેમજ વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં દક્ષિણ ગુજરાતમાં કયા કયા જિલ્લામાં ભારે વરસાદના કારણે ઊભી થયેલી પરિસ્થિતિ સંદર્ભે જિલ્લા તંત્ર સાથે વિડિયો કોન્ફરન્સ ના માધ્યમથી જિલ્લામાં વરસાદના કારણે શું પરિસ્થિતિ છે રાહત બચાવ કામગીરી અંગે વિગતો મેળવી હતી અને અસરગ્રસ્ત વિસ્તારમાં ઝડપ થી રાહત બચાવ કામગીરી હાથ ધરવા માટે સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

**ડીજીપીશ્રી મલિકની**

મીડિયા પર અફવાઓ કે છેં ફેક વીડિયો વાયરલ ન થાય તે માટે સાયબર મોનિટરિંગ સઘન બનાવવા તાકીદ કરવામાં આવી હતી. આ બેઠકમાં બીજો મુખ્ય ભાર દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં થઈ રહેલા ભારે વરસાદ અને તેના કારણે ઊભી થયેલી સ્થિતિની સમીક્ષા પર મૂકવામાં આવ્યો હતો. દક્ષિણ ગુજરાતના અસરગ્રસ્ત જિલ્લાઓમાં નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોના સ્થળાંતર, રાહત-બચાવ કામગીરી અને આપત્તિ વ્યવસ્થાપન માટે સ્થાનિક વહીવટીતંત્ર સાથે સંકલનમાં રહીને પોલીસ કાફલાને ખડેપગે રાખવા સૂચના અપઈ હતી. વરસાદી વાતાવરણ વચ્ચે નાગરિકોની સુરક્ષા, વાહનવ્યવહારની નિયમિતતા અને ઈમરજન્સી સેવાઓ અવરોધાય નહીં તે માટે જીઈ ની ટીમો અને સ્થાનિક પોલીસને એલર્ટ મોડ પર રાખવા જણાવવામાં આવ્યું હતું.

**ભરૂચમાં વહેલી**

રાત્રિથી જ મેઘરાજા મુસળધાર વરસી રહ્યા છે. સવારથી વરસાદની તીવ્રતામાં ભારે વધારો થતાં ભરૂચ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ નિર્માણ પામી છે. હવામાન વિભાગ દ્વારા પરિસ્થિતિની ગંભીરતા જોઈને આગામી ૩ કલાક માટે ભરૂચ જિલ્લામાં અતિભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.સતત વરસી રહેલા વરસાદના કારણે ભરૂચના સૌથી વ્યસ્ત ગણાતા સેવાશ્રમ રોડ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. માર્ગો નદીઓમાં ફેરવાઈ જતાં રસ્તા પરથી પસાર થઈ રહેલી કાર અને મોટરસાયકલોના એન્જિનમાં પાણી ઘૂસી જવાથી અનેક વાહનો રસ્તા વચ્ચે જ બંધ પડી ગયા હતા. વાહનચાલકોને પોતાના વાહનો ધક્કા મારીને પાણીમાંથી બહાર કાઢવાનો વારો આવ્યો હતો.



તાપી જિલ્લામાં અતિ ભારે વરસાદ પડ્યો હતો.ભારે વરસાદ ના કારણે ડોલવણ તાલુકાના ધોડિયાવાડ ફળિયામાં પાણી ભરાતાં તંત્ર દ્વારા ૧૧ લોકો નું રેસ્કયુ કરી બચાવાયા હતાં

# નાળામાં પાણી ભરાઈ જતાં માર્ગ પર ડાયવર્ઝન આપવામાં આવ્યું

ગાંધીનગર : પંચમહાલ જિલ્લાના જાંબુઘોડાથી બોડેલી તરફ જતા મુખ્ય હાઈવે પર આવેલા ખાખરીયા ગામ નજીક નાળામાં ભારે પાણી ભરાઈ જવાના કારણે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ માર્ગ પર ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.



ડાંગ જિલ્લામાં પડેલા અતિ ભારે વરસાદના કારણે વઘઈ - આહવા રોડ પર વૃક્ષો ધરાશયી થતા વાહનવ્યવહાર ખોરવાયો હતો. માર્ગ પર ધરાશય થયેલા વૃક્ષો ને તંત્ર દ્વારા વહેલી સવારે દૂર કરવામાં આવ્યા હતા અને માર્ગ ને વાહનવ્યવહાર યોગ્ય કરવામાં આવ્યો હતો.

# વાવ-થરાદ જિલ્લાના નાગરિકો માટે મહત્વપૂર્ણ નિર્ણય; GJ-૪૦ બનશે વાવ-થરાદની નવી ઓળખ

ગાંધીનગર : ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વાહન વ્યવહાર ક્ષેત્રે નાગરિકોની સુવિધા માટે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાંથી અલગ અલગ તાલુકાઓને સાંકળીને રચાયેલા નવા વાવ-થરાદ જિલ્લાના નાગરિકોને વાહન વ્યવહાર વિભાગની સેવાઓ હવે સરળતાથી, ઝડપથી અને પારદર્શક રીતે મળશે. ૨૨ જુલાઈ,૨૦૨૬થી 'સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, થરાદ (GJ-૪૦)'નો વિધિવત પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.વાવ-થરાદ જિલ્લાના દિયોદર, લાખણી, થરાદ, રાહ, વાવ, ધરણીધર, સુઈગામ અને ભાભર તાલુકાના વાહનચાલકોને હવેથી પોતાના વાહન તથા લાયસન્સ લગતા કામકાજ માટે દૂર જવું પડશે નહીં અને સ્થાનિક સ્તરે જ સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ નવી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી મુ. બુઢનપુર, થરાદ-સાંચોર હાઈવે, થરાદ, જી. વાવ-થરાદ ખાતે કાર્યરત કરવામાં આવી છે.

# હવે શરુ થશે અદાણી એરલાઇન? ઇન્ડિગો અને એર ઇન્ડિયાને ટક્કર આપવાની તૈયારીમાં ગૌતમ અદાણી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : સરકાર અને કંપનીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, અદાણી ગ્રુપે સરકારને એક નિયમમાં સુધારો કરવાની વિનંતી કરી છે જે દેશના સૌથી વ્યસ્ત એરપોર્ટ નવી દિલ્હી અને મુંબઈના સંચાલકોને કોઈપણ શેડ્યુલ્ડ એરલાઇનમાં ૧૦% થી વધુ હિસ્સો રાખવાથી અટકાવે છે. આ પગલાથી ઉર્જાથી લઈને સંરક્ષણ સુધીના વ્યવસાયો ચલાવતા આ સમૂહને એરલાઇન શરૂ કરવામાં અને ઉડ્ડયન ક્ષેત્રમાં તેની હાજરી વધારવામાં મદદ મળશે. જૂથ પહેલાથી જ આ ક્ષેત્રમાં મજબૂત હાજરી જાળવી રાખે છે, આઠ એરપોર્ટનું સંચાલન કરે છે અને પાઇલટ તાલીમ, વિમાન જાળવણી અને ગ્રાઉન્ડ હેન્ડલિંગ જેવી પ્રવૃત્તિઓમાં સામેલ છે. અદાણી હાલમાં મુંબઈ એરપોર્ટમાં ૭૪% હિસ્સો ધરાવે છે, જ્યારે ય્સ્ઇ એરપોર્ટ્સ દિલ્હી એરપોર્ટમાં ૭૪% હિસ્સો ધરાવે છે.મંત્રાલય સોલિસિટર જનરલ તુષાર મહેતા પાસેથી પાછલી અસરથી નિયમમાં સુધારો કરવાની કાનૂની માન્યતા અંગે અભિપ્રાય માંગી રહ્યું છે. આ નિયમ ૨૦૦૬ માં આ બે એરપોર્ટના ખાનગીકરણ દરમિયાન હસ્તાક્ષર કરાયેલા કરારોમાં સામેલ કરવામાં આવ્યો હતો. આવા કોઈપણ સુધારા માટે કેબિનેટની મંજૂરીની જરૂર પડશે. વરિષ્ઠ અધિકારીઓએ સંકેત આપ્યો હતો કે કેન્દ્ર સરકાર સંભવતઃ એક સારી રીતે ભંડોળ ધરાવતી એરલાઇન ઓપરેટર ઇચ્છે છે જે ઈન્ડિગો-એર ઈન્ડિયાના દ્વિપક્ષીય સંબંધો તોડી શકે અને જરૂરી સ્પર્ધાને પ્રોત્સાહન આપી શકે.

# GSTની આવક રાજ્યના વિકાસ કાર્યોને નવો વેગ આપશે




(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારમાં રાજ્ય કર નિરીક્ષક (સ્ટેટ ટેક્ષ ઈન્સપેક્ટર) તરીકે નવી નિમણૂક મેળવી રહેલા યુવાનોને આહવાન કર્યું કે, નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવીને રાજ્યની આવકમાં વૃદ્ધિ, નવા પ્રોજેક્ટ અને રોકાણો મેળવવા તથા તેના પરિણામે નવી રોજગારીની તકો ઊભી કરવાના તેમણે સંવાહક બનવાનું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિ અને રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મનો જે અભિગમ અપનાવ્યો છે તેના પરિણામે દેશમાં વિકાસ ક્રાંતિ સર્જાઈ છે. ભારત આજે ગ્લોબલ કોમ્પિટીશન કરતો દેશ બન્યો છે. એટલું જ નહિં, હાઈડ્રોજન ટ્રેન જેવી પહેલથી વિકસિત દેશો સામે સજ્જતાથી ઉભો રહ્યો છે.

# ઉત્તરપ્રદેશના સૌથી વૃદ્ધ ધારાસભ્યનું નિધન, સાદગી અને બેદાગ છબીનું ઉદાહરણ હતા આલમ બદી

(એજન્સી દ્વારા)

લખનઉ : સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને આઝમગઢની નિઝામાબાદ વિધાનસભા બેઠક પરથી પાંચ વખત ધારાસભ્ય રહી ચૂકેલા આલમ બદીનું નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને બુધવારે મોડી રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ૯૨ વર્ષની વયે તેમના નિધનના સમાચાર મળતા જ આઝમગઢથી લઈને લખનઉ સુધી રાજકીય અને સામાજિક વર્તુળો સહિત સપાના નેતાઓ અને કાર્યકરો શોકમાં છે.આલમ બદી ઉત્તર પ્રદેશના રાજકારણમાં પોતાની સાદગી, ઈમાનદારી અને બેદાગ છબી માટે જાણીતા હતા. તેમનો જન્મ ૧૬ માર્ચ, ૧૯૩૬ના રોજ આઝમગઢમાં થયો હતો અને તેઓ વિંદાવલ વિસ્તારના નિવાસી હતા. ૧૨મું ધોરણ પાસ કર્યા બાદ તેમણે ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા કર્યું હતું. એક કાબિલ એન્જિનિયર હોવા છતાં, જનતાની સેવા કરવાના હેતુથી તેમણે નોકરી છોડીને રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેમના પરિવારમાં પત્ની કુદૈશા ખાન અને ૬ બાળકો છે.

## પહેલા પાનાથી...

**ડિજિટલ ફ્રોડ**

કરી ભવિષ્યના મોડસ ઓપરેન્ડી સામે આગોતરું કવચ તૈયાર કરવા હર્ષ સંઘવીએ સૂચનાઓ આપી હતી. ફ્રોડ થયાના થોડા જ સમયમાં ફરિયાદીના નાણાં જે-તે બેંક એકાઉન્ટમાં તાત્કાલિક 'ફ્રીઝ' કરી ઝડપથી રિકવર કરી શકાય તે માટેની રિયલ-ટાઈમ મિકેનિઝમ તૈયાર કરવા ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રકારનું પરિણામલક્ષી 'ઈનિશિયેટિવ' લેનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી બનેલા સાયબર ફ્રોડના કિસ્સાઓ અને તેના ડેટાનું ઊંડાણપૂર્વક એનાલિસિસ કરી ફ્રોડની પેટર્ન સમજવા અને તેમાંથી નાગરિકોને અગાઉથી કેવી રીતે બચાવી શકાય તે દિશામાં નક્કર કામગીરી થવી જોઈએ. સંઘવીએ કહ્યું કે, એકાઉન્ટ ફ્રીઝ કરવામાં પોલીસ કે બેંક સ્તર પર થયેલો માત્ર બે મિનિટનો વિલંબ કોઈ પરિવારની આખી જિંદગીની કમાણી કે સામાજિક જીવન બરબાદ કરી શકે છે. આ માત્ર રૂટિન સરકારી પ્રોટોકોલ કે SOP નથી, પરંતુ નાગરિકોનો ડિજિટલ બેંકિંગ પરનો વિશ્વાસ ટકાવી રાખવાનો સંવેદનશીલ પ્રયાસ છે. તેમણે કહ્યું હતું કે ડિજિટલ એરેસ્ટ અને અન્ય સાયબર ફ્રોડનો સૌથી વધુ ભોગ વૃદ્ધો/સીનિયર સીટીઝન્સ બનતા હોય છે. જ્યારે કોઈ સીનિયર સીટીઝન અસાધારણ રીતે મોટી રકમની હ્લડ્ઢ તોડવા કે ઉપાડવા આવે ત્યારે બેંક સ્ટાફે સંવેદનશીલતા દાખવી નમ્રતાપૂર્વક ૨-૩ પ્રશ્નો પૂછી ખરાઈ કરવી. અમદાવાદની એક બેંકનું ઉદાહરણ આપતા તેમણે સ્ટાફની સતર્કતાથી નાગરિકના લાખો રૂપિયા બચ્યા હોવાની સરાહના કરી હતી. નવા ખાતા ખોલવાની રેસ કે ટાર્ગેટ કોમ્પિટિશનમાં ક્વોલિટી અને કાયદાકીય વેરિફિકેશન સાથે સમાધાન ન થવું જોઈએ. ગૃહ વિભાગ અને સીનિયર પોલીસ અધિકારીઓ દરરોજ સાયબર ફ્રોડના કોલ્સ, શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન્સ અને ફ્રીઝ કરાયેલી રકમનો ડેટા એનાલાઈઝ કરે છે. તેવી જ રીતે બેંકો પાસે રહેલી પોતાની ઈન્ટેલિજન્સ વિંગ પણ પોલીસને રિયલ-ટાઈમ ઈનપુટ્સ આપે તો સાયબર ફ્રોડ અટકવાની દિશામાં વધુ સારી કામગીરી થઈ શકે છે. બેંકિંગ સેક્ટર અને પોલીસ ડિપાર્ટમેન્ટ એક બીજાના સૂચનો અને અનુભવોની આપ-લે કરી અને આ દિશામાં પરિણામલક્ષી પગલાં ભરવા કામ કરવા પર બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં સાઈબર ફ્રોડના કિસ્સાઓમાં નાગરિકોના પૈસા બચાવવામાં મહત્વપૂર્ણ કામગીરી કરનાર પોલીસ કર્મચારીઓ તથા બેંકના પ્રતિનિધિઓને નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ગૃહ વિભાગના અગ્ર સચિવ સંજીવ ગુપ્તા, રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક સહિત ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓ, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, રાજ્યની વિવિધ બેંકોના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી નાગરિકોને ડિજિટલ ફ્રોડથી સુરક્ષિત કરવાના વિષય અંગે મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા. આ બેઠકમાં રાજ્યની ૫,૩૦૦ થી વધુ બેંક શાખાના અધિકારીઓ-કર્મચારીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

**યુવાનોનું ભાવિ**

કેસોમાં દોષિતોને શક્ય તેટલી ઝડપથી કડક સજા મળે તે સુનિશ્ચિત કરવા માટે ખાસ ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવશે.પેપર લીકની ઘટનાઓ યુવાનો માટે સતત ચિંતાનું કારણ રહી છે તે જોતાં, વડા પ્રધાનની સોશિયલ મીડિયા પોસ્ટને વિદ્યાર્થીઓ અને ઉમેદવારો માટે સ્વાગતજનક સમાચાર તરીકે જોવામાં આવી રહી છે. સરકાર જણાવે છે કે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપનાથી આવા કેસોમાં ઝડપી ચુકાદાઓ આપવામાં મદદ મળશે અને દોષિતોને કડક સજાનો સામનો કરવાનો માર્ગ મોકળો થશે.

**અમદાવાદમાં તોફાની**

વરસાદથી સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, પરંતુ સાથે સાથે નીચાણવાળા માર્ગો પર જળબંબાકારની સ્થિતિ પણ સર્જાઈ છે. પશ્ચિમ અમદાવાદના પોશ ગણાતા વિસ્તારો જેવા કે વસ્ત્રાપુર, બોડકદેવ, બોપલ, આંબાવાડી, પાલડી અને નહેરુનગરમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ખાસ કરીને વસ્ત્રાપુર સર્કલ પાસે મોટા પ્રમાણમાં વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત, શહેરની આર્થિક નસ ગણાતા એસ.જી. હાઈવે પર પણ ઠેર-ઠેર ૨ થી ૩ ફૂટ પાણી ફરી વળ્યા છે.

**જમ્મુ કાશ્મીરમાં**

પર તહેનાત હતી.

આ હુમલાની જવાબદારી લશ્કર-એ-તોયબા સાથે જોડાયેલા આતંકી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ) લીધી છે. આ કથિત આતંકી હુમલામાં મૃત્યુ પામેલા હેડ કોન્સ્ટેબલની ઓળખ બડગામ જિલ્લાના બીરવાહના રહેવાસી આશિક હુસૈન તરીકે થઈ છે. તેમને તાત્કાલિક અનંતનાગની ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બાદમાં ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત થયું હતું. હુમલા બાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો અને હુમલાખોરોની શોધ માટે મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. વધારાના જવાનોને પણ તહેનાત કરવામાં આવ્યા છે અને ઓપરેશન ચાલુ હોવાથી સમગ્ર વિસ્તારમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# એસટી નિગમ ના ૧૧૫ કર્મચારીઓના પરિવારોને શ્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ. ૨૫ લાખની નાણાકીય સહાયનું વિતરણ






ગાંધીનગરઃ કોરોના મહામારીમાં પોતાની ચિંતા કર્યા વગર ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના કર્મયોગીઓએ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. આ સમયગાળામાં ફરજ પર સંક્રમિત થયેલા અને અવસાન પામેલા ડ્રાઈવર, કંડક્ટર સહિત ૧૧૫ કર્મચારીઓના પરિવારોને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ. ૨૫ લાખની આર્થિક સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે સરકારમાં વહિવટી અને કાયદાકીય નિર્ણયો કાયદાની ચોપડીઓ અને નિયમો જોઈને લેવાતા હોય છે. નિગમના કર્મચારીઓને કાયદાકીય અને વહિવટી નિયમો પ્રમાણે આવી સહાય આપવી તે એક અલગ અને જટિલ વિષય હતો. પરંતુ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચોપડીઓ કે નિયમો જોવાને બદલે 'દિલ'થી સંવેદનશીલ નિર્ણય લીધો હતો. નિગમના કર્મયોગીઓએ પોતાના જીવના જોખમે આપેલી અમૂલ્ય સેવાઓને માનવતાની દ્રષ્ટિએ બિરદાવીને સરકારે તેમને ખાસ કિસ્સામાં 'કોરોના વોરિયર્સ' ગણી આર્થિક સહાય મંજૂર કરી છે. તેમણે કહ્યું કે કોરોનાના કપરા કાળમાં જ્યારે લોકો ઘરમાં હતા ત્યારે ST ના ડ્રાઈવર, કંડક્ટર, ક્લાર્ક અને મેનેજર સહિતના કર્મચારીઓએ પોતાના પરિવારની પરવા કર્યા વગર નાગરિકોની સુવિધા માટે ફરજ બજાવી હતી.

ગેસ એ કિમંતી સંપત્તી છે, તેનો વ્યય ન કરો
રેસોઈ પહેલા દાળ-ચોખા પલાળીને રાખો-ગેસની બચત થશે

# અંજાર શહેર ભાજપ અને નગરપાલિકાના પદાધિકારીઓએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી





અંજાર - કચ્છઉદય : શહેર ભાજપ અને નગરપાલિકાના પદાધિકારીઓએ તાજેતરમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ બીજલભાઈ છાંગાની આગેવાની હેઠળ શહેર ભાજપના પ્રમુખ હિતેનભાઈ વ્યાસ, અંજાર નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન શામજીભાઈ ખાંડેકા, મહામંત્રી ક્રિપાલસિંહ રાણા, મહામંત્રી અશ્વિનભાઈ સોરઠીયા 'ડાડા', અંજાર નગરપાલિકાના પદાધિકારીઓ ઉપપ્રમુખ પરેશભાઈ માલસતર, કારોબારી સમિતિ ચેરમેન પ્રકાશભાઈ લોદરીયા, શાસક પક્ષના નેતા આશિષભાઈ ઉદવાણી, દંડક ગીરીશભાઈ પરમારનું પ્રતિનિધિ મંડળ ગાંધીનગર ખાતે તેમના કાર્યાલય મધ્યે તેમને મળ્યું હતું. અંજાર શહેર તેમજ સમગ્ર વિસ્તારના વિવિધલક્ષી મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઉષ્મા ભર્યા વાતાવરણમાં આ તમામ બાબતોનું રચનાત્મક રીતે કાર્ય કરવા વિવિધ વિષયો પર તેમનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. રાજ્યમંત્રી, શહેર ભાજપ પ્રમુખ કે નગરપાલિકાના પ્રમુખ તરફથી જે કંઈ રજૂઆત થતી હોય છે તેનો ધન તરફથી હકારાત્મક રીતે સકારાત્મક સહયોગ પ્રાપ્ત થતો રહ્યો છે.

મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી દ્વારા અપાયેલ અમૂલ્ય માર્ગદર્શન, શુભેચ્છાઓ આશિષ તેમજ અંજાર વિસ્તારના પ્રશ્નો અને રજૂઆતોનો સકારાત્મક ઉકેલ લાવી આપવા બદલ અંજાર શહેર ભાજપ અને અંજાર નગરપાલિકા ના હોદ્દેદારો દ્વારા હૃદય પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

# અદાણી ડિફેન્સ અને ડીઆરડીઓ વચ્ચે થયા કરાર : વાયુસેના માટે વિમાન બનાવશે






ગાંધીધામ - કચ્છઉદય : ભારતીય વાયુસેના માટે નેક્સ્ટ - જનરેશન એરબોર્ન સર્વેલન્સ પ્રોગ્રામ પર અદાણી ડિફેન્સ અને ડીઆરડીઓ વચ્ચે ભાગીદારી અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને ભારતીય વાયુસેના માટે ભારતના નેક્સ્ટ - જનરેશન એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ પ્રોગ્રામ માટે એક સીમાચિહ્નરૂપ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારી સ્વનિર્ભર ભારત પ્રત્યે દેશની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. આ કરાર હેઠળ અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ અને ડીઆરડીએ સંયુક્ત રીતે ભારતીય વાયુસેના માટે છ સંશોધિત એરબસ એ૩૨૧ વિમાનો પર એરબોર્ન મિશન સિસ્ટમ્સનો વિકાસ, ઉત્પાદન અને સંકલન કરશે. આ કાર્યક્રમમાં ૩૦ વર્ષ માટે ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ, જાળવણી, સમારકામ અને ઓવરહોલ અને ટેકનિકલ સપોર્ટનો પણ સમાવેશ થાય છે. ૨૦૩૨-૩૩ સુધીમાં ભારતીય વાયુસેનામાં સામેલ કરવાની યોજના છે. આ સહયોગ સંરક્ષણ સંશોધન અને મિશન સિસ્ટમ્સમાં ડીઆરડીઓની કુશળતાને અદ્યતન ઉત્પાદન, સિસ્ટમ એકીકરણ અને જીવનચક્ર સપોર્ટમાં અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસની ક્ષમતાઓ સાથે જોડે છે. આના પરિણામે ભારતના સૌથી અદ્યતન સ્વદેશી એરબોર્ન સર્વેલન્સ પ્લેટફોર્મ્સમાંથી એકનો વિકાસ થશે. એરક્રાફ્ટ, જેને ઘણીવાર આકાશની આંખો તરીકે ઓળખવામાં આવે છે, તે આધુનિક હવાઈ યુદ્ધમાં સૌથી મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પ્લેટફોર્મ્સમાં ગણવામાં આવે છે. તેઓ લાંબા અંતરની દેખરેખ, સંભવિત જોખમોની વહેલી શોધ અને રીઅલ-ટાઈમ કમાન્ડ અને નિયંત્રણ ક્ષમતાઓ પ્રદાન કરે છે, જે ઝડપી અને વધુ સારી વ્યૂહાત્મક નિર્ણય લેવાની ક્ષમતાને સક્ષમ બનાવે છે. ભારતીય વાયુસેનાની પરિસ્થિતિગત જાગૃતિ, દળ સંકલન અને નેટવર્ક-કેન્દ્રિત કામગીરીને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે. આ કાર્યક્રમ સાથે, અદાણી ડિફેન્સ અને એરોસ્પેસ ભારતની પ્રથમ ખાનગી કંપની બની છે જેને આ સ્કેલ અને જટિલતાના એરબોર્ન મિશન પ્લેટફોર્મના વિકાસ, એકીકરણ અને જીવનચક્ર સપોર્ટની જવાબદારી સોંપવામાં આવી છે. હાલમાં, ફક્ત પાંચ દેશો - યુનાઈટેડ સ્ટેટ્સ, ફ્રાન્સ, ઈઝરાયલ, ચીન અને સ્વીડન - એ સ્વદેશી એઈડબલ્યુ એન્ડ સી ક્ષમતાઓ વિકસાવી છે. પ્લેટફોર્મ ભારતીય વાયુસેનાના ઈન્ટિગ્રેટેડ એર કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમમાં એકીકૃત કરવામાં આવશે, જે એક કમાન્ડ અને કંટ્રોલ નેટવર્ક છે જે સમગ્ર દેશમાં સર્વેલન્સ, એર ડિફેન્સ અને ઓપરેશનલ સંસાધનોને વાસ્તવિક સમયમાં જોડે છે. આ એકીકરણ અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા, સતત યુદ્ધક્ષેત્ર સંકલન અને સુધારેલ ઓપરેશનલ પ્રતિભાવ દ્વારા ભારતના હવાઈ સંરક્ષણને વધુ મજબૂત બનાવશે.

# નખત્રાણા તાલુકા પંચાયતના નવનિયુક્ત સદસ્યો, સરપંચોને તાલીમ અપાઈ





નખત્રાણા - કચ્છઉદય : તાલુકા પંચાયત કચેરી ખાતે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત જિલ્લા, તાલુકા, ગ્રામ પંચાયતના નવા ચૂંટાયેલા સદસ્યોની એક દિવસની તાલીમ યોજાઈ હતી. તાલુકા પંચાયત પ્રમુખ ભારતીબેન નીતિનગિરિ ગોસ્વામીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી શિબિરમાં તાલુકા વિકાસ અધિકારી હાર્દિકભાઈ ગઢવીએ તમામને આવકારી એક દિવસીય શિબિરનો હેતુ સમજાવ્યો હતો. અધ્યાપક સુશીલકુમાર ટી. પંડ્યાએ માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, આ તાલીમનો ઉદેશ પંચાયત રાની સંસ્થાઓને મજબૂત કરવી, સરકારી યોજનાઓનો મહતમ લાભ ગ્રામજનો સુધી પહોંચાડવો અને વહિવટી પારદર્શિતા લાવવી, તાલીમ નિયમો, ડિજીટલ પંચાયત (ઈ-ગ્રામ) નાણાંકીય વ્યવસ્થાન અને મહિલા સશક્તિકરણ, સ્થાનિક આયોજન અંગે કહ્યું કે, આ તાલીમ શિબિરો જિલ્લા, તાલુકા કક્ષાએ આવેલા તાલીમ કેન્દ્રો અથવા પંચાયત ભવોન પર તબક્કાવાર યોજનાઓ આવે છે તેમણે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત લેવલેથી થતી કામગીરી અને સરકારની વિવિધ યોજના અંગે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયત ન્યાય ચેરમેન મંજુલાબેન મોહનભાઈ ચાવડા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન દિનેશભાઈ ગોપાલ રૂડાણી, તાલુકા પંચાયત ઉપપ્રમુખ જ્યોતિબા આર. સોઢા, ન્યા.સ. ચેરમેન તાલુકા પંચાયત જશોદાબેન બળિયા, દંડક મનીષભાઈ મહેશ્વરી, સત્તા પક્ષના નેતા જશાભાઈ આહિર, ચેરમેન બેચરલાલ રૂડાણી, વર્ષાબેન જાની સહિત નવનિયુક્ત ૧૨ ગામોના સરપંચો, ઉપસરપંચો, સભ્યો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સભ્યો જોડાણા હતા.

## ખેડોઈની કંપનીમાં મજૂર નોંધણીના જાહેરનામાનો ભંગ કરનાર કોન્ટ્રાક્ટર સામે ગુનો

અંજારઃ ખેડોઈ ગામ પાસે આવેલ માન કંપનીમાં મજૂરો પૂરા પાડતા સુરતના લેબર કોન્ટ્રાક્ટર વિનયસિંગ દ્વારા શ્રમિકોની જરૂરી નોંધણી તેમજ યાદી પોલીસ કે મજૂર કમિશનર કચેરીમાં સુપ્રત કરવામાં આવી ન હતી. કલેક્ટરશ્રીના મજૂર નોંધણી અંગેના જાહેરનામાની શરતોનો ભંગ કરવા બદલ અંજાર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ ઝાલાની ફરિયાદના આધારે આરોપી સામે બીએનએસ કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## કોઠારા આઇટીઆઇ ખાતે રોજગાર અને એપ્રેન્ટીશ ભરતીમેળાનું આયોજન

નલિયા - કચ્છઉદય : જિલ્લા રોજગાર વિનિમય કચેરી, કચ્છ તથા આઈટીઆઈ, કોઠારા (અબડાસા)ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪-૭ના રોજ સવારે ૧૦ કલાકે રોજગાર અને એપ્રેન્ટીશ ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ રોજગાર ભરતીમેળામાં કચ્છ જિલ્લાનાં ખાનગી ક્ષેત્રનાં નામાંકિત નોકરીદાતાઓ ઉપસ્થિત રહેનાર છે. આ ભરતીમેળામાં નોકરીદાતાઓ દ્વારા ૧૦૦થી વધુ ખાલી જગ્યાઓ નોંધાવવામાં આવી છે. આ ભરતીમેળામાં એસએસસી, એચએસસી, આઈટીઆઈ, ગ્રેજ્યુએટ, ડિપ્લોમા - ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએટ પાસ ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ ભરતીમેળામાં ઉપસ્થિત રહેનાર રોજગાર વાચ્છુંક ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલો અને બાયોડેટા(રિઝ્યુમ) સાથે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## છેલ્લા પાનાનું ચાલુ... લાયસન્સ વિના સ્કૂલમાં

અને ભાગીદારી અનિવાર્ય છે. હાલમાં કચ્છ જિલ્લામાં, ખાસ કરીને ભુજ શહેરમાં, ધોરણ ૧૦ પછીના વિદ્યાર્થીઓમાં મોપેડ અને ટુ-વ્હીલર લઈને સ્કૂલે જવાનો એક નવો ટ્રેન્ડ બની ગયો છે. એક સમય હતો જ્યારે વિદ્યાર્થીઓ સાયકલ લઈને સ્કૂલે જતા હતા, પરંતુ હવે શાળાઓમાં સાયકલ ભાગ્યે જ જોવા મળે છે.

મોટાભાગના વિદ્યાર્થીઓ મોપેડ લઈને જ આવતા જોવા મળે છે. તેમાં પણ જ્યારથી બજારમાં ઈ-બાઈકની શરૂઆત થઈ છે, ત્યારથી આ ટ્રેન્ડમાં નોંધપાત્ર વધારો થયો છે. ઈ-બાઈક અને ઓછા પાવરવાળા વાહનોને પોલીસ પણ વધુ રોકતી ન હોવાથી સગીરોમાં તેનો ક્રેઝ બેફામ વધ્યો છે.

આરટીઓ અને પોલીસ વિભાગ દ્વારા અવારનવાર સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓમાં માર્ગ સલામતી અને ટ્રાફિક અવેરનેસ અંગે સેમિનાર યોજવામાં આવે છે.

અગાઉ કોલેજ અને યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓ માટે હેલ્મેટ પહેરવું પણ ફરજિયાત કરવામાં આવ્યું હતું. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ નિયમોની કોઈ નક્કર અમલવારી થતી નથી. નિયમો માત્ર કાગળ પર જ સીમિત રહી ગયા હોય તેવી સ્થિતિ છે. હવે જ્યારે રાજ્ય સ્કૂલ સંચાલક મહામંડળે કડક વલણ અપનાવીને લાયસન્સ અને સંમતિ પત્રક ફરજિયાત કર્યા છે, ત્યારે કચ્છની સ્કૂલો અને તંત્ર આ નિયમોનો કેટલો કડક અમલ કરાવે છે તે જોવું રહ્યું.

### ટ્યુશન ક્લાસ અને સ્કૂલો બહાર વાહનોના પાર્કિંગ

ભુજની પરિસ્થિતિ પર નજર કરીએ તો, ખાનગી સ્કૂલો અને ટ્યુશન ક્લાસીસની બહાર મોટા પાયે વિદ્યાર્થીઓના મોપેડ અને બાઈક પાર્ક થયેલા જોવા મળે છે. જ્યા જુઓ ત્યાં વિદ્યાર્થીઓ વાહનો લઈને ફરતા નજરે પડે છે.

### દેખાદેખી અને સ્પીડની મજા સજા બની શકે છે

વિદ્યાર્થીઓમાં મિત્રો વચ્ચેની દેખાદેખી અને ઓવર-સ્પીડમાં વાહન ચલાવવાની હોડ ક્યારેક જીવલેણ અકસ્માતો નોતરે છે. અકસ્માતના અનેક બનાવો સામે આવતા હોવા છતાં વાલીઓ પોતાના સગીર બાળકોને વાહન આપી રહ્યા છે, જે અત્યંત ચિંતાજનક છે. વાહન ચાલકો અને વાલીઓએ જાતે જ આ બાબતે સભાન થવાની જરૂર છે.

## છેલ્લા પાનાનું ચાલુ..

### કચ્છમાં વિલંબિત ચોમાસાથી

બની ગયો છે. વરસાદની આ વસમી ખેંચે માત્ર ખેતી અને પશુપાલન જ નહીં પરંતુ કચ્છના અન્ય અનેક ક્ષેત્રોને પણ પોતાની ઝપેટમાં લીધા છે.

જિલ્લાના મોટાભાગના નાના-મોટા જળાશયો અને ડેમોમાં પાણીનો જીવંત જથ્થો તળિયે પહોંચી ગયો છે, જેના કારણે આવનારા દિવસોમાં ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાવાની પૂરી શક્યતા છે. આ ઉપરાંત, સ્થાનિક વેપાર-ધંધા અને ગ્રામીણ અર્થતંત્ર પર પણ તેની વિપરીત અસર પડી રહી છે.

ખેડૂતો અને માલધારીઓની ખરીદશક્તિ ઘટતાં બજારોમાં સન્નાટો છવાઈ ગયો છે. જો આગામી દિવસોમાં મન મૂકીને આકાશમાંથી અમૃતવર્ષા નહીં થાય તો પશુપાલકોને પોતાના જીવથી વહાલા પશુઓ સાથે હિજરત કરવાની ફરજ પડશે અને જિલ્લામાંથી શ્રમિકોનું અન્ય શહેરો તરફ પલાયન વધશે, જે કચ્છના સામાજિક અને આર્થિક માળખા માટે ભારે મોટો આઘાત પુરવાર થશે.

### ભુજ - પાલનપુર ટ્રેન

સાબિત થતી હતી. સપ્ટેમ્બર ૨૦૨૪માં તેને કાયમી ધોરણે બંધ કરવામાં આવી હતી જે અગાઉ એક વર્ષ સુધી હંગામી ધોરણે રદ હતી રેલવે તંત્રનું કહેવું હતું કે ટ્રેનમાં માત્ર ૧૦% જ મુસાફરો મળતા હોવાથી ટ્રેન ખોટમાં ચાલતી હતી.

જોકે, હકીકત એ છે કે ટ્રેનનો સમય મુસાફરો માટે બિલકુલ અનુકૂળ ન હતો.

આ ટ્રેન દરરોજ સવારે ૧૧ કલાકે ભુજથી ઉપડીને અંજાર, આદિપુર, ગાંધીધામ, ભચાઉ, સામખિયાળી, આડેસર, સાંતલપુર, રાધનપુર, દિયોદર, ભીલડી, ડીસા થઈને સાંજે ૫:૩૫ કલાકે પાલનપુર પહોંચતી હતી. આખો દિવસ મુસાફરીમાં જતો હોવાથી મુસાફરો મળતા ન હતા.

ત્યારબાદ રિપેરિંગના બહાને અને ભુજને જ્યારે નમો ભારત ટ્રેન મળી ત્યારે આ ટ્રેન કાયમ માટે બંધ કરી દેવાઈ હતી. હાલમાં મુસાફરોની પ્રબળ માંગ છે કે ગાંધીધામથી પાલનપુર જતી ઈન્ટરસિટી ટ્રેનને ભુજ સુધી લંબાવવામાં આવે. જો આ ટ્રેનને ભુજથી ઓપરેટ કરવામાં આવે તો સમગ્ર જિલ્લાના લોકોને તેનો વ્યાપક ફાયદો થઈ શકે તેમ છે.

### દક્ષિણ ગુજરાતમાં

પડશે. આજે મુંબઈ સેન્ટ્રલ અને બાંદ્રા ટર્મિનસથી કચ્છના ગંતવ્ય સ્થાનો ભુજ અને ગાંધીધામ તરફ ઉપડતી આ બંને ટ્રેનો પોતાના નિર્ધારિત સમય પર નહીં ઉપડે અથવા રદ રહે તેવી પૂરતી શક્યતાઓ સેવાઈ રહી છે. આ ઉપરાંત, મુંબઈથી અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારત, શતાબ્દી, કર્ણાવતી, ડબલ ડેકર અને ગુજરાત સુપરફાસ્ટ જેવી અનેક પ્રીમિયમ ટ્રેનોને ૨૩ જુલાઈના રોજ પૂર્ણપણે રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક અન્ય લાંબા અંતરની ટ્રેનોના માર્ગો બદલવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાતમાં ટ્રેક પર ભરાયેલા પાણી અને ધોવાણના કારણે મુંબઈ-કચ્છ વચ્ચેનો રેલ વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ જતાં કચ્છના વેપારીઓ, નોકરિયાતો અને અસંખ્ય પ્રવાસીઓ અટવાયા છે. રેલવે પ્રશાસન દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને ટ્રેકનું સમારકામ ઝડપથી પૂર્ણ કરવા પ્રયાસો ચાલુ છે. તેમ છતાં, કચ્છના રેલ મુસાફરોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ ઘરેથી નીકળતા પહેલા પોતાની ટ્રેનની તાજી સ્થિતિ અંગે રેલવે હેલ્પલાઈન કે એપ પરથી ખાતરી કરી લે. આજે રાત્રે ભુજ થી મુંબઈ જતી બને ટ્રેનો રાબેતા મુજબ રવાના થશે જોકે તે ટ્રેનો જળ ભરાવનના કારણે શોર્ટ ટર્મિનેટ થશે તેવી સંભાવનાઓ છે. કચ્છ એક્સપ્રેસ અને સયાજી નગરી એક્સપ્રેસને ઉધના સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હોવાથી આજે બન્ને ટ્રેનો ઉધનાથી ઉપડશે.

# દિલ્હીમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં ભુજ ખાતે વિદ્યાર્થીઓનો આક્રોશ




ભુજ - કચ્છઉદય : દિલ્હીના જંતર-મંતર ખાતે દેશવ્યાપી પરીક્ષા નીટમાં થયેલી ગેરરીતિઓ અને પેપર લીકની ઘટનાઓ સામે અવાજ ઉઠાવી રહેલા શાંતિપૂર્ણ પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલા કથિત બળપ્રયોગ અને લાઠીચાર્જના ઘેરા પ્રત્યાઘાત કચ્છ જિલ્લામાં પણ પડ્યા છે. ભુજ સ્થિત ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશદ્વાર બહાર મોટી સંખ્યામાં એકઠા થયેલા વિદ્યાર્થીઓએ સંકેતિક વિરોધ પ્રદર્શન યોજીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સોનમ વાંગચુક તથા દિલ્હીમાં આંદોલન ચલાવી રહેલા યુવાનોના સમર્થનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ કાળા કપડાં અને કાળી પટ્ટી ધારણ કરી શિસ્તબદ્ધ રીતે ધરણા પર બેઠા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થી નેતા શિવાજી સીજુ અને કાયદા વિદ્યાશાખાની વિદ્યાર્થીની સમેજા મુસ્કાને જણાવ્યુ હતું કે, દિલ્હીમાં પોતાના ન્યાયિક હક્કો માટે લડી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા આચરવામાં આવેલી બર્બરતા કડક શબ્દોમાં વખોડવા લાયક છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે પેપર લીક કરનાર અસામાજિક તત્વો સામે કડક પગલાં ભરવામાં અસમર્થ રહેલી સરકાર અને તંત્ર પોતાનો નિષ્ફળતા છુપાવવા માટે નિર્દોષ વિદ્યાર્થીઓ પર દમન ગુજારી રહ્યું છે. વિદ્યાર્થીઓએ દેશના કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આ પરિસ્થિતિની નૈતિક જવાબદારી સ્વીકારીને તુરંત જ પોતાના પદ પરથી રાજીનામું આપે તેવી સ્પષ્ટ માંગ કરી હતી.

પ્રદર્શનકારી વિદ્યાર્થીઓએ વધુમાં ઉમેર્યું હતું કે વારંવાર બનતી પેપર લીકની ઘટનાઓથી યુવાનોનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે અને તેનાથી સતત મહેનત કરતા પરીક્ષાર્થીઓમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે. જો શિક્ષણ મંત્રી રાજીનામું નહીં આપે અને પેપર લીકના મુખ્ય સૂત્રધારો સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં સમગ્ર દેશ અને રાજ્યભરમાં વિદ્યાર્થીઓ દ્વારા વધુ ઉગ્ર આંદોલન, ઉપવાસ અને ધરણાં પ્રોગ્રામ હાથ ધરવામાં આવશે. પ્રદર્શનના અંતે ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ દેશના તમામ યુવાનોને આ ન્યાયિક લડતમાં એકજૂથ થઈને શાંતિપૂર્ણ રીતે સમર્થન આપવા આહવાન કર્યું હતું.

---

**જાહેર નોટીસ** — પ્રો.નં. ૭૮૭/૨૬

**નામદાર શ્રી એડીશનલ સીનીયર સીવીલજજ સાહેબની કોર્ટમાં, મુ.અંજાર-કચ્છ**

**દિવાની પરચુરણ અરજી ન.૧૫/૨૦૨૬**

(૧) મજા રવા ઝરૂ, રહે. ભુવડ, તા.અંજાર (૨) અરજણ જેસંગ ઝરૂ, રહે.ગામ-ભુવડ તા.અંજાર કચ્છ. (૩) સ્વ. બાબુ દેવાયત ઝરૂ અવસાન પામતાં તેમના સીધી લીટી ના વારસદાર અને પ્રતિનિધિઓ (૩/૧) રણધીર બાબુભાઈ ઝરૂ-પુત્ર રહેવાસી-ગામ-ભુવડ, તા.અંજાર-કચ્છ (૩/૨) શ્રીમતી જશીબેન રામજીભાઈ મકવાણા ડોટર ઓફ બાબુ દેવાયત ઝરૂ - પુત્રી, રહે. ગામ-વરલી, કચ્છ, (૩/૩) શ્રી જેસંગ બાબુ ઝરૂ - પુત્ર, રહે. ગામ - ભુવડ, તા.અંજાર કચ્છ (૩ / ૪) શ્રી શામજી બાબુ ઝરૂ -પુત્ર, રહે, ગામ-ભુવડ, તા.અંજાર કચ્છ, (૩/૫) શ્રીમતી રાણીબેન હરિલાલ મેતા ડોટર ઓફ બાબુ દેવાયત ઝરૂ-પુત્રી, રહે. ગામ - ચંદિયા, તા.અંજાર કચ્છ (૩/૬) શ્રીમતી ડાઈબેન રમેશભાઈ ચાવડા ડોટર ઓફ બાબુ દેવાયત ઝરૂ - પુત્રી, રહે.આહિર વાસ, ગામ- મોડસર- સુગારીયા, તા.અંજાર (અરજદાર નં.૩/૧ જાતે તથા અરજદાર નં. ૨ અને અરજદાર નં. ૩/૨ થી ૩ /૬ ના પાવરદાર તરીકે) ....અરજદારો

**વિરૂધ્ધ**

કોઈ નહીં. ...સામાવાળાઓ

**બાબત :- વારસા સર્ટીફીકેટ મળવા માટેની અરજી**

અરજદારના એડવોકેટઃ કનૈયા આર. મડિયાર, હર્ષિદા આર.મડિયાર, પૂજા એલ. ગુદરાસણિયા, ખુશ્બુ એફ.ખોજા.

આથી લાગતા વળગતા સર્વે લોકોને જાણ કરવાની કે, ઉપરોકત અરજદાર નં.૩/૧ થી ૩/૬ ના પિતા સ્વ.બાબુ દેવાયત ઝરૂ નું તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ-ગામ ભુવડ, તા.અંજાર-કચ્છ અવસાન અવસાન હોઈ તેમના તથા અરજદાર નં. ૧ તથા અરજદાર નં.૨ ના સંયુક્ત નામે રહેલ નીચે પરિશિષ્ઠમાં વર્ણવેલ મિલ્કત સબબ વારસા સર્ટીફીકેટ મળવા માટેની અરજી અત્રેની કોર્ટમાં કરેલી છે.

**::: મિલ્કતનું પરિશિષ્ઠ :::**

| | | |
|---|---|---|
| ૧. | બેંક.ઓફ ઈન્ડિયા, અંજાર શાખા માં બચત ખાતા નં.382610100003862 માં જમા રહેલ રકમ તથા તે પરનું વ્યાજ | ૩૮,૩૨૧.૫૬ |
| ૨. | બેંક ઓફ ઈન્ડિયા, અંજાર શાખા માં એફ.ડી. ખાતા નં. 382645110011672, Receipt no-1983558 માં જમા રહેલ રકમ તથા તે પરનું વ્યાજ | ૯,૦૦,૦૦૦/- |
| ૩. | બેંક ઓફ ઈન્ડિયા, અંજાર શાખા માંએફ.ડી. ખાતા નં. 382656110003536 Receipt no-1926458 માં જમા રહેલ રકમ તથા તે પરનું વ્યાજ | ૩૦,૯૧,૦૩૨/- |
| | **કુલ્લ રકમ રૂપિયા** | **૪૦,૨૯,૩૫૩.૫૬** |

ઉપરોક્ત અરજી અંગે કોઈને વરવાંધો કે તકરાર હોય તો મુદત તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ કે તે પહેલા ઉપર જણાવેલ કોર્ટમાં લેખીત વાંધા સહીત જાતે અને અથવા પ્રતિનિધિ મારફતે હાજર થઈ બચાવ રજુ કરવો અન્યથા મુદત વીત્યે કોઈને આ અંગે વાંધા કે તકરાર નથી તેમ માની આગળનો હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યું.

તૈયાર કરનાર (પી. ટી. મહેશ્વરી) આસીસ્ટન્ટ એડી.સીની. સીવીલ જજની કોર્ટ, અંજાર-કચ્છ. | મુકાબીલ કરનાર (એન. વી. ચૌહાણ) બેંચ કલાર્ક એડી.સીની. સીવીલ જજની કોર્ટ, અંજાર-કચ્છ. | કોર્ટનું સીલ | આદેશથી (ડી. કે. જાડેજા) રજીસ્ટ્રાર, પ્રિ. સીની. સિવીલ જજની કોર્ટ, અંજાર-કચ્છ.

---

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૩૫૫/૨૦૨૬

શ્રી પ્રવિણભાઈ હીરાભાઈ કોલી, રહે. હમીરપરમોટી, તા.રાપર-કચ્છ ...................... અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી,હમીરપરમોટી, તા.રાપર-કચ્છ ...................... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી પ્રવિણભાઈ હીરાભાઈ કોલી, રહે.હમીરપરમોટી, તા. રાપર વાળાએ તા.૧૦/૦૭/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી શિવાનીબેન પ્રવિણભાઈ કોલી નો જન્મ મોજેઃ હમીરપરમોટી, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૩/૦૮/૨૦૨૦ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ હમીરપરમોટી,તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૨૦ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૫૫/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખઃ ૨૦/૦૭/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર રાપર-કચ્છ

---

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૩૫૪/૨૦૨૬

શ્રી પ્રવિણભાઈ હીરાભાઈ કોલી, રહે. હમીરપરમોટી, તા.રાપર-કચ્છ ...................... અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી,હમીરપરમોટી, તા.રાપર-કચ્છ ...................... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે,અરજદારશ્રી પ્રવિણભાઈ હીરાભાઈ કોલી, રહે.હમીરપરમોટી, તા.રાપર વાળાએ તા.૧૦/૦૭/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી સેજલબેન પ્રવિણભાઈ કોલી નો જન્મ મોજેઃ હમીરપરમોટી, તા. રાપર-કચ્છ મુકામે તા. ૨૧/૧૧/૨૦૧૭ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ હમીરપરમોટી,તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૧૭ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૫૪/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખઃ ૨૦/૦૭/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર રાપર-કચ્છ

---

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૩૧૦/૨૦૨૬

શ્રી અજીતસિંહ લઘુભા વાઘેલા, રહે, લોદ્રાણી, તા.રાપર-કચ્છ. ...................... અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, લોદ્રાણી, તા. રાપર-કચ્છ ...................... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી અજીતસિંહ લઘુભા વાઘેલા, રહે. લોદ્રાણી,તા.રાપર વાળાએ તા.૧૧/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજેઃલોદ્રાણી, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૨/૧૦/૧૯૭૧ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે લોદ્રાણી,તા.રાપર-કચ્છના વર્ષ-૧૯૭૧ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૧૦/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખઃ ૨૯/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર રાપર-કચ્છ

---

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com — મેજીસ્ટ્રીયલ શાખા — ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ-મરણ/વશી/૮૩/૨૦૨૬ — **જાહેર નોટીસ** — તા. ૨૩/૦૬/૨૦૨૬, મરણ રજી.નં.૩૦/૨૦૨૬

શ્રી ભાણજી રણછોડ ચૌધરી, રહે. વિજયસાર, તા.ભચાઉ-કચ્છ. ...................... અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી સહમંત્રીશ્રી વિજયસાર., ...................... સામાવાળા

**વિષયઃ- મરણની નોંધ કરવા અંગે.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારશ્રીએ તેમના પત્ની નામે ગોમીબેન ભાણજી ચૌધરી રહે.વિજપસાર, વાળાનું અવસાન તા.૦૬-૧૨-૧૯૯૨ ના રોજ વિજપાસર, તા.ભચાઉ મધ્યે તેમના નિવાસસ્થાને કુદરતી રીતે મરણ થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેમના મરણની નોંધ, જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળા ના મરણ રજીસ્ટરે મરણ નોંધ થઈ શકેલ ન હોય જેથી મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત.તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. — એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.

---

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com — મેજીસ્ટ્રીયલ શાખા — ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૨૮૭/૨૦૨૬ — **જાહેર નોટીસ** — તા. ૧૩/૦૭/૨૦૨૬, જન્મ રજી.નં.૨૮૪/૨૦૨૬

શ્રી સાઈયા રાજેશ મોહનભાઈ, રહે. જડસા, તા.ભચાઉ-કચ્છ. ...................... અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી સહમંત્રીશ્રી જડસા, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ...................... સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેમના પુત્ર નામે મોહિત રાજેશ સાઇયા નો જન્મ તા.૧૯-૦૯-૨૦૧૭ ના રોજ ગામઃ જડસા તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. — એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.

---

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૩૩૬/૨૦૨૬

શ્રી ખોડાભાઈ રૂપાભાઈ રબારી, રહે. જેસડા, તા. રાપર-કચ્છ ...................... અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને રજીસ્ટ્રારશ્રી(જન્મ-મરણ)રાપરનગરપાલીકા, રાપર,તા.રાપર-કચ્છ. ...................... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ખોડાભાઈ રૂપાભાઈ રબારી, રહે.જેસડા,તા.રાપર.વાળા એ તા.૦૬/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી નાગબાઈ ખોડાભાઈ રબારી નો જન્મ મોજે.રાપર, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૩/૦૩/૨૦૨૪ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃરાપર, તા. રાપર-કચ્છના વર્ષ-૨૦૨૪ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૩૬/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખઃ ૨૯/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર રાપર-કચ્છ

# વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા ખાંભરા ગામમાં વેલ-નેતૃત્વ પશુધન વિકાસ કેન્દ્રનું લોકાર્પણ

## અંજાર ખાતે ગ્રામ્ય સમુદાયોને પશુ આરોગ્ય સેવાઓ, વૈજ્ઞાનિક પશુપાલન પદ્ધતિઓ અને ટકાઉ પશુપાલન માટે સહાય પૂરી પાડવા કેન્દ્રની શરૂઆત

અંજાર : ગ્રામ્ય વિસ્તારોમાં પશુધન વિકાસને પ્રોત્સાહન આપવા તથા પશુપાલકોને ગુણવત્તાસભર પશુ આરોગ્ય સેવાઓ છેવાડાના સ્તરે ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્ય સાથે, વેલસ્પન ફાઉન્ડેશન ફોર હેલ્થ એન્ડ નોલેજના સહયોગથી તથા બીએઆઈએફના અમલીકરણ હેઠળ વેલ-નેતૃત્વ પ્રોજેક્ટ અંતર્ગત અંજાર તાલુકાના ખાંભરા ગામમાં વેલ - નેતૃત્વ પશુધન વિકાસ કેન્દ્ર (Livestock Development Centre - LDC)નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પશુધન વિકાસ કેન્દ્ર દ્વારા ખાંભરા તથા આસપાસના ગામોના પશુપાલકોને તેમના ઘરઆંગણે ગુણવત્તાસભર પશુ આરોગ્ય સેવાઓ અને ટેકનિકલ માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પહેલનો હેતુ પશુધનની ઉત્પાદકતા વધારવી, વૈજ્ઞાનિક પશુપાલન પદ્ધતિઓને પ્રોત્સાહન આપવું તેમજ ગ્રામ્ય પરિવારોની આવક અને આજીવિકામાં વધારો કરવનો છે. લોકાર્પણ સમારોહમાં ખાંભરા ગામના સરપંચ લખીબેન હુમ્બલ, વેલસ્પન ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ, બીએઆઈએફના અધિકારીઓ, ગામના આગેવાનો તથા સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ખાંભરા અને આસપાસના ગામોના ૫૦થી વધુ પશુપાલકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે વૈજ્ઞાનિક




પશુપાલન પ્રત્યે ગ્રામ્ય સમુદાયની વધતી જાગૃતિ અને સહભાગિતાનું પ્રતિબિંબ છે.

નવા શરૂ કરાયેલા આ કેન્દ્ર દ્વારા પશુપાલકોને પશુ આરોગ્ય, સંતુલિત પોષણ, સમયસર રસીકરણ, વૈજ્ઞાનિક પશુપાલન વ્યવસ્થાપન તથા અન્ય વિસ્તરણ સેવાઓ અંગે માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવશે. આ સેવાઓ પશુઓના આરોગ્યમાં સુધારો, દૂધ ઉત્પાદનમાં વધારો, પશુધનની ઉત્પાદકતા વધારવા તેમજ પશુપાલકોને લાંબા ગાળે આર્થિક રીતે લાભદાયી અને ટકાઉ પશુપાલન પદ્ધતિઓ અપનાવવામાં મદદરૂપ બનશે. આ પ્રસંગે ખાંભરા ગામના સરપંચ લખીબેન હુમ્બલે વેલસ્પન ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પશુધન વિકાસ કેન્દ્રની સ્થાપના માત્ર ખાંભરા ગામના જ નહીં પરંતુ આસપાસના ગામોના પશુપાલકો માટે પણ ખૂબ જ લાભદાયી સાબિત થશે અને સમગ્ર વિસ્તારના પશુપાલન ક્ષેત્રના વિકાસમાં મહત્વપૂર્ણયોગદાનઆપશે. વેલ-નેતૃત્વ પશુધન વિકાસ કેન્દ્રની સ્થાપના સમુદાય આધારિત પશુધન સેવાઓને વધુ મજબૂત બનાવવાની તેમજ ટકાઉ ગ્રામ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનીદિશામાંએકમહત્વપૂર્ણ પગલું છે. વેલ- નેતૃત્વ પ્રોજેક્ટ દ્વારા વેલસ્પન ફાઉન્ડેશન જ્ઞાન, આરોગ્ય સેવાઓ અને આજીવિકાની તકો સુધી સમુદાયોની પહોંચ સુનિશ્ચિત કરીને અર્થપૂર્ણ અને દીર્ઘકાલીન સામાજિક પરિવર્તન સર્જવા માટે સતત કાર્યરત છે. વેલસ્પન ફાઉન્ડેશન ફોર હેલ્થ એન્ડ નોલેજ વિશે વેલસ્પન ફાઉન્ડેશન ફોર હેલ્થ એન્ડ નોલેજ વેલસ્પન ગ્રુપની સામાજિક વિકાસ શાખા છે, જે ભારતભરમાં આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, આજીવિકા, પર્યાવરણ અને સમુદાય કલ્યાણના ક્ષેત્રોમાં કાર્ય કરે છે. જેમાં પાયાના સ્તરેથી લોકો સાથે જોડાઈને દીર્ઘકાલીન અને ટકાઉ પરિવર્તન લાવવાનું WFHKનું મુખ્ય ધ્યેય છે.

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા બે દિવસીય થેલેસેમિયા જાગૃતિ અને સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો

ગાંધીધામ - કચ્છઉદય : લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા સમાજને થેલેસેમિયા મુક્ત બનાવવાના સંકલ્પ સાથે તા. ૧૪ અને ૧૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન તોલાણી કોમર્સ કોલેજ, ગાંધીધામ ખાતે બે દિવસીય થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ અને સ્ક્રીનિંગ (રક્ત તપાસ) કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૪ જુલાઈએ યોજાયેલા જાગૃતિ કાર્યક્રમમાં ક્લબના વરિષ્ઠ સભ્ય લક્ષ્મણ દર્યાણી દ્વારા વિદ્યાર્થીઓને થેલેસેમિયા શું છે, તેના કારણો, નિવારણ, લગ્ન પૂર્વે થેલેસેમિયા ટેસ્ટ કરાવવાનું મહત્વ તેમજ સમાજમાં જાગૃતિ લાવવાની આવશ્યકતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું.તા. ૧૫ જુલાઈએ યોજાયેલા સ્ક્રીનિંગ કેમ્પમાં વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ માટે રક્તના નમૂનાઓ લેવામાં આવ્યા. આવા ટેસ્ટ દ્વારા વ્યક્તિ થેલેસેમિયા ટ્રેટ ધરાવે છે કે નહીં તેની જાણકારી પ્રાપ્ત થાય છે, જે ભવિષ્યમાં થેલેસેમિયા મેજરથી પીડિત બાળકોના જન્મને અટકાવવામાં અત્યંત મહત્વપૂર્ણ સાબિત થાય છે.

આ બંને દિવસ દરમિયાન આશરે ૫૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને થેલેસેમિયા અંગે મહત્વપૂર્ણ માહિતી સાથે આરોગ્યપ્રદ અને જવાબદાર ભવિષ્ય તરફ એક સકારાત્મક પગલું ભર્યું.

કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરપર્સન આરતી છતલાણીના સુચારુ આયોજન અને અથાગ મહેનત તેમજ પ્રોજેક્ટ કો-






ઓર્ડિનેટર લલિત ધલવાણીના માર્ગદર્શન અને અસરકારક સંકલનને કારણે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા તોલાણી કોમર્સ કોલેજના મેનેજમેન્ટ, પ્રિન્સિપલ, શિક્ષકગણ, મેડિકલ ટીમ, વિદ્યાર્થીઓ તેમજ તમામ લાયન્સ, લિઓ સભ્યો અને સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.



ધારાસભ્ય વીરેન્દ્રસીંહ જાડેજાનુ બહુમાન રાપર તાલુકા આહિર સમાજના ઉપપ્રમુખ નરેસભાઈ ભાઈ આહિર દ્વારા કરાયું નરેશભાઈ આહિર, ઉપપ્રમુખ રાપર તાલુકા ખડીર આહીર સમાજ રાપર મા વીર સપુત દેવાયત બોદર આહિર ની પ્રતિમા અનાવરણ નુ કાર્યક્રમ યોજાયો જેમા ધારાસભ્ય શ્રી વીરેન્દ્રસીંહ જાડેજા, સંતો વેલજી ડાડા, રામદાશબાપુ તથા રાપર ભચાઉ તાલુકાના આહિર સમાજ ના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 6 | | | |
| 8 | | 4 | | | | 7 | | 6 |
| 3 | 6 | | | 1 | | | 8 | 2 |
| | 7 | | | | | | 9 | |
| 4 | | | 3 | | 9 | | | 5 |
| | 1 | | | | | | 6 | |
| 6 | 5 | | | 3 | | | 7 | 8 |
| 7 | | 2 | | | | 6 | | 9 |
| | | | 4 | | 7 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 1 | 2 | 8 | 7 | 6 | 9 |
| 8 | 6 | 7 | 9 | 4 | 5 | 2 | 1 | 3 |
| 1 | 9 | 2 | 7 | 3 | 6 | 5 | 8 | 4 |
| 2 | 7 | 1 | 6 | 8 | 4 | 9 | 3 | 5 |
| 5 | 8 | 9 | 3 | 7 | 2 | 1 | 4 | 6 |
| 6 | 3 | 4 | 5 | 9 | 1 | 8 | 7 | 2 |
| 9 | 2 | 6 | 4 | 1 | 7 | 3 | 5 | 8 |
| 4 | 1 | 8 | 2 | 5 | 3 | 6 | 9 | 7 |
| 7 | 5 | 3 | 8 | 6 | 9 | 4 | 2 | 1 |

# ઇનરવ્હીલ ક્લબ ઓફ ગાંધીધામની ઐતિહાસિક સિદ્ધિ : ડિસ્ટ્રિક્ટ એસેમ્બલીમાં મેળવ્યા રેકોર્ડબ્રેક ૩૯ એવોર્ડ્સ

ગાંધીધામ : સમાજ સેવા, માનવતા અને મહિલા સશક્તિકરણના માર્ગ પર સતત કાર્યરત ઈનરવ્હીલ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવેલા અદ્ભુત પ્રકલ્પોની નોંધ લેતા, અમદાવાદ ખાતે યોજાયેલ District ૩૦૫ Assemblyમાં ક્લબને કુલ ૩૯ પ્રતિષ્ઠિત એવોર્ડ્સ થી સન્માનિત કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક સિદ્ધિ સાથે ક્લબ સમગ્ર ડિસ્ટ્રિક્ટમાં Highest Award Achiever Club બની છે, જે ગાંધીધામ માટે ભારે ગૌરવની ક્ષણ છે.એસોસિએશન પ્રેસિડેન્ટ વિનુથા હરીશ, ડિસ્ટ્રિક્ટ ચેરમેન બિંદુ ગુપ્તા અને ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી રચના શાહના હસ્તે ક્લબને આ તમામ સન્માન એનાયત કરવામાં આવ્યા હતા, જે ક્લબના વર્ષભરના સેવાકાર્યોની ભવ્ય સરાહના સમાન છે.ક્લબ દ્વારા હેપી સ્કૂલ પ્રોજેક્ટ, દિવ્યાંગોને કૃત્રિમ પગ અને વ્હીલચેર સહાય, હેલ્થ કેમ્પ, બ્લડ ડોનેશન, સર્વાઈકલ કેન્સર અવેરનેસ અને વેક્સિનેશન, કમ્પ્યુટર અને સિલાઈ મશીન વિતરણ, સાયબર સિક્યોરિટી અને ડ્રગ્સ વિરોધી જાગૃતિ રેલી, ઈકો બ્રિક બેન્ચીસ જેવા પર્યાવરણલક્ષી કાર્યો, તેમજ ક્લીન એનર્જી અને એનિમલ એમ્પથી જેવા વિવિધ ક્ષેત્રોમાં સરાહનીય કાર્યો કરવામાં આવ્યા હતા."આ ઐતિહાસિક સફળતા સમગ્ર ટીમની મહેનત, પાસ્ટ પ્રેસિડેન્ટ્સનું માર્ગદર્શન, પ્રેસિડેન્ટ-સેક્રેટરીનો તાલમેલ





અને દાતાઓના વિશ્વાસનું પરિણામ છે. આ સન્માન અમને વધુ ઊર્જા સાથે સેવા કરવા પ્રેરણા આપશે."આ ગૌરવપૂર્ણ ક્ષણે અમદાવાદ ખાતે એવોર્ડ ફંક્શનમાં હાજર રહીને સાથે એવોર્ડ્સ સ્વીકારવામાં ક્લબ મેમ્બર્સ નીતા નિહલાની, સુધા શાહ, દેવીબેન નાગડા, વર્ષા મદૈયા, અર્ચના અગ્રવાલ, રાખી નાહટા, માયા બંસલ, આંચલ ઘીરીયા અને ગીતિકા ઘીરીયા સાથે રહ્યા હતા. ઈનરવ્હીલ ક્લબ ઓફ ગાંધીધામ માટે આ સિદ્ધિ સેવા, સંકલ્પ અને મજબૂત ટીમવર્કની એક સુંદર સફરની ઓળખ બની રહી છે.


# ભારતનગરમાં મનપા કમિશનરની સરપ્રાઇઝ વિઝિટ : ગંદકી-દબાણ હટાવવા કડક સૂચના

ગાંધીધામ : મનપાના કમિશનર અને તેમની ટીમે ભારતનગર વિસ્તારની સરપ્રાઇઝ વિઝિટ કરીને સફાઈ, ગટર અને જાહેર માર્ગોની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન સ્થાનિક વેપારીઓ અને પ્રતિનિધિઓએ વરસાદ પહેલાં જ નવા બનાવાયેલા નાળાની સફાઈ કરાવવા રજૂઆત કરી હતી.

કમિશનરે નેહરુપાર્ક રોડ પર જાહેરમાં ઘાસચારો વેચતા લોકોને આવતીકાલથી અહીં વેચાણ બંધ કરવાની સૂચના આપી હતી. ઉપરાંત, જાહેર માર્ગ પર જૂનાં વાહનો અને ભંગાર મૂકનારાઓને તાત્કાલિક હટાવવાના નિર્દેશ આપ્યા હતા.

આ મુલાકાત દરમિયાન નાયબ કમિશનર, ગટર તથા





માર્ગ વિભાગના ઈન્ચાર્જ, ગાયત્રીપ્રસાદ જોષી, કરણ ધુઆ, સફાઈ વિભાગના રમેશભાઈ, ભારતનગર વેપારી મંડળના મંત્રી સુનીલ પારવાણી, સ્થાનિક કોર્પોરેટર મોહન ભાનુશાળી સહિત સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

# દિનદયાળ પોર્ટ ખાતે ખાતર હેન્ડલિંગની કાર્યક્ષમ કામગીરીની પ્રશંસા

ગાંધીધામ : દિનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા દ્વારા ચાલુ ખાતર સીઝન દરમિયાન ખાતરના કાર્ગોના હેન્ડલિંગ અને સમયસર નિકાલની કામગીરી અત્યંત કાર્યક્ષમ રીતે કરવામાં આવી રહી છે. પોર્ટ દ્વારા ખાતર વહન કરતા જહાજો માટે બે સમર્પિત બર્થ ફાળવવામાં આવ્યા છે અને જહાજોને સિનિયોરિટી મુજબ બર્થિંગ આપવામાં આવતા કામગીરી સુવ્યવસ્થિત બની છે તેમજ જહાજોના વેઈટિંગ ટાઈમમાં પણ ઘટાડો થયો છે.

પોર્ટ દ્વારા નવનિર્મિત વેરહાઉસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવતા ખાતરના સંગ્રહની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના પરિણામે કાર્ગો હેન્ડલિંગ વધુ સરળ બન્યું છે અને બંદર પર ભીડ તથા કન્જેશનની





સ્થિતિને ઘટાડવામાં મદદ મળી છે.ખાતરના ઝડપી નિકાલ માટે રેલવે ઓથોરિટી દ્વારા પણ પૂરતી રેક ઉપલબ્ધ કરાવી ઉત્તમ સહયોગ આપવામાં આવી રહ્યો છે. તેના પરિણામે કંડલા ખાતે ઉપલબ્ધ હેન્ડલિંગ ક્ષમતાને અનુરૂપ દરરોજ સરેરાશ આશરે ૪.૫ રેક લોડ કરવામાં આવી રહી છે.પોર્ટ ઓથોરિટી, રેલવે ઓથોરિટી, શિપિંગ એજન્ટો, સ્ટીવેડોર્સ અને તમામ સંબંધિત હિતધારકોના સંકલિત પ્રયાસોથી ખાતરની કામગીરી સરળતાથી ચાલી રહી છે અને કાર્ગોનો સમયસર નિકાલ થઈ રહ્યો છે. આ કામગીરીથી ખાતરના આયાતકારો, ખેડૂતો તેમજ સમગ્ર સપ્લાય ચેઈનને લાભ મળી રહ્યો છે.દિનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન શ્રી સુશીલ કુમાર સિંઘ, IRSMEના નેતૃત્વ હેઠળ પોર્ટ ખાતે કાર્યક્ષમતા વધારવા, જહાજોના ટર્નઅરાઉન્ડ ટાઈમમાં ઘટાડો કરવા અને કાર્ગોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવા માટે અનેક માળખાકીય અને ઓપરેશનલ પહેલ હાથ ધરવામાં આવી છે. આધુનિક વેરહાઉસિંગ સુવિધાઓનું નિર્માણ, ક્ષમતામાં વધારો અને પ્રક્રિયાઓમાં સતત સુધારાના પગલાંથી પોર્ટની ખાતર હેન્ડલિંગ ક્ષમતાને વધુ મજબૂત બનાવવામાં આવી છે.

## રત્નકણિકા

**અહિંસા વિના મનુષ્યના જીવનમાં સુખ નથી આવતું.**
**-જીતોત્તમસુરીજી મહારાજ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. સફર-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૩, અષાઢ સુદ-૧૦, તા.૨૩ જુલાઈ ૨૦૨૬, ગુરૂવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૮, વિશાખા નક્ષત્ર, શુભ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૧૭, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), સાંજે ૭:૦૧ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

- **મેષ** : માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
- **વૃષભ** : જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
- **મિથુન** : પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
- **કર્ક** : પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
- **સિંહ** : લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
- **કન્યા** : પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.
- **તુલા** : યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઈને છેતરાવવાનો પ્રસંગ બને.
- **વૃશ્ચિક** : જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી વિશેષ સ્નેહ રહે.
- **ધન** : ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
- **મકર** : નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
- **કુંભ** : ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.
- **મીન** : કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મૂળ ચંદિયાના બચુબેન પ્રેમજીભાઈ મકવાણા (ઉ.વ. ૭૩) તે હમીરભાઈ, ગોપાલભાઈ, કસ્તૂરબેન, રંજનબેનના માતા, પ્રેમજીભાઈના પત્ની, સાધના હમીરભાઈ મકવાણા, પ્રીતિ ગોપાલભાઈ મકવાણા, કાનજીભાઈ રાઠોડ, મનીષભાઈ સોલંકીના સાસુ, ભગતી, પ્રિયાંશી, દિવ્યરાજના દાદી તા. ૨૧-૭ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૭ના ગુરૂવારે સાંજે ૪થી ૫ ઝૂલેલાલ મંદિર, શક્તિનગર, ગાંધીધામ ખાતે.

**કિડાણા (તા. ગાંધીધામ)** : પુરષોત્તમ નારણજી આચાર્ય (ઉ.વ. ૬૦) તે સ્વ. નારણજી રાઘવજી આચાર્યના પુત્ર, સ્વ. કાંતાબેન, જયંતીભાઈ, વિનોદભાઈ, કસ્તૂરબેનના ભાઈ, અંજનાબેનના પતિ, સ્વ. કાંતિલાલ માવજી છત્રેના જમાઈ, આકાશ, સંધ્યા, હર્ષના પિતા, આનંદ, હેતલબેન કુશલભાઈ બાપટ, હરેશ્વરીબેન ધ્રુવભાઈ દેસાઈના કાકા તા. ૨૧-૭ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૭ના ગુરૂવારે સાંજે ૪થી ૫ આહીર સમાજવાડી, કિડાણા ખાતે.

**ભુજ** : મુળ પત્રીના વનિતાબા પરમાર (ઉ.વ. ૪૯) તે સ્વ. દિનેશસિંહના પત્ની, સ્વ. નારાણજી માનસંગજી અને મુરજીભા પરમારના પુત્રવધૂ, અક્ષય, ધ્રુવ, તૃપ્તિ, દિવ્યાના માતા, પ્રવિણ ચાવડા, નીશાંત અબડા, દિવ્યાના સાસુ, સ્વ. દામજી ઘેલાજી ભાટીના પુત્રી, આરાધ્યા, રાજપાલ, મિશિકા, આર્યનના નાની, માનવ, ભાગ્યરાજ, કાવ્યરાજ, જ્યોતિબા, હેતરાજના દાદી, ભરત, હરદેવ, સ્વ. દક્ષા, સ્વ. હેતલ, ક્રિષ્નાના કાકી, ચેતનાબાના ભાભી તા. ૨૧-૭ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૩-૭ના ગુરૂવારે સાંજે ૪થી ૫ ત્ર્યંબકેશ્વર મંદિર, રાજગોર સમાજવાડી, સરપટ નાકા બહાર, ભુજ ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

**નાની તુંબડી (તા. મુંદરા)** : કુંભાર હાસમ (ઉ.વ. ૫૬) તે મ. ઈસ્માઈલ બુઢાના પુત્ર, ફકીરમોહમ્મદ અને અલીમોહમ્મદના ભત્રીજા, ઈબ્રાહીમ અને મુસાના ભાઈ તા. ૨૨-૭ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૪-૭ના શુક્રવાર સવારે ૧૦થી ૧૧ મુસ્લિમ જમાતખાના, નાની તુંબડી ખાતે.

**કોટડા (જ.) તા. નખત્રાણા (શની ઢાબા)** : ગોહિલ પ્રવીણકુમાર (લાલો) (ઉ.વ. ૩૧) તે કાન્તાબેન રમેશભાઈ લધા ગોહિલના પુત્ર, હંસાબેન હિરેનભાઈ લોંચા (દયાપર), સ્વ. લતાબેન (રામપર રોહા), યોગેશના મોટા ભાઈ, મણિલાલ શિવજી ચાવડા (લુડવા હાલે માનકૂવા)ના ભાણેજ, હયાનના પિતા, પ્રિશાના મોટાબાપા તા. ૨૧-૭ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૨૪-૭ના સવારે ૧૦ વાગ્યે નિવાસસ્થાન શની ઢાબા, કોટડા (જ.) હાઈવે રોડ ખાતે.

**મોટા અંગિયા (તા. નખત્રાણા)** : બકાલી ઈબ્રાહીમ નૂરમામદ (બુઢા) (ઉ.વ. ૫૫) તે. મ. હુશેન, હારૂન, જુસબના ભાઈ, અયુબ, સરજીલ, અમીનના પિતા, સેજાન અબ્દુલસતારના સસરા તા. ૨૧-૭ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૪-૭ના શુક્રવારે સવારે ૧૦થી ૧૧ મુસ્લિમ જમાતખાના, મોટા અંગિયા ખાતે

## મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન ગુંદાલાના આશાબેન કલ્યાણજી બોયડ (ઉ.વ. ૭૮) તા. ૨૦-૭ના અવસાન પામેલ છે. પુરબાઈ શીવજી લાલજીના પુત્રવધૂ. કલ્યાણજીભાઈના પત્ની. પિયુષ, પ્રીતિ, વર્ષા (લીના)ના માતા. મણીબાઈ દામજીના પુત્રી. નવિન, બિપીન, વર્ષાબેન, પુષ્પાબેનના બેન. પ્રા.શ્રી.વ. સ્થા.જૈન શ્રા. સંઘ કરશન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. ૪થી ૫:૩૦. (ચક્ષુદાન - ત્વચાદાન કરેલ છે.) નિ. પિયુષ બોયડ, ૩૦૧, વર્ધમાન આર્યા, પ્રભાત કોલોની, રેલવે ક્વોટર્સની સામે, સાંતાક્રુઝ (ઈ).

## કચ્છ નોંધ

### ભુજ સમર્થ ભારત કેન્દ્ર

● વિદ્યાભારતી પ્રેરિત અને કચ્છ કલ્યાણ સંઘ, ભુજ દ્વારા સંચાલિત સમર્થ ભારત પ્રવૃત્તિ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા નિયમિત આવતી તથા નવી જોડાવા ઈચ્છતી સગર્ભા માતાઓ માટે તા.૨૩-૭ને ગુરુવારે સાંજે ૬ થી ૭ પ્રવૃત્તિ વર્ગ રહેશે. આ ગુરૂવારે 'ગર્ભસંસ્કાર' વિષય પર ડૉ.અર્પિતાબેન ગોરનું માર્ગદર્શન રહેશે. સ્થાન એંકરવાલા સરસ્વતી શિશુવાટિકા, સંતોષી માતાના મંદિર પાસે, ભુજ રહેશે. વધુ માહિતી માટે માધવીબેન તથા પ્રજ્ઞાબેનનો સંપર્ક કરવો.

### સિનિયર સિટીઝન કાઉન્સીલ કચ્છ

● સિનિયર સિટીઝન કાઉન્સીલ કચ્છ દ્વારા શ્રાવણ માસમાં સૌરાષ્ટ્ર દર્શન યાત્રા પ્રવાસનું આયોજન કરાયું છે, જેમાં વીરપુર, જૂનાગઢ, સોમનાથ, દ્વારકા, બેટ તથા વચ્ચે આવતા ધાર્મિક સ્થળોએ જવા માટે તા.૧૭-૮ના રોજ ભુજથી ઉપડીને તા.૨૧-૮ના વહેલી સવારે પરત ભુજ. આ પ્રવાસમાં ભાગ લેવા ઈચ્છતા સંસ્થાના સભ્યોએ પોતાનું ઓળખકાર્ડ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ સાથે સંસ્થાના કાર્યાલય પારેશ્વર ચોક, ભુજ ખાતે તા.૩-૮ અને તા.૪-૮ના રોજ ૧૦.૩૦ થી ૧૨ કલાક સુધીમાં નામ નોંધાવી જવા જણાવાયું છે.

### વૃક્ષ મિત્ર સંગીત સભા

● વૃક્ષ મિત્ર સંગીત સભા તા.૨૫/૭ને શનિવારના સાંજે ૬.૩૦ થી ૯.૩૦ ડો. શ્યામા પ્રસાદ મુખર્જી વૃક્ષ મિત્ર ગાર્ડન, પ્રમુખ સ્વામી મહારાજ સર્કલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય પાસે, મુન્દ્રા રીલોકેશન, ભુજ ખાતે યોજાશે.



# ૧ નવેમ્બરથી કચ્છ રણોત્સવ ટેન્ટસિટીનો થશે પ્રારંભ

**ધોરડો અને ધોળાવીરા પ્રવાસીઓ માટે બનશે આકર્ષણનું કેન્દ્ર : ગુજરાત પ્રવાસન નિગમ અને ઇવોક એક્સપિરિયન્સના સંયુક્ત ઉપક્રમે યોજાનારા ચાર માસના ઉત્સવ માટે ૩૧ જુલાઈથી ૨ ઓગસ્ટ દરમિયાન ૨૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે એડવાન્સ બુકિંગ શરૂ થશે**

ભુજ - કચ્છઉદય : ઉત્સવ ગુજરાતના પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક ઓળખ ધરાવતો લોકપ્રિય સાંસ્કૃતિક મહોત્સવ રણ ઉત્સવ—ધ ટેન્ટ સિટી આગામી ૧ નવેમ્બરથી પુનઃ શરૂ થઈ રહ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમના સહયોગથી 'ઈવોક એક્સપિરિયન્સ' દ્વારા આયોજિત આ ચાર મહિના લાંબો મહોત્સવ ૭ માર્ચ ૨૦૨૭ સુધી ચાલશે. ભુજથી આશરે ત્રણ કલાકના અંતરે આવેલા ધોરડો ખાતે આકાર પામનારું આ અસ્થાયી નગર પ્રવાસીઓને શ્વેત રણની અદભુત પ્રાકૃતિક સુંદરતા, કચ્છી આતિથ્ય સત્કાર, સ્થાનિક વાનગીઓ, હસ્તકળા અને ધબકતી સંસ્કૃતિનો જીવંત અનુભવ કરાવશે.

આ વર્ષના ઉત્સવમાં પ્રવાસીઓ માટે ટેન્ટમાં રોકાણ, સ્થાનિક પૌષ્ટિક આહાર, સાહસિક અને વેલનેસ પ્રવૃત્તિઓ તેમજ તારાદર્શન (સ્ટારગેઝિંગ) જેવી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુજરાતના વિશિષ્ટ આફ્રો-ઈન્ડિયન સિદ્દી સમુદાયના પૌરાણિક નૃત્યો ઉપરાંત જોડિયા પાવા, સંતાર, મંજીરા, ઘડો-ઘમેલો, ઢોલક અને મોરચંગ જેવા પ્રારંપરિક વાજિંત્રો સાથે કચ્છી લોકસંગીતની સુરાવલીઓ રેલાશે. આ ઉપરાંત સ્થળ પર યોજાનારા પ્રદર્શન-વેચાણ કેન્દ્ર (હાટ) ખાતે સ્થાનિક કારીગરો દ્વારા નિર્મિત અજરખ ટેક્સટાઈલ, બારાક એમ્બ્રોયડરી, બાંધણી, પરંપરાગત દાગીના, મિરર વર્ક અને લિપ્પણ કળા પ્રદર્શિત કરવામાં આવશે, જે કચ્છી કળાના વારસાને ઉજાગર કરશે.

આ વખતે પ્રવાસીઓ ધોરડોની સાથે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાની પણ મુલાકાત લઈ શકશે. શ્વેત રણની મધ્યમાંથી પસાર થતો અને 'રોડ ટુ હેવન' તરીકે ઓળખાતો ૩૦ કિલોમીટરનો સીધો હાઈવે પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણ બનશે. હડપ્પન સંસ્કૃતિના ઐતિહાસિક સ્થળ અને ખડીર બેટની મુલાકાતે આવતા સહેલાણીઓ માટે ઈવોક ધોળાવીરા પ્રોપર્ટી પાસે વધારાના ૩૫ મોસમી ટેન્ટની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. આ આગામી સીઝન માટે બુકિંગનો પ્રારંભ રણ સેલ હેઠળ ૩૧ જુલાઈથી ૨ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન થશે, જેમાં નિયમો અને શરતોને આધીન ફ્લેટ ૨૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

# ઘેટાં - બકરાં માટે પણ સરકારી ચારા સહાય ઉપલબ્ધ કરાવવા માલધારી સંગઠનની રજૂઆત



નખત્રાણા - કચ્છઉદય : આ વર્ષે પૂરતો વરસાદ ન પડતાં ગંભીર ચારાનું સંકટ સર્જાયું છે. હાલમાં સરકાર દ્વારા ગાય અને ભેંસ માટે ચારા સહાય આપવામાં આવી રહી છે, પરંતુ ઘેટાં અને બકરાંને આ સહાયનો લાભ મળતો નથી. નખત્રાણા તાલુકા વિસ્તારમાં હજારો માલધારી પરિવારોનો મુખ્ય જીવનનિર્વાહ ઘેટાં અને બકરાં પર આધારિત છે. ચારો ન મળવાને કારણે પશુઓને પૂરતો ખોરાક મળી રહ્યો નથી અને માલધારીઓને ભારે આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી દ્વારા પ્રાંત અધિકારીને રજૂઆત કરી જણાવ્યું કે ઘેટાં અને બકરાંને પણ ગાય અને ભેંસની જેમ સરકારી ચારા સહાયમાં તાત્કાલિક સમાવેશ કરવામાં આવે તથા જરૂરી કાર્યવાહી કરીને માલધારી સમાજને રાહત આપવામાં આવે તેવી માંગ કરી હતી.

માલધારીઓની રજૂઆતને ગંભીરતાથી ધ્યાનમાં લઈ વહેલી તકે યોગ્ય નિર્ણય લેવા તાલુકા ઘેટા બકરા સંગઠનના આગેવાનોએ જણાવ્યું હતું. નખત્રાણા તથા આસપાસના તાલુકાના માલધારી સમાજ, ઘેટાં બકરાં માલધારી સંગઠન નખત્રાણા તાલુકાના વિરમ રબારી, જખુ ભાઈ રબારી, દિનેશ રબારી, લાખા રબારી, રઝાક પીંજારા, લુહાર હસમ, રઝાક નુતિયાર સહિતનાઓએ હાજર રહી રજૂઆત કરી હતી.

# ખાવડાના આરઈ પાર્કમાંથી ૩.૫૦ લાખનો વાયર ચોરાયો

**મુંદરામાં ડેપા પાસે રીન્યુએબલ એનર્જીની સાઈટમાંથી ૨.૪૦ લાખનો કેબલ ચોરાયો : માતાનામઢમાં બોરનો ૧૪ હજારનો કેબલ ઉઠાવી જવાયો**

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છમાં અલગ અલગ સ્થળોએ વાયર ચોરીની ઘટના સામે આવી છે. જેમાં ખાવડા, મુંદરાના ડેપા અને માતાનામઢમાં ચોરી થઈ હતી.

ખાવડા ખાતે આવેલા આરઈ પાર્કમાં ડીઆરઆઈ કંપનીમાં ચોરીનો બનાવ બન્યો હતો. અહીં અલગ અલગ બ્લોકમાંથી ૩.૫૦ લાખના કેબલની ચોરી કરવામાં આવી હતી. જે અંગે કંપનીના જય ગોવિંદ ત્રિભુવનકુમાર શર્માએ ગુનો દાખલ કરાવ્યો હતો. જ્યારે મુંદરા તાલુકાના ડેપા ગામની સીમમાં આવેલ આશુતોષ રીન્યુએબલ એનર્જીની સાઈટ વાળી ખુલ્લી જગ્યામાંથી ૨.૪૦ લાખના ૨૪ હજાર મીટર વાયરની ચોરી કરવામાં આવી હતી. કંપનીના સુપરવાઈઝર વસીમખાન બિહારીએ પ્રાગપર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

દરમ્યાન લખપત તાલુકાના માતાનામઢ સીમ વિસ્તારમાં આવેલ વાડીઓમાંથી કેબલની ચોરી કરવામાં આવી હતી. રામજીભાઈ વીરજીભાઈ પટેલે જણાવ્યું કે, તેમની અને સાહેદની વાડીમાંથી બોરનો ૧૪૦૪૦ નો કેબલ ચોરાયો હતો. ત્રણેય કિસ્સામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# સુમરાસર શેખ ગામે ગેરકાયદે કતલખાનું પકડાયું



ભુજ - કચ્છઉદય : તાલુકાના સુમરાસર શેખ ગામે સીમ વિસ્તારમાં ગેરકાયદે ચાલતું કતલખાનું ઝડપી લેવામાં આવ્યું હતું. આ બાબતે મળતી વિગતો મુજબ એલસીબી દ્વારા તપાસ કરવામાં આવી હતી. સુમરાસર શેખ ગામના આદમ અલીમામદ કુંભારને ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી ૨ હજારનું ૪૦ કિલો પશુ માસ કબજે કરવામાં આવ્યું હતું. આ સાથે કતલ માટે ઉપયોગમાં લેવાતા હથિયારો જેમાં કુહાડી, છરી તેમજ વજન કાંટો સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. માધાપર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# માતાનામઢ ખાતે મેઘા મેડિકલ કેમ્પમાં ૩૫૦ દર્દીઓએ લાભ લીધો





નખત્રાણા - કચ્છઉદય : પાટીદાર ભવન ખાતે માતાનામઢ ગ્રામ પંચાયત અને પાટીદાર સમાજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા નિ:શુલ્ક સેવાયજ્ઞ મેઘા મેડિકલ કેમ્પને ખુલ્લો મુકતા સરપંચ કાસમભાઈ કુંભારે કહ્યું કે, આયુષ હોસ્પિટલની ટીમ દ્વારા છેવાડાના ગામડાના લોકોને ઘર બેઠે મેડિકલ સેવા મળી રહી છે તે કાર્ય બિરદાવી આમાં અન્ય સમાજોના દાતાઓ, અગ્રણીઓ અને ગ્રામ પંચાયતની ટીમ સહયોગ આપે તેવી શીખ આપી હતી.

ડો. અશોકભાઈ પટેલે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ મેડિકલ કેમ્પમાં આસપાસના ગામોના ૩૫૦ જેટલા દર્દીઓની સારવાર તપાસ કરવામાં આવી હતી.

આવેલા તમામ દર્દીઓની સુગર, બીપી, એક્સ-રે અને ઈસીજી જેવી પાયાની તપાસ મફત કરી આપવામાં આવી હતી. માતાનામઢના ઉપસરપંચ હિતેશ મહેશ્વરી, ન્યા. સ. ચેરમેન રામજી ગોચડિયા સહિતના તમામ સદસ્યો, પાટીદાર સમાજના અગ્રણીઓ - કાર્યકરોએ સેવા આપી હતી. ભુજની આયુષ હોસ્પિટલના નિષ્ણાંત તબીબોની ટીમ ડો. કરણ પટેલ, ડો. ઉપેન્દ્રસિંહ વાઘેલા, ડો. દિપ પવાણી, ડો. મયંક લીંબાણી, ડો. શ્યામ ત્રિવેદી, ડો. અરૂણ શંકર, ડો. કમલ કવાએ સેવા આપી હતી તેવું સરપંચ કાસમ કુંભારે જણાવ્યું હતું.

# ગાંધીધામમાં વાલ્મિકી સમાજ દ્વારા સુપર નોકઆઉટ પ્રિમીયર લીગ-૨૦૨૬ ટુર્નામેન્ટ યોજાઈ





ગાંધીધામ : ગાંધીધામ ખાતે અખિલ કચ્છ વાલ્મીકિ સમાજ એકતા ક્રિકેટ ક્લબ દ્વારા પ્રથમ વખત વાલ્મીકી સુપર નોકઆઉટ પ્રિમિર લીગ ૨૦૨૬ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલ્મિકી સમાજની નવી કમિટિના નેતૃત્વ હેઠળ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું.

આ અંગે સમાજના પ્રમુખે રાહુલભાઈએ જણાવ્યું હતું કે, સમસ્ત વાલ્મિકી સમાજના યુવાનોને એકત્રિત કરવાના ઉદેશ્ય સાથે આ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ક્લબનો મુખ્ય ઉદેશ્ય ભૂતકાળના તમામ વાદ વિવાદો અને મતભેદો ભુલીને સમસ્ત વાલ્મિકી સમાજ કચ્છના ખેલાડીઓને એક જ નેજા હેઠળ લાવી રમત ગમતના માધ્યમથી સમાજમાં અતૂટ એકતા સ્થાપિત કરવાનો છે. આ ભવ્ય ઉદેશ્ય સાથે ક્લબ દ્વારા ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. જેમાં કચ્છ જિલ્લાના તમામ ક્રિકેટ પ્રેમી વડીલો, સમાજના આગેવાનો, ભાઈઓ તેમજ ઉત્સાહિ યુવા મિત્રો જોડાયા હતા. અને અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવી હતી.આ ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને પ્રોત્સાહિત ઈનામો આપી સન્માનિત કરાયા હતા. સાથે જ વધુને વધુ આગળ વધી સમાજનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ આપવામાં આવી હતી. આ તકે પ્રમુખ રાહુલ પરમાર, ઉપપ્રમુખ સુનિલ વાઘેલા, અશોક વાઘેલા, મહામંત્રી સુનિલ આદિવાલ, મંત્રી જયેશ પરમાર, સહમંત્રી જીગ્નેશ પરમાર, યોગેશ વાઘેલા, રોહિત પરમાર, જીતુ લોટ, ખજાનચી શિવભાઈ મહેન્દ્ર મકવાણા, ઓડિટર ભરત પરમાર, કૃણાલ વડા, મુખ્ય સલાહકાર વિનોદ ગવાણીયા, પ્રેમકુમાર ડાંગર, અશોક ઢાકા, મુન્નાભાઈ ચૌહાણ, દિનેશ પરમાર, બંટી મકવાણા, કાનાભાઈ સોલંકી, રાજુ સોનાવલ, દીપુ રીલ ઉપરાંત સમસ્ત સભ્યો તેમજ અખિલ કચ્છ વાલ્મીકી સમાજ ક્રિકેટ ક્લબના હોદ્દેદારો, કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને ટુર્નામેન્ટના આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ભુજમાં સિનિયર સિટીઝન માટે યોગ શિબિર યોજાઈ





ભુજ - કચ્છઉદય : સ્પેશિયલ સિનિયર સિટીઝન માટે બેંકર્સ રોક્સ મહિલા મંડળ અને ઉમા યોગ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સાપ્તાહિક યોગ શિબિરનું દીપ પ્રાગટ્ય યોગગુરૂ કમલકાંતભાઈ, પ્રમુખ હેમાબેન, મંત્રી લતાબેન અને વડીલોના હસ્તે કરવામાં આવ્યું હતું. યોગ ટીચર ભાવના ઝવેરીના નેજા હેઠળ યોગ ટીચર મનીષાબેન, જીજ્ઞાબેન, જેલમબેન, ભાવનાબેન ઝવેરી દ્વારા વડીલોની ઉંમરને ધ્યાનમાં રાખીને યોગના વિવિધ આયામો ચેર ઉપર બેસીને એક્સરસાઈઝ, ચેર સૂર્યનમસ્કાર, ચેરનો સપોર્ટ લઈને કરવામાં આવતી એકસરસાઈઝ કરાવવામાં આવી હતી. વડીલો માટે પ્રાણાયામ, યોગનિદ્રા અને સવાસનનું મહત્વ, ક્લેપીંગ કીર્તન સાથે લાફિંગ થેરેપી કરાવવામાં આવી હતી. સૌ યોગ સાધકોનું તિલક કરીને સ્વાગત કરાયું હતું. રિદ્ધિબેન વારીયા દ્વારા દરેકને ખારેકના બોક્સ આપીને મીઠું મોં કરાવવામાં આવ્યું હતું. રાખીબેન, ગ્રીષ્માબેન, હર્ષાબેન, નીતુબેને વ્યવસ્થા સંભાળી હતી. ભામીનીબેન, પારૂલબેને સહયોગ આપ્યો હતો.

## ભચાઉમાં દારૂના નશામાં એક્ટિવા ચલાવતો ચાલક પકડાયો

ભચાઉ: ભચાઉ જુના બસ સ્ટેશન પાસેથી પસાર થઈ રહેલ રવજી ગોવિંદભાઈ પ્રજાપતી (ઉ.વ. ૪૦, રહે. અંબીકાનગર, ભચાઉ) નામના શખ્સને પોલીસે એક્ટિવા (GJ-01-SZ-0799) સાથે અટકાવ્યો હતો. તપાસ દરમિયાન ચાલક પાસ-પરમિટ વગર કેફી પીણું (દારૂ) પીધેલી હાલતમાં વાહન ચલાવતો માલૂમ પડતાં ભચાઉ પોલીસે એમ.વી. એક્ટ કલમ ૧૮૫ તથા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી એક્ટિવા કબ્જે કર્યું છે.

# રાપરમાંથી છરી સાથે નીકળેલો શખ્સ ઝડપાયો

**વોંધ બ્રિજ પાસેથી છરી સાથે ફરી રહેલો યુવક પકડાયો**

રાપર: રાપર શહેરના દૂધડેરી વિસ્તારમાંથી પોલીસ પેટ્રોલીંગ દરમિયાન નરશીભાઇ રણછોડભાઇ કોલી (ઉ.વ. ૩૫, મૂળ રહે. કાનપર) નામનો શખ્સ ગેરકાયદેસર રીતે છરી સાથે મળી આવ્યો હતો.

રાપર પોલીસે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરવા બદલ આરોપી સામે ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી તેની અટકાયત કરી છે.

બીજી તરફ ભચાઉ તાલુકાના વોંધ બ્રિજ પાસેથી પસાર થઈ રહેલા મુકેશ રૂડાભાઇ ચામરિયા (ઉ.વ. ૩૭, રહે. વોંધ) નામના યુવકની કમરમાંથી પોલીસે એક છરી શોધી કાઢી હતી. જાહેર ક્ષેત્રમાં હથિયાર સાથે ઘૂમવા બદલ અને કલેક્ટરશ્રીના જાહેરનામાનો અનાદર કરવા બદલ ભચાઉ પોલીસે આરોપી સામે જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીધામથી યુવતી ગુમ: 'હું તમારી બહેનને મુંબઈ લઈ જાઉં છું' કહી યુવકે ફોન કર્યો

ગાંધીધામ: ગાંધીધામના હાઉસીંગ બોર્ડ વિસ્તારમાં રહેતા કોરા નટવર ગૌડા નામના વ્યક્તિની ૨૦ વર્ષીય પુત્રી સિયા ગુમ થઈ છે. સિયા ગાંધીધામની ઝોન કંપનીમાં નોકરી કરે છે. ગત તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે 'કાના' નામના યુવકે પરિવારને ફોન કરી 'હું સિયાને લઈને મુંબઈ જઈ રહ્યો છું' તેમ કહી ફોન કટ કરી દીધો હતો. કંપની તથા સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં પુત્રીનો કોઈ પત્તો ન મળતાં પિતાએ ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસ મથકે ગુમનોંધ નોંધાવી છે. પોલીસે યુવતીની શોધખોળ હાથ ધરી છે.

## વરસામેડીથી ૧૩ વર્ષીય સગીરાનું અપહરણ

અંજાર: વરસામેડીના શાંતિધામ સેક્ટર-૪ માં રહેતા ગણેશકુમાર રાઉતરાની ૧૩ વર્ષની પુત્રી સોનાક્ષી ગત તા. ૨૦/૦૬/૨૦૨૬ ના રોજ ગુમ થઈ હતી. જે-તે સમયે પરિવાર દ્વારા પોલીસ અરજી આપવામાં આવી હતી. દરમિયાન, સગીરા મુંબઈ સ્થિત બાળ સંરક્ષણ ગૃહમાં હોવાની જાણ થતાં પિતા દ્વારા અંજાર પોલીસ મથકે અજાણ્યા ઈસમ સામે કાયદેસર વાલીપણામાંથી સગીરાનું અપહરણ કરી જવાનો બીએનએસ કલમ ૧૩૭(૨) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

## આડેસરમાં મેડિકલ સ્ટોર પર સીસીટીવી કેમેરા ન લગાવતા સંચાલક સામે કાર્યવાહી

આડેસર: આડેસરથી સણવા ચોકડી પર આવેલ 'જય અંબે મેડિકલ સ્ટોર'ના સંચાલક રાજેશભાઇ રામાભાઇ ભરવાડ (ઉ.વ. ૨૨, રહે. વરણુ) દ્વારા પોતાના મેડિકલ સ્ટોરમાં જિલ્લા કલેક્ટરશ્રીના જાહેરનામા મુજબ સીસીટીવી કેમેરા રાખવામાં આવ્યા ન હતા. જાહેરનામાનો અનાદર કરવા બદલ આડેસર પોલીસે યુવક સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ કેસ દાખલ કર્યો છે.

# ખાનાયમાં જુના ઝઘડાના મનદુ:ખે યુવાન પર હુમલો કરાયો

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના ખાનાય ગામે સોઢા કેમ્પ બસ સ્ટેશન નજીક યુવાન પર હુમલો કરવામાં આવ્યો હતો.

ફરીયાદી રાણસિંહ બળવંતસિંહ સોઢાએ નલિયા પોલીસમાં જણાવ્યું કે, આરોપી ગામના કિશોરસિંહ શેરસિંહ સોઢા, મહિપતસિંહ ભાખરસિંહ સોઢા, પ્રવીણસિંહ શેરસિંહ સોઢા અને શ્રવણસિંહ ભીખસિંહ ભાટીએ હુમલો કર્યો હતો.

આરોપીઓએ અગાઉના ઝઘડાનું મનદુ:ખ રાખી ગાળો આપી ફરીયાદીને લોખંડના પાઈપ વડે માર મારી ધોકા વડે ઈજાઓ પહોંચાડી હતી. રસ્તે પસાર થતા લોકોએ છોડાવ્યા હતા.

બાદમાં આરોપી ભાગી ગયા અને જતા જતા ધમકી આપીને ગયા હતા. જી.કે.માં સારવાર લીધા બાદ નલીયા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

**ભુજ નગરપાલિકા**
**ઓનલાઈન ટેન્ડર નિવિદા**
**બીજો પ્રયત્ન**
ભુજ નગરપાલિકા ૧૫મુ નાણા પંચ/અન્ટાઈટ ગ્રાન્ટ અંતર્ગત ઓફીસ કચેરી ખાતે ડીઝલ જનરેટર ખરીદ કરવા રકમ રૂ ૧૫-લાખ કામ માટે ટેન્ડર આમંત્રીત કરેલ છે. જે http://www.nprocure.com વેબસાઈટ પર તા.૨૨/૦૭/૨૦૨૬ થી ઉપલબ્ધ છે. જે ટેન્ડર ભરવાની છેલ્લી તા.૩૧/૦૭/૨૦૨૬ નાં ૧૮:૦૦ કલાક સુધીની છે. તથા ફીજીકલ ડોક્યુમેન્ટ તા.૦૫/૦૮/૨૦૨૬ સુધી નગરપાલિકા પહોંચાડવાના રહેશે. રસ ધરાવનાર કોન્ટ્રકટરએ ઉકત વેબ સાઈટ પર બાકીની માહિતી મેળવી ટેન્ડર ભરવા. ભૌતિક ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ.
ભુનપા/સ્ટોર/૨૦૨૬
તા.૨૧/૦૭/૨૦૨૬
મુખ્ય અધિકારી
(નામાનિ/કચ્છ/૪૭૯/૨૦૨૬-૨૭) ભુજ નગરપાલિકા

**ઈ-ઓકશન નોટીસ નં. ૦૪/૨૦૨૬-૨૭ (બીજો પ્રયત્ન)**
**ગુજરાત સરકાર**
**વન વિભાગ**
નાયબ વન સંરક્ષકની કચેરી, કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ-કચ્છ.
ફોન નં.૦૨૮૩૨-૨૫૦૨૨૭
Email: dcfkachchheast@gmail.com
આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નાયબ વન સંરક્ષકશ્રી, કચ્છ પૂર્વ વન વિભાગ, હસ્તકની રાપર (ઉત્તર) તથા આડેસર રેન્જમાં વનગુના કામે પકડાયેલ લાકડા/કોલસાની તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ ઈ-ઓકશનથી હરાજી રાખવામાં આવેલ છે. ઈ-ઓકશન માટે હરાજીની શરતો તેમજ કરાજીમાં મુકવામાં આવેલ વનગુના કામે પકડાયેલ લાકડા/કોલસાની સંપૂર્ણ માહિતી તથા શરતો તેમજ તેમાં થતા સુધારાઓ માટે https://forestauction.nprocure.com વેબ સાઈટનો ઉપયોગ કરવાનો રહેશે. આ હરાજીમાં ભાગ લેવા માટે https://forestauction.nprocure.com વેબ સાઈટમાં જરૂરી નોંધણી કરાવવાની રહેશે.
નાયબ વન સંરક્ષક
(નામાનિ/કચ્છ/૪૭૩/૨૦૨૬-૨૭) કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**
**LCની નાબૂદી અને બ્રિજના પુનઃનિર્માણના સંબંધમાં OHE ફેરફાર કામ**
ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TRD/ADI/26 (2026-27) તારીખ: 21.07.2026
ટેન્ડર નં. TRD-ADI-T-14R-2026-27
**કામનું નામ:** ગાંધીધામ-ન્યુ ભુજ - નલિયા સેક્શન: LCની નાબુદી અને બ્રિજના પુનઃનિર્માણ અને ગર્ડર બદલીકરણ કામના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. **અંદાજીત પડતર:** ₹ ૭૨,૪૭,૧૬૫/- **અર્નેસ્ટ મની:** ₹ ૧,૪૫,૦૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમય:** તા.૧૮-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૧૮-૦૮-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in ADI-112
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**Bandhan Bank**
રીજનલ ઑફિસ: નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન: ૨૬૪૨૧૬૭૧-૭૫
**બાકીદારો માટે માંગણાની નોટિસ**
નીચે જણાવેલ ખાતું એન.પી.એ. માં પરિવર્તિત થયેલ છે અને બંધન બેંક દ્વારા સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (ધ એક્ટ), ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ નીચે જણાવેલ કર્જદારોને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવેલ હતી જે પરત ફરી છે. આથી આપ તમામને અને જાહેર જનતાને મોટા પ્રમાણમાં આ પ્રકાશન દ્વારા નોટિસ જારી કરવામાં આવે છે.

| લોન લેનારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસ ની તારીખ/NPA તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખે બાકી રહેતી રકમ (રૂ.માં) | નોટિસ લગાવ્યાની તારીખ |
|---|---|---|---|---|
| મોહન રાણશી ગઢવી<br>હંસબાઈ મોહન ગઢવી<br>ખેંગા આર ગઢવી<br>૨૦૦૦૨૦૮૦૦૦૬૨૫૫ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે મકાન નં.૧૮૧, મહાવીર નગર, એસ નં.૧૩૨/એ, મેઘપર બોરીચી, તા-અંજાર, જિલ્લો: કચ્છ, ગુજરાત, ૩૭૦૧૧૦, વિસ્તાર- જમીન વિસ્તાર આશરે ૫૪.૪૦ ચો.મીટર સ્થિત છે અને જે આવરિત છે: ઉત્તર: પ્લોટ નં.૧૮૨, પૂર્વ: ૯.૧૪ મીટર પહોળો રોડ, પશ્ચિમ: એસ એન ૧૩૧, દક્ષિણ: પ્લોટ નં.૧૮૦ | જૂન ૨૭, ૨૦૨૬/ જૂન ૦૩, ૨૦૨૬ | ૩.૪,૫૬,૭૦૩.૧૬ (જૂન ૧૯ , ૨૦૨૬ ના રોજ) | જુલાઈ ૧૭, ૨૦૨૬ |

આ નોટિસ દ્વારા બેંક તમને પુનઃ ચૂકવણી કરવાની માંગણી કરે છે જે પુનઃ ચૂકવણી તમારા નામે રહેલી બાકી રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક સહિત આ નોટિસની તારીખથી ૬૦ દિવસમાં ભરવાની રહેશે, જેમાં તમે નિષ્ફળ રહેશો તો બેંક સરફેસી (SARFAESI) કાયદાની કલમ ૧૩(૪) અન્વયે ઉલ્લેખિત કોઈ અથવા તમામ પ્રકારનાં પગલાં આગળના સમયમાં લઈ શકે છે. સિક્યોર્ડ એસેટને રીડીમ કરવા/પરત મેળવવા ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ કર્જદાર/મોર્ગેજ મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.
**સ્થળ: અંજાર**
**તારીખ: જુલાઈ ૨૩, ૨૦૨૬**
અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ



# માંડવીમાં આચાર્ય રશ્મિરત્નસૂરિશ્વરજીના પ્રથમ આગમને ધર્મમય બન્યું વાતાવરણ

## પાંચેય ગચ્છના ભાવિકો એક મંચ પર આવ્યા : આત્મકલ્યાણ અને સંયમમય જીવનનો મળ્યો પ્રેરક સંદેશ

માંડવી - કચ્છઉદય : ઐતિહાસિક બંદરનગર માંડવીમાં જૈન સમાજ માટે એક યાદગાર અને ગૌરવપૂર્ણ પ્રસંગ સર્જાયો હતો. તપગચ્છ જૈન સંઘના સુજ્ઞ પ્રેમભુવનભાનુ સમુદાયના પ્રખર જૈનાચાર્ય, ૪૫૧ દીક્ષા દાનેશ્વરી આચાર્ય શ્રી ગુણરત્નસૂરિજી મહારાજાના શિષ્ય, આજીવન ચરણોપાસક તેમજ ૫૦૦થી વધુ શ્રમણીવર્ગના ગણનાયક જૈનાચાર્ય શ્રી રશ્મિરત્નસૂરિશ્વરજી મહારાજ સાહેબ પ્રથમ વખત વિહાર કરીને માંડવી પધારતા સમગ્ર જૈન સમાજમાં ભક્તિ, આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી ગઈ હતી.

જૈનાચાર્યશ્રીના આગમનને લઈને શહેરના તપગચ્છ જૈન સંઘ સહિત પાંચેય ગચ્છના જૈન સમાજમાં વિશેષ ઉમંગ જોવા મળ્યો હતો. સામાન્ય રીતે અલગ-અલગ ગચ્છોની પરંપરા ધરાવતા ભાવિકો આ પ્રસંગે એક મંચ પર એકત્રિત થઈ જૈન ધર્મની એકતા, સમરસતા અને સંસ્કારિતાની ભાવનાને ઉજાગર કરતા જોવા મળ્યા હતા. આચાયશ્રીના પાવન સાનિધ્યથી સમગ્ર વાતાવરણ ધર્મમય અને આધ્યાત્મિક બની ગયું હતું.

માંડવીના શીતલ પાર્શ્વનાથ જિનાલય ખાતે આવેલા કલાપ્રભસૂરિ આરાધના ભવનમાં આયોજિત વિશાળ ધર્મસભામાં આચાયશ્રી રશ્મિરત્નસૂરિશ્વરજીએ ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓને સંબોધતા જણાવ્યું હતું કે માનવજીવનનું સાચું સુખ ભૌતિક સુવિધાઓમાં નહીં પરંતુ આત્મજાગૃતિ અને સંયમમાં રહેલું છે. પાંચ ઇન્દ્રિયોમાં રસેન્દ્રિય એટલે કે સ્વાદની ઇન્દ્રિય ઉપર વિજય મેળવવો અત્યંત મુશ્કેલ છે, પરંતુ આધ્યાત્મિક પ્રગતિ માટે તે અનિવાર્ય છે. મન અને ઇન્દ્રિયો ઉપર નિયંત્રણ મેળવ્યા વિના આત્મકલ્યાણનો માર્ગ સરળ બનતો નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જૈન દર્શનમાં વર્ણવાયેલા આઠ કર્મોમાં મોહનીય કર્મ સૌથી વધુ ખતરનાક છે. મોહ, માયા, આસક્તિ અને રાગ-દ્વેષના કારણે આત્મા સંસારના બંધનોમાં જકડાઈ જાય છે. જો વ્યક્તિ તપ, ત્યાગ, સાધના અને સ્વાધ્યાય દ્વારા પોતાના જીવનને સંયમમય બનાવે તો તે આધ્યાત્મિક શાંતિ અને મુક્તિના માર્ગે આગળ વધી શકે છે. આજના ભૌતિકવાદી યુગમાં ધર્મ અને સંસ્કારોનું જતન કરવું અત્યંત જરૂરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ધર્મસભા દરમિયાન મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભાવિકોએ આચાયશ્રીના પ્રવચનનો લાભ લીધો હતો. તપગચ્છ જૈન સંઘના પ્રમુખ ચંદ્રેશભાઈ શાહ દ્વારા સામૂહિક વંદનાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ ગચ્છોના શ્રાવક-શ્રાવિકાઓએ ભાવપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગુરુવંદના, ધર્મારાધના અને ભક્તિભાવથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

આ પ્રસંગે માંડવીના પાંચેય ગચ્છના અગ્રણીઓ, ટ્રસ્ટીઓ, સમાજના વડીલો, યુવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જૈનાચાર્યશ્રીના પ્રથમ આગમનને સમાજના અગ્રણીઓએ માંડવીના જૈન ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ ઘટના ગણાવી હતી. તેમના આગમનથી માત્ર તપગચ્છ જ નહીં પરંતુ સમગ્ર જૈન સમાજમાં નવી ધાર્મિક ચેતના અને એકતાની ભાવના મજબૂત બની હોવાનું જણાવાયું હતું.

માંડવી તપગચ્છ જૈન સંઘના પૂર્વ ટ્રસ્ટી તથા મીડિયા કન્વીનર દિનેશભાઈ મણિલાલ શાહે જણાવ્યું હતું કે આચાર્ય રશ્મિરત્નસૂરિશ્વરજી મહારાજ સાહેબના પ્રથમ આગમનથી સમાજમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળ્યો છે. પાંચેય ગચ્છના ભાવિકોની ઉપસ્થિતિ જૈન સમાજની એકતા અને ધાર્મિક સમરસતાનું પ્રતિક બની છે, જે ભવિષ્યમાં પણ સમાજને સંગઠિત અને સશક્ત બનાવવામાં પ્રેરણારૂપ સાબિત થશે.

# રોટરીની પહેલથી માંડવી તાલુકાની ૫૧ સરકારી શાળાઓમાં પંખાની સુવિધા ઉપલબ્ધ

## સીએસઆર ફંડમાંથી રૂ. ૫ લાખના ખર્ચે ૨૦૩ સીલિંગ ફેન અર્પણ : વિદ્યાર્થીઓને ગરમીથી મળશે રાહત

માંડવી- કચ્છઉદય: શિક્ષણ સાથે વિદ્યાર્થીઓને સુવિધાસભર વાતાવરણ ઉપલબ્ધ કરાવવાના હેતુથી રોટરી ક્લબ ઓફ માંડવી દ્વારા તાલુકાની ૫૧ સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ ૨૦૩ સીલિંગ ફેન અર્પણ કરવામાં આવ્યા છે. વડોદરાની શૈલી એન્જિનિયરિંગ પ્લાસ્ટિક લિમિટેડના સીએસઆર ફંડમાંથી અંદાજે રૂ. ૫ લાખની સહાયથી આ સેવા પ્રકલ્પ સાકાર થયો છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓને અસહ્ય ગરમીમાંથી રાહત મળશે.

ગોકલદાસ બાંભડાઈ ગ્રુપ શાળા અને હરિરામ નથુભાઈ કોઠારી પ્રાથમિક શાળામાં યોજાયેલા લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે કચ્છમાં ઉનાળાના દિવસોમાં તાપમાન સતત ઊંચું રહે છે, જેના કારણે વર્ગખંડોમાં અભ્યાસ કરવો વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ બની જાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને શાળાઓમાં પંખાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે વિદ્યાર્થીઓને વધુ અનુકૂળ વાતાવરણમાં શિક્ષણ મળી શકશે અને શિક્ષણકાર્ય પણ અસરકારક રીતે આગળ વધી શકશે.

રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૫૫ની વાયબ્રન્ટ સ્કૂલ સમિતિ દ્વારા તાલુકાની વિવિધ શાળાઓની જરૂરિયાતો અંગે માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ત્યારબાદ જ્યાં પંખાની જરૂરિયાત વધુ હતી તેવી શાળાઓને પ્રાથમિકતા આપીને ૫૧ શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. પસંદ કરાયેલી તમામ શાળાઓમાં પંખાઓની સ્થાપના કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું જણાવાયું હતું.

ખાસ કરીને મારવાડાવાસ સહિતના પછાત અને અંતરિયાળ વિસ્તારોની શાળાઓને આ યોજનાનો લાભ મળતા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે પંખાની સુવિધાથી વિદ્યાર્થીઓની એકાગ્રતા વધશે અને ગરમીના કારણે સર્જાતી અસુવિધાઓમાં ઘટાડો થશે. આ પ્રસંગે શિક્ષણવિદો અને સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે સરકારી શાળાઓમાં મૂળભૂત સુવિધાઓ વધારવા માટે સમાજ અને ઉદ્યોગગૃહો દ્વારા સીએસઆર હેઠળ કરવામાં આવતી આવી પહેલ શિક્ષણક્ષેત્ર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યો, શિક્ષકો અને શિક્ષણ વિભાગના પ્રતિનિધિઓએ સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# તંત્રના આશ્વાસન બાદ પી.સી. ચાવડાના પ્રતીક ધરણાનો સુખદ અંત

## ગૌચર જમીનના દબાણ, કન્યા છાત્રાલય માટે જમીન ફાળવણી અને જાહેર માર્ગોના પ્રશ્નો ઉકેલવાની ખાતરી અપાઈ

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના વિવિધ જાહેરહિતના પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે જાગૃત નાગરિક પી.સી. ચાવડા દ્વારા પ્રાંત કચેરીના પ્રવેશદ્વાર નજીક શરૂ કરાયેલા પ્રતીક ધરણાનો છ દિવસ બાદ સુખદ અંત આવ્યો હતો. તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલી માંગણીઓ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની અને વાજબી પ્રશ્નોના ઉકેલ માટે હકારાત્મક પગલાં ભરવાની ખાતરી આપવામાં આવતા ધરણા સમેટવામાં આવ્યા હતા.

પી.સી. ચાવડાએ તાલુકાના અનેક મહત્વપૂર્ણ પ્રશ્નોને લઈને આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો. જેમાં વિવિધ ગામોની સરકારી ગૌચર જમીનો પર થયેલા દબાણો દૂર કરવા, સરકાર દ્વારા મંજૂર કરાયેલા આદર્શ કન્યા છાત્રાલય માટે જમીન ફાળવવા, દયાપર-દોલતપર જાહેર માર્ગો પર થયેલા દબાણો હટાવવા તેમજ નખત્રાણા શહેરને લાંબા સમયથી સતાવતા વિવિધ નાગરિક પ્રશ્નોના ઉકેલ માટે રજૂઆતો કરવામાં આવી હતી. આ પ્રશ્નો અંગે તંત્રનું ધ્યાન દોરવા તેઓ પ્રતીક ધરણા પર બેઠા હતા.ધરણાના છઠ્ઠા દિવસે તંત્ર દ્વારા માંગણીઓની ગંભીરતા ધ્યાનમાં લઈ રજૂ થયેલા મુદ્દાઓ અંગે યોગ્ય સ્તરે કાર્યવાહી હાથ ધરવાની ખાતરી આપવામાં આવી હતી. અધિકારીઓએ જાહેરહિત સાથે સંકળાયેલા પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી પ્રક્રિયા શરૂ કરવાની તૈયારી દર્શાવતા ઉપવાસી સાથે ચર્ચા કરી હતી. તંત્ર તરફથી મળેલા હકારાત્મક પ્રતિસાદ અને પ્રશ્નોના ઉકેલ માટે અપાયેલા આશ્વાસન બાદ પી. સી. ચાવડાએ ધરણા સમેટવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે પ્રાંત અધિકારી કચેરીના શિરસ્તેદાર જિગરભાઈ ધોળુએ પારણા કરાવી ધરણાનો સમાપન કરાવ્યો હતો.

ધરણા સમાપન સમયે રબારી મમુભાઈ વંકાભાઈ, લધારામ બુચિયા, ખેતાભાઈ રબારી સહિતના આગેવાનો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક સ્તરે લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોના ઉકેલ માટે તંત્ર દ્વારા હકારાત્મક અભિગમ અપનાવવામાં આવતા નાગરિકોમાં આશા અને સંતોષની લાગણી જોવા મળી હતી. હવે તંત્ર દ્વારા આપવામાં આવેલી ખાતરીઓનો અમલ કેટલો ઝડપથી થાય છે તેના પર સ્થાનિક લોકોની નજર મંડાયેલી છે.


# મોટા રેહા ગામે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાઈ

## શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં ઉમટી શ્રદ્ધાળુઓની મેદની : રાસલીલા, મટકીફોડ અને સેવાદાનના કાર્યક્રમો યોજાયા

ભુજ - કચ્છઉદય : તાલુકાના મોટા રેહા ગામે કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના આયોજને ચાલી રહેલી શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણના જન્મ પ્રસંગને અનુલક્ષીને કથાસ્થળે ધાર્મિક ઉત્સાહનો માહોલ સર્જાયો હતો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી કૃષ્ણભક્તિનો લાભ લીધો હતો. વ્યાસપીઠ પરથી કથાવાચક શિવમ મહારાજે શ્રીકૃષ્ણના અવતરણ સાથે જોડાયેલા પૌરાણિક પ્રસંગોનું રસપ્રદ અને જીવંત વર્ણન કર્યું હતું. તેમના ભાવસભર પ્રવચનથી શ્રોતાઓ ભક્તિરસમાં લીન બની ગયા હતા. મધ્યરાત્રિના જન્મોત્સવ પ્રસંગે જય કનૈયાલાલના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મટકીફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંગીતના તાલે યોજાયેલી રાસલીલામાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શ્રીકૃષ્ણની પધરામણીને વધાવી હતી. રોમેક્ષ ચૌહાણ દંપતીએ વાસુદેવ-દેવકી, દિલીપ ચૌહાણ દંપતીએ નંદ-જશોદા તથા ધૈર્ય ચૌહાણે બાળ કનૈયાનું સ્વરૂપ ધારણ કરી જન્મોત્સવને જીવંત બનાવી દીધો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા મહેન્દ્રભાઈ વરૂ, ભવ્ય ચાવડા, ખુશ્બુ રાઠોડ અને હેતલ પરમાર સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. પ્રસંગે જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન હરિભાઈ જાટિયા, જિલ્લા પંચાયતના સભ્ય રાજેશભાઈ ચાવડા, રેહાના સરપંચ ગેલુભા જાડેજા તથા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આયોજન સમિતિ તરફથી બ્રહ્માકુમારી બાબુભાઈ પરમાર અને અમિતાબેન સોલંકીનું સન્માન કરવામાં આવ્યું હતું. હરિભાઈ જાટિયા, ગેલુભા જાડેજા અને સરિતાબેન આચાર્ય સહિતના આગેવાનો દ્વારા સેવાદાન પણ અપાયું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતના સભ્ય રાજેશભાઈ ચાવડાએ ગામના રામદેવપીર મંદિર ખાતે નિર્માણાધીન શેડ માટે રૂા. ૨.૫૦ લાખની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરતાં ઉપસ્થિતોએ તાળીઓના ગડગડાટથી તેમનું સ્વાગત કર્યું હતું. અંતે સરપંચ ગેલુભા જાડેજાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# નખત્રાણાની મુખ્ય બજારમાં જ ગટરથી રોગચાળો ફાટી નિકળવાની દહેશત

નખત્રાણા - કચ્છઉદય : શહેરની મુખ્ય બજારમાં આવેલા પર્સનલ ગટર સાફ કરવા માટે ગંદા ગટરના પાણી મુખ્ય બજારમાં ઢોળી દેવાતા વ્યાપારીઓમાં ભારે નારાજગી જોવા મળી હતી ગંદા પાણીની મદબૂથી રાહદારીઓ પરેશાન થયા ગટરનું પાણી ઢોળ્યા બાદ ઉપર કોઈ જાતનું પાણી ઢોળવામાં આવતા રાહદારીઓ ભારે પરેશાન થયા હતા. મંદિરથી છેક ઠાકર મંદિર સુધી ગટરનું ગંદૂ પાણી વહી રહ્યું હતું. લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી નગરપાલિકા તાત્કાલિક જાહેરમાં



ગટર કાઢવા બદલ જવાબદારો સામે નોટિસ ફટકારે એવી લોક માંગ ઉઠી હતી.

# નેત્રા ગામને સરકારી કોલેજ ફાળવવા વિસ્તારના ૨૧ થી વધુ ગામોનો સંપર્ક કરી રજૂઆત હાથ ધરાશે

## નખત્રાણા તાલુકામાં એક પણ કોલેજ ન હોઈ રાજ્ય શિક્ષણમંત્રી કચ્છના હોઈ સરકારશ્રી વહેલી તકે કોલેજ મંજૂર કરવા માંગ કરાશે

રવાપર - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં કચ્છ યુનિવર્સિટીના સહકારથી નેત્રા ખાતે એક્સ્ટેન્શન સેન્ટર દ્વારા ચાલુ વર્ષે મહિલા માટેની કોલેજમાં ૪૦ જેટલી મહિલાઓ પ્રવેશ મેળવ્યો છે ત્યારે તાલુકામાં એક પણ સરકારી કોલેજ ન હોતા રાજ્યના શિક્ષણમંત્રી કચ્છના હોઈ તેમની સમક્ષ નખત્રાણા તાલુકા માટે નેત્રા ખાતે અદ્યતન સરકારી કોલેજ મળે તે માટે કચ્છ જિલ્લા પંચાયત સભ્ય નેહાબેન અશ્વિન રૂપારેલ દ્વારા ટુંક સમયમાં માંગ કરાશે. આ વિસ્તારના ૨૧ થી વધુ ગામોને જોડતા નેત્રા (માતાજી)ના ગામે સરકારી કોલેજ શરૂ થાય તો પશ્ચિમ કચ્છના નખત્રાણા, અબડાસા વિસ્તારને ફાયદો થઈ શકે તેમ હોઈ સ્થાનિક પ્રજાકિયા પ્રતિનિધિ સાથે વિવિધ સંસ્થાના સહયોગથી આ માંગ ટુંક સમયમાં બુલંદ કરવામાં આવશે.

શ્રીમતી રૂપારેલના જણાવ્યા અનુસાર નેત્રા કોલેજથી પાનેલી, વાલ્કા, રવાપર, ટોડિયા, ખોંભડી, રામપર, ખિરસરા, ઉખેડા, ખાનાય, ઉસ્તીયા, બાંડિયા, નારાણનગર સહિત ૨૧ થી વધુ ગામો અબડાસા અને નખત્રાણાને સીધો લાભ મળી શકે તેમ હોઈ સરકારશ્રીની જમીન પણ સ્થાનિકે ફાળવી શકાય તેવી સ્થિતિ હોઈ આ વિસ્તારના સરપંચો, તાલુકા, જિલ્લાના પ્રતિનિધિ, શિક્ષણપ્રેમી વિવિધ સંસ્થા, વાલી મંડળ દ્વારા વ્યાપક રજૂઆતના પગલે વહેલી તકે કોલેજ મંજૂર કરાય તેવી માંગ ઉઠી છે ત્યારે આ પ્રશ્ને ગાંધીનગર સુધી ટુંક જ સમયમાં રજૂઆત હાથ ધરાશે. શિક્ષણમંત્રી ત્રિકમ છાંગા વિસ્તારથી પરિચિત હોઈ સમસ્યાના ઉકેલની પણ આશા સેવી હતી તેવું રજૂઆતના પત્રમાં જણાવ્યું હતું.

# કચ્છમાં ડિજિટલ વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો સંપન્નઃ વસ્તી ૩૦ લાખને પાર થવાનો અંદાજ

## ફેબ્રુઆરી-૨૦૨૭માં યોજાશે મુખ્ય તબક્કો : ભુજને મહાનગરપાલિકાનો દરજ્જો મળવાની પ્રબળ સંભાવના

ભુજ - કચ્છઉદય : દોઢ દાયકાના લાંબા અંતરાલ બાદ કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. આ ઝુંબેશનો બીજો અને મુખ્ય તબક્કો આગામી ફેબ્રુઆરી-૨૦૨૭માં શરૂ થશે. આ સંપૂર્ણ પ્રક્રિયા પૂરી થયા બાદ કચ્છ જિલ્લાના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના માળખામાં મોટા ઐતિહાસિક ફેરફારો જોવા મળે તેવી શક્યતા છે. અત્યાર સુધી વહીવટી અને વિકાસના કામો માટે ૨૦૧૧ના આંકડાઓ પર નિર્ભર રહેવું પડતું હતું, પરંતુ નવી વસ્તી ગણતરીના પરિણામો અનેક નવી અને સચોટ માહિતીઓ પૂરી પાડશે. વર્ષ ૨૦૧૧ની છેલ્લી વસ્તી ગણતરી મુજબ કચ્છની વસ્તી ૨૦.૯૨ લાખ નોંધાઈ હતી. તે સમયે પણ કચ્છનો વૃદ્ધિદર સુરત સિવાયના અન્ય મહાનગરો કરતાં વધુ હતો. નવા અંદાજ મુજબ આ વખતનો વસ્તી વૃદ્ધિદર ૪૫થી ૫૦ ટકાની આસપાસ રહી શકે છે, જેના આધારે કચ્છની કુલ વસ્તી ૩૦ લાખના આંકને સ્પર્શે તેવી સંભાવના છે વસ્તી ગણતરીના નવા આંકડાઓ જાહેર થયા બાદ, ગાંધીધામ પછી હવે ભુજને પણ મહાનગરપાલિકા (મનપા)નો દરજ્જો મળવો લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. આ ઉપરાંત, વસ્તીના ધોરણે જિલ્લાની કેટલીક મોટી ગ્રામ પંચાયતોને નગરપાલિકા (સુધરાઈ) તરીકે અપગ્રેડ કરવામાં આવી શકે છે. હાલમાં જિલ્લાનો સાક્ષરતા દર, રહેણાક મકાનોની સ્થિતિ, બેકિંગ અને અન્ય આંતરમાળખાકીય સુવિધાઓના લેટેસ્ટ આંકડાઓ ઉપલબ્ધ ન હોવાથી ૨૦૧૧ના ડેટાને જ આધાર બનાવવો પડે છે. નવી ગણતરી પૂર્ણ થતાં જ આ તમામ ક્ષેત્રોના સચોટ અને અદ્યતન આંકડાઓ મળશે, જે જિલ્લાના ભાવિ આયોજન માટે અત્યંત મહત્વના સાબિત થશે. કેન્દ્ર સરકાર દ્વારા આ વખતે પ્રથમવાર સંપૂર્ણ ડિજિટલ પદ્ધતિથી વસ્તી ગણતરી કરવામાં આવી રહી છે. પ્રથમ તબક્કાની 'ઘર ગણતરી' પ્રક્રિયા દરમિયાન ગણતરીદારો દ્વારા એપના માધ્યમથી નાગરિકોને કુલ ૩૩ અલગ-અલગ પ્રકારના પ્રશ્નો પૂછીને સઘન માહિતી એકત્રિત કરવામાં આવી છે.

# ભુજમાં ઓમકારેશ્વર મહાદેવ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

## સનસિટી ખાતે ત્રણ દિવસ સુધી ધાર્મિક, સાંસ્કૃતિક અને સેવાકીય કાર્યક્રમો યોજાયા

ભુજ-કચ્છ ઉદય : ભુજ શહેરના સનસિટી સોસાયટી વિસ્તારમાં નવનિર્મિત ઓમકારેશ્વર મહાદેવ મંદિરના ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ત્રણ દિવસ સુધી ચાલેલા આ મહોત્સવ દરમિયાન સમગ્ર વિસ્તાર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યો હતો અને મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી ધર્મલાભ મેળવ્યો હતો.

મહોત્સવ અંતર્ગત વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞ-હવન, વિવિધ પૂજનવિધિઓ, શોભાયાત્રા, મહાપ્રસાદ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાણપ્રતિષ્ઠાની મુખ્ય વિધિ આચાર્ય વિશાલકૃષ્ણ શાસ્ત્રીના આચાર્યપદે સંપન્ન થઈ હતી, જ્યારે પૂજારી દયાલગિરિ ગુસાઈની ઉપસ્થિતિમાં વિવિધ ધાર્મિક વિધિઓ યોજાઈ હતી.

મંદિર નિર્માણના મુખ્ય દાતા નરેશભાઈ સોમૈયા રહ્યા હતા. મહોત્સવના મુખ્ય યજમાન તરીકે ગિરિરાજસિંહ જાડેજા પરિવારનો વિશેષ ફાળો રહ્યો હતો. મહાપ્રસાદની સેવા ઉપરાંત ગિરિરાજસિંહ જાડેજા પરિવારે આસપાસના વિસ્તારમાં ગાયો માટે ચારો, કૂતરાઓ માટે રોટલા અને પક્ષીઓ માટે ચણની વ્યવસ્થા કરીને જીવદયાનું અનોખું કાર્ય પણ કર્યું હતું.

મહોત્સવને સફળ બનાવવા કિશોરભાઈ વધુજિયાણી, મહેશભાઈ ચૌહાણ, જતેન્દ્રગિરિ ગોસ્વામી અને દેવજીભાઈ રામાણી સહિતના દાતાઓએ સહયોગ આપ્યો હતો. આયોજન સમિતિના પ્રમુખ જયંતીભાઈ નાથાણીના માર્ગદર્શન હેઠળ અને મહામંત્રી પ્રવીણભાઈ સોનીના સંકલનથી સમગ્ર કાર્યક્રમ સુચારુ રીતે પાર પડ્યો હતો. હરિૐ ગ્રુપ, આયોજન સમિતિના સભ્યો, સ્વયંસેવકો તથા અમરગંગા, વિધિ અને રેસિડેન્સીના રહેવાસીઓએ પણ સેવા આપી હતી.

મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક સંપ્રદાયોના સંતો-મહંતોની પાવન ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજા, કારોબારી ચેરમેન હરેશભાઈ ભંડેરી, પ્રફુલ્લસિંહ જાડેજા, શીતલ શાહ, બિંદિયાબેન ઠક્કર, કમલ ગઢવી, ધર્મેશ જોશી, ગીતાબેન પટેલ, હિતેશભાઈ પટેલ, વિક્રમસિંહ જાડેજા સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જીવરાજભાઈ સોની, બાબુભાઈ છાભૈયા, અમૃતભાઈ ગરવા અને જયંતીલાલ ધોળુનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થયું હતું.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના સફળ આયોજન બદલ સમગ્ર સનસિટી વિસ્તારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

**સમાજ સુરક્ષા ખાતાના નેજા હેઠળ**

# કચ્છ કાર્નિવલ દરમિયાન ભિક્ષાવૃત્તિ નિવારણ અને માનસિક આરોગ્ય અંગે જનજાગૃતિ અભિયાન યોજાયું



ભુજ - કચ્છઉદય : સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તથા કમિશનર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના સહયોગથી લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજ દ્વારા કચ્છ કાર્નિવલ દરમિયાન ભુજ ખાતે ભિક્ષાવૃત્તિ નિવારણ અને માનસિક આરોગ્ય અંગે વિશેષ જનજાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું.

આ અભિયાનનો મુખ્ય હેતુ નાગરિકોમાં માનસિક આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો તેમજ ભિક્ષાવૃત્તિ જેવી સામાજિક સમસ્યાના નિવારણ માટે લોકોમાં સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો. કચ્છ કાર્નિવલમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સ્થાનિક નાગરિકો તેમજ બહાર ગામથી આવેલા પ્રવાસીઓ સુધી આ અભિયાનનો સંદેશ પહોંચે તે હેતુથી સંસ્થાના કાર્યકરોએ સ્થળ પર જઈ આશરે ૫,૦૦૦ જેટલા માહિતીપ્રદ પેમ્ફલેટનું વિતરણ કર્યું હતું. પેમ્ફલેટ દ્વારા લોકોને સમજાવવામાં આવ્યું કે ભિક્ષા આપવાના બદલે જરૂરિયાતમંદ, નિરાધાર અથવા માનસિક અસ્વસ્થ વ્યક્તિઓને પુનર્વસન, સારવાર અને આશ્રયની વ્યવસ્થા સાથે જોડવા માટે સંબંધિત તંત્રને જાણ કરવી વધુ યોગ્ય અને માનવતાભર્યો અભિગમ છે.

આ અભિયાન દરમિયાન માનસિક અસ્વસ્થ, નિરાધાર અને ભિક્ષાવૃત્તિમાં સંકળાયેલા લોકોને સમાજના મુખ્ય પ્રવાહમાં ગૌરવપૂર્ણ જીવન જીવવાની તક મળે તે માટે જનસહભાગિતા અને સામાજિક જવાબદારીનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ અભિયાનને સફળ બનાવવા માટે રામજીભાઈ ગરવા, કે.સી. ગોપી, દર્શન પટેલ તથા નેહાબેન આહીર દ્વારા સક્રિય સહયોગ અપાયો હતો. લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજ દ્વારા આવા લોકકલ્યાણકારી અને જનજાગૃતિના કાર્યક્રમો સતત યોજી સમાજમાં જાગૃતિ, સંવેદનશીલતા અને સામાજિક જવાબદારીનો ભાવ વિકસાવવામાં સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાષ્ટ્રીય યોગ ચેમ્પિયનશિપમાં ભુજની દેવલ ગઢવીએ મેળવ્યો દેશભરમાં દ્વિતીય ક્રમ

## મંદસૌર ખાતે યોજાયેલી ૧૧મી નેશનલ યોગ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં અંડર-૧૭ વ્યક્તિગત આસન સ્પર્ધામાં ચમકી; હવે એશિયન ગેમ્સની તૈયારી કરશે

ભુજ-કચ્છઉદય:ભુજની કેન્દ્રીય વિદ્યાલય એરફોર્સ સ્કૂલમાં અભ્યાસ કરતી અને મૂળ ઝરપરા ગામની વતની દેવલબેન રામભાઈ ગઢવીએ રાષ્ટ્રીય સ્તરની યોગ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને કચ્છનું ગૌરવ વધાર્યું છે. મધ્યપ્રદેશના મંદસૌર ખાતે ઈન્ડિયા યોગ ફેડરેશન દ્વારા આયોજિત ત્રિદિવસીય ૧૧મી નેશનલ યોગ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં દેવલબેને અંડર-૧૭ વ્યક્તિગત આસન વિભાગમાં સમગ્ર દેશમાંથી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ધોરણ-૧૧માં અભ્યાસ કરતી દેવલબેન લાંબા સમયથી યોગ ક્ષેત્રે સતત મહેનત કરી રહી છે. તેમની આ સિદ્ધિ માત્ર શાળા કે પરિવાર પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ સમગ્ર કચ્છ માટે ગૌરવની ક્ષણ બની છે. દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા પ્રતિસ્પર્ધીઓ વચ્ચે દેવલબેને પોતાની કુશળતા, આત્મવિશ્વાસ અને સંતુલિત પ્રદર્શનના આધારે દ્વિતીય ક્રમ હાંસલ કરી યોગક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

દેવલબેને અગાઉ પણ અનેક રાજ્યકક્ષાની અને રાષ્ટ્રીય કક્ષાની યોગ સ્પર્ધાઓમાં ભાગ લઈને ગોલ્ડ મેડલ સહિત અનેક પુરસ્કારો મેળવ્યા છે. વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ તેમણે યોગના શ્રેષ્ઠ પ્રદર્શન દ્વારા પ્રશંસા મેળવી છે. તેમની સતત સફળતાઓને કારણે હવે તેઓ આગામી એશિયન ગેમ્સ માટેની તૈયારીઓમાં જોડાવાના છે, જે તેમના યોગ કારકિર્દી માટે વધુ એક મહત્વપૂર્ણ સોપાન માનવામાં આવી રહ્યું છે. દેવલબેનની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ ગઢવી સમાજના આગેવાનો, શિક્ષણજગતના અગ્રણીઓ તેમજ શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા. કેન્દ્રીય વિદ્યાલય એરફોર્સ સ્કૂલના પ્રધાનાચાર્ય તથા વર્ગશિક્ષક હરિપ્રસાદભાઈ દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભુજના સ્વર્ગસ્થ વાલજી પટેલની પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા યોગાચાર્યા વર્ષાબેન પટેલના હસ્તે દેવલબેનનું સન્માન કરવામાં આવ્યું હતું.દેવલબેનની આ સફળતા પાછળ શાળાની યોગ શિક્ષિકા સરીતાબેન, જાનકીબેન જોષી અને યોગાચાર્યા વર્ષાબેન પટેલનું માર્ગદર્શન અને સતત પ્રોત્સાહન મહત્વપૂર્ણ રહ્યું હોવાનું જણાવાયું છે. હવે દેવલબેન એશિયન ગેમ્સની સ્પર્ધાઓને ધ્યાનમાં રાખીને વધુ સઘન તાલીમ અને તૈયારી શરૂ કરશે, તેવી માહિતી પ્રાપ્ત થઈ છે.

## રાપર ખાતે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત તાલીમ




રાપર ખાતે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત તાલીમ આપવામાં આવી હતી. ઠાકોર સમાજવાડી ખાતે સુશીલભાઈ પંડ્યા જુનાગઢ શશીકુંજ તરફથી આપવામાં આવી હતી. જેમાં તાલુકા પંચાયત રાપર પ્રમુખ, ઉપપ્રમુખ, તાલુકા જિલ્લાના સદસ્ય જયદીપસિંહ સરપંચ અને સદસ્ય હાજર રહેલ હતા.

## મળેલો મોબાઈલ પરત કરી પ્રમાણિકતા દર્શાવી



નખત્રાણા નવાવાસ મારૂતિ નગરમાં રહેતા ચૌહાણ નરસી મનોજભાઈને કે.વી. હાઈસ્કૂલ પાસેના બગીચામાંથી મોબાઈલ મળતા મૂળ માલિકને શોધી મોબાઈલ પરત કરી નરશીભાઈએ પ્રામાણિકતા પ્રગટ કરી હતી.

# આપત્તિ પહેલાંની તૈયારી જ જીવનની સાચી સુરક્ષા





**હાથીસ્થાન કન્યા શાળા નં.૩ ખાતે ફાયર સેફ્ટી જાગૃતિ કાર્યક્રમ અને લાઈવ મોકડ્રિલ યોજાઈ**

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના માર્ગદર્શન હેઠળ હાથીસ્થાન કન્યા શાળા નં.૩ ખાતે શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬ અંતર્ગત વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અને અગ્નિ સલામતી અંગે જાગૃતિ લાવવા માટે ફાયર સેફ્ટી જાગૃતિ કાર્યક્રમ તથા લાઈવ મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કાર્યક્રમમાં ભુજ નગરપાલિકા ફાયર વિભાગના મુખ્ય ફાયર ઓફિસર સચિન પરમારના માર્ગદર્શન હેઠળ ફાયર ફાઈટર ઈમ્તિયાઝ સમા, ડીસીપીઓ વિશાલ ગઢવી, રૂદ્ર જોશી તથા ટ્રેની સ્ટાફ દ્વારા આગ લાગવાના મુખ્ય કારણો, આગની સ્થિતિમાં ગભરાયા વિના યોગ્ય પ્રતિસાદ કેવી રીતે આપવો, ફાયર બ્રિગેડને સમયસર જાણ કરવાનું મહત્વ તેમજ આગ પર પ્રાથમિક નિયંત્રણ મેળવવાની પદ્ધતિ અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફાયર ફાઈટર ઈમ્તિયાઝ સમાએ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની આગ અને તેને બુઝાવવા માટે ઉપયોગમાં લેવાતા ફાયર એક્સ્ટિંગ્યુશરના પ્રકારોની વિસ્તૃત માહિતી આપી હતી. ફાયર એક્સ્ટિંગ્યુશરનો સુરક્ષિત અને અસરકારક ઉપયોગ કેવી રીતે કરવો તેની લાઈવ ડેમો સાથે પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ તેમજ એસએમસી સભ્યોને પણ પ્રાયોગિક રીતે ફાયર એક્સ્ટિંગ્યુશર ચલાવવાની તક આપવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ હાથીસ્થાન શાળા નં.૩ના આચાર્ય ડૉ. નરેન્દ્ર અદેપાલના માર્ગદર્શન તથા ઉપાચાર્ય એમ. ડી.રાવલ, અંગ્રેજી માધ્યમ શાળાના આચાર્ય ભાવનાબેન અને ગ્રુપ શાળાના આચાર્ય જીજ્ઞાબેન ડુડીયા ની દેખરેખ હેઠળ યોજાયો હતો.

કાર્યક્રમનું સંકલન કોર્ડિનેટર એમ. આઈ. બાયડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કેજલબેન ગોસ્વામીએ જ્યારે આભારવિધિ વિપુલભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્ર શિક્ષક મંડળ, એસએમસી સભ્યો તથા સંસ્થાના તમામ સભ્યોએ સહયોગ આપ્યો હતો.

# બન્ની વિસ્તારમાં ફોરેસ્ટ વિભાગના વાડામાં ભેંસના મોતથી અરેરાટી

**માલધારીઓમાં ભારે રોષ ફેલાયો : યોગ્ય વળતર અને કડક કાર્યવાહીની ઉઠી માંગ**

ભુજ - કચ્છઉદય : કચ્છના સરહદી અને પશુપાલન માટે જાણીતા બન્ની વિસ્તારમાં વધુ એક દુઃખદ ઘટના સામે આવી છે, જેમાં ફોરેસ્ટ વિભાગની ઘોર બેદરકારીના કારણે એક નિર્દોષ ભેંસનો જીવ ગયો છે. મળતી માહિતી મુજબ, ગોરેવાલી ગામ નજીક વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા વાડામાં એક ભેંસનું અકાળે દુઃખદ મૃત્યુ નીપજ્યું છે. આ વિસ્તારમાં આવી ઘટનાઓ હવે અવારનવાર બનતી હોવા છતાં વન વિભાગ કે સ્થાનિક તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કે અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી, જેને લઈને સ્થાનિક માલધારીઓમાં ભારે નિરાશા અને રોષ વ્યાપી ગયો છે. બન્ની વિસ્તારના માલધારીઓનું જીવન અને આજીવિકા સંપૂર્ણપણે તેમના પશુધન પર નિર્ભર છે. આવી પરિસ્થિતિમાં અચાનક પશુનું મૃત્યુ થવાથી ગરીબ અને સામાન્ય માલધારી પરિવાર પર આર્થિક સંકટનું આભ તૂટી પડે છે. સ્થાનિક પશુપાલકોનું કહેવું છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં વન વિભાગ દ્વારા યોગ્ય જાળવણી અને સુરક્ષાના અભાવે આ પ્રકારની દુર્ઘટનાઓ પુનરાવર્તિત થઈ રહી છે.

આ ગંભીર બાબતને ધ્યાને લઈને બન્નીના પશુપાલકો અને સ્થાનિક અગ્રણીઓએ સંબંધિત ઉચ્ચ અધિકારીઓ અને તંત્ર સમક્ષ ભારપૂર્વક માંગ કરી છે કે આવી દુર્ઘટનાઓ અટકાવવા માટે તાત્કાલિક ધોરણે યોગ્ય અને કડક કાર્યવાહી કરવામાં આવે. આ સાથે જ સમગ્ર ઘટનાની તટસ્થ તપાસ કરી દોષિતો સામે પગલાં ભરવામાં આવે અને પીડિત માલધારીને થયેલા આર્થિક નુકસાનનું યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી ઉગ્ર માંગણી પણ કરવામાં આવી છે.



# નારણપર દશનામ ગોસ્વામી સમાજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા




ભુજ - કચ્છઉદય : નારણપર દશનામ ગોસ્વામી સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના વિવિધ ધોરણોમાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ નારણપર દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ પ્રકાશપુરી ગોસ્વામીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો, જેમાં સમાજના મોવડીઓ તેમજ સંત નિર્મળ ગીરીબાપુ પુજારી દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ઉપપ્રમુખ ખોડિયારગીરી ગોસ્વામી, કલ્પેશગિરી ગોસ્વામી, ખજાનચી મનોજગીરી ગોસ્વામી, મંત્રી રાહુલગીરી ગોસ્વામીએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સેવા આપી હતી. આ કાર્યક્રમમાં નારાણપર પસાયતી ગ્રામ પંચાયતના સરપંચ મંજુલાબેન મહેશ્વરી, રાજકીય આગેવાન રાજાભાઈ રબારી, આરએસએસના ભરતભાઈ વરૂ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવીને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં નારણપર દશનામ ગોસ્વામી સમાજના યુવક મંડળનો અવિરત સાથ અને સહકાર સાંપડ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિકુંજગીરી ગુંસાઈએ કર્યું હતું. નારણપર ગોસ્વામી સમાજ દ્વારા સમાજમાં શિક્ષણનું મહત્વ વધે, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને યોગ્ય પ્રોત્સાહન મળે તે માટે ભવિષ્યમાં આવા સમાજોપયોગી કાર્યક્રમો યોજાતા રહેશે તેમ જણાવાયું હતું.

# સમયસર બનેલા આયુષ્માન કાર્ડ થકી સામખીયારીના સોમાભાઈની નિઃશુલ્ક સર્જરી થતાં મળ્યું નવું જીવન



ભચાઉ - કચ્છઉદય : કેન્દ્ર સરકારની આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આરોગ્ય સુરક્ષાનું મજબૂત કવચ બની રહી છે. કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના સામખીયારી ગામના સોમાભાઈ રબારીનો કિસ્સો તેનું જીવંત ઉદાહરણ છે.

સામખીયારી ગામના ૩૪ વર્ષીય સોમાભાઈ રબારીને સારણ એટલે કે ગાંઠની સમસ્યા હોવાનું નિદાન થયું. ડોક્ટરોએ તાત્કાલિક સર્જરી કરાવવાની સલાહ આપી. સારવારનો ખર્ચ લાખોમાં થાય તેમ હોવાથી પરિવાર ચિંતામાં મુકાયો હતો, પરંતુ આયુષ્માન આરોગ્ય મંદિર, સામખીયારી-૧ના આરોગ્ય કાર્યકરે અગાઉથી જ સોમાભાઈનું આયુષ્માન કાર્ડ બનાવી આપ્યું હતું. આ જ કાર્ડ પરિવાર માટે આશીર્વાદરૂપ બન્યું હતું આયુષ્માન કાર્ડના આધારે સોમાભાઈને આ યોજના હેઠળ નોંધાયેલી હોસ્પિટલમાં સંપૂર્ણ નિઃશુલ્ક સારવાર અને સફળ સર્જરીનો લાભ મળ્યો. સમગ્ર સારવાર દરમિયાન પરિવારે એક પણ રૂપિયો ખર્ચવો પડ્યો નહીં. સર્જરી બાદ આજે સોમાભાઈ સંપૂર્ણ સ્વસ્થ છે અને પોતાનું રોજિંદુ કામ કરી રહ્યા છે. સોમાભાઈએ સરકારની આયુષ્માન ભારત પીએમએજેવાય યોજના માટે કેન્દ્ર અને રાજ્ય સરકારનો તથા આરોગ્ય વિભાગનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ કિસ્સો દર્શાવે છે કે સમયસર બનાવેલું આયુષ્માન કાર્ડ કટોકટીના સમયે સંજીવની સમાન છે. તેનાથી દર્દીને સારી સારવાર મળે છે અને પરિવાર આર્થિક ભારણમાંથી બચે છે. આથી દરેક પાત્ર લાભાર્થીએ પોતાનું આયુષ્માન કાર્ડ સમયસર બનાવી લેવું જોઈએ.

# કેળાના પાકની મિશ્રપાક, આંતરપાક તેમજ સહજીવી પાક એમ જુદી-જુદી પદ્ધતિઓથી વાવણી કરવી હિતાવહ

ભુજ - કચ્છઉદય : રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર સતત કાર્યરત છે ત્યારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને કેળાના વાવેતર તથા તેના ઉછેર અંગે જરૂરી માર્ગદર્શન અને માહિતી મળી રહે તે જરૂરી છે.

સમગ્ર વિશ્વમાં કેળા અત્યંત લોકપ્રિય ફળ છે. દરેક ઉત્સવ કે ધાર્મિક પ્રસંગોમાં કેળાનું મહત્વપૂર્ણ સ્થાન રહેલ છે. જે પૌષ્ટિક, સ્વાદિષ્ટ, ખાવામાં સરળ અને સસ્તા પણ છે. કેળાનો મુખ્ય પાક, મિશ્રપાક, આંતરપાક તેમજ સહજીવી પાક એમ જુદી-જુદી પદ્ધતિઓથી લેવામાં આવે છે. દક્ષિણ ભારત (કેરળ, કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ) વગેરેમાં કેળાનો પાક મુખ્ય પાક તરીકે તેમજ નાળિયેર અને સોપારી સાથે આંતરપાકના રૂપમાં લેવામાં આવે છે. કેળાનું વાવેતર તેના કંદ (પીલા) દ્વારા કરવામાં આવે છે. કંદનું વજન ૪૦૦ થી ૫૦૦ ગ્રામ જેટલું હોવું જોઈએ. તેનો આકાર પાકેલ નાળિયેર જેવો હોય છે. કંદનો રંગ ઘેરા લાલ રંગનો હોવો જોઈએ. કંદ લગાડ્યા બાદ તેમાંથી ૨૦૦-૫૦૦ જેટલા મૂળ ફૂટે છે. કંદ જો પ્રાકૃતિક કેળાના છોડમાંથી લેવામાં આવે તો ઉત્પાદન વધે છે.

ત્રણ બહાર (ઋતુ)માં કેળનું વાવેતર કરવામાં આવે છે. મૃગ બહારઃ જુન-જુલાઈ-ઓગસ્ટ, હસ્ત બહારઃ સપ્ટેમ્બર-ઓક્ટોબર ,આંબે બહારઃ ડીસેમ્બર - જાન્યુઆરી. બીજામૃતનો પટ આપી કંદનું વાવેતર કરો. જેટલો આકાર કંદનો હોય એટલો જ ખાડો ખોદો, તેમાં બે મુઠ્ઠી છાણીયું ખાતર તથા ઘન જીવામૃત ભેળવીને નાખો. ત્યારબાદ એમની પાસેની માટી નાખીને એમને દબાવો અને ઉપરથી જીવામૃત નાખો. વચ્ચે ચોળી, મરચા, ડુંગળી, ગલગોટા અને શાકભાજીની આંતર ખેતી કરો. કેળાના બે છોડ વચ્ચે સરગવો વાવવો. દર ૧૫ દિવસે એકવાર પિયત સાથે જીવામૃત આપવું. કેળાની લૂમ કાપતા પહેલા છોડના કોઈપણ લીલા કે સુકા પાંદડા કાપવા નહિ. તે છોડનો આરક્ષિત પોષણીય ભાગ હોય છે. કંદ વાવ્યા પછી ત્રણ મહીના સુધીબધા જ ક્યારામાં પાણી આપવું. ત્રણ મહિના પછી બધા ક્યારામાં પાણી આપવાનું બંધ કરીદેવું. બાકીના ત્રણ ક્યારામાં પાણી આપો. દરેક વખતે પાણી સાથે જીવામૃત આપો.

પુષ્પ વિન્યાસની શરૂઆત થાય ત્યાંસુધી છોડના મૂળમાંથી જે અંકુર (પીલા) નીકળે છે. એને બધાને કાપીને ત્યાં જ આચ્છાદનના સ્વરૂપે નાખવું. જે દિવસથી પુષ્પ વિન્યાસ નીકળે તે દિવસથી ત્યાં જે દિશાની તરફ નીકળે એની બરાબર વિરુધ્ધ દિશામાં અંકુર શાખા રાખો અને બાકીની કાપીને એનું આચ્છાદન કરો. કેળાની લૂમકાપીને પછી થડ કાપવું નહિ. જે જેમ છે તેમજ ઉભું રાખો. જેમ-જેમ રટૂન (લામ) પાક વધશે તેમથડનો વિકાસ થઈ પોતાની રીતે પોતાની જ જગ્યાએ નીચે આવશે અને છેવટે ગુચ્છાદાર બનશે. આ ગુચ્છાદાર ભાગને કાપ્યા પછી તેના પાન કાપીને તેનું આચ્છાદન કરો. આમ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

# સોલાર ન સ્થાપિત કરવા માટે નાયબ કલેકટરને રજૂઆત કરાઈ



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના લુડબાય ઢોરો ઉઠંગડી વિસ્તારમાં સર્વે નંબર ૧૫૪ પૈકી ટાવર વાળી જમીન પર જર્નીપર સોલર એનર્જી પ્રાઈવેટ લિમિટેડ કંપની તરફથી સોલાર એનર્જી સ્થાપિત ન કરવા બાબતે આ વિસ્તારને છ ગામના લોકોએ નાયબ કલેકટરને આ કંપની આવશે તો માલધારીઓને મોટું નુકસાન થશે એવી રજૂઆતો કરી હતી

આ જમીન જાહેર હિત સાથે સંકળાયેલી છે અને સ્થાનિક લોકો તથા પશુપાલકો માટે મહત્વતા ધરાવે છે જો આ જમીન પર સોલાર એનર્જી પાર્ક સ્થાપિત કરવામાં આવશે તો સ્થાનિક લોકોના હિત પશુચરીયા અને વિસ્તારના પર્યાવરણ પર પ્રતિકૂળ અસર ઉભી થશે તેવું જણાવ્યું હતું. ગામ લોકોએ રજૂઆત કરતા જણાવ્યું કે આ બાબતની સંપૂર્ણ તપાસ કરવામાં આવે અને સંબંધિત કાયદા અને નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવે સ્થાનિક લોકોની રજૂઆતો અને જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા વિના આ જમીન પર જર્નીપર સોલર એનર્જી પાર્ક પ્રાઈવેટ લિમિટેડ કંપની ને સોલર એનર્જી પાર્ક સ્થાપિત કરવાની મંજૂરી આપવામાં ન આવે તેવી માંગ કરાવી હતી. લૂડબાય ઉઠંગડી ઢોરો ના સર્વે નંબર ૧૫૪ પૈકી ટાવર્સ વાળી જમીન અંગે યોગ્ય તપાસ કરીને જરૂરી કાર્યવાહી કરવા માટે સંબંધિત ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નખત્રાણા નાયબ કલેક્ટરને જાહેર હિત જાળવવા માટે રજૂઆતો કરી હતી

રજૂઆતો પ્રસંગે લૂડબાય ગામના સરપંચ જબાર જત, હાજી અલી મોહમ્મદ જત, મામદ્રીન શરૂ જત, સલીમ જત, હારૂંન જત, બસરીયા જત, મુસ્તફા જત, નૂર મહંમદ જત, અલાવા જત, મુરિદ જત, સદામ જત સહિતના આગેવાનો જોડાયા હતા.

# કેન્યાને ઈબોલા સામેની લડાઈ માટે ૪.૫ ટન તબીબી સહાય સુપ્રત

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : કેન્યામાં ઈબોલા વાયરસના સંભવિત ખતરા સામે જાહેર આરોગ્ય કટોકટીની સજ્જતાને મજબૂત કરવાના હેતુથી ભારતે મિત્રતાનો હાથ લંબાવ્યો છે. ભારતે પ્રથમ તબક્કા અંતર્ગત ૪.૫ ટન તબીબી સામગ્રીનો વિશાળ જથ્થો કેન્યા સરકારને સોંપ્યો છે. કેન્યા ખાતેના ભારતના અગ્રણી ઉચ્ચાયુક્ત ડૉ. આદર્શ સ્વૈકાએ એક વિશેષ કાર્યક્રમ દરમિયાન આ તબીબી સહાય કેન્યાના આરોગ્ય મંત્રી માનનીય એડન ડુઅલેને વિધિવત રીતે હસ્તાંતરિત કરી હતી.

ભારત દ્વારા પૂરી પાડવામાં આવેલી આ વિશેષ તબીબી સહાયમાં ફ્રન્ટલાઈન હેલ્થ વર્કર્સ માટે અત્યંત જરૂરી એવી આધુનિક પીપીઈ કિટ્સ, સેમ્પલ ટ્રાન્સપોર્ટ કિટ્સ, ઈન્ફ્રારેડ થર્મોમીટર્સ, ફેસ શીલ્ડ્સ, હેવી ડ્યુટી પ્રોટેક્ટિવ બૂટ્સ અને અન્ય વિવિધ ચેપ નિવારણ સામગ્રીઓનો સમાવેશ થાય છે. આ ગુણવત્તાયુક્ત સામગ્રીથી કેન્યાના આરોગ્ય કર્મચારીઓની સુવિધાઓ અને એરપોર્ટ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં સ્ક્રીનિંગ પ્રક્રિયા વધુ ઝડપી અને સુરક્ષિત બનશે.

કેન્યાના આરોગ્ય મંત્રાલય તરફથી મળતી માહિતી મુજબ, આ તબીબી સહાયનો બીજો હપ્તો પણ આગામી થોડા જ દિવસોમાં ભારત તરફથી કેન્યા મોકલી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ભારત સરકારે આફ્રિકન ખંડમાં આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે છેલ્લા કેટલાક મહિનાઓમાં 'આફ્રિકા સીડીસી'ને ઈબોલા સામેની લડાઈ અને તૈયારીઓ માટે ૪૫ ટનથી વધુ તબીબી સામગ્રી પૂરી પાડી છે. આ સામગ્રી હાલ આફ્રિકાના જુદા જુદા અસરગ્રસ્ત અને સંવેદનશીલ વિસ્તારોમાં પહોંચાડવામાં આવી રહી છે. વૈશ્વિક સ્તરે 'વિશ્વના દવાખાના' તરીકેની ઓળખ ધરાવતા ભારતે ફરી એકવાર પોતાની માનવતાવાદી નીતિનો પરિચય આપ્યો છે. નિષ્ણાતોના મતે, ભારતની આ સમયસરની પહેલથી ભારત અને કેન્યા વચ્ચેના દ્વિપક્ષીય આરોગ્ય ક્ષેત્રના સંબંધો વધુ ગાઢ અને મજબૂત બનશે.

# ગ્રેટર રણ ઓફ કચ્છમાં આધુનિક હોટેલ 'ડેઝર્ટ ઇન બીકન'નો પ્રારંભ : પ્રવાસન ક્ષેત્રે નવું નઝરાણું ઉમેરાયું



ભુજ - કચ્છઉદય : વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવતા કચ્છના સફેદ રણના હૃદયસમા ગ્રેટર રણ વિસ્તારમાં પ્રવાસીઓની સુવિધા અર્થે એક નવી અને અદ્યતન હોટેલ પ્રોપર્ટી 'ડેઝર્ટ ઈન બીકન'નો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો છે. દેશના પ્રખ્યાત હોસ્પિટાલિટી કોર્પોરેટ જૂથ દ્વારા શરૂ કરાયેલી આ પ્રોપર્ટીથી સરહદી જિલ્લાના પ્રવાસન ઉદ્યોગને એક નવો વેગ મળશે.

નવસર્જિત પ્રોપર્ટી કચ્છની આગવી કુદરતી ભૂગોળ, પ્રાકૃતિક સૌંદર્ય અને સ્થાનિક કચ્છી સંસ્કૃતિનો અનોખો સંગમ રજૂ કરે છે. હોટેલની આર્કિટેક્ચરલ ડિઝાઈનમાં સ્થાનિક કળા, હસ્તકળા, પ્રખ્યાત ભરતકામ અને કચ્છી સ્થાપત્ય શૈલીના તત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી આવનાર મુલાકાતીઓ માત્ર રોકાણ જ નહીં પરંતુ કચ્છની ભાતીગળ સંસ્કૃતિનો સાચો અનુભવ પણ કરી શકે. આ ઉપરાંત, પર્યાવરણની જાળવણી માટે ઈકો-ફ્રેન્ડલી બાંધકામ, ઊર્જા બચત અને જળ વ્યવસ્થાપન જેવા ગ્રીન વિઝન પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ગ્રેટર રણ ઓફ કચ્છ દર વર્ષે લાખો દેશી-વિદેશી સૈલાનીઓને આકર્ષે છે. વિશ્વપ્રસિદ્ધ 'રણ ઉત્સવ', વાઈલ્ડ એસ સેંક્ચુરી અને પક્ષી નિરીક્ષણ જેવા મુખ્ય આકર્ષણો ધરાવતા આ વિસ્તારમાં 'ડેઝર્ટ ઈન બીકન'ના આગમનથી પ્રવાસીઓને રણની સાવ નજીક આરામદાયક રોકાણ, પરંપરાગત કચ્છી ભોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમોની સુવિધા એક જ છત નીચે ઉપલબ્ધ બનશે. આ નવી હોસ્પિટાલિટી પ્રોપર્ટીથી સ્થાનિક યુવાનો અને કારીગરો માટે રોજગારી તથા સ્વરોજગારના નવા દ્વાર ખુલશે. હોટેલમાં કચ્છી હસ્તકળાની વસ્તુઓ, વાનગીઓ અને લોકનૃત્ય રજૂ કરતા કલાકારોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે. પ્રવાસન નિષ્ણાતોના મતે, આ પ્રોજેક્ટ કચ્છના ટુરિઝમ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે અને માત્ર શિયાળાની મુખ્ય સિઝન પૂરતું સીમિત ન રહેતા સમગ્ર વર્ષ દરમિયાન પ્રવાસીઓને આકર્ષવામાં મદદરૂપ નીવડશે.

# અતિ ભારે વરસાદથી ગોલવડ-ઉમરગામ વચ્ચે ટ્રેક જળમગ્ન થતાં અનેક ટ્રેનો રદ અને ડાયવર્ટ કરાઈ

મુંબઈ - કચ્છઉદય : મુંબઈ-અમદાવાદ રેલ માર્ગ પર સતત પડી રહેલા મુસળધાર વરસાદના કારણે પશ્ચિમ રેલવેની વાહનવ્યવહાર સેવાઓને માઠું ગ્રહણ લાગ્યું છે. ખાસ કરીને ગોલવડ અને ઉમરગામ વચ્ચે રેલવે ટ્રેક પર ભારે પાણી ભરાઈ જવાના કારણે અનેક પેસેન્જર અને મેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક લાંબા અંતરની ટ્રેનોના રૂટ ટૂંકાવવામાં આવ્યા છે.

રેલવે દ્વારા મળતી વિગતો અનુસાર, ૨૨ જુલાઈના રોજ ઉદવાડા અને પારડી વચ્ચે ટ્રેક કિનારે બેંક સ્લિપિંગ (માટી ધસી પડવાની) ઘટના બનતા સુરક્ષાના કારણોસર ૬૯૧૫૩ ઉમરગામ રોડ-વલસાડ મેમુ અને ૬૯૧૫૪ વલસાડ-ઉમરગામ રોડ મેમુ સંપૂર્ણપણે રદ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૫૯૦૪૦ વાપી-મુંબઈ સેન્ટ્રલ ટ્રેન વાપીને બદલે ગોલવડથી ઉપાડવામાં આવી હતી, જેથી વાપી અને ગોલવડ વચ્ચેનો તેનો રૂટ આંશિક રીતે રદ રહ્યો હતો. માત્ર દક્ષિણ ગુજરાત જ નહીં, પરંતુ વસઈ રોડ, નાલાસોપારા અને વિરાર વિભાગમાં પણ પાટા પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. પરિણામે સુરત-વિરાર એક્સપ્રેસને ઉમરગામ રોડ સ્ટેશન પર જ શોર્ટ-ટર્મિનેટ કરવામાં આવી હતી. રેલવે સત્તાધીશોના જણાવ્યા અનુસાર, તમામ નિર્ણયો મુસાફરોની સુરક્ષાને પ્રાધાન્ય આપીને લેવામાં આવ્યા છે.

ટ્રેન વ્યવહાર ખોરવાતા પાલઘર, ગોલવડ, દહાણુ રોડ, વલસાડ અને બોરીવલી જેવા વિવિધ સ્ટેશનો પર હજારો મુસાફરો અટવાઈ પડ્યા હતા. વેસ્ટર્ન રેલવે દ્વારા માનવતાવાદી અભિગમ દાખવી આ સ્ટેશનો પર ફસાયેલા યાત્રીઓ માટે પીવાના પાણી, ચા-નાસ્તો અને ભોજનની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

રેલવે પ્રશાસને મુસાફરોને પડેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કર્યો છે અને અપીલ કરી છે કે ઘરેથી નીકળતા પહેલા 'રેલ મદદ' /૧૩૯ અથવા એનટીઈએસ એપ પર ટ્રેનની રિયલ-ટાઈમ સ્થિતિ તપાસી લેવી. અધિકારીઓએ આશ્વાસન આપ્યું છે કે પાણી ઓસરતા અને સ્થિતિ સામાન્ય થતાં જ રેલ સેવાઓ પૂર્વવત કરી દેવામાં આવશે.

# વડાપ્રધાનની ફાસ્ટ-ટ્રેક કોર્ટની જાહેરાત સામે સીજેપી આક્રમકઃ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પેપર લીકના કેસો માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ બનાવવાની કરાયેલી જાહેરાત બાદ હવે આ મુદ્દે રાજકીય અને સામાજિક ગરમાવો આવી ગયો છે. નાગરિકો તેમજ યુવાનોના અધિકારો માટે કાર્યરત સંસ્થા કોક્રોચ જનતા પાર્ટી 'સીજેપી' એ આ જાહેરાત પર પોતાની તીખી પ્રતિક્રિયા આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર કોર્ટની રચના કરવાથી આ ગંભીર સમસ્યાનો ઉકેલ નહીં આવે, પરંતુ સમગ્ર બાબતે જવાબદારી નક્કી કરવી અત્યંત જરૂરી છે.

પોતાના નિવેદનમાં સંસ્થાએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની મજબૂત માંગ કરી છે. સીજેપીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયમાં દેશભરમાં બનેલી પેપર લીકની ઘટનાઓ અને પરીક્ષા પ્રણાલીમાં સતત જોવા મળેલી ગંભીર બેદરકારીના કારણે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બન્યું છે. આવી નિષ્ફળતાઓ સામે માત્ર નવી વ્યવસ્થાઓ ઉભી કરવાને બદલે મંત્રીની નૈતિક જવાબદારી નક્કી થવી જોઈએ. વધુમાં, સંસ્થાએ આ મુદ્દા પર દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાની પણ જાહેરાત કરી છે. સીજેપી મુજબ, ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપનાની સાથે સાથે પરીક્ષા પ્રણાલીમાં સંપૂર્ણ પારદર્શિતા લાવવી, પેપર લીક રોકવા કડક નિયમોનું પાલન કરાવવું અને આ કૌભાંડોમાં સામેલ દોષિતો સામે તાત્કાલિક દંડનાત્મક કાર્યવાહી કરવી એ સમયની માંગ છે.

# જંતર-મંતર પર પ્રદર્શનના કારણે મેટ્રો સ્ટેશન બંધ કરવા પર સુપ્રીમ કોર્ટે લીધી નોંધ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : જંતર-મંતર પર ચાલી રહેલા વિદ્યાર્થી પ્રદર્શનના કારણે દિલ્હીમાં કેટલાક મેટ્રો સ્ટેશનો બંધ કરી દેવામાં આવ્યા હતા. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે ગંભીર નોંધ લીધી છે. જો બપોરના ભોજન સુધી સ્ટેશનો ફરીથી શરૂ નહીં કરવામાં આવે તો કોર્ટને દરમિયાનગીરી કરવી પડશે. કોર્ટે જનતાને થતી અસુવિધાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ઉકેલ લાવવા નિર્દેશ આપ્યા છે.



# ટીમ ઈન્ડિયાના ૬ ખેલાડીઓ ઈજાગ્રસ્ત : બીસીસીઆઈ પર ઊઠ્યા મોટા સવાલો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સમાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની લાઈન લાગી ગઈ છે. હાર્દિક પંડ્યા, નીતિશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા સહિત ૬ મોટા ખેલાડીઓ હાલ ઈજા સામે ઝૂઝી રહ્યા છે.

ટીમ ઈન્ડિયા મેદાનમાં તો ખરાબ પ્રદર્શન કરી જ રહી છે, પરંતુ તેના ખેલાડીઓની ફિટનેસના પણ ખરાબ હાલ છે. ટીમ ઈન્ડિયાના એક નહીં, બે નહીં પરંતુ ૬-૬ ખેલાડીઓ ઈજાગ્રસ્ત છે. રિપોર્ટ અનુસાર બેંગલુરુ સ્થિત બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સમાં ક્રિકેટરોની ભીડ જામેલી છે. રિપોર્ટ્સનું માનીએ તો, સપ્તાહના અંત સુધીમાં સીઓઈમાં ૧૨ ખેલાડીઓ પહોંચી શકે છે. મતલબ કે ૧૨ ખેલાડીઓ એવા છે, જેમની ફિટનેસ ખરાબ છે. આ ખેલાડીઓમાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ સહિત સ્થાનિક (ડોમેસ્ટિક) ક્રિકેટરો પણ સામેલ છે.

ટીમ ઈન્ડિયાના જે ખેલાડીઓ ઈજાગ્રસ્ત છે, તેમાં હાર્દિક પંડ્યા અને નીતિશ કુમાર રેડ્ડીનું નામ સામેલ છે. આ સિવાય ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણા પણ સેન્ટર ઓફ એક્સેલન્સમાં હાજર છે. આકાશ દીપ પહેલાથી જ ત્યાં હાજર છે, જ્યારે વોશિંગ્ટન સુંદર અને બીજા કેટલાક ખેલાડીઓ પણ બેંગલુરુ પહોંચવાના છે. રિપોર્ટ્સ મુજબ શ્રીલંકા ટેસ્ટ સિરીઝમાં રમવા જઈ રહેલા કેટલાક ખેલાડીઓને પણ ફિટનેસની તપાસ માટે બોલાવવામાં આવ્યા છે. જેમાં મોહમ્મદ સિરાજ અને રવિન્દ્ર જાડેજાનું નામ સામેલ છે.

ખાનગી અહેવાલો અનુસાર હર્ષિત રાણા અને વોશિંગ્ટન સુંદરને સંપૂર્ણ રીતે ફિટ થયા વગર જ ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. હર્ષિત રાણા વિશે એવા અહેવાલ છે કે, ઘૂંટણની ઈજા બાદ આ ખેલાડીનું વજન ઘણું ઘટી ગયું હતું. વાપસી સમયે હર્ષિતે પોતાનું જૂનું વજન પાછું જાળવ્યું નહોતું, છતાં તેમને ટીમમાં સ્થાન મળી ગયું. તો વોશિંગ્ટન સુંદરને ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે મેચ ફિટ થયા વગર જ ટીમમાં સામેલ કરી લેવામાં આવ્યા હતા. તેઓ ટીમમાં સામેલ થયાના ૧૦ થી ૧૨ દિવસ પછી મેચ ફિટ થયા હતા.

રિપોર્ટ્સ અનુસાર ખરાબ ફિટનેસના કારણે જ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની ફિલ્ડિંગનું સ્તર કથળ્યું છે. જેના લીધે ઘણા કેચ છૂટી રહ્યા છે, અને ગ્રાઉન્ડ ફિલ્ડિંગ દરમિયાન પણ ઘણા રન લીક થઈ રહ્યા છે.

# ભારત - બાંગ્લાદેશ ક્રિકેટ સંબંધો સુધારવા 'સ્પોર્ટ્સ ડિપ્લોમસી'

(એજન્સી દ્વારા)




સપ્ટેમ્બરમાં ભારતીય ટીમની યજમાની કરવા બાંગ્લાદેશ ઉત્સુક : મુસ્તફિઝુર રહેમાન વિવાદ અને ટી-૨૦ વર્લ્ડ કપ બહિષ્કાર બાદ તણાવ દૂર કરવાનો પ્રયાસ : ઓગસ્ટ ૨૦૨૫માં મુલતવી રખાયેલી શ્રેણી સપ્ટેમ્બરમાં યોજવાની આશા : બાંગ્લાદેશના રમતગમત મંત્રી અમીનુલ હકે ભારતીય દૂતાવાસ સાથે કરી ચર્ચા

ઢાકા : બાંગ્લાદેશ સપ્ટેમ્બરમાં ભારતીય ક્રિકેટ ટીમનું આયોજન કરવાની આશા રાખે છે અને મુસ્તફિઝુર રહેમાન વિવાદ બાદ તિરાડ પડેલા દ્વિપક્ષીય ક્રિકેટ સંબંધોને પુનજીવત કરવા માટે "રમતગમત રાજદ્વારી"નો આશરો લઈ રહ્યું છે. બીસીસીઆઈના નિર્દેશો બાદ કોલકાતા નાઈટ રાઈડર્સ દ્વારા મુસ્તફિઝુરને આઈપીએલમાંથી બહાર કર્યા પછી આ વર્ષની શરૂઆતમાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો હતો. તેના જવાબમાં, બાંગ્લાદેશે સુરક્ષા ચિંતાઓનો ઉલ્લેખ કરીને ૨૦ વર્લ્ડ કપનો બહિષ્કાર કર્યો. આ ઘટનાઓની ભારતના બાંગ્લાદેશ પ્રવાસ પર પણ અસર પડી. ઓગસ્ટ ૨૦૨૫ માં યોજાનારી મર્યાદિત ઓવરની શ્રેણી મુલતવી રાખવામાં આવી છે અને હવે તે સપ્ટેમ્બરમાં યોજાવાની છે. બાંગ્લાદેશના રમતગમત રાજ્યમંત્રી અમીનુલ હકે મંગળવારે જણાવ્યું હતું કે સંબંધોને સામાન્ય બનાવવામાં રમતગમત રાજદ્વારી મુખ્ય ભૂમિકા ભજવશે.

અમીનુલે કહ્યું, "વર્તમાન સરકાર રમતગમત રાજદ્વારીને ખૂબ મહત્વ આપે છે. ક્રિકેટ અમારા માટે પ્રતિષ્ઠાનો વિષય હોવાથી અને વિશ્વ ક્રિકેટમાં અમાં સ્થાન ખૂબ જ મજબૂત હોવાથી, અમે ભારતીય દૂતાવાસ સાથે વાત કરી છે. તેઓએ પણ અમારી સાથે વાત કરી છે, અને તેઓ બધા સપ્ટેમ્બરમાં ભારતની બાંગ્લાદેશ મુલાકાતની રાહ જોઈ રહ્યા છે. મારું માનવું છે કે, ભૂતકાળમાં એક નાની ઘટનાને કારણે બંને દેશો વચ્ચેનો તણાવ દૂર થશે. મને આશા છે કે અમારી રમતગમત રાજદ્વારી, અમારી વાતચીત અને અમારા પડોશી દેશ સાથેના અમારા પ્રયાસો ચાલુ રહેશે."

## વન-ડે વર્લ્ડ કપ પહેલા અફઘાનિસ્તાન ક્રિકેટમાં મોટો ફેરફાર

(એજન્સી દ્વારા)



કાબુલ : આવતા વર્ષે યોજાનાર વન-ડે વર્લ્ડ કપ પહેલા અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમમાં નેતૃત્વ પરિવર્તન થયું છે. હશમતુલ્લાહ શાહિદીએ ટીમના વન-ડે કેપ્ટન પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. તેઓ ૨૦૨૨ થી ૫૦ ઓવરના ફોર્મેટમાં ટીમનું નેતૃત્વ કરી રહ્યા હતા. શાહિદીએ છેલ્લે ભારત સામે કેપ્ટનશીપ કરી હતી. શાહિદીની કેપ્ટનશીપ હેઠળ, અફઘાનિસ્તાને એશિયા કપ અને ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપમાં ભાગ લીધો હતો. તેમણે ૨૦૨૫ માં ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ ટીમનું નેતૃત્વ કર્યું હતું. શાહિદીની કેપ્ટનશીપ હેઠળ, અફઘાનિસ્તાને ૨૭ મેચ જીતી હતી. શાહિદીએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "આજે, સંપૂર્ણ સન્માન સાથે અને મારી સ્વતંત્ર ઈચ્છાથી, હું જાહેરાત કરી રહ્યો છું કે હું મારી ટીમના કેપ્ટન પદેથી રાજીનામું આપી રહ્યો છું. કેપ્ટન તરીકે આ જવાબદારી સંભાળવી એ મારા માટે ખૂબ જ સન્માનની વાત હતી. મને ગર્વ છે કે મેં મારી ટીમ સાથે પ્રામાણિકતા, એકતા અને સમર્પણ સાથે કામ કર્યું. અધિકારીઓ, કોચ અને ખેલાડીઓના પ્રયાસોને કારણે, અમે ઘણી જીત મેળવી. અમે મહત્વપૂર્ણ મેચ જીતી, મોટી ટીમોને હરાવી અને ટીમને ગૌરવ અપાવ્યું." તેમણે આગળ લખ્યું, "આ બધી સિદ્ધિઓ ફક્ત મારી નથી, પરંતુ સમગ્ર ટીમની મહેનત, બલિદાન અને સંકલનનું પરિણામ છે.

## વિરાટ કોહલીથી અભિષેક શર્મા સુધી...

# ઝિમ્બાબ્વેમાં ટીમ ઈન્ડિયાના ૨૨ ખેલાડીઓએ કર્યું ટી૨૦ ડેબ્યૂ

(એજન્સી દ્વારા)



નવીદિલ્હી : ભારતીય ટીમ ફરી એકવાર ઝિમ્બાબ્વેના પ્રવાસે પહોંચી છે, જ્યાં ૨૩ જુલાઈથી ટી૨૦ શ્રેણીની શરૂઆત થશે. ઝિમ્બાબ્વેની ધરતી ભારતીય ખેલાડીઓ માટે ખાસ રહી છે, કારણ કે અત્યાર સુધી અહીં ૨૨ ખેલાડીઓએ પોતાની પ્રથમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. આ યાદીમાં વિરાટ કોહલી, આર અશ્વિનથી લઈને અભિષેક શર્મા જેવા ખેલાડીઓ સામેલ છે.


ભારતના ૨૦૧૦ના પ્રથમ ઝિમ્બાબ્વે ટી૨૦ પ્રવાસમાં ચાર ખેલાડીઓએ ડેબ્યૂ કર્યું હતું. તેમાં વિરાટ કોહલી, આર અશ્વિન, નમન ઓઝા અને અમિત મિશ્રાનો સમાવેશ થાય છે. ખાસ વાત એ છે કે વિરાટ કોહલી અને અશ્વિને આ પ્રવાસ દરમિયાન આંતરરાષ્ટ્રીય ટી૨૦ કારકિર્દીની શરૂઆત કરી હતી.

વર્ષ ૨૦૧૫માં ટીમ ઈન્ડિયાના ઝિમ્બાબ્વે પ્રવાસ દરમિયાન છ ખેલાડીઓને તક મળી હતી. મનીષ પાંડે, કેદાર જાધવ, સ્ટુઅર્ટ બિન્ની, અક્ષર પટેલ, સંદીપ શર્મા અને સંજુ સેમસને અહીંથી પોતાની ટી૨૦ આંતરરાષ્ટ્રીય સફર શરૂ કરી હતી. આમાંથી મોટાભાગના ખેલાડીઓએ હરારેમાં ડેબ્યૂ કર્યું હતું.

૨૦૧૬નો ઝિમ્બાબ્વે પ્રવાસ પણ ભારતીય ક્રિકેટ માટે મહત્વપૂર્ણ રહ્યો હતો. આ પ્રવાસમાં કેએલ રાહુલ, મનદીપ સિંહ, ઋષિ ધવન, જયદેવ ઉનડકટ, યુઝવેન્દ્ર ચહલ, ધવલ કુલકર્ણી અને બરિન્દર શ્રાને ટી૨૦ ડેબ્યૂ કરવાની તક મળી હતી. ત્યારબાદ ૨૦૨૪ના પ્રવાસમાં પણ પાંચ ભારતીય ખેલાડીઓએ પોતાની પ્રથમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેમાં અભિષેક શર્મા, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ, સાઈ સુદર્શન અને તુષાર દેશપાંડે સામેલ હતા. હવે ૨૦૨૫ના ઝિમ્બાબ્વે પ્રવાસમાં પણ કેટલાક નવા ખેલાડીઓને તક મળી શકે છે અને આ યાદીમાં નવા નામ ઉમેરાઈ શકે છે.

## ઓસ્ટ્રેલિયાનાં ભૂતપૂર્વ બેટ્સમેન ડેવિડ વોર્નરે દારૂ પી ગાડી ચલાવ્યાનો કોર્ટમાં ગુનો કબુલ્યો

(એજન્સી દ્વારા)



સિડની : ઓસ્ટ્રેલિયાનાં ભૂતપૂર્વ ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નરની ક્રિકેટ કારકિર્દી ફરી એકવાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. સિડનીની એક સ્થાનિક અદાલતમાં તેમનાં વકીલે દારૂ પીને વાહન ચલાવવાના (ડ્રિંક એન્ડ ડ્રાઈવ) કેસમાં ગુનો કબૂલી લીધો છે. પોલીસ રિપોર્ટ મુજબ, એપ્રિલ મહિનામાં ઈસ્ટર સનડે દરમિયાન પોલીસ ચેકિંગ જોઈને વોર્નરે પોતાની ગાડી રસ્તામાં જ રોકી દીધી હતી. ત્યારબાદ પોલીસે કરેલી તપાસમાં તેમનાં લોહીમાં દારૂનું પ્રમાણ નિયમ કરતાં બમણાથી પણ વધુ મળી આવ્યું હતું. વોર્નરે પોતાનાં વકીલ મારફતે સ્વીકાર્યું છે કે ટેક્સી કરવાને બદલે જાતે ગાડી ચલાવવાનો તેમનો આ નિર્ણય એક મોટી ભૂલ હતો. આ ગુના બદલ કોર્ટ ૧૮ ઓગસ્ટે પોતાનો આખરી ચુકાદો સંભળાવશે, જેમાં વોર્નરને ૯ મહિના સુધીની જેલ, દંડ અને ૬ થી ૧૨ મહિના સુધી ડ્રાઈવિંગ લાયસન્સ રદ થવાની સજા થઈ શકે છે. આ કાનૂની કાર્યવાહી બાદ હવે તેમની 'સિડની થંડર' ટીમની કેપ્ટનશીપ પર પણ તલવાર લટકી રહી છે. વર્ષ ૨૦૧૮ના બોલ-ટેમ્પરિંગ વિવાદ બાદ વર્ષ ૨૦૨૪માં જ વોર્નર પરથી કેપ્ટનશીપનો બેન હટાવાયો હતો. પરંતુ ક્રિકેટ બોર્ડ સુરક્ષિત ડ્રાઈવિંગના નિયમોને ખૂબ ગંભીરતાથી લેતું હોવાથી, હવે તેમની કેપ્ટનશીપ પાછી ખેંચાય તેવી પૂરી શક્યતાઓ છે.

## જ્યાં ૩૦ છગ્ગા-ચોગ્ગાની તોફાની ઈનિંગ રમી હતી ત્યાં પાછો ફર્યો વૈભવ સૂર્યવંશી, શું ફરી કરશે કમાલ?

(એજન્સી દ્વારા)



નવીદિલ્હી : ટીમ ઈન્ડિયાનો ૧૫ વર્ષીય સ્ટાર બેટ્સમેન વૈભવ સૂર્યવંશી હવે એક એવા મેદાન પર પાછો ફર્યો છે, જ્યાં તેણે પોતાની બેટિંગથી દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું. ઈંગ્લેન્ડ સામેની શરૂઆત નિરાશાજનક રહી હતી, પરંતુ ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં વૈભવ પાસે પોતાની ક્ષમતા સાબિત કરવાની મોટી તક છે.

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે આજે ૨૩ જુલાઈથી શરૂ થનારી ટી૨૦ શ્રેણી ટીમ ઈન્ડિયા સાથે વૈભવ સૂર્યવંશી માટે પણ મહત્વપૂર્ણ છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ બાદ હવે ૧૫ વર્ષીય સ્ટાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી શાનદાર વાપસી કરવા આતુર છે. ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ શ્રેણીમાં વૈભવને તક મળી હતી, પરંતુ તે પોતાની ઓળખ મુજબનું પ્રદર્શન કરી શક્યો નહોતો. તેણે ત્રણ મેચમાં માત્ર ૧૪, ૧૩ અને ૧૫ રનની ઈનિંગ રમી હતી. હવે વૈભવ હરારેના મેદાન પર પાછો ફર્યો છે, જે તેની કારકિર્દી માટે ખાસ સ્થાન ધરાવે છે. આ જ મેદાન પર તેણે અંડર-૧૯ વર્લ્ડ કપ ફાઈનલમાં શાનદાર ૧૭૫ રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી. તે ઈનિંગમાં વૈભવે માત્ર ૮૦ બોલમાં ૧૭૫ રન બનાવ્યા હતા, જેમાં ૧૫ છગ્ગા અને ૧૫ ચોગ્ગા સામેલ હતા. આ પ્રદર્શનથી તેણે પોતાની આક્રમક બેટિંગની ઝલક દુનિયાને બતાવી હતી. હવે ઝિમ્બાબ્વે સામે વૈભવ ફરી એકવાર હરારેમાં પોતાની પ્રતિભા સાબિત કરવા માગશે. યુવા ખેલાડી માટે આ શ્રેણી આંતરરાષ્ટ્રીય કારકિર્દીને નવી દિશા આપવાની મોટી તક બની શકે છે.

## ઈંગ્લેન્ડમાં નાના ભાઈએ આપ્યો ઝટકો, હવે ઝિમ્બાબ્વેમાં મોટો ભાઈ ટીમ ઈન્ડિયા માટે બનશે ખતરો?

(એજન્સી દ્વારા)



નવીદિલ્હી : ટીમ ઈન્ડિયા ઝિમ્બાબ્વે સામે નવી શરૂઆત કરવા તૈયાર છે, પરંતુ સામેની ટીમમાં એક એવું નામ છે જેના પર સૌની નજર રહેશે. ઈંગ્લેન્ડ માટે રમતા ખેલાડીના નાના ભાઈએ તાજેતરમાં ભારતને મુશ્કેલીમાં મૂક્યું હતું, હવે તેનો મોટો ભાઈ ઝિમ્બાબ્વેની જર્સીમાં ટીમ ઈન્ડિયા સામે ઉતરશે. શું તે પણ ઈતિહાસનું પુનરાવર્તન કરી શકશે? ઝિમ્બાબ્વેના બેટ્સમેન બેન કરનને આ શ્રેણીમાં પોતાની ટી૨૦ આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરવાની તક મળી શકે છે. ડાબોડી બેટ્સમેન બેન કરન ટેસ્ટ અને વનડેમાં ઝિમ્બાબ્વે માટે રમી ચૂક્યો છે, પરંતુ હજુ સુધી ટી૨૦ ફોર્મેટમાં ડેબ્યૂ કર્યું નથી.

બેન કરન પર નજર રાખવાનું કારણ તેનું ક્રિકેટ કનેક્શન છે. તેનો નાનો ભાઈ સેમ કરન ઈંગ્લેન્ડ માટે રમે છે અને તાજેતરમાં ભારત સામેની ટી૨૦ તથા **ODI** શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરીને ટીમ ઈન્ડિયાને મુશ્કેલીમાં મૂકી હતી. સેમ કરને ભારત સામેની ટી૨૦ શ્રેણીમાં ૭ અને વન-ડે શ્રેણીમાં ૬ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત તેણે મહત્વપૂર્ણ સમયે બેટિંગ કરીને ઈંગ્લેન્ડની જીતમાં પણ યોગદાન આપ્યું હતું. હવે ઝિમ્બાબ્વેની ટીમમાં તેનો મોટો ભાઈ બેન કરન ભારત સામે ઉતરશે.

## ખુલ્લા પગે કાદવ-કીચડવાળા રસ્તા પર ચાલી વૃંદાવન પહોંચ્યા અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી

(એજન્સી દ્વારા)




નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી અને બોલિવુડ અભિનેત્રી અનુષ્કા શર્મા ફરી એક વખત આધ્યાત્મિક નગરી વૃંદાવન પહોંચ્યા હતા. બંને સંત પ્રેમાનંદ મહારાજના શ્રી હિત રાધા કેલી કુંજ આશ્રમમાં પહોંચી તેના આશીર્વાદ લીધા હતા. આશ્રમ સુધી પહોંચતી વખતે બંને કાદવ-કીચડ ભરેલા રસ્તા પરથી પસાર થઈ ખુલ્લા પગે ચાલતા જોવા મળ્યા હતા. આ સાદગીએ ચાહકોનું દિલ જીતી લીધું છે.

ગુરુ પૂર્ણિમા પહેલા આ યાત્રાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. વિરાટ કોહલી હાલ ઈંગ્લેન્ડ વિરુદ્ધ વનડે સીરિઝમાં રમતો જોવા મળ્યો હતો.વાયરલ વીડિયોમાં વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા આશ્રમ પરિસરની બહાર નીકળતા જોવા મળ્યા હતા. બંને સાદગીભર્યા અંદાજમાં પોતાની કાર તરફ આગળ જતા જોવા મળ્યા હતા. આ દરમિયાન લોકોને તેમણે રાધે-રાધે કહી અભિવાદન કર્યું હતુ. તેના આ વ્યવ્હારે વૃંદાવનવાસીઓનું દિલ જીતી લીધું હતુ. સોશિયલ મીડિયા પર લોકો તેની વિન્રમતાના વખાણ કરી રહ્યા છે. વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા છેલ્લા કેટલાક વર્ષોથી વૃંદાવન જાય છે. અહી પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લે છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ સીરિઝ કે પછી કોઈ મોટી ટૂર્નામેન્ટ અને કરિયરના મહત્વપૂર્ણ નિર્ણય પહેલા આ જોડી આશ્રમ પહોંચી જાય છે. । પહેલા આરસીબીએ આઈપીએલ ૨૦૨૬નો ખિતાબ જીત્યા બાદ વિરાટ અને અનુષ્કા શર્માએ વૃંદાવન પહોંચી પ્રેમાનંદ મહારાજના દર્શન કર્યા હતા. હવે ગુરુ પૂર્ણિમા પહેલા તેની આ યાત્રા ફરી એક વખત ચર્ચામાં આવી છે.ઓનલાઈન વાયરલ થઈ રહેલા વીડિયોમાં, કપલ કડક સુરક્ષા વચ્ચે આશ્રમમાં પહોંચતા જોઈ શકાય છે.

## 'જીના ઇસી કા નામ હૈ' ઓટીટી પર કરશે વાપસી

(એજન્સી દ્વારા)



મુંબઈ : એક સમયનો લોકપ્રિય સેલિબ્રિટી ટોક શો 'જીના ઈસી કા નામ હૈ' હવે નવા અંદાજમાં ઓટીટી પર વાપસી કરવા જઈ રહ્યો છે. ઝીપ પર આવનારા 'જીના ઈસી કા નામ હૈ ૨.૦'માં દિવંગત અભિનેતા ફારુખ શેખની જગ્યા હવે અભિનેતા આર. માધવન સંભાળશે. ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ઝી ટીવી પર પ્રસારિત થયેલા આ શોમાં ફારુખ શેખ ફિલ્મી હસ્તીઓને આમંત્રિત કરીને તેમના વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનનાં અજાણ્યા પાસાઓ દર્શકો સમક્ષ લાવતા હતા. તેમની સરળ અને લાગણીસભર વાતચીતને કારણે આ શો દર્શકોમાં ખૂબ લોકપ્રિય બન્યો હતો. શોનું સંચાલન સંભાળવા અંગે આર. માધવને જણાવ્યું કે સોશિયલ મીડિયાના યુગમાં પણ આ કાર્યક્રમ એટલો જ પ્રાસંગિક છે. તેમણે કહ્યું, "આજે આપણે જે લોકોને પસંદ કરીએ છીએ તેમનાં જીવન વિશે ઘણી માહિતી સરળતાથી મળી જાય છે.

## કારગીલ યુદ્ધની વણકહી વાર્તા : ૭ ઓગસ્ટે રિલીઝ થશે 'ઓપરેશન સફેદ સાગર'

(એજન્સી દ્વારા)





મુંબઈ : ભારતીય સેના-ખાસ કરીને ભારતીય વાયુસેનાના શૌર્ય અને બલિદાનની ગાથાઓ હંમેશા દેશવાસીઓના દિલ જીતી લે છે. વર્ષ ૧૯૯૯નું કારગીલ યુદ્ધ એક એવો સંઘર્ષ હતો, જેની યાદો આજે પણ દરેક ભારતીયના મનમાં તાજી છે. હવે આ જ યુદ્ધના પડદા પાછળની એક અણકહી અને રોમાંચક વાર્તા ટૂંક સમયમાં જ સ્ક્રીન પર જીવંત થવા જઈ રહી છે. નેટફ્લિક્સ પર નવી વેબ સિરીઝ 'ઑપરેશન સફેદ સાગર' ૭ ઓગસ્ટના રોજ સ્ટ્રીમ થશે.

ઓની સેન દ્વારા નિર્દેશિત અને અભિજીત સિંહ પરમાર તેમજ કુશલ શ્રીવાસ્તવ દ્વારા સર્જાયેલી આ સિરીઝનું નિર્માણ મેચબોક્સ શોટ્સ અને ફીલ ગુડ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં સિદ્ધાર્થ, જીમી શેરગિલ, અભય વર્મા, દિયા મિર્ઝા, પ્રાજક્તા કોહલી, આદિલ હુસૈન, મિહિર આહુજા, તારુક રૈના, અર્ણવ ભસીન અને અમૃતા બાગચી મુખ્ય ભૂમિકામાં છે. આ સિરીઝ વાયુસેનાના નિવૃત્ત અધિકારીઓ સાથેના ઊંડા સંશોધન અને પરામર્શ બાદ તૈયાર કરવામાં આવી છે. તેને વધુ વાસ્તવિક બનાવવા માટે સક્રિય એરફોર્સ બેઝ, વાસ્તવિક ફાઈટર વિમાનો અને ઉચ્ચ ઊંચાઈ ધરાવતા દુર્ગમ વિસ્તારોમાં શૂટ કરવામાં આવી છે. મુંબઈમાં યોજાયેલાં ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં નેટફ્લિક્સ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ (કન્ટેન્ટ) મોનિકા શેરગિલે જણાવ્યું હતું કે, કારગિલ યુદ્ધમાં વાયુસેનાની ભૂમિકાને સ્ક્રીન પર લાવવી એ અત્યાર સુધીનું સૌથી મહત્વાકાંક્ષી પ્રોડક્શન રહ્યું છે. નિર્દેશક ઓની સેને પણ વ્યક્ત કર્યું કે, તેઓ આ વાર્તાને સંપૂર્ણ પ્રમાણિકતા અને ભાવનાત્મક સત્ય સાથે દર્શાવવા માગતા હતા.

## 'સમયપાલન માટે બોલિવૂડે સાઉથ પાસેથી શીખવું જોઈએ' : કાજલ અગ્રવાલ

(એજન્સી દ્વારા)



મુંબઈ : લગભગ બે દાયકાથી સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સફળ કારકિર્દી બનાવનાર અભિનેત્રી કાજલ અગ્રવાલે તાજેતરમાં બંને ઈન્ડસ્ટ્રી વચ્ચેનાં તફાવત અંગે વાત કરી છે. તેણે જણાવ્યું કે બોલિવૂડે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પાસેથી સૌથી મહત્વની બાબત એટલે કે સમયપાલન શીખવાની જરૂર છે. સાથે જ તેણે ખુલાસો કર્યો કે શૂટિંગ દરમિયાન સૌથી વધુ સમય માટે તેને સલમાન ખાન માટે રાહ જોવી પડી હતી.

ઈન્ટરવ્યુ દરમિયાન કાજલે જણાવ્યું કે તેણે બોલિવૂડ કરતાં સાઉથ સિનેમાને વધુ પ્રાથમિકતા આપી કારણ કે ત્યાં માટે બોલિવૂડમાં કામ કરવાનું મને યોગ્ય લાગતું નહોતું."

બોલિવૂડે સાઉથ પાસેથી શું શીખવું જોઈએ તે પ્રશ્નના જવાબમાં કાજલે સ્પષ્ટ કહ્યું કે સમયપાલન સૌથી મોટો પાઠ છે. તેણે જણા, "બોલિવૂડે સાઉથ પાસેથી સમયપાલન શીખવું જોઈએ.

## અર્જુન કપૂર સાથે મારા ડેટિંગની વાતો પાયાવિહોણી : સાહિબા

(એજન્સી દ્વારા)





મુંબઇ : મલાઇકા અરોરા સાથે છ વર્ષ વર્ષ સંબંધ રાખ્યા બાદ તેની સાથે બ્રેક અપ કરનાર અર્જુન કપૂરનું નામ સાહિબા બાલી સાથે જોડાવાની વાતો ચગી હતી. પણ હવે સાહિબા બાલીએ ચોખવટ કરી જણાવ્યું છે કે અર્જુન કપૂર સાથે મારા ડેટિંગની વાતો પાયાવિહોણી છે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોર્ડસ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ત્રીજી વન ડે દરમ્યાન અર્જુન અને સાહિબા સાથે દેખાતાં તેમના ફોટા વાઈરલ બન્યા હતા. એ સાથે તેમની વચ્ચે ડેટિંગ ચાલી રહ્યું હોવાની વાતો પણ ચાલી હતી. આ મેચ દરમ્યાન અક્ષય કુમાર, ક્રિતી સેનન અને સૈફ અલી ખાન પણ જોવા મળ્યા હતા. ક્રિતી સેનને એમ એસ ધોનીની પુત્રી સાથે પડાવેલાં ફોટા પણ વાઈરલ થયા હતા. હવે સાહિબા બાલીએ ઈન્સ્ટા પર એક પોસ્ટ શેર કરી જણાવ્યું છે કે દરેક ચીજ પર વિશ્વાસ ન કરો. તેણે પોતાનો ફોટો મુકી નીચે લખ્યું હતું કે અનુષ્કા વિરાટને સપોર્ટ કરવા પહોંચી. પણ આ ફોટોમાં અનુષ્કા નહીં પણ સાહિબા છે. લોકોએ તેને ભૂલથી અનુષ્કા સમજી લીધી હતી. સાહિબા બાલીએ 'લૈલા મજનુ', 'બાર્ડ ઓફ બ્લડ' અને 'તાંડવ' જેવી ફિલ્મો અને સિરિઝ કરી છે.

## મિનિષા લાંબાએ યાદ કરી ડેબ્યૂ ફિલ્મ – 'આ ફિલ્મે મારી જિંદગીની દિશા બદલી'

(એજન્સી દ્વારા)



મુંબઈ : અભિનેત્રી મિનિષા લાંબાએ પોતાની પ્રથમ ફિલ્મ 'યહાં'ના ૨૧ વર્ષ પુરા થતાં ભાવુક પોસ્ટ શેર કરી છે. વર્ષ ૨૦૦૫માં રિલીઝ થયેલી આ ફિલ્મને યાદ કરતાં તેણે દિગ્દર્શક શૂજિત સરકારનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે આ ફિલ્મે તેનાં જીવન અને કારકિર્દીની દિશા જ બદલી નાખી. મિનિષાએ સોશિયલ મીડિયા પર ફિલ્મનો એક થ્રોબેક વીડિયો શેર કરતાં લખ્યું, "'યહાં' (૨૦૦૫)... શૂજિત સરકારની ફિલ્મ. ૨૧ વર્ષ બાદ... મને 'અદા'નું પાત્ર ભજવવાની તક આપવા બદલ તમારો આભાર. આ ફિલ્મે મારા જીવનની દીશા બદલી નાખી. ફિલ્મના દરેક સીન અમારી પ્રથમ ફિલ્મ સાથે જોડાયેલી સુંદર યાદોથી ભરેલા છે અને જિમ્મી શેરગિલ આ ફિલ્મમાં કેટલા હેન્ડસમ લાગતા હતા!" ૨૯ જુલાઈ, ૨૦૦૫ના રોજ રિલીઝ થયેલી 'યહાં'ના તેની સંવેદનશીલ વાર્તા અને કલાકારોના અભિનય માટે વખાણ થયા હતા.

## 'હું સંપૂર્ણ સ્વસ્થ છું, મારી પોસ્ટનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો'

(એજન્સી દ્વારા)



મુંબઈ : સર્જરીની અફવાઓ માટે અમિતાભ બચ્ચને સ્પષ્ટતા કરી મહાનાયક અમિતાભ બચ્ચને તાજેતરમાં સોશિયલ મીડિયા પર તેમની તબિયત અંગે ચાલી રહેલી અટકળો પર પુર્ણવિરામ મૂક્યું છે. તેમની એક બ્લોગ પોસ્ટ બાદ ઘણા ચાહકોએ અનુમાન લગાવ્યું હતું કે તેમણે સર્જરી કરાવી છે. જોકે હવે તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે તેઓ સંપુર્ણ સ્વસ્થ છે અને તેમની પોસ્ટનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો હતો.

તાજેતરના ઈન્ટરવ્યુમાં ૮૩ વર્ષના બીગબીએ જણાવ્યું, "હું બિલકુલ ઠીક છું. મારી કોઈ સર્જરી થઈ નથી. મારી પોસ્ટ પર લોકોએ ગેરસમજ કરી છે. હું માત્ર એટલું સમજાવવા માગતો હતો કે સર્જરી અથવા આઈસીયુ પછી જ્યારે દર્દી ઘરે પરત ફરે છે, ત્યારે શારીરિક, માનસિક અને વ્યવહારિક રીતે સૌથી મુશ્કેલ સમય શરૂ થાય છે. મેં આ ઉદાહરણ એક ચેમ્પિયનની હાર પછીની માનસિક સ્થિતિ સમજાવવા માટે આપ્યું હતું."

અમિતાભ બચ્ચને વધુમાં ખુલાસો કર્યો કે તેમની બ્લોગ પોસ્ટનો સંબંધ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલમાં સ્પેન સામે આર્જેન્ટિનાની હાર અને ફૂટબોલ સ્ટાર લિઓનેલ મેસ્સીની લાગણીઓ સાથે હતો. તેમણે કહ્યું, "હું આર્જેન્ટિનાની હાર અને મેસ્સી જેવા ચેમ્પિયન વિશે વાત કરી રહ્યો હતો. પરંતુ લોકોએ માની લીધું કે હું મારી જ વાત કરી રહ્યો છું."

# કચ્છમાં રાહત દરે ઘાસવિતરણની સરકારી જાહેરાત કાગળ પર સીમિત

**જિલ્લાના માલધારીઓની સ્થિતિ કફોડી : અછત મેન્યુઅલ અને કાયદાકીય આંટીઘૂંટી વચ્ચે ફસાયેલા ઘાસકાર્ડથી પશુધન પર ભૂખમરાનું સંકટ : સીધા વિતરણ માટે તલાટીઓને સત્તા આપવા જિલ્લા પંચાયત સદસ્ય અબ્દુલ્લાભાઈ બુઢા જતે તંત્રને કર્યો અનુરોધ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચોમાસા દરમિયાન વરસાદ ખેંચાતા પશુપાલન પર નિર્ભર માલધારી સમાજની સ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. અખબારી અહેવાલો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને રાજકીય પ્રતિનિધિઓની રજૂઆતો બાદ રાજ્ય સરકારે પરિસ્થિતિની ગંભીરતા સમજીને ફોરેસ્ટ વિભાગના ગોદામોમાંથી રાહત દરે ઘાસ આપવાની મોટા પાયે જાહેરાત કરી હતી. જોકે, સરકારનું આ સાહસિક પગલું જિલ્લા કક્ષાએ અમલવારીના અભાવે માત્ર જુમલો સાબિત થઈ રહ્યું હોય તેમ એક અઠવાડિયું વીતી જવા છતાં હજી સુધી ઘાસવિતરણની કોઈ યોગ્ય વ્યવસ્થા ગોઠવાઈ નથી.

સરકારી પરિપત્ર મુજબ માલધારીઓએ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને પોતાના ફોર્મ તલાટી સમક્ષ રજૂ કર્યા હતા. તલાટીઓએ પોતાના અભિપ્રાય સાથે આ ફોર્મ મામલતદાર કચેરીએ મોકલી આપ્યા છે. પરંતુ છેલ્લા ચારેક દિવસથી ઘાસકાર્ડના આ ફોર્મ મામલતદારના ટેબલ પર ધૂળ ખાતા પડી રહ્યા હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. બીજી તરફ, તલાટીઓ પાસે માત્ર અભિપ્રાય આપવા સિવાય આગળની કોઈ સત્તા ન હોવાથી તેઓ પણ 'અરજીઓ સાહેબ પાસે પેન્ડિંગ છે' તેવો જવાબ આપીને પોતાના હાથ ધોઈ રહ્યા છે. પરિણામે, આવા કપરા સમયમાં સરકારી તંત્રનો આ વહીવટી વિલંબ માલધારીઓ સાથે મજાક સમાન બની રહ્યો છે. વાસ્તવમાં અછત મેન્યુઅલના નિયમો મુજબ હજુ સુધી જિલ્લામાં સંપૂર્ણ અછત કે અર્ધ-અછત સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી. રાજ્ય સરકારે હંગામી ધોરણે આ રાહત આપવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ સ્થાનિક જિલ્લા પ્રશાસનની સુસ્ત કામગીરીને કારણે અમલવારીમાં મોટો વિલંબ થઈ રહ્યો છે, જે વહીવટી તંત્ર સામે અનેક સવાલો ઊભા કરે છે. કાયદાકીય અને સરકારી નિયમોની આ આંટીઘૂંટીમાંથી ફાઈલો બહાર આવશે ત્યાં સુધીમાં તો ઘાસના અભાવે અને ભૂખમરાના કારણે અનેક અબોલ પશુઓ મોતના મુખમાં ધકેલાઈ જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. માલધારીઓનું કહેવું છે કે હવે જો કુદરત મહેરબાન થઈને વરસાદ વરસાવે તો પણ પશુધનના મરણના કારણે માલધારીઓ માટે રોવાનો વારો આવે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે.

આ ગંભીર સ્થિતિને ધ્યાને રાખીને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે હંગામી વ્યવસ્થા હેઠળ તલાટીઓને જ સીધા ઘાસવિતરણ કરવાની સત્તા આપવામાં આવે અને ઘાસનો પુરવઠો વિલંબ વિના અબોલ પશુઓ સુધી પહોંચાડવામાં આવે તેવી માલધારી વર્ગમાંથી પ્રબળ માંગ ઉઠી રહી છે. આ અંગે જિલ્લા પંચાયત સદસ્ય અબ્દુલ્લાભાઈ બુઢા જતે વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે રોષ વ્યક્ત કરીને ત્વરિત કાર્યવાહી કરવા તંત્રને અનુરોધ કર્યો છે.

# ભુજ નગરપાલિકાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નો મુદ્દે આંદોલનના એંધાણ

**વર્ષોથી વણઉકેલાયેલી માંગણીઓ ન સંતોષાતા પ્રતીક ઉપવાસ શરૂ : માંગ પૂરી ન થાય તો ઉગ્ર આંદોલન અને આમરણ ઉપવાસની ચીમકી**




ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોના વિવિધ પ્રાણપ્રશ્નો અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ યોગ્ય ઉકેલ ન આવતા અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘ દ્વારા વિરોધનું શરણ લેવામાં આવ્યું છે. સંગઠનના કચ્છ જિલ્લા પ્રમુખ રાજેશ એલ. વાઘેલાના જણાવ્યા અનુસાર સફાઈ કામદારોની છ જેટલી મુખ્ય માંગણીઓ અંગે ભૂતકાળમાં લેખિત અને મૌખિક સ્વરૂપે નગરપાલિકા વહીવટતંત્રને અનેક વાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્ર દ્વારા માત્ર પોકળ વાયદાઓ જ આપવામાં આવ્યા છે. જેને કારણે કંટાળીને કર્મચારીઓએ હવે પ્રતીક ઉપવાસ સાથે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘ દ્વારા મુખ્ય અધિકારીશ્રીને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ કર્મચારીઓને વર્ષ ૨૦૧૧થી છઠ્ઠા પગારપંચનું બાકી એરિયસ ચૂકવવામાં આવ્યું નથી.

આ ઉપરાંત ભૂકંપ સમયે મૃત્યુ પામેલા સફાઈ કામદારોના વારસદારોને હજુ સુધી અનુકંપા ધોરણે નોકરી આપવામાં આવી નથી તેમજ વર્ષ ૨૦૧૮માં કાયમી કરવામાં આવેલા કર્મચારીઓમાંથી રહી ગયેલા ત્રણ કર્મચારીઓને પણ કાયમી ઓર્ડર આપવામાં આવ્યા નથી. કર્મચારીઓને છેલ્લા દસ વર્ષથી યુનિફોર્મ મળ્યો નથી, જેના કારણે બે વર્ષના યુનિફોર્મ અને બાકીના આઠ વર્ષના વળતર તરીકે રોકડ રકમ આપવાની માંગ પણ મૂકવામાં આવી છે. વર્ષ ૨૦૨૪ની મંજૂર થયેલ મહેકમ મુજબ સફાઈ કામદારોની નવી ભરતી કરવા અને નિવૃત્ત થયેલા કર્મચારીઓની ખાલી જગ્યાઓ તાત્કાલિક પૂરવા પણ માંગ કરવામાં આવી છે.


સંગઠનના પ્રતિનિધિઓએ સ્પષ્ટ કર્યું છે કે જો નગરપાલિકા વહીવટતંત્ર દ્વારા આગામી સાત દિવસની અંદર આ પડતર પ્રશ્નોનું યોગ્ય નિવારણ લાવવામાં નહીં આવે, તો નાછૂટકે સફાઈ કામદારો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન તરફ આગળ વધશે. પ્રતીક ઉપવાસ બાદ પણ જો તંત્રનું વલણ નહીં બદલાય તો આમરણ ઉપવાસ જેવા આકરા પગલાં ભરવાની પણ સંપૂર્ણ તૈયારી દર્શાવવામાં આવી છે. આ સમગ્ર મામલે નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ અને વહીવટતંત્ર તાત્કાલિક ધોરણે યોગ્ય નિર્ણય લે તે અનિવાર્ય બન્યું છે.

# દેવપર (યક્ષ) ખોડિયાર મંદિરે અષાઢી નવરાત્રી ઉજવાઈ





**હોમ હવન, આરતી, પૂજા, શણગાર, સંતવાણી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા**



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના દેવપર (યક્ષ) નજીક ચોકડી સામે આવેલ ખોડિયાર માતાજી મંદિરે અષાઢી (ગુપ્ત) નવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. અષાઢી આઠમના દિવસે નવરાત્રી સંપન્ન પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મંદિરના પૂજારી જીતુગિરિ ગોસ્વામીના સાનિધ્યમાં સવારે હોમ હવન, આરતી, પૂજા, શણગાર બાદ રાત્રે સંતવાણી યોજાઈ હતી, જેમાં સંતો, મુલગિરિ ગોસ્વામી - અજાપર મોમાય ટેકરી તથા નીતિનગિરિ ગોસ્વામી અંબેધામ સુખપરે કહ્યું કે, આ સ્થાનકે માતાજીની આઠમ નિમિતે સંતવાણી યોજાઈ હતી, તે પ્રાચીન પરંપરા ઠાકરથાળીને જાળવી રાખવા શીખ આપી હતી. મહંત જીતુગિરિએ સ્થાનકના વિકાસ માટે સેવકો અને પ્રજાના પ્રતિનિધિઓ આગળ આવ્યા છે તેમણે કચ્છમાં તાકીદે સચરાચર મેઘવર્ષા થાય તેવી સૌવતી માતાજીને પ્રાર્થના કરી હતી. રાત્રે સંતવાણીમાં ચિરાગ ગોસ્વામી, કિષ્ણા ભાનુશાલી (બાળકલાકાર), પ્રકાશસિંહ જાડેજા, વિનયકાંત ગોરે ભજનો, રાસ ગરબાની રમઝટ કરી હતી. આ ટાંકણે મુંદરા દશનામ ગોસ્વામી, સમાજના પ્રમુખ દિનેશગિરિ ગોસ્વામી, આશિષભાઈ કારાવદરા, જીઈબીના ચેતનભાઈ જોષી, કથાકાર વિનેશ વ્યાસ, ગ્યારચંદ્રવંશી, જયદીપસિંહ જાડેજા, જીતુભા સોઢા, રિદ્ધિબેન નાયાણી, શાંતિલાલ નાયાણી, કાન્તિભાઈ મિસ્ત્રી, જગદીશ ભગત, નંદુભાઈ પટેલ, ડો. અશોક ભાનુશાલી, મુકેશ મહેશ્વરી, વેરશી મહેશ્વરી, મુકેશ ગઢવી, મુકેશ પંડ્યા, રમેશ શિંગાળા, હંસાબેન ગોસ્વામી, ભાવનાબેન ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન ચંપકભાઈ રાવલે કર્યું હતું.

# રાયધણપર ધિંગાણા કેસ : ભુજ સેશન્સ કોર્ટે આરોપીઓના જામીન મંજૂર કર્યા

ભુજ - કચ્છઉદય : કચ્છના રાયધણપર ગામે જૂની બોલાચાલીના કારણે સર્જાયેલી જૂથ અથડામણ, ગાડી ચડાવી જાનથી મારી નાખવાનો પ્રયાસ તથા વાહનો અને ઘરો પર અંધાધૂંધ પથ્થરમારો કરવાના ચકચારી કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓને ભુજની સેશન્સ કોર્ટે નિયમિત જામીન પર મુક્ત કરવાનો મહત્વપૂર્ણ હુકમ કર્યો છે. માધાપર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, રાયધણપર ગામે સામસામે આવી ગયેલા બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ બોલેરો પીકઅપ અને અન્ય વાહનોમાં આવેલા શખ્સોએ હિંસક હુમલો કર્યો હતો. આ ઘટના દરમિયાન કાર વડે લોકોને કચડી નાખવાનો પ્રયાસ કરાયો હતો તેમજ લાકડીઓ, ધોકા અને પથ્થરો વડે માર મારી ફરિયાદી તથા અન્ય સાક્ષીઓને ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાના ભંગ અને ગેરકાયદે મંડળી રચી હુલ્લડ મચાવવા બદલ ગુનો દાખલ કરી પોલીસે આરોપીઓની અટકાયત કરી હતી.

ત્યારબાદ આરોપીઓ દ્વારા ભુજ સેશન્સ કોર્ટમાં જામીન મેળવવા અરજીઓ કરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો અને કેસના દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા બાદ કચ્છના ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આરોપીઓ એઝાઝ ઉમર મેર, અકબર સદીક મેર, મજીદ ઈબ્રાહિમ કેવર, ઈકબાલ ઉર્ફે એક્કો મમદ મોખા, હનીફ રમજુ કેવર અને મમદ લાખા મોખાની જામીન અરજીઓ મંજૂર કરી તેમને જામીન મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આરોપીઓ વતી ભુજના વિદ્વાન ધારાસાસ્ત્રી કે.પી. ગઢવી હાજર રહ્યા હતા.

# ગૌ માતાને રાષ્ટ્રીય સમ્માન અપાવવા હસ્તાક્ષર અભિયાનને વ્યાપક જન સમર્થન

**સોમવારે પ્રાર્થના પત્ર અર્પણ કરાશે**

ભુજ - કચ્છઉદય : ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાન આપણા સૌ માટે અનેક રીતે ઉપકારી એવી ગાય માતાને રાષ્ટ્રીય સમ્માન સાથે તેની સુરક્ષા અને સંરક્ષણ સરકાર દ્વારા કાયદાકીય જોગવાઈ કરવામાં આવે તે માટે સમગ્ર ભારત દેશમાં ગૌ સમ્માન આહવાન અભિયાન ચાલી રહ્યું છે, ગૌ સમ્માન, ગૌ સુરક્ષા અને ગૌ સંરક્ષણ માટે નંદી બાબા અને ગૌમાતાની અધ્યક્ષતામાં સાધુ સંતો અને ગૌ પ્રેમીઓ દ્વારા દેશભરમાં સ્વયંભુ આ ગૌરક્ષા આભિયાન શરૂ થયેલ છે જેમાં દેશના છેવાડાના ગ્રામ્ય વિસ્તાર સુધી ગૌસમર્થક કાર્યકરો ઘર ઘર જઈ લોકોને ગૌવંશની મહત્વતા અને આ અભિયાનનો ઉદેશ સમજાવી લોકોના હસ્તાક્ષર લઈ રહ્યા છે. ચાર તબક્કામાં આયોજિત આ ગૌ આહવાન અભિયાનમાં કુલ ૪૦ કરોડ હસ્તાક્ષરો સરકારને સુપ્રત કરવામાં આવનાર છે જેના પ્રથમ તબક્કામાં એપ્રિલ મહિનામાં પાંચ કરોડ ગૌ ભક્તો અને ગૌપ્રેમીઓના હસ્તાક્ષરો સાથેના પ્રાર્થના પત્ર તાલુકા કક્ષાએ મામલતદારશ્રીને અર્પણ કરવામાં આવ્યા હતા.

કચ્છ જિલ્લાના છેવાડાના વિસ્તાર સુધી લોકોમાં જાગૃતિની સાથે ગાય માતાની મહત્વતા સમજાવી, ગાયની માતા તરીકેની ઓળખ પુનઃ સ્થાપિત થાય અને ભાવી પેઢીની પણ સુરક્ષા થાય તે માટે કાર્ય કરવામાં આવી રહ્યું છે.ગૌ માતાના મહત્વને આપણે સૌ ભૂલી ગયા છીએ એટલે જ ગાય માતા અને ગૌવંશ રસ્તે રઝળતા થયા છે હવે એ સમય આવી ગયો છે કે ગાય માતાને સમ્માન મળે તેની કાયદાનુસાર સુરક્ષા થાય, સંપૂર્ણ ગૌ હત્યા બંધ કરી રાષ્ટ્રીય માતા તરીકે જાહેર કરવામાં આવે તેવા વિવિધ ૩૧ મુદ્દાઓ સાથે આગામી તા ૨૭/૭ને સોમવારના બીજા તબક્કામાં દેશના દરેક જિલ્લાઓમાં કલેકટરના માધ્યમથી રાષ્ટ્રપતિ, વડાપ્રધાનને કુલ્લ ૧૫ કરોડ હસ્તાક્ષરો સાથેના પ્રાર્થના પત્ર અર્પણ કરવામાં આવનાર છે,

કચ્છ જિલ્લામાં ગૌ સમ્માન આહવાન અભિયાન હેઠળ સાધુ સંતો મહાત્માઓની ઉપસ્થિતીમાં સવારે આઠ વાગ્યે ભુજના ટાઉનહોલ ખાતે સામુહિક વિજય મંત્ર જાપ યોજાશે. ત્યારબાદ દશ વાગે સંકીર્તન સાથેની રેલી નીકળી કલેકટર કચેરીએ જઈ કલેકટરને પ્રાર્થના પત્ર અર્પણ કરવામાં આવશે. ગૌ માતાને સમ્માન અપાવવાના આ કાર્યક્રમમાં વિશાલ સંખ્યામાં લોકોને ઉપસ્થિત રહી રેલીમાં જોડાવા ગૌ સમ્માન આહ્વાન અભિયાન સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શાસ્ત્રીય નૃત્યના વિશ્વ મંચ ઉપર કચ્છની કલા વિરાસત ઝળકી

**ભુજમાં મોટા થયેલા નૃત્યકાર માતા મીરાં ઠક્કર - ઉપાધ્યાય અને જાણીતા ગાયક પિતા નિગમ ઉપાધ્યાયની બે દીકરીઓ વંશી અને આશીએ તાજેતરમાં ગ્રીસના એથેન્સ ખાતે યોજાયેલા ભારતીય નૃત્યના ચોથા "વર્લ્ડ ઇન્ડિયન ડાન્સ ફેસ્ટિવલ"માં પોતાનું કૌવત બતાવી અને વિશ્વને છક કરી સાત સમુંદર પાર વિશ્વકક્ષાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ કર્યું**





નૃત્ય કલામાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કરનાર વંશી અને આશીની ઈન્ટરનેશનલ ડાન્સ કાઉન્સિલના પ્રમુખ સાથે ગ્રીસ દેશમાં મુલાકાતની યાદગાર તસ્વીર.

## માતા-પિતાની ભુજથી શરૂ થયેલી કલાની યાત્રા પરંપરા બની અને દીકરીઓ રૂપે ગ્રીસ પહોંચી

વંશી અને આશીનું બાળપણ સંગીત અને નૃત્યના માહોલમાં પસાર થયું હતું. માતા મીરા નિગમને ભરતનાટ્યમની સાધના કરતાં અને પિતા નિગમ ઉપાધ્યાયને સુગમ સંગીત દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતાં જોઈને બંને બહેનોમાં નાની ઉંમરથી જ કલા પ્રત્યેનો પ્રેમ વિકસ્યો. તેમના માતા-પિતા મીરા નિગમ અને નિગમ ઉપાધ્યાયે સ્તુતિ "ઇન્સ્ટિટ્યૂટ ઓફ પર્ફોર્મન્સ આર્ટસ" દ્વારા દાયકાઓથી ભારતીય કલા અને સંસ્કૃતિના પ્રચાર - પ્રસાર માટે કાર્ય કર્યું છે. આ સંસ્થાની શાખાઓ આજે રાજકોટ, જૂનાગઢ અને ટોરોન્ટો (કેનેડા) માં કાર્યરત છે. તેમના ગુરૂ અને માતા મીરા નિગમ, જેઓ પદ્મભૂષણ ગુરૂ સી.વી. ચંદ્રશેખરજીના શિષ્યા છે, તેમના માર્ગદર્શન હેઠળ વંશી અને આશીએ બાળપણથી જ ભરતનાટ્યમની તાલીમ શરૂ કરી હતી. વર્ષોની કઠોર સાધના અને શિસ્ત બાદ બંને બહેનોએ પરંપરાગત ભરતનાટ્યમ માર્ગમ પૂર્ણ કરી વર્ષ ૨૦૧૩માં પોતાનું અરંગેત્રમ રજૂ કર્યું, જે તેમની કલાયાત્રામાં એક મહત્વપૂર્ણ સોપાન રહ્યું છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે એમના પિતાજી નિગમ ઉપાધ્યાય અને નિગમભાઈના બહેન નિશાબહેન ઉપાધ્યાય ભુજમાં જ મોટા થયા અને અને ભુજના વાતાવરણમાંથી તેમનામાં કલાના અંકુર ફૂટ્યા અને પછી નામાંકિત ગાયક કલાકાર બની ગયા. નિશાબહેને કચ્છી સંગીતકારો કલ્યાણજી આણંદજી પાસે પણ ખાસ સંગીતની સાધના કરી હતી. તો આ આંતરરાષ્ટ્રીય કલાકાર દીકરીઓના માતા જે લગ્ન પહેલા ભુજના દીકરી મીરાં ઠકકર તરીકે અદભુત શાસ્ત્રીય નૃત્યકાર તરીકે પ્રખ્યાત થયા હતા. એમનામાં પણ નૃત્ય કલાના બીજ બાળપણમાં ભુજમાં જ વવાયા હતા. ભુજમાંથી કલાની ગળથૂથી લઈ અને કલાકાર થયેલા માતા-પિતાના સંતાન તરીકે વટવૃક્ષ રૂપે આ દીકરીઓ આજે તો અંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ કરી રહી છે.

## ભારતીય શાસ્ત્રીય નૃત્યની કલા સાત સમંદર પાર આંતરરાષ્ટ્રીય સ્તરે મહેકાવી

નામાંકિત કલાકારો વંશી અને આશિની શાસ્ત્રીય નૃત્યની કલાયાત્રા ખૂબ જ રસપ્રદ રહી છે. વર્ષોથી વંશી અને આશીએ ભારત તથા કેનેડામાં અનેક પ્રતિષ્ઠિત મંચો પર ભરતનાટ્યમની રજૂઆતો કરી છે. તેમની રજૂઆતોમાં અભિનયની ઊંડાઈ, ટેકનિકલ કુશળતા અને પ્રભાવશાળી મંચ ઉપસ્થિતિ માટે તેમને પ્રશંસા મળી છે. તેમની નોંધપાત્ર રજૂઆતોમાં ઉત્તરાર્ધ મહોત્સવ, જે ગુજરાતના ઐતિહાસિક સૂર્ય મંદિર, મોઢેરા ખાતે યોજાય છે અને જેનું આયોજન ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત દ્વારા કરવામાં આવે છે, તેમાં બે વખત મળેલું આમંત્રણ સામેલ છે. તેમણે દૂરદર્શન ગુજરાત માટે પણ રજૂઆત કરી છે અને શાળા તથા કોલેજના વર્ષોમાં ભરતનાટ્યમ ક્ષેત્રે અનેક પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાંથી સ્નાતક અભ્યાસ દરમિયાન તેમણે જીટીયુ યુથ ફેસ્ટિવલમાં અનેક પુરસ્કારો જીત્યા હતા તેમજ શાસ્ત્રીય નૃત્ય? વિભાગમાં વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી યુથ ફેસ્ટિવલ માટે પણ પસંદગી મેળવી હતી.માત્ર કલાકાર તરીકે નહીં, પરંતુ સર્જક તરીકે પણ બંને બહેનોએ વિવિધ સાંસ્કૃતિક મહોત્સવો, સરકારી કાર્યક્રમો અને જાહેર મંચો માટે થીમ આધારિત નૃત્ય રચનાઓ તૈયાર કરી છે. તેમની એક નોંધપાત્ર રજૂઆત રણ ઉત્સવમાં રહી હતી. વંશીએ "નવદુર્ગા" નામની થીમ આધારિત ભરતનાટ્યમ રચના પણ તૈયાર કરી હતી, જેમાં નવરાત્રિ દરમિયાન પૂજાતા માતા દુર્ગાના નવ સ્વરૂપોને નૃત્ય દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. તેમની કોરિયોગ્રાફી પરંપરાગત ભરતનાટ્યમની વ્યાકરણ અને કલાક્ષેત્ર શૈલીમાં મૂળ ધરાવતી હોવા છતાં આધુનિક વિષયો સાથે સુંદર સંવાદ સ્થાપિત કરે છે. ભરતનાટ્યમની પરંપરાને સાત સમંદર પાર પહોંચાડવાની પહેલરૂપે વર્ષ ૨૦૨૧માં કેનેડાના ટોરોન્ટોમાં સ્તુતિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ શાખાની સ્થાપના કરી. નિયમિત તાલીમ, પ્રસ્તુતિઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા બંને બહેનો કેનેડામાં ભારતીય શાસ્ત્રીય નૃત્યની પરંપરાને જીવંત રાખી રહી છે.તેમના વિદ્યાર્થીઓએ ટોરોન્ટોમાં યોજાતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રજૂઆતો કરી છે અને ત્યાંની ભારતીય કલા સમુદાયને વધુ સમૃદ્ધ બનાવવામાં યોગદાન આપ્યું છે. વંશીએ ગુજરાત-મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે "અસેસ ઓફ કેનેડા" દ્વારા આયોજિત રાસ-ગરબા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પણ સેવા આપી છે.ગુજરાતની વિરાસતને વિશ્વ સુધી પહોંચાડવાનો આ બે બહેનોએ સંકલ્પ સિદ્ધ કર્યો છે. ગુજરાતમાં સંગીત અને નૃત્યના સંસ્કારોથી ભરેલા પરિવારમાંથી શરૂ થયેલી વંશી અને આશીની સફર આજે ગ્રીસના આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચી છે. તેમની યાત્રા સમર્પણ, શિસ્ત અને ભારતીય શાસ્ત્રીય પરંપરાઓને જાળવી રાખવાના સંકલ્પનું પ્રતિબિંબ છે. પોતાના ગુરુ અને માતા મીરા નિગમના માર્ગદર્શન અને આશીર્વાદ સાથે બંને બહેનો પરંપરાને આગળ ધપાવી રહી છે અને ભરતનાટ્યમની શાશ્વત સુંદરતાને વિશ્વભરના દર્શકો સુધી પહોંચાડવાનું કાર્ય કરી રહ્યા છે. વંશી અને આશી અત્યારે કેનેડામાં રહે છે અને તેમના માતા-પિતા પણ રાજકોટમાં રહે છે. આ વિગત મેળવવા માટે તેમનો સંપર્ક સાધવા માટે રાજકોટ રહેતા ગુજરાતના અત્યંત નામાંકિત ગાયિકા નિધી ધોળકિયાએ સહકાર આપ્યો હતો.

ભુજ - કચ્છઉદય : કચ્છથી ગ્રીસ સુધી કચ્છ સૌરાષ્ટ્રનું હીર ઝળક્યું હોય એમ કચ્છની દીકરીઓએ યુનેસ્કોના આંતરરાષ્ટ્રીય મંચ પર ગ્રીસ દેશમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ભારતની કલા જગતની સુવાસ વિશ્વ સુધી પહોંચાડી હતી. હાલ રાજકોટ રહેતા અને ભુજમાં મોટા થયેલા માતા પિતાની ભારતીય શાસ્ત્રીય કલાની સમૃદ્ધ પરંપરામાં ઉછરેલી દીકરીઓ વંશી અને આશી ઉપાધ્યાયે ગુજરાત અને કચ્છની સાંસ્કૃતિક વિરાસતને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. જાણીતા ભરતનાટ્યમ કલાકાર અને ગુડ' મીરાબેન તથા સુગમ સંગીતના પ્રતિષ્ઠિત કલાકાર નિગમ ઉપાધ્યાયની પુત્રીઓ એવી વંશી અને આશીએ તાજેતરમાં ગ્રીસના એથેન્સ ખાતે યોજાયેલા ચોથા "વર્લ્ડ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયન ડાન્સ"નામના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ મહોત્સવનું આયોજન "સીઆઈડી" એવા ટૂંકા નામથી ઓળખાતી ઈન્ટરનેશનલ ડાન્સ કાઉન્સિલ યુનેસ્કો દ્વારા કરવામાં આવ્યું હતું. વિશ્વભરના પ્રતિષ્ઠિત શાસ્ત્રીય નૃત્ય કલાકારોને એકત્રિત કરનારા આ વિશ્વ કક્ષાના નૃત્ય મહોત્સવમાં ભારતીય નૃત્ય પરંપરાની વૈવિધ્યસભર અને સમૃદ્ધ સંસ્કૃતિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વંશી અને આશીએ અહીં માત્ર ભારતનું જ નહીં, પરંતુ ગુજરાત અને કચ્છનું પણ પ્રતિનિધિત્વ કરતાં ભરતનાટ્યમની સુંદર રજૂઆત કરી હતી.ગ્રીસ પ્રવાસ દરમિયાન તેમને ઈન્ટરનેશનલ ડાન્સ કાઉન્સિલના પ્રમુખ ડૉ. અલ્કિસ રાફ્ટિસ સાથે મુલાકાત કરવાનો અવસર મળ્યો હતો. આ મુલાકાત દરમિયાન તેમણે ભારતીય શાસ્ત્રીય નૃત્યના સંરક્ષણ, સંવર્ધન અને વિશ્વસ્તરે તેના પ્રચાર માટે યુનેસ્કો જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી. બંને બહેનો ઈન્ટરનેશનલ ડાન્સ કાઉન્સિલના ૨૦૨૬ના સભ્ય પણ છે અને એ રીતે કલા વિશ્વના જાણે ભારતીય રાજદૂત છે.

# સમાજ ઉત્કર્ષ માટે રઘુવંશી સોશિયલ ગ્રુપની સક્રિય પહેલ

**વિદ્યાર્થી સન્માનથી લઈ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોના આયોજનનો નિર્ણય**

નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા સમાજહિતના વિવિધ કાર્યક્રમોને વધુ ગતિ આપવા કારોબારીની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખ રાજેશભાઈ પલણના અધ્યક્ષસ્થાને અને તાલુકા પ્રમુખ વિગ્નેશભાઈ દેયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં શિક્ષણ, સેવા અને સામાજિક એકતા સંબંધિત અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

સભામાં ગત શૈક્ષણિક વર્ષ દરમિયાન ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન સમારોહ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સાથે જ સમાજના વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર પ્રતિભાશાળી જ્ઞાતિજનોને પણ જાહેરમાં સન્માનિત કરવાની યોજના ઘડવામાં આવી હતી.

શહેર પ્રમુખ ભાવિનભાઈ પલણે સ્વાગત પ્રવચન આપતાં સમાજના યુવાનો અને આગેવાનોને સંગઠન સાથે જોડાઈ સેવાકીય કાર્યોમાં યોગદાન આપવા અપીલ કરી હતી. તેમણે આગામી કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી સમાજના સર્વાંગી વિકાસ માટે સૌના સહકારની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

તાલુકા પ્રમુખ વિગ્નેશભાઈ દેયાએ જણાવ્યું હતું કે સમાજમાં શિક્ષણ, સંસ્કાર અને સંગઠનની ભાવનાને મજબૂત બનાવવા માટે સતત રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. સોશિયલ મીડિયા સેલના ઇન્ચાર્જ મેહુલભાઈ દાવડાએ સંગઠનની પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવવા માટે સૂચનો રજૂ કર્યા હતા.

મહિલા પાંખના પ્રમુખ જાગૃતિબેન પલણે મહિલાઓની વધુમાં વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવા અને આગામી કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા અપીલ કરી હતી.

બેઠકમાં તાલુકા યુવા પાંખના પ્રમુખ રવિભાઈ સચદે, મહામંત્રી શ્રી રાજદે, ચેતન બારૂ, રાજદીપ મજેઠિયા, આનંદીબેન પલણ, નિર્મળાબેન સહિતના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકના અંતે સમાજમાં ધાર્મિક અને સાંસ્કૃતિક જાગૃતિ વધારવાના હેતુથી આગામી સમયમાં સમૂહ ભાગવત કથાનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમની વ્યવસ્થા અશ્વિન આઈયા અને મિલેશ પલણ દ્વારા સંભાળવામાં આવી હતી.

# આવતીકાલે ગુજરાતના માજી મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલની જન્મજયંતી



ભુજ - કચ્છઉદય : ગુજરાતના માજી મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલની આવતીકાલે જન્મજયંતી છે. ૨૪મી જુલાઈ ૧૯૨૮ના સૌરાષ્ટ્રના વિસાવદરમાં તેમનો જન્મ થયો હતો. તેઓ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીના પાયાના કાર્યકર રહી અને વરિષ્ઠ નેતા બન્યા હતા. તેઓ ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે બે વખત, માર્ચ ૧૯૯૫થી ઓક્ટોબર ૧૯૯૫ અને માર્ચ ૧૯૯૮થી ઓક્ટોબર ૨૦૦૧ સુધી મુખ્યમંત્રીના પદ પર રહ્યા હતા.૨૦૦૨માં તેઓ રાજ્ય સભાના સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાયા હતા.૪ ઓગસ્ટ ૨૦૧૨ના તેમણે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ગુજરાત પરિવર્તન પાર્ટી નામે એક નવો રાજકીય પક્ષ સ્થાપ્યો હતો અને ભાજપમાંથી રાજીનામું આપ્યું. હતું. જાન્યુઆરી ૨૦૧૪માં તેમણે ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું અને ત્યાર પછી ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ ખરાબ તબિયતને કારણે ગુજરાત વિધાનસભાના સભ્યપદેથી પણ રાજીનામું આપ્યું હતું. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ ગુજરાત પરિવર્તન પાર્ટીનું ભાજપમાં વિલિનીકરણ થયું. ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ અમદાવાદ ખાતે એમનું અવસાન થયું હતું. ૨૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ તેમને ભારત સરકાર તરફથી પદ્મભૂષણ પુરસ્કાર (મરણોત્તર) એનાયત કરાયો હતો.

# ભુજ તાલુકા પંચાયત ખાતે પંચાયતી રાજના નવનિયુક્ત પદાધિકારીઓ માટે તાલીમ શિબિર યોજાઈ





## રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન હેઠળ ૧૯૯૩ના પંચાયત અધિનિયમ અને સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું

ભુજ - કચ્છઉદય : ભુજ સ્થિત તાલુકા પંચાયત કચેરીના સભાખંડ ખાતે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત ત્રિસ્તરીય પંચાયતી રાજના નવનિયુક્ત પ્રતિનિધિઓ માટે એક વિશેષ તાલીમ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને જૂનાગઢ સ્થિત શશિકુંજ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં જૂનાગઢથી ખાસ આવેલા માસ્ટર ટ્રેનર્સ દ્વારા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના નવનિયુક્ત સભ્યો અને સરપંચોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ તાલીમ સત્ર દરમિયાન ભુજના તાલુકા વિકાસ અધિકારી પી. વી. ઠક્કરે માહિતી આપતા જણાવ્યું હતું કે ત્રિસ્તરીય પંચાયતી રાજના સુચારૂ સંચાલન માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની વિવિધ અગત્યની કલમો અને નીતિ-નિયમો અંગે પદાધિકારીઓને ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિકાસ માટે ચલાવવામાં આવતી વતન પ્રેમ યોજના, પંચવટી યોજના, તીર્થ ગામ અને પાવન ગામ જેવી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અંગે વિગતવાર ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તાલીમના અંતે ઉપસ્થિત સરપંચો અને પદાધિકારીઓના વિવિધ પ્રશ્નો તથા શંકાઓનું સ્થળ પર જ સંતોષકારક નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

# દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં રાપર મામલતદારને આવેદનપત્ર પાઠવાયું




રાપર - કચ્છઉદય : નવી દિલ્હીના જંતર-મંતર ખાતે પોતાની ન્યાયિક માંગણીઓ અને પરીક્ષાઓમાં થયેલી ગેરરીતિઓ વિરુદ્ધ શાંતિપૂર્ણ તથા લોકશાહી ઢબે વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ પ્રશાસન દ્વારા કરવામાં આવેલા અમાનુષી લાઠીચાર્જના વિરોધમાં રાપર તાલુકાના ડો. આંબેડકર યુવા ગ્રુપ અને સ્થાનિક નાગરિકો દ્વારા રાપરના મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, શિક્ષણ અને ન્યાયની માંગ કરી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરીને તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે અત્યંત અસંવિધાનિક અને આઘાતજનક ઘટના છે. આ હુમલામાં અનેક વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે, જેને લોકશાહીના મૂલ્યો પર મોટો પ્રહાર ગણાવવામાં આવ્યો છે.

ડો. આંબેડકર યુવા ગ્રુપ અને રાપર તાલુકાની જનતાએ માંગ કરી છે કે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવાનો આદેશ આપનાર જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે, ઘાયલ વિદ્યાર્થીઓને તબીબી સહાય પૂરી પાડીને ન્યાય આપવામાં આવે તેમજ વિદ્યાર્થીઓની મૂળભૂત માંગણીઓનું વહેલી તકે નિવારણ લાવવામાં આવે. આવેદનપત્રના અંતે ચેતવણી પણ આપવામાં આવી છે કે જો આ બાબતે ત્વરિત ન્યાય નહીં મળે, તો આગામી સમયમાં બંધારણીય મર્યાદામાં રહીને ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

# નારાયણ સરોવરમાં આષાઢી બીજ નિમિત્તે ભવ્ય રથયાત્રા યોજાઈ

**ત્રિવિક્રમરાયજી મંદિર પરિસરમાં જય જગન્નાથના નાદ સાથે ધાર્મિક માહોલ સર્જાયો**

નારાયણ સરોવર-કચ્છ ઉદય : પૌરાણિક અને પ્રસિદ્ધ તીર્થધામ નારાયણ સરોવર ખાતે આષાઢી બીજ તથા કચ્છી નવા વર્ષના પાવન અવસરે ભગવાન ત્રિવિક્રમરાયજીના મુખ્ય મંદિર પરિસરમાં પરંપરાગત રીતે ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજાશાહી સમયથી ચાલી આવતી પરંપરા મુજબ વિશિષ્ટ રથમાં ભગવાનના બાલ સ્વરૂપને બિરાજમાન કરી મંદિર પરિસરમાં રથયાત્રા કાઢવામાં આવી હતી.

રથયાત્રા પૂર્વે ધાર્મિક વિધિઓ સંપન્ન કરવામાં આવી હતી. કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા નારાયણ સરોવર જાગીરના અધ્યક્ષે સૌ ભાવિકોને શુભકામનાઓ આપી હતી. ત્યારબાદ જય જગન્નાથના ગગનભેદી નાદ વચ્ચે સોનલલાલજી મહારાજે રથની દોરી ખેંચી રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. મંદિર પરિસરમાં રથ ફેરવાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભાવિકોએ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જાગીર અધ્યક્ષ દ્વારા મહાઆરતી ઉતારવામાં આવી હતી અને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મંદિરના પૂજારીગણ, મુખિયાજી, મશાલચી તેમજ સેવાભાવી કાર્યકરોએ વ્યવસ્થાની જવાબદારી સંભાળી હતી. રથયાત્રા દરમિયાન ભક્તોના જયઘોષ અને ધાર્મિક ઉત્સાહથી નારાયણ સરોવર તીર્થધામ ગુંજી ઉઠ્યું હતું.

# તાલુકા કક્ષાની રમત સ્પર્ધાઓમાં કચ્છ મચ્છોયા આહીર શાળાની વિદ્યાર્થિનીઓનું શાનદાર પ્રદર્શન

ગાંધીધામ- કચ્છ ઉદય : સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત શાળાકીય રમતોત્સવમાં કચ્છ મચ્છોયા આહીર સમાજ સંચાલિત માધ્યમિક શાળાની વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી અનેક સિદ્ધિઓ પોતાના નામે નોંધાવી હતી.

તાલુકા કક્ષાની સ્પર્ધાઓમાં શાળાની અન્ડર-૧૯ કબડ્ડી ટીમ તથા અન્ડર-૧૯ ખો-ખો ટીમે પ્રથમ સ્થાન મેળવી શાળાનો ગૌરવ વધાર્યો હતો. ઉપરાંત અન્ડર-૧૪ ખો-ખો સ્પર્ધામાં પણ શાળાની ટીમે દ્વિતીય સ્થાન હાંસલ કરી નોંધપાત્ર સફળતા મેળવી હતી. એથ્લેટિક્સની વિવિધ સ્પર્ધાઓમાં શાળાની કુલ ૨૧ વિદ્યાર્થિનીઓએ પ્રથમ ક્રમ મેળવી પોતાની રમતગમતની પ્રતિભા સાબિત કરી હતી.

વિદ્યાર્થિનીઓની આ ઉત્કૃષ્ટ સિદ્ધિને પગલે શાળા પરિવાર અને સમાજમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. શાળાના પ્રમુખ કિરણભાઈ ખાટરિયા, મંત્રી ઘેલાભાઈ વરચંદ, આચાર્યા આકાશીબેન પટેલ તથા અન્ય આગેવાનોએ વિજેતા ખેલાડીઓનું સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રમતગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ સતત પ્રગતિ કરે તે માટે શાળા દ્વારા જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થિનીઓની આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

# પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓને 'રેલવન' એપનો ઉપયોગ કરવાની અપીલ

**ટિકિટ બુકિંગથી લઈને ટ્રેનની લાઈવ માહિતી, ફૂડ ઓર્ડર, રિફંડ અને રેલ મદદ સુધી રેલવેની અનેક સુવિધાઓ એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ : રેલવન એપ પર અનરિઝર્વ્ડ ટિકિટ બુકિંગ પર આર-વોલેટના મારફતે ચુકવણી કરવા પર 3% કેશબેક તથા અન્ય ડિજિટલ ચુકવણી માધ્યમોથી ચુકવણી કરવા પર 3% ની છૂટ**

અમદાવાદ - કચ્છઉદય : પશ્ચિમ રેલવે યાત્રીઓને ભારતીય રેલવેની રેલવન એપનો વધુને વધુ ઉપયોગ કરવાની અપીલ કરે છે. આ ભારતીય રેલવેની ઈન્ટિગ્રેટેડ મોબાઈલ એપ છે, જે યાત્રીઓને રેલવે સંબંધિત અનેક સેવાઓ એક જ સુવિધાજનક અને યુઝર - ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવે છે. ટિકિટ બુકિંગ, ટ્રેન સંબંધિત માહિતી મેળવવા, ભોજન ઓર્ડર કરવા અથવા સહાયતા મેળવવા જેવી વિવિધ સેવાઓનો લાભ યાત્રીઓ પોતાના સ્માર્ટફોન મારફતે સરળતાથી ઉઠાવી શકે છે. યાત્રીઓ રેલવન એપ મારફતે રિઝર્વ્ડ ટિકિટ, અનરિઝર્વ્ડ ટિકિટ તથા પ્લેટફોર્મ ટિકિટ બુક કરી શકે છે. આ ઉપરાંત આ એપ પર ટ્રેન શોધો, પીએનઆર સ્ટેટસ, કોચ સ્થિતિ, ટ્રેન ટ્રેક કરો, ખાવાનું ઓર્ડર કરો, ફાઈલ રિફંડ અને રેલ મદદ જેવી અનેક ઉપયોગી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. આનાથી વિવિધ રેલવે સેવાઓ માટે અલગ - અલગ એપનો ઉપયોગ કરવાની જરૂરિયાત પૂરી થઈ જાય છે.

ડિજિટલ ટિકિટિંગને પ્રોત્સાહન આપવાના હેતુથી રેલવેએ રેલવન એપના મારફતે અનરિઝર્વ્ડ ટિકિટોના બુકિંગ પર તમામ ડિજિટલ ચુકવણી માધ્યમો દ્વારા કરવામાં આવેલી ચુકવણી પર ૩ ટકાની છૂટની સુવિધા ૩૧ માર્ચ સુધી વધારી દીધી છે. રેલવન એપ મારફતે અનરિઝર્વ્ડ ટિકિટ બુક કરનારા યાત્રીઓ જો આર - વોલેટ મારફતે ચુકવણી કરે છે, તો તેમને ૩ ટકા કેશબેકનો લાભ મળશે. આર-વોલેટ મારફતે કેશબેક તથા અન્ય ડિજિટલ ચુકવણી માધ્યમો પર આપવામાં આવી રહેલી છૂટનો હેતુ યાત્રીઓને ડિજિટલ ટિકિટિંગ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો તથા રેલવન એપના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે.

પશ્ચિમ રેલવેએ યાત્રીઓને રેલવન એપ ડાઉનલોડ કરીને તેની સંકલિત સુવિધાઓનો મહત્તમ લાભ ઉઠાવવાની અપીલ કરી છે. રેલવન એપ યાત્રીઓને રેલવેની મહત્વપૂર્ણ સેવાઓ સુધી પહોંચવા માટે એક સુવિધાજનક સિંગલ-વિન્ડો ડિજિટલ ઈન્ટરફેસ ઉપલબ્ધ કરાવે છે તથા રેલવે યાત્રાને વધુ સરળ, સ્માર્ટ અને સહજ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# લાખાપર રોકડીયા હનુમાન મંદિરના સર્વાંગી વિકાસ માટે આગેવાનો એકત્રિત

નલિયા - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના વાયોર વિસ્તાર અને ગરડા પંથકના પ્રસિદ્ધ લાખાપર રોકડીયા હનુમાન મંદિરના વિકાસને વધુ ગતિ આપવા માટે સ્થાનિક ગામોની સેવા સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય અનુભા જાડેજાની આગેવાની હેઠળ યોજાયેલી બેઠકમાં મંદિરના સર્વાંગી વિકાસ, ભક્તોને સુવિધાઓનો વિસ્તાર તથા આગામી વિકાસલક્ષી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં અનુભા જાડેજા, લાલુભા જાડેજા, રઘુભા જાડેજા, દૈવતસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા (અકરીમોટી), સાહેબજી જાડેજા (પૂર્વ તાલુકા પંચાયત સભ્ય તથા પૂર્વ સરપંચ, વાયોર), મહેન્દ્રસિંહ જાડેજા (પૂર્વ સરપંચ), સુખદેવસિંહ જાડેજા (સરપંચ, વાયોર), નારૂભા જાડેજા, પ્રફુલ ઠક્કર, વિશાલ ઠક્કર, કિશોરસિંહ જાડેજા, શંકર રબારી, રાજાભાઈ રબારી સહિત સેવા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન મંદિરને વધુ સુવ્યવસ્થિત અને ભક્તિમય કેન્દ્ર તરીકે વિકસાવવાના વિવિધ મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત આગેવાનો અને સભ્યોએ મંદિરના વિકાસ માટે સૌના સહયોગ અને એકતાથી કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સાથે જ આગામી સમયમાં વિકાસકાર્યોને વધુ વેગ આપવા અને મંદિરને વિસ્તારના આસ્થાના કેન્દ્ર તરીકે વધુ સમૃદ્ધ બનાવવા માટે સર્વાનુમતે સહમતિ વ્યક્ત કરવામાં આવી હતી.

# વાલરામ નિર્વાણ દિને સુખપર લોહાણા સમાજમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું

**પૂજન-અર્ચન સાથે સમાજજનો મોટી સંખ્યામાં જોડાયા**

ભુજ- કચ્છ ઉદય : સુખપર લોહાણા મહાજન દ્વારા વાલરામ નિર્વાણ દિનની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ધાર્મિક કાર્યક્રમો, પૂજનવિધિ અને સમાજજનોની ઉપસ્થિતિ વચ્ચે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. કાર્યક્રમમાં વાલરામજીના જીવનમૂલ્યો અને સમાજસેવાના સંદેશને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

પ્રભુલાલ જોશીના માર્ગદર્શન હેઠળ હાર્દિક પરેશભાઈ સોમૈયા પરિવાર દ્વારા વિશેષ પૂજનવિધિ સંપન્ન કરવામાં આવી હતી. કાર્યક્રમને યાદગાર બનાવવા માટે છાત્રાલય પ્રમુખ અંજનાબેન ઠક્કરના માર્ગદર્શન હેઠળ વિવિધ ધાર્મિક કૃતિઓ અને સજાવટ તૈયાર કરવામાં આવી હતી, જેને ઉપસ્થિતોએ બિરદાવી હતી.

આ પ્રસંગે સુખપર લોહાણા મહાજનના પ્રમુખ પ્રભુભાઈ હરસુખ ગોવિંદભાઈ, રાજેશભાઈ પલણ, રસિકભાઈ કોઠારી, જીતુભાઈ સહિત સમાજના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત શૈલેશભાઈ, કીર્તિભાઈ, અશોક અરવિંદભાઈ જોબનપુત્રા, તન્ના, રાણા, અરવિંદભાઈ, સંદીપ ઠક્કર, ભાવિન સોમૈયા, ધવલ, બિપિન ઠક્કર, દિલીપ કતિરા તથા કનૈયાલાલ રાજદે સહિત મોટી સંખ્યામાં સમાજજનો કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમની સફળતા માટે મહિલા મંડળની માલતીબેન રાણા, ધારાબેન મજીઠિયા, ચાંદનીબેન, રૂચિતા સોમૈયા અને પૂજાબેન સોનેતાએ સુંદર આયોજન અને વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિ, એકતા અને સમાજભાવનાનો માહોલ જોવા મળ્યો હતો, જેના કારણે વાલરામ નિર્વાણ દિનની ઉજવણી યાદગાર બની હતી.

# નારાણપરની શૈક્ષણિક સંસ્થાને "શિક્ષણ રથ" અનોખી ભેટ

**વિદ્યાર્થીઓના આવાગમનને સરળ બનાવવા 'શિક્ષણ રથ' બસ અર્પણ, મધ્યમવર્ગીય અને જરૂરિયાતમંદ પરિવારોને મળશે સીધો લાભ**

ભુજ : તાલુકાના નારાણપર (રાવરી)માં શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરતી નૂતન સરસ્વતી વિદ્યાલય ટ્રસ્ટ, નારાણપર (રાવરી)ને દાતા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં બસ ભેટ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની વધતી સંખ્યા અને પરિવહનની જરૂરિયાતને ધ્યાનમાં રાખી અપાયેલી આ 'શિક્ષણ રથ' બસથી શાળાના અનેક વિદ્યાર્થીઓને સુરક્ષિત અને સુવિધાજનક આવાગમનની સગવડ મળશે.

ગામના મેઘજીભાઈ કુંવરજી ખેતાણી (પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ) પરિવારના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં સ્વ. દિનેશ વાલજી લાલજી ખેતાણી તથા સ્વ. માનબાઈ કુંવરજી રામજી ખેતાણી અને સ્વ. પ્રેમીલાબેન મેઘજી ખેતાણીની સ્મૃતિમાં બસ અર્પણ કરવામાં આવી હતી. દાતા પરિવારના આ યોગદાનને શિક્ષણપ્રેમ અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ ગણાવવામાં આવ્યું હતું.

સંસ્થાના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૩ વર્ષથી સંસ્થા ગ્રામ્ય વિસ્તારમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે કાર્યરત છે અને દાતાઓના સહયોગથી વિદ્યાર્થીઓને નવીન સુવિધાઓ પૂરી પાડવામાં સફળતા મળી રહી છે. નવી બસના સમાવેશથી વિદ્યાર્થીઓને નિયમિત અને સલામત પરિવહન સુવિધા ઉપલબ્ધ બનશે તેમજ વાલીઓની ચિંતામાં પણ ઘટાડો થશે.

સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય અને નૂતન સરસ્વતી વિદ્યાલયના શિક્ષકો, આચાર્યો અને વિદ્યાર્થીઓની મહેનતથી સંસ્થાએ અનેક શૈક્ષણિક સિદ્ધિઓ હાંસલ કરી છે. દાતા પરિવારની આ ભેટ શિક્ષણના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ સોપાન સાબિત બનશે.

# પંજાબનો ૭ વર્ષનો તેગબીર બન્યો દુનિયાનો સૌથી નાનો પર્વતારોહી

**૬૦૦૦ મીટરથી ઊંચું શિખર સર કર્યું**



નવી દિલ્હી (એજન્સી દ્વારા) : પંજાબના નાના તેગબીર સિંહે માત્ર ૭ વર્ષની ઉંમરે એવું કરી બતાવ્યું જે મોટા મોટા પર્વતારોહીઓ માટે પણ સપનું છે. તેગબીર વિશ્વનો સૌથી નાનો બાળક બની ગયો છે જેણે ૬૦૦૦ મીટરથી વધુ ઊંચા પર્વતનું શિખર સફળતાપૂર્વક સર કર્યું છે. ૧૫ જુલાઈ ૨૦૨૬ ના રિપોર્ટ મુજબ તેગબીરે હિમાલયમાં આવેલું એક ૬૦૦૦ મીટરથી ઊંચું શિખર સર કર્યું. આટલી નાની ઉંમરે ઓક્સિજનની ઓછપ, ઠંડી અને કપરા ચઢાણ વચ્ચે પણ તેણે હિંમત ન હારી અને પોતાનું લક્ષ્ય પૂરું કર્યું. તેગબીરને નાની ઉંમરથી જ પર્વતો અને ટ્રેકિંગનો શોખ હતો. તેના પરિવારે તેને દરેક પગલે સાથ આપ્યો. ટ્રેનિંગ, શિસ્ત અને પરિવારના સપોર્ટના કારણે તેગબીરે આ અશક્ય લાગતું કામ કરી બતાવ્યું. આ સિદ્ધિ સાથે તેગબીરે માત્ર પોતાનું જ નહીં પરંતુ સમગ્ર ભારત અને પંજાબનું નામ પણ રોશન કર્યું છે. નિષ્ણાતો કહે છે કે આટલી નાની ઉંમરે આટલી ઊંચાઈએ જવું શારીરિક અને માનસિક બંને રીતે ખૂબ કપરું હોય છે, પરંતુ તેગબીરે દાખલો બેસાડી દીધો. સુનીતા વિલિયમ્સની જેમ જ તેગબીર પણ આજના યુવાનો માટે પ્રેરણા છે. કચ્છની ધરતીએ અવકાશમાં નામ કર્યું તો પંજાબની ધરતીએ હિમાલયની ઊંચાઈઓમાં નવો રેકોર્ડ બનાવ્યો.

# ગામેગામ વિકાસની સાથે સ્વચ્છતા અને હરિયાળીનું જનઆંદોલન

**કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભુજ તાલુકામાં વૃક્ષારોપણ, સેવા સેતુ, સ્વચ્છતા અભિયાન અને પ્રગતિપથ યાત્રાના કાર્યક્રમો યોજાયા**

ભુજ - કચ્છ ઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભુજ તાલુકામાં વિવિધ જનકલ્યાણકારી અને લોકજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકાના ગામેગામ યોજાયેલા આ કાર્યક્રમોમાં વિકાસની સાથે પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને સામાજિક જવાબદારીનો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો.કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદના માર્ગદર્શન હેઠળ ભુજ તાલુકા ભાજપ દ્વારા સમગ્ર તાલુકામાં વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત તાલુકાના તમામ ગામોમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ માત્ર ઔપચારિકતા ન રહે પરંતુ તેનું જતન અને સંવર્ધન પણ થાય તે માટે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું. કુનરિયા ગામે સુરેશભાઈ છાંગાના સહયોગથી આશરે એક હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવતાં આ અભિયાનને વિશેષ વેગ મળ્યો હતો. સ્વચ્છતા અભિયાન અંતર્ગત માધાપર સહિત તાલુકાના અનેક ગામોમાં જાહેર સ્થળો, માર્ગો, શાળા પરિસરો અને ચોરાહાઓની સફાઈ કરવામાં આવી હતી. કાર્યકરો અને ગ્રામજનોએ શ્રમદાન કરીને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી હતી. સાથે જ પ્લાસ્ટિકમુક્ત ભારતના સંકલ્પ સાથે લોકોને પર્યાવરણમૈત્રી જીવનશૈલી અપનાવવા અપીલ કરવામાં આવી હતી. મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ કરીને સમાજને સ્વચ્છતા અને સંસ્કારનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.આ ઉપરાંત પ્રગતિપથ યાત્રા દ્વારા કચ્છના વિકાસના વિવિધ પ્રતીકોની મુલાકાત યોજવામાં આવી હતી. ધોરડો, સફેદ રણ, આર.ઈ. પાર્ક અને સ્મૃતિવન જેવા સ્થળોએ પ્રવાસ યોજી લોકોને કચ્છમાં સર્જાયેલા વિકાસકાર્યોની માહિતી આપવામાં આવી હતી. વિકાસના નવા આયામોને નજીકથી નિહાળવાની તક મળતાં ભાગ લેનારાઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

તાલુકાના વિવિધ ગામોમાં સેવા સેતુ કાર્યક્રમો, જનકલ્યાણ શિબિરો અને પ્રબુદ્ધ નાગરિક સંમેલનોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં સરકારી યોજનાઓની માહિતી આપી લાભાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જનસંપર્ક અભિયાન દ્વારા સામાન્ય નાગરિકો સાથે સીધો સંવાદ સાધી તેમની સમસ્યાઓ અને સૂચનો પણ સાંભળવામાં આવ્યા હતા. કાર્યક્રમોમાં રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયા, રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ સહિત ભાજપના જિલ્લા અને તાલુકા સ્તરના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. સમગ્ર અભિયાન દ્વારા ભુજ તાલુકાને સ્વચ્છ, હરિયાળો અને વિકાસલક્ષી બનાવવાના સંકલ્પને વધુ મજબૂત બનાવવામાં આવ્યું હતું.

## સીબીએસઈ ધોરણ ૧૦ની દ્વિતીય બોર્ડ પરીક્ષાનું પરિણામ

# ભુજની દૂન પબ્લિક સ્કૂલના ૧૩ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ ગુણ મેળવી વગાડ્યો ડંકો

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત બે વાર પરીક્ષા પદ્ધતિનો પ્રથમ પ્રયોગ રહ્યો સફળ**

ભુજ : સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા વર્ષ ૨૦૨૬ની ધોરણ ૧૦ની દ્વિતીય બોર્ડ પરીક્ષાના પરિણામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. બોર્ડ દ્વારા લેવાયેલી આ મહત્વપૂર્ણ પરીક્ષામાં દેશભરમાંથી ઉપસ્થિત થયેલા તમામ વિદ્યાર્થીઓના પ્રદર્શનને આધારે એકંદર પાસ થવાની ટકાવારી ૯૬.૭૮ ટકા નોંધાઈ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ભલામણોને આધારે ચાલુ વર્ષથી જ અમલી બનેલી દ્વિ-બોર્ડ પરીક્ષા પદ્ધતિ હેઠળ આ પરિણામ જાહેર કરાયું છે. આ નવીન વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તેમનું શૈક્ષણિક પ્રદર્શન સુધારવા માટે વધારાની તક પૂરી પાડવાનો હતો, જેના ભાગરૂપે ગત ૧૫ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન આ દ્વિતીય પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજની દૂન પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ મેળવેલી ઝળહળતી સફળતાને કારણે સ્થાનિક સ્તરે ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે. શાળાના કુલ ૧૩ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓએ ૯૦ ટકા કરતા પણ વધુ ગુણ પ્રાપ્ત કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે.

શિક્ષણ ક્ષેત્રે મેળવેલી આ અભૂતપૂર્વ સફળતાને પગલે દૂન પબ્લિક સ્કૂલ પરિવારમાં વ્યાપક હર્ષોલ્લાસનો માહોલ જોવા મળી રહ્યો છે. શાળાના ચેરપર્સન નેહાબેન ઠક્કર, પ્રો. વાઈસ ચેરમેન ઈજનેર દીપેશ ઠક્કર, ટ્રસ્ટી જતીનભાઈ ઠક્કર, એડવોકેટ અવનીશભાઈ ઠક્કર, પેટ્રન કાજલબેન ઠક્કર તેમજ આચાર્ય ડો. સારિકાબેન શર્મા અને મેનેજર આકાશભાઈ શર્મા સહિતના સમગ્ર સંચાલક મંડળ અને શૈક્ષણિક સ્ટાફે આ ઝળહળતી સિદ્ધિ બદલ તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી.

# ચેક બાઉન્સના કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા


ભુજ-કચ્છ ઉદય : ચેક પરત ફરવાના કેસમાં ભુજની અદાલતે મહત્વપૂર્ણ અને કડક ચુકાદો આપતાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. ઉપરાંત ચેકની દોઢ ગણી રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર ભુજના ન્યૂ સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલી કસ્વા કોલોનીમાં રહેતા આશિક બચુભાઈ ઘાંચીએ વર્ષ ૨૦૨૦ દરમિયાન અબ્દુલ મોખાને રૂ. ૫.૮૦ લાખની લેણી રકમના બદલામાં ચેક આપ્યો હતો. જોકે ચેક બેંકમાં રજૂ કરાતા તે અનાદર સાથે પરત ફર્યો હતો. ત્યારબાદ કાયદાકીય પ્રક્રિયા અનુસરી ફરિયાદી દ્વારા અદાલતમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન બંને પક્ષોની દલીલો અને રજૂ થયેલા પુરાવાઓને ધ્યાનમાં લઈ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ. એમ. કુરેશીએ આરોપી આશિક બચુભાઈ ઘાંચીને દોષિત ઠેરવ્યો હતો. અદાલતે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા સંભળાવી હતી તેમજ ચેકની દોઢ ગણી રકમ મુજબ રૂ. ૮.૭૦ લાખ ફરિયાદીને વળતર સ્વરૂપે ચૂકવવાનો આદેશ કર્યો હતો. ચેક બાઉન્સના કેસોમાં અદાલતો દ્વારા કાયદાની જોગવાઈઓનું કડક પાલન કરાતું હોવાનો આ ચુકાદો વધુ એક દાખલો બન્યો છે. કેસ દરમિયાન ફરિયાદી પક્ષે એડવોકેટ એ. આર. મલેક સાથે પ્રફુલ્લકુમાર બી. સીજુ, નવીન આર. સીજુ અને કેશવ જે. ભદ્રુએ અસરકારક રજૂઆત કરી હતી.

### મોળાકત વ્રત

અષાઢ માસની અગિયારસથી,
મોળું મોળાકતનું વ્રત શરૂ કરાય.
મોળાકતનુંશુભ એવું પાવનવ્રત,
શ્રદ્ધાપૂર્વક નાની બાલિકાઓ કરે.
માતાજી ગૌરીમાને યાદ કરીને,
મોળાકતનો શુભ પ્રારંભ કરાય.
માટીના નાના ગોરમા બનાવીને,
પાંચ દિવસ ભાવથી પૂજન કરે.
કંકુ, અક્ષત, ફૂલથી પૂજન કરી,
ગોરમા ને પાંચ દિવસ વિનવાય.
મંદિરમાં જઈ માનું પૂજન કરી,
ભાવપૂર્વક ભક્તિગીતો ગવાય.
પાંચ દિન સોળ શણગાર સજી,
નમક વગરનું ભોજન ખવાય.
બાગ બગીચે ફળાહાર કરીને,
નદીતળાવે સ્નાન કરવા જાય.
સંયમ, સેવાના ગુણ સંચારીને,
સદાચારનો મારગ અપનાવે.
'નિશુ'કે જે બાળા કરે મોળાકત,
એનાં જીવનમાં પુષ્પો પથરાયપ

**-નિશા ભરતભાઈ ઠાકર 'નિશુ'**

# વિરાણી રોડ ઉપર ભારે માલવાહક વાહનોના કારણે લોકો પરેશાન



**નખત્રાણા સંકલનમાં માત્ર વાતો થઈ અમલવારી નહીં**

નખત્રાણા - કચ્છઉદય : વિરાણી રોડ ઉપર સવારના ૮ વાગ્યા પછી ભારે માલવાહકોની પ્રવેશ બંધી બાબતે નખત્રાણા સંકલન બેઠકમાં રજૂઆતો થઈ હતી અને અધ્યક્ષ સ્થાનેથી કહેવામાં આવ્યું હતું કે આઠ વાગ્યા પછી ભારે માલવાહક વાહનો વિરાણી રોડ ઉપર પ્રવેશ કરવાની છતાં પણ સંકલનની ફરિયાદો કોઈ જ કાર્યવાહી થઈ રહી નથી. ભારે વાહનોના કારણે અહીં રહેણાંક વિસ્તારોના નાના વાહન ચાલકોને પરેશાની થાય છે. રોડ સાંકળો હોવાથી નીકળી શકતા નથી, જે માટે રજૂઆત થઈ હતી. પણ અહીં ખુદ અમલદારો જ અમલ કરાવવામાં નિષ્ફળ ગયા છે. છેલ્લા ઘણા સમયથી વિરાણી રોડ ઉપર ભારે ટ્રાફિક સમસ્યાની ફરિયાદો ઊઠી રહી છે, ભારે વાહનો આડેધડ રોડ પર પડ્યા રહેતા હોવા છતાં જવાબદારો કોઈ કાર્યવાહી ન કરતાં સ્થાનિકોમાં નારાજગી ફેલાઈ છે.

# કાળઝાળ ગરમી અને ચોમાસાના વિલંબને કારણે 'રણના જહાજ' ગણાતા ઊંટની કચ્છ-રાજસ્થાનમાં વસ્તીના અસ્તિત્વ સંકટ

**ભચાઉ, અબડાસા અને લખપત તાલુકામાં આવેલ દરિયાકાંઠાના વિસ્તારોમાં આશરે ૨,૦૦૦ 'ખારાઈ ઊંટ' : પાણીના સ્ત્રોત અને ગરમ જમીનના કારણે બચ્ચાઓ હીટસ્ટ્રોકનો બની રહ્યા છે ભોગ**

ભુજ - કચ્છઉદય : કચ્છ અને પશ્ચિમ રાજસ્થાનના સરહદી વિસ્તારોમાં કાળઝાળ ગરમી અને ચોમાસાના વિલંબને કારણે 'રણના જહાજ' ગણાતા ઊંટની વસ્તી પર મોટું અસ્તિત્વ સંકટ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા સામાન્ય કરતાં વધુ હીટવેવના દિવસોની આપેલી આગાહી વચ્ચે, તીવ્ર ગરમીના કારણે છેલ્લા એક જ મહિનામાં કેટલાક પશુપાલકોએ આઠ-આઠ જેટલા ઊંટના બચ્ચાઓ ગુમાવ્યા હોવાના આઘાતજનક અહેવાલો સામે આવ્યા છે. પશુપાલકોના જણાવ્યા મુજબ, આ વર્ષે તાપમાન અગાઉના તમામ રેકોર્ડ તોડી રહ્યું હોવાથી પશુ ધનને બચાવવું અત્યંત મુશ્કેલ બન્યું છે.

કુદરતી રીતે પુખ્ત ઊંટ અત્યંત શુષ્ક વાતાવરણ સહન કરવા સક્ષમ હોય છે અને પોતાના શરીરનું ૨૫ થી ૩૦ ટકા પાણી ગુમાવવા છતાં જીવી શકે છે. તેમની કાર્યક્ષમ કિડની અને ખૂંધમાં સંગ્રહિત ચરબી તેમને ઊર્જા અને પાણી પૂરા પાડે છે. જોકે, નવજાત બચ્ચાઓમાં આ શારીરિક રોગપ્રતિકારક શક્તિ સંપૂર્ણ વિકસિત હોતી નથી. ચોમાસું મોડું પડતાં સુકાયેલો ઘાસચારો, ખાલી પડેલા પાણીના સ્ત્રોત અને ગરમ જમીનના કારણે બચ્ચાઓ હીટસ્ટ્રોકનો ભોગ બની રહ્યા છે.

રણપ્રદેશ કચ્છ જિલ્લાના ભચાઉ, અબડાસા અને લખપત તાલુકામાં આવેલ દરિયાકાંઠાના વિસ્તારોમાં આશરે ૨,૦૦૦ 'ખારાઈ ઊંટ' આવેલા છે, જ્યારે સમગ્ર ગુજરાતમાં તેમની સંખ્યા આશરે ૪,૦૦૦ જેટલી છે. આ વિશિષ્ટ પ્રજાતિના ઊંટ દરિયાના પાણીમાં તરીને ટાપુઓ સુધી પહોંચે છે અને ખારાશયુક્ત ઘાસ તથા મેન્ગ્રોવ (ચેરના વૃક્ષો) પર નભે છે. પરંતુ, મેન્ગ્રોવનો વિનાશ, ગેરકાયદેસર મીઠાના અગરો અને વધતા પ્રદૂષણને કારણે તેમનો મુખ્ય ખોરાક ખતમ થઈ રહ્યો છે.

બીજી તરફ, એશિયાના સૌથી મોટા બન્નીના ઘાસના મેદાનોમાં પણ પીવાના પાણીની ભારે અછત સર્જાઈ છે. દુષ્કાળની સત્તાવાર જાહેરાત ન થઈ હોવાના કારણે વન વિભાગ પાસે સંગ્રહિત ઘાસનો જથ્થો પશુપાલકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો નથી, જેના કારણે ઘણા માલધારીઓ પોતાના ઊંટ વેચવા કે સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે.

રાજસ્થાનને આ વર્ષે 'અતિશય ગરમી અને સામાન્યથી ઓછા વરસાદ' વાળા જોખમી વિસ્તારમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે. જેસલમેર અને પશ્ચિમ રાજસ્થાનમાં ધૂળની આંધીઓ અને વિલંબિત ચોમાસાના કારણે ખેતી અને ખેડૂતો થંભી ગયા છે.

૧૯૯૦ના દાયકાથી દેશમાં ઊંટની વસ્તીમાં આશરે ૮૦ ટકાનો તીવ્ર ઘટાડો નોંધાયો છે. દેશના કુલ ૯૦ ટકા ઊંટ ધરાવતા ગુજરાત અને રાજસ્થાન પૈકી, રાજસ્થાનમાં હવે ઊંટની સંખ્યા ઘટીને માત્ર ૨.૧૨ લાખ રહી ગઈ છે. પરંપરાગત ચરાણ વિસ્તારોમાં સોલર પ્રોજેક્ટ્સની ફાળવણી, નહેરોના આગમનથી બદલાયેલી ખેતી પદ્ધતિ અને આંતરરાજ્ય વેચાણ પરના કાનૂની પ્રતિબંધોએ ઊંટપાલનને આર્થિક રીતે અસક્ષમ બનાવી દીધું છે. જોકે, રાજસ્થાન સરકારે ૨૦૨૪માં નવજાત બચ્ચા દીઠ સહાય રૂા. ૧૦,૦૦૦થી વધારીને રૂા. ૨૦,૦૦૦ કરી છે, પરંતુ પાલકોના મતે માત્ર આર્થિક સહાય સમસ્યાનું કાયમી નિવારણ નથી.

કૃષિ અને પશુપાલન નિષ્ણાતોના મતે, ચોમાસું મોડું પડવાથી ઘાસચારાની ગુણવત્તા બગડે છે. ઊંટના શારીરિક સ્વાસ્થ્ય માટે જરૂરી એવા ૩૬ પ્રકારના રણના ઔષધીય છોડ સુકાઈ જાય છે. ખોરાકની શોધમાં ઊંટ હાઈવે અને રેલવે ટ્રેક તરફ ભટકે છે, જેના કારણે માર્ગ અકસ્માતોમાં પણ અનેક ઊંટો જીવ ગુમાવી રહ્યા છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઊંટપાલક સમુદાયો હવે સરકાર સમક્ષ માંગ કરી રહ્યા છે જેમાં દરિયાકાંઠે અને રણ વિસ્તારોમાં ઊંટ માટે સંરક્ષિત ચરાણ વિસ્તારો જાહેર કરવામાં આવે, ઊંટના દૂધની પ્રોસેસિંગ માટે સામુદાયિક ઊંટ દૂધ ડેરીઓ સ્થાપવામાં આવે. જો ઊંટના દૂધને વ્યાવસાયિક મૂલ્ય આપવામાં નહીં આવે, તો હવામાન પરિવર્તન, ગરમી અને ઘાસચારાની આ કટોકટી વચ્ચે કચ્છ અને થારના રણની આ ઓળખ હંમેશા માટે લુપ્ત થઈ જવાનો ખતરો ઊભો થયો છે.

# રોડ ટુ હેવન, કાળો ડુંગર, એકલ અને ધોળાવીરા ખાતે ઇકો-ટુરિઝમ વિકસાવાશે

**ઓક્ટોબરથી શરૂ થતી પ્રવાસન સીઝન પહેલાં કામગીરી પૂર્ણ કરવાનો પૂર્વ કચ્છ વન વિભાગનો લક્ષ્યાંક : પ્રવાસીઓને વન્ય જીવની અપાશે માહિતી**

ભુજ - કચ્છઉદય : ભારતનો બીજા નંબરનો સૌથી મોટો જિલ્લો અને 'રણ ઉત્સવ' તેમજ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ 'ધોળાવીરા' માટે વિશ્વભરમાં પ્રખ્યાત ભાતીગળ કચ્છ હવે પ્રવાસીઓને માત્ર સફેદ રણ જ નહીં, પરંતુ તેનાથી પણ ઘણું વધુ પૂરું પાડવા માટે તૈયાર થઈ રહ્યું છે. ગુજરાતના સૌથી મોટા પ્રવાસન સ્થળોમાંથી એક એવા કચ્છમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન આપવા અને નવો આયામ ઉમેરવાના હેતુથી સમગ્ર જિલ્લામાં ચાર નવા વન્યજીવ જાગૃતિ કેન્દ્રો વિકસાવવામાં આવી રહ્યા છે.

રાજ્યના વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા આ પ્રકલ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ઈકો-ટુરિઝમ વધારવાની સાથે સાથે પ્રવાસીઓને કચ્છની અનોખી જૈવવિવિધતા, વન્યજીવન, ભૂસ્તરશાસ્ત્ર અને સાંસ્કૃતિક વારસા વિશે માહિતગાર કરવાનો છે. આ ચાર નવા કેન્દ્રો રોડ ટુ હેવન નજીક આવેલા ત્રાગડી બેટ, કાળો ડુંગર, માતાના મઢ નજીક આવેલા એકલ અને ધોળાવીરા ખાતે તૈયાર કરવામાં આવી રહ્યા છે. દરેક કેન્દ્રની ડિઝાઈન જે-તે સ્થળના ભૌગોલિક, ઐતિહાસિક અને ઈકોલોજીકલ મહત્વને ધ્યાનમાં રાખીને ચોક્કસ થીમ પર આધારિત બનાવવામાં આવી છે. હાલમાં આ કેન્દ્રોનું નિર્માણ કાર્ય આખરી તબક્કામાં છે અને ઓક્ટોબર માસથી શરૂ થતી આગામી પ્રવાસન મોસમ અગાઉ તેનું લોકાર્પણ કરી દેવામાં આવે તેવી શક્યતા છે.

આ તમામ સુવિધાઓમાં પ્રવાસીઓને કચ્છના સમૃદ્ધ કુદરતી વારસાને સરળતાથી સમજાવવા માટે ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લે પેનલ, ડિજિટલ સ્ક્રીન, કિયોસ્ક, ભીંતચિત્રો અને શૈક્ષણિક પ્રદર્શનો ગોઠવવામાં આવશે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેન્દ્રોમાં સ્વયં-સ્પષ્ટ ડિજિટલ સ્ક્રીન દ્વારા મુલાકાતીઓને રણની શિયાળ (ડિઝર્ટ ફોક્સ), ઘોડખર (ઈન્ડિયન વાઈલ્ડ એસ), વરૂ, અત્યંત દુર્લભ એવા ખડમોર તથા અનેક પ્રવાસી પક્ષીઓની પ્રજાતિઓ વિશે જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત કચ્છના રણની નિવસનતંત્ર (ડિઝર્ટ ઈકોસિસ્ટમ) અને કુદરતી વારસા અંગેની વિસ્તૃત માહિતી પણ પ્રદર્શિત કરાશે.

કચ્છ પૂર્વના ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ આયુષ વર્માએ જણાવ્યું હતું કે, "કચ્છ પાસે રણ, દરિયાકિનારા, ઘાસના મેદાનો, પહાડોથી લઈને અનોખા વન્યજીવ આશ્રયસ્થાનો સુધીની વિપુલ ઈકોલોજીકલ વૈવિધ્યતા છે. આ દેશનું સૌથી મોટું વન્યજીવ અભયારણ્ય અને સૌથી મોટા ઘાસના મેદાનો પૈકીનો એક વિસ્તાર છે. આ જાગૃતિ કેન્દ્રો દ્વારા પ્રવાસીઓ આ અસાધારણ જૈવવિવિધતા વિશે નજીકથી જાણી શકશે." ઈકો-ટુરિઝમને પ્રોત્સાહિત કરવાનો મુખ્ય આશય એ છે કે મુલાકાતીઓ અહીંથી પરત ફરે ત્યારે વન્યજીવ સંરક્ષણ અને પ્રદેશના કુદરતી વારસા પ્રત્યે વધુ આદર અને જાગૃતિ લઈને જાય તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# રક્ષામંત્રી રાજનાથ સિંહે 'સમુદ્ર પ્રદક્ષિણા' અભિયાનને ફ્લેગ-ઇન કર્યું

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ભારતના દરિયાઈ ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે ૨૨ જુલાઈ ૨૦૨૬ના રોજ ભારતની સર્વપ્રથમ ત્રિ-સેવા સર્વ-મહિલા પરિભ્રમણ સેઈલિંગ અભિયાન "સમુદ્ર પ્રદક્ષિણા"ને સફળતાપૂર્વક પૂર્ણ થવા પર ફ્લેગ-ઈન કર્યું હતું. ભારતીય સેનાની ત્રણેય પાંખો (ભૂમિદળ, નૌકાદળ અને વાયુસેના)ની નવ મહિલા અધિકારીઓની બનેલી ટીમે ૩૧૪ દિવસની અદ્ભુત અને પડકારજનક યાત્રા બાદ સ્વદેશ વાપસી કરી છે. આ સાહસિક સફર દરમિયાન તેમણે ચાર વિશાળ મહાસાગરો પાર કરીને આશરે ૨૫,૫૦૦ નોટિકલ માઈલનું અપ્રતિમ અંતર કાપ્યું હતું. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ક્રૂ મેમ્બર્સને અભિનંદન આપતાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ અભિયાનને 'નારી શક્તિ', ત્રિ-સેવા સંયુક્તતા અને નવા ભારતના દ્રઢ સંકલ્પના પ્રતીક તરીકે ઓળખાવ્યું હતું. તેમણે મહિલા અધિકારીઓની અદ્ભુત હિંમત, સહનશક્તિ અને ઉચ્ચ કક્ષાની વ્યાવસાયિકતાની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, "આ યાત્રા ભારતીય મહિલાઓની અસીમ ક્ષમતા અને વીરતાનું સાચું ઉદાહરણ છે, જેણે સમગ્ર વિશ્વ સમક્ષ ભારતનું મસ્તક ગર્વથી ઊંચું કર્યું છે.

રોમાંચક અને સાહસિક અભિયાનમાં ઉપયોગમાં લેવાયેલું બોટ 'આઈએનએસવી ત્રિવેણી' સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજીથી પુડુચેરી ખાતે તૈયાર કરવામાં આવ્યું છે. રક્ષા મંત્રીએ આ અંગે વિશેષ નોંધ લેતાં જણાવ્યું હતું કે, આઈએનસ્વી ત્રિવેણી માત્ર એક નૌકા નથી, પરંતુ ભારતની એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા, આત્મનિર્ભરતા ક્ષમતા અને વ્યૂહાત્મક આત્મવિશ્વાસનું આબેહૂબ પ્રતીક છે.

દુર્ગમ દરિયાઈ વાતાવરણ અને આકરા હવામાન વચ્ચે પણ ભારતીય મહિલા અધિકારીઓએ મેળવેલી આ સફળતા ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણાસ્રોત બની રહેશે અને દેશના ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીને એક નવી ઊંચાઈ પર લઈ જશે.

# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬: વિજેતા સ્પેનિશ સ્ટાર્સ ફેબિયાન અને ગાવીનું વતનમાં ભવ્ય સન્માન

નવી દિલ્હી : આર્જેન્ટિનાને એક્સ્ટ્રા ટાઈમમાં ૧-૦થી હરાવીને સ્પેને રવિવારે 'ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬'નું ટાઇટલ જીતીને ઇતિહાસ રચ્યો છે. આ ઐતિહાસિક વિજય બાદ સ્પેનિશ ટીમના બે મિડફિલ્ડર સ્ટાર્સ ફેબિયાન રુઈઝ અને પાબ્લો પાએઝ ગાવીરા (ગાવી) મંગળવારે પોતાના વતન 'લોસ પાલાસિયોસ ઈ વિલાફ્રાંકા' પહોંચ્યા ત્યારે સમગ્ર શહેરમાં દિવાળી જેવો ઉત્સવનો માહોલ સર્જાયો હતો. સ્પેનની ટીમ મેડ્રિડમાં વિજય પરેડ પૂર્ણ કર્યા બાદ વતન પરત ફરી હતી, જ્યાં હજારો નાગરિકો તેમના પ્રિય ખેલાડીઓના સ્વાગત માટે રસ્તાઓ પર ઉમટી પડ્યા હતા.

અંડાલુસિયાના આ નાના શહેરમાં ફૂટબોલ વિજેતાઓ માટે વર્ષો જૂની એક અત્યંત રસપ્રદ પરંપરા છે. શહેરની સિટી કાઉન્સિલ દ્વારા બંને ખેલાડીઓને તેમના શારીરિક વજન જેટલા જ સ્થાનિક રીતે ઉગાડવામાં આવેલા પ્રખ્યાત "બોમ્બોન કોલોરાઓ" ટમેટા ભેટમાં આપવામાં આવ્યા હતા. ગાવી (ઉંમર ૨૧ વર્ષ)નું ૬૮ કિલોગ્રામ વજન હોવાથી ૬૮ કિલો ટમેટાં, ફેબિયાન રુઈઝ (ઉંમર ૩૦ વર્ષ)નું ૮૪ કિલોગ્રામ વજન હોવાથી ૮૪ કિલો ટમેટાં અર્પણ કરાયા હતા. આ સાથે જ બંને ખેલાડીઓને વર્ષ ૧૯૮૨ના વર્લ્ડ કપના ઓફિશિયલ માસ્કોટ 'ટોમેટિટો'ના ચિત્રવાળા ખાસ સ્મૃતિ બેનર પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

અનોખી પરંપરાની શરૂઆત ૧૬ વર્ષ પહેલાં એટલે કે ૨૦૧૦માં થઈ હતી, જ્યારે આ જ શહેરના સ્ટાર ખેલાડી જેસસ નવાસે દક્ષિણ આફ્રિકામાં સ્પેનને વર્લ્ડ કપ અપાવ્યો હતો. ત્યારથી નિયમ બન્યો છે કે શહેરમાંથી કોઈ પણ ખેલાડી યુરો કપ કે વર્લ્ડ કપ જેવી મેગા ટૂર્નામેન્ટ જીતે તો તેને વજન જેટલાં ટમેટાં આપીને સન્માનિત કરાય છે. જેસસ નવાસ (૨૦૧૨ યુરો) અને રુઈઝને (૨૦૨૪ યુરો) બાદ આ સન્માન મળી ચૂક્યું છે, જ્યારે ૨૧ વર્ષીય ગાવી માટે આ પ્રથમ અનુભવ હતો. કાર્યક્રમ દરમિયાન ત્રણેય વર્લ્ડ કપ વિજેતાઓ (નવાસ, રુઈઝ અને ગાવી) એક જ મંચ પર જોવા મળ્યા હતા. સિટી કાઉન્સિલે જુઆન જોસે વાકેરો એવન્યુ પર આ ત્રણેય ખેલાડીઓના સન્માનમાં એક ભવ્ય સ્મારક બનાવવાની પણ સત્તાવાર જાહેરાત કરી છે.રમતગમતને પ્રોત્સાહન આપવા અને આ સ્ટાર્સની સિદ્ધિઓને અમર બનાવવા માટે સ્થાનિક પ્રશાસને બે મહત્વના સ્ટેડિયમોના નામ બદલવાનો નિર્ણય લીધો છે જેમાં મારિસ્માસ સ્ટેડિયમ હવે "ફેબિયાન રુઈઝ ફૂટબોલ ફિલ્ડ" તરીકે ઓળખાશે. સાન સેબાસ્ટિયન સ્ટેડિયમ હવે "પાબ્લો માર્ટિન પાએઝ ગાવીરા ફૂટબોલ ફિલ્ડ" તરીકે ઓળખાશે. ઉલ્લેખનીય છે કે, ફેબિયાન રુઈઝે પોતાની કારકિર્દીની શરૂઆત 'લોસ પાલાસિયોસ સીએફ'થી કરી હતી, જ્યારે ગાવી માત્ર ૭ વર્ષની ઉંમરે 'લા લિયારા બાલોમ્પી'ની યુવા ટીમમાં જોડાયો હતો. ૨૦૨૬ના આ વર્લ્ડ કપમાં રુઈઝે સ્પેન માટે ૩૬૬ મિનિટ રમીને બેલ્જિયમ સામેની ક્વાર્ટર ફાઈનલમાં એક મહત્વપૂર્ણ ગોલ કર્યો હતો, જ્યારે ગાવીએ બે મેચોમાં ૮૫ મિનિટ સુધી મેદાન પર પોતાનું યોગદાન આપ્યું હતું.

# વ્યક્તિ અડધી સેકન્ડમાં જ મગજ અને ચહેરાના સ્નાયુઓ કરવા લાગે છે નકલ

અમદાવાદ (એજન્સી દ્વારા) : જ્યારે આપણે કોઈ વ્યક્તિને હસતી કે મુસ્કુરાતી જોઈએ છીએ, ત્યારે માત્ર અડધી સેકન્ડથી પણ ઓછા સમયમાં આપણું મગજ અને ચહેરાના સ્નાયુઓ તેની નકલ કરવા લાગે છે. તબીબી વિજ્ઞાનની ભાષામાં આ પ્રક્રિયાને "ભાવનાત્મક અનુકરણ"તરીકે ઓળખવામાં આવે છે. આ એક એવી જૈવિક ક્રિયા છે જે આપણા મગજની જટિલ 'મિરર ન્યુરોન સિસ્ટમ' સાથે સીધી જોડાયેલી છે. જેવી આપણે કોઈ વ્યક્તિનું સ્મિત જોઈએ છીએ, કે તુરંત જ આપણા મગજનો 'એમિગ્ડાલા' અને 'ઈન્સ્યુલા' ભાગ સક્રિય થઈને સામે વાળી વ્યક્તિની લાગણીઓને ઓળખી લે છે. આ સંકેત મળતા જ મગજ ફેશિયલ નર્વ દ્વારા આપણા ગાલ અને આંખોની આસપાસના સ્નાયુઓને હલનચલન કરવાનો સંદેશ મોકલે છે. આ સમગ્ર ઘટના એટલી વીજળીક ઝડપે થાય છે કે વ્યક્તિને તેનો સ્વયં અહેસાસ પણ થતો નથી. વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે જ્યારે આપણે કોઈનું સાચું સ્મિત જોઈને તેને અનુકરિત કરીએ છીએ, ત્યારે મગજમાં ઓક્સિટોસિન' અને ડોપામાઈન' જેવા ફીલ-ગુડ હોર્મોન્સનો સ્ત્રાવ થાય છે. આ હોર્મોન્સ માનવીય સંબંધોમાં ગાઢતા અને પરસ્પર ભરોસો વધારવામાં પાયાની ભૂમિકા ભજવે છે. આ જ કારણ છે કે એક નિખાલસ સ્મિત આપણને સામેની વ્યક્તિ પ્રત્યે વધુ આકર્ષિત અને વિશ્વસનીય બનાવે છે.તબીબી નિષ્ણાતોના મતે, દરેક સ્મિત એકસરખું નથી હોતું. વાસ્તવિક અને હૃદયપૂર્વકના સ્મિતમાં મોંની સાથે આંખોના ખૂણાના સ્નાયુઓ પણ સંકોચાય છે, જેને વિજ્ઞાનમાં "ડુશેન સ્મિત" કહેવામાં આવે છે. તેનાથી વિપરીત, બનાવટી કે નકલી સ્મિતમાં માત્ર હોઠ અને મોંના સ્નાયુઓ જ વપરાય છે. માનવ મગજ આ બંને વચ્ચેનો તફાવત ક્ષણવારમાં પકડી પાડે છે અને તે આધારે જ સામેની વ્યક્તિ પર કેટલો વિશ્વાસ મૂકવો તે નક્કી કરે છે. નિયમિત સ્મિત અને સકારાત્મક સામાજિક વ્યવહાર માનવ શરીર માટે ઔષધ સમાન છે. તે શરીરમાંથી સ્ટ્રેસ હોર્મોન 'કોર્ટિસોલ'નું પ્રમાણ ઘટાડે છે, શારીરિક રોગપ્રતિકારક ક્ષમતામાં સુધારો કરે છે, તે હૃદયના ધબકારાને સામાન્ય રાખીને રક્ત પરિભ્રમણ સુધારે છે. સ્મિત એ માત્ર એક સામાજિક શિષ્ટાચાર નથી, મગજ, હોર્મોન્સ અને રોગપ્રતિકારક તંત્રને સાંકળતી એક અદભૂત જૈવિક પ્રક્રિયા છે, જે સેકન્ડના સોમા ભાગમાં સામાજિક સંબંધોની દિશા નક્કી કરે છે.

# ઓછા વરસાદને કારણે ભારતમાં મગની વાવણીમાં ૧૧ ટકાનો ઘટાડો

**તાજેતરના વરસાદથી વાવણી ગતિ પકડવાની આશા**

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ચાલુ ખરીફ સિઝનમાં દેશભરમાં મગના વાવેતરના વિસ્તારમાં ગયા વર્ષની સરખામણીએ આશરે ૧૧ ટકાનો ઘટાડો નોંધાયો છે. રાજસ્થાન, કર્ણાટક અને મહારાષ્ટ્ર જેવા મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં ચોમાસાના પ્રારંભિક તબક્કામાં અપેક્ષા કરતાં ઓછો વરસાદ પડવાને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે. સરકારી આંકડાઓ અનુસાર, ૧૭ જુલાઈ ૨૦૨૬ સુધીમાં મગની વાવણીમાં ૧૧.૦૨ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે કુલ કઠોળનો વાવેતર વિસ્તાર ૧૫ ટકાથી વધુ ઘટ્યો છે. આમ છતાં, રાહતની વાત એ છે કે નિર્ધારિત લક્ષ્યાંકના ૬૨ ટકાથી વધુ વિસ્તારમાં વાવણી પૂર્ણ થઈ ચૂકી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જૂન મહિનામાં દેશભરમાં લાંબા ગાળાની સરેરાશ કરતાં ૩૯.૮ ટકા ઓછો વરસાદ નોંધાયો હતો, જે વર્ષ ૧૯૦૧ પછીનો પાંચમો સૌથી સૂકો જૂન મહિનો સાબિત થયો છે. વરસાદની આ ખેંચને કારણે ખેડૂતોને વાવણી પ્રક્રિયા વિલંબિત કરવાની ફરજ પડી હતી.

રાજસ્થાનના દૂદુ વિસ્તારના ખેડૂત જગદીશચંદ સૌએ પોતાની આપવીતી જણાવતા કહ્યું હતું કે, તેમણે ૨૭ જૂને મગનું વાવેતર કર્યું હતું અને ત્યારથી તેઓ સતત વરસાદની રાહ જોઈ રહ્યા હતા. તાજેતરમાં પડેલા વરસાદથી પાક બચી જવાની નવી આશા જાગી છે. તેમણે ઉમેર્યું હતું કે, શુષ્ક વિસ્તારોમાં ખેડૂતો પાસે મગ, બાજરી અને જુવાર સિવાય અન્ય કોઈ શ્રેષ્ઠ વિકલ્પ ઉપલબ્ધ નથી.

દરમ્યાન, તાજેતરમાં દેશના વિવિધ ભાગોમાં શરૂ થયેલા વરસાદ બાદ પરિસ્થિતિ ઝડપથી સુધરે તેવી શક્યતા સેવાઈ રહી છે. કૃષિ નિષ્ણાતોના મતે, આ સાનુકૂળ વાતાવરણને કારણે વાવણીનો વિસ્તાર ઝડપથી ગતિ પકડશે અને આંકડો ગયા વર્ષના સ્તર સુધી પહોંચી જશે અથવા તો તેને વટાવી જશે. ઉલ્લેખનીય છે કે, સરકારી દાવા મુજબ કઠોળના વર્ગમાં મગ એકમાત્ર એવો પાક છે જેમાં ભારત આત્મનિર્ભર બન્યું છે. બજારમાં યોગ્ય કે પોષણક્ષમ ભાવ ન મળવા છતાં, મર્યાદિત શુષ્ક ક્ષેત્રોના ખેડૂતો આ પાકની વાવણી ચાલુ રાખે છે.

વરસાદના વિલંબની અસર માત્ર મગ પૂરતી સીમિત નથી રહી. ૧૭ જુલાઈ સુધીના એકંદર આંકડા દર્શાવે છે કે દેશમાં કુલ ખરીફ વાવેતર પણ ૬.૦૪ ટકા ઘટ્યું છે. મગ ઉપરાંત તુવેર (અરહર), અડદ, બાજરી અને સોયાબીન જેવા અન્ય મહત્ત્વના પાકોના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો નોંધાયો છે. જોકે, આગામી દિવસોમાં ચોમાસું સક્રિય રહેતાં પરિસ્થિતિ સામાન્ય થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# પેપર લીકના કેસો માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ રચાશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : દેશમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની પારદર્શિતા જાળવી રાખવા અને યુવાનોના હિતોનું રક્ષણ કરવા માટે કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જાહેરાત કરી છે કે પેપર લીકના કેસોની ઝડપી સુનાવણી અને નિકાલ માટે દેશમાં વિશેષ 'ફાસ્ટ-ટ્રેક કોર્ટ'ની સ્થાપના કરવામાં આવશે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમતા તત્વો સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી સુનિશ્ચિત કરવાનો અને યુવાનોને ત્વરિત ન્યાય અપાવવાનો છે. એક જાહેર કાર્યક્રમને સંબોધતા વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે પેપર લીકની ઘટનાઓ માત્ર લાખો યુવા ઉમેદવારોની મહેનત અને ભવિષ્યને જોખમમાં નથી મૂકતી, પરંતુ સમગ્ર પરીક્ષા પ્રણાલી પરથી દેશના નાગરિકોનો વિશ્વાસ પણ ડામાડોળ કરે છે. તેમણે ઉમેર્યું કે ફાસ્ટ-ટ્રેક કોર્ટના નિર્માણથી આવા કેસોનો સમયસર નિકાલ શક્ય બનશે, જે પેપર લીકની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલી માફિયાગીરી અને અસામાજિક તત્વો સામે એક મજબૂત અંકુશ તરીકે કામ કરશે.

નોંધનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે વિવિધ ભરતી અને પ્રવેશ પરીક્ષાઓમાં પેપર લીકની બનેલી ઘટનાઓને સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે. પબ્લિક એક્ઝામિનેશન એક્ટ જેવા કડક કાયદાઓ, ડિજિટલ સેફ્ટી અને નવીનતમ સુરક્ષા વ્યવસ્થાઓ અમલી બનાવ્યા બાદ, હવે ફાસ્ટ-ટ્રેક કોર્ટના રૂપમાં નવી ન્યાયિક વ્યવસ્થા ઉભી કરીને સરકારે દેશના યુવાધન માટે સુરક્ષિત અને ન્યાયી વાતાવરણ પૂરું પાડવાની પોતાની કટિબદ્ધતા દોહરાવી છે.

# ગુરૂગ્રામની હોસ્પિટલમાંથી સોનમ વાંગચુકનો વીડિયો સંદેશ 'હું હજુ જીવિત છું', ઉપવાસ છોડવા મૂકી શરત

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : દેશના જાણીતા સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે ગુરુગ્રામ સ્થિત હોસ્પિટલના પથારી પરથી એક વીડિયો સંદેશ જારી કરીને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અફવાઓ વચ્ચે પોતે 'જીવિત હોવાની' પુષ્ટિ કરી છે. વાંગચુક હોસ્પિટલના બિસ્તર પર અત્યંત શારીરિક નબળાઈની સ્થિતિમાં જોવા મળી રહ્યા છે, જે તેમના લંબાયેલા ઉપવાસ અને કથળતી તંદુરસ્તીની ગંભીરતા દર્શાવે છે.

પોતાના સંદેશમાં વાંગચુકે સ્પષ્ટ કર્યું છે કે, સરકાર દ્વારા પ્રદર્શનકારી યુવાનો સામે કોઈ પણ પ્રકારની કાનૂની કે દંડાત્મક કાર્યવાહી નહીં કરવામાં આવે તેવી લેખિત બાંયધરી આપવામાં આવશે, ત્યાર બાદ જ તેઓ પોતાના આત્યંતિક ઉપવાસનો અંત લાવશે. તેમની આ શરતે સોશિયલ મીડિયા સહિત રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

એક તરફ વાંગચુકના સમર્થકો અને આમ નાગરિકો આ નિર્ણયને યુવાનોની સુરક્ષા અને હિત માટે લેવાયેલું હિંમતભર્યું પગલું ગણાવી રહ્યા છે, તો બીજી તરફ વિવેચકો તેને સરકાર પર અનુચિત દબાણ લાવવાનો પ્રયાસ માની રહ્યા છે. જોકે, મોટાભાગના નિષ્ણાતો આ શરતને સરકાર અને પ્રદર્શનકારીઓ વચ્ચે વાતચીતના દ્વાર ખોલતી એક સકારાત્મક તક તરીકે જોઈ રહ્યા છે.

બીજી તરફ, સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરોમાં એક તરફ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા વાંગચુક અને બીજી તરફ પોલીસ દ્વારા વિરોધ પ્રદર્શન કરી રહેલા આંદોલનકારીઓની કરાતી અટકાયતના દ્રશ્યો સામે આવ્યા છે. આ ઘટનાક્રમ બાદ વહીવટી તંત્ર અને આંદોલનકારીઓ વચ્ચેનો તણાવ વધુ વધ્યો છે.

# ૧૯૯૭ની એ ઘટના ફરી ચર્ચામાં... જ્યારે પેપર લીક સામે રસ્તા પર ઉતર્યા હતા ધર્મેન્દ્ર પ્રધાન

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : નીટ પેપર લીક મામલાને લઈને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ તેજ થઈ રહી છે. આ દરમિયાન આશરે ત્રણ દાયકા જૂની એક ઘટના ફરી ચર્ચામાં આવી ગઈ છે. સોશિયલ મીડિયા પર ૨૦૨૧નો એક રિપોર્ટ વાયરલ થઈ રહ્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે, કે ધર્મેન્દ્ર પ્રધાને ૧૯૯૭માં ઓડિશામાં થયેલા એક કથિત પેપર લીક સામે આંદોલન કર્યું હતું. લોકો તેને આજની પરિસ્થિતિ સાથે જોડીને જોઈ રહ્યા છે.આ દાવો નવો નથી. ૨૦૨૧માં પ્રકાશિત એક પ્રોફાઈલ રિપોર્ટમાં ધર્મેન્દ્ર પ્રધાનના એક જૂના સહયોગીના હવાલેથી કહેવામાં આવ્યું હતું કે, ૧૯૯૭માં ઓડિશા સચિવાલયની બહાર પેપર લીક સામે થયેલા પ્રદર્શનમાં ધર્મેન્દ્ર પ્રધાન સામેલ હતા. રિપોર્ટમાં જણાવાયું છે કે, તે દરમિયાન પોલીસના લાઠીચાર્જમાં તેમને ઈજા પણ પહોંચી હતી. જોકે આ અહેવાલો અંગે કોઈ સત્તાવાર પુષ્ટી થઈ નથી.૧૯૯૭નો સમય એવો હતો, જ્યારે કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની નવી સરકાર બહુમતિ સાબિત કરવાનો પ્રયાસ કરી રહી હતી. આ દરમિયાન ઓડિશામાં એક પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થવાનો મામલો સામે આવ્યો.

# રામમંદિરમાં દાનની ચોરી, ભ્રષ્ટાચાર કરનારાઓને ફાંસીની સજા થવી જોઈએ

પ્રયાગરાજ : રામમંદિર અને કોર્ટને જબરું લેણુ લાગે છે, પહેલા રામમંદિર હતું કે નહીં તે માટે કોર્ટમાં સંઘર્ષ હતો. હવે તે ઉકેલાયા પછી રામમંદિરમાં ચઢાવાની ચોરીને લઈને હાઈકોર્ટમાં વિવાદ ગયો છે. આમ રામમંદિર સાથે વિવાદ નિશ્ચિત છે. તેના કારણે હાઈકોર્ટના અકળાયેલા ન્યાયાધીશ અતુલ શ્રીધરને કહેવું પડ્યું હતું કે આ તો હદ થઈ, કમસેકમ મંદિરને તો આ પ્રકારની ચોરીમાંથી બક્ષો.હાઈકોર્ટના જજે આકરો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે જે લોકોને ચઢાવાની ચોરીની શરમ નથી તે અપ્રામાણિકતાનું નીચલામાં નીચલું સ્તર છે. આ પ્રકારના દોષિતો માટે તો મૃત્યુદંડની જોગવાઈ હોવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે જો રાજ્ય સરકાર ખરેખર ભ્રષ્ટાચાર દૂર કરવા માંગતી હોય તો તેણે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮માં સુધારો કરી ભ્રષ્ટાચારીઓ માટે ફાંસીની જોગવાઈ કરવા પર વિચાર કરવો જોઈએ. ન્યાયાધીશે આ ટિપ્પણી હમીરપુરના ફૈમુદ્દીન તેમજ બીજા બે જણાની અરજી ફગાવી દેતા જણાવ્યું હતું. અરજદારોએ બુલડોઝરની કાર્યવાહીને અંદેશો વ્યક્ત કરતા કોર્ટનું રક્ષણ માંગ્યું હતું. જો કે બીજા ન્યાયાધીશે અતુલ શ્રીધરન સાથે અસંમતિ વ્યક્ત કરતાં આ કેસ માટે ત્રીજા ન્યાયાધીશને રીફર કરવામાં આવ્યા છે.પોતાના ૫૧ પેજના ચુકાદામાં ન્યાયાધીશ અતુલ શ્રીધરને જણાવ્યું હતું કે દાયકાઓથી સરેરાશ ભારતીય ભ્રષ્ટાચારને સર્વસામાન્ય હકીકત તરીકે સ્વીકારી ચૂક્યો છે. ટ્રાન્સપેરન્સી ઈન્ટરનેશનલના ૨૦૨૫ના રિપોર્ટમાં ૧૮૨ દેશોમાં ભારત ૯૧માં સ્થાન પર છે, પરંતુ તેમા તેમને શરમ પણ આવતી નથી. રામમંદિર માટે આવેલા દાનમાં થયેલી ચોરીના વિવાદ બતાવે છે કે જાણે ભ્રષ્ટાચારને કોઈ હદ જ રહી નથી. તેમણે જણાવ્યું હતું કે બેલગામ ભ્રષ્ટાચારથી કેટલાક લોકોના હાથમાં મોટાપાયા પર રૂપિયા હશે. તેનાથી અમીર-ગરીબ વચ્ચેની ખાઈ વધુ પહોળી થશે.કોર્ટે જણાવ્યું હતું કે રામમંદિરમાં દાનની ચોરીથી પણ જે લોકો વિચલિત થતા નથી તેને કોઈપણ પ્રકારની શરમ ન અનુભવાય. નગર નિગમ અને અન્ય ભ્રષ્ટ અધિકારીઓની સાંઠગાંઠથી બિલ્ડર ગેરકાયદેસર નિર્માણ કરે છે. તે લાંચ લઈ આંખ બંધ કરી દે છે. તેના પછી કાયદાનો દંડો ચાલે છે.

# ભારતીય જેનેરિક દવાઓ પર ઓગસ્ટ ૨૦૨૮થી અમેરિકાનો ૧૦૦ ટકા ટેરિફ

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જાહેરાત કરી હતી કે તેઓ આયાતી જેનેરિક્સ પર ટેરિફ નાખીને સ્થાનિક સ્તરે દવા ઉત્પાદનને વેગ આપવા માંગે છે. આ માટે તેઓ પહેલાં તો બે વર્ષ જેનેરિક દવા પર ઝીરો ટકા ટેરિફ નાખશે અને પછીના વર્ષે ૧૦૦ ટકા અને તેના પછીના વર્ષે ૨૦૦ ટકા ટેરિફ નાખશે. ટ્રમ્પના આ પગલાંથી ભારત પર નોંધપાત્ર અસર પડી શકે છે.ભારત અમેરિકાની દવાઓમાં જેનેરિક ડ્રગ્સનું સૌથી મોટું નિકાસકાર છે. ટ્રુથ સોશિયલ પરની પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે પહેલી ઓગસ્ટના પ્રારંભથી અમેરિકા બધી જેનેરિક દવાઓ પર શૂન્ય ટકા ટેક્સ રાખશે, તેના પછી ના વર્ષ પહેલી ઓગસ્ટ ૨૦૨૮થી ૧૦૦ ટકા ટેરિફ અને પહેલી ઓગસ્ટ ૨૦૨૯થી ૨૦૦ ટકા ટેરિફ લાદશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે જેનેરિક ફાર્માસ્યુટિકલ પ્રોડક્શન અમેરિકામાં લાવવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. આના પગલે અમેરિકામાં નિયત સમયમાં પ્લાન્ટ અને મશીનરી નહીં લગાવે તો આ કંપનીઓએ તેની કિંમત ચૂકવવી પડશે.ટ્રમ્પે જણાવ્યું હતું કે આ પોલિસીનો હેતુ અમેરિકાના લોકોના હિતોનું રક્ષણ કરવાનો છે. પેટન્ટેડ, બ્રાન્ડેડ ક નવા ડ્રગ્સ પરની પોલિસીને એટલી સફળતા મળી છે કે તે ચાલુ રાખવામાં આવશે. ભારતને ઘણી વખત વિશ્વની દવાનું કેન્દ્ર કહેવામાં આવે છે અને તે આખા વિશ્વને દવાનો પુરવઠો પૂરો પાડે છે.૨૦૨૫માં ભારતે અમેરિકામાં ૯.૭ અબજ ડોલરની દવાની નિકાસ કરી હતી. આ નિકાસ તેની કુલ વૈશ્વિક દવા નિકાસ ૨૫.૮ અબજ ડોલરના ૩૮ ટકા હતી, એમ ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના રિપોર્ટમાં જણાવાયું હતું.ભારતની જેનેરિક દવાઓ મુખ્યત્વે હાઈપરટેન્સન, ડાયાબિટીસ, કેન્સર, ચેપગ્રસ્ત રોગો અને મેન્ટલ હેલ્થને લગતી છે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ જેનેરિક ડ્રગ્સ જેવી કે સ્ટેટિન્સ અને એન્ટિબાયોટિક્સ અમેરિકાના કુલ પ્રિસ્ક્રિપ્શન્સમાં ૯૦ ટકા જેટલો પિસ્સો ધરાવે છે. આમાની ઘણી બધી દવાઓનું ઉત્પાદન ભારતમાં થાય છે, જે તેના કાચા માલ માટે ચીન પર આધારિત છે. રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ બંને આ બાબતને રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્ત્વની માને છે.ડોક્ટરો અને સપ્લાય ચેઈન નિષ્ણાતો માને છે કે જેનેરિક દવાની આયાત પર વેરો લગાવવાનો નિર્ણય અમેરિકા માટે પણ આકરો છે. તેના કારણ અમેરિકન દર્દીઓનો ખર્ચ વધી જશે અને મહત્ત્વના ડ્રગ્સની અછત વર્તાશે. હમણા સુધી તો વહીવટીતંત્ર જેનેરિક ડ્રગ્સને ટેરિફમાંથી રાહત આપવાનું વાત કરતું હતું.અહેવાલે જણાવ્યું હતું કે એક્સેસિબલ મેડિસિન્સ એસોસિયેશન્સના ચીફ એક્ઝિક્યુટિવ જહોન મર્ફીએ જણાવ્યું હતું કે તેમનો ઉદ્યોગ તંત્ર અને સાંસદો સાથે કામ કરીને જેનેરિક ઉદ્યોગની વૃદ્ધિ પુનઃ સ્થાપિત કરી શકાય અને અમેરિકામાં આપણા માટેની મહત્ત્વની રાષ્ટ્રીય સુરક્ષા એસેટ્સને અગ્રતા આપી શકાય તે સુનિશ્ચિત કરશે, એમ અહેવાલે જણાવ્યું હતું.

પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડાની ટીમની સમયસુચકતા ભરી કામગીરી સરાહનીય

# ભુજમાં મોડી રાત્રે પોલીસનો સપાટો : ગેસ્ટ હાઉસમાંથી ૨૦ લાખના હેરોઇન સાથે બે શખ્સ ઝડપાયા

**પંજાબ અને રાજસ્થાનના બે આરોપીની ધરપકડ : એ-ડિવિઝન, બી ડિવિઝન, એસઓજી અને એલસીબીની સંયુક્ત કાર્યવાહી : પ્રાથમિક તપાસમાં માદક પદાર્થ હેરોઇન હોવાનું સામે આવ્યું : ભરબજારમાં કાર્યવાહીથી લોકોમાં કુતૂહલ**

ભુજ - કચ્છઉદય : શહેરમાં સ્ટેશન રોડ પર આવેલ જનતા ઘરની બાજુના નીલકંઠ ગેસ્ટ હાઉસમાં મોડી રાત્રે ભુજ એ-ડિવિઝન, બી ડિવિઝન, એસઓજી અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમે દરોડો પાડી આશરે ૯૫થી ૧૦૦ ગ્રામ શંકાસ્પદ હેરોઈન સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી. જપ્ત કરાયેલા માદક પદાર્થની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે રૂ.૨૦ લાખ હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હરપ્રીતસિંગ (મૂળ રહેવાસી ફિરોઝપુર, પંજાબ) અને રામજસ પ્રતાપરામ બિશ્નોઈ (મૂળ રહેવાસી જોધપુર, રાજસ્થાન, હાલે ભુજ) નામના બંને શખ્સો ગત રાત્રે આશરે ૧૨ વાગ્યે ગેસ્ટ હાઉસમાં પહોંચ્યા હતા. આ અંગે ચોક્કસ બાતમી મળતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી સમગ્ર વિસ્તારને ઘેરી લઈને દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન બંનેના કબજામાંથી શંકાસ્પદ માદક પદાર્થ મળી આવતા તેને જપ્ત કરી બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. રાત્રે ભરબજારમાં એકસાથે મોટી સંખ્યામાં પોલીસના વાહનો પહોંચી જતા સ્થાનિકોમાં ગભરાટ સાથે કુતૂહલ ફેલાયું હતું. સવારે વેપારીઓ દુકાનો ખોલવા પહોંચ્યા ત્યારે પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જોવા મળતા સમગ્ર વિસ્તારમાં આ કાર્યવાહીને લઈને ચર્ચાઓ જાગી હતી. પકડાયેલા શંકાસ્પદ પદાર્થની તપાસ માટે સવારે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમને બોલાવવામાં આવી હતી. એફએસએલ દ્વારા લેવાયેલા નમૂનાની પ્રાથમિક તપાસમાં આ પદાર્થ હેરોઈન હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ દ્વારા પંચનામું સહિતની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટનાએ અગાઉ માધાપરમાં ધોળા દિવસે ભરબજારમાં થયેલી ડ્રગ્સ વિરોધી પોલીસ કાર્યવાહીની યાદ તાજી કરાવી છે. તે સમયે પણ પંજાબથી વાહનમાં છુપાવીને લાવવામાં આવેલ હેરોઈનનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો અને આરોપીઓને પકડવા પોલીસને ફાયરિંગ કરવાની ફરજ પડી હતી.હવે પોલીસે બંને આરોપીઓની સઘન પૂછપરછ શરૂ કરી તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને સપ્લાય કરવાનો હતો, આ નેટવર્કમાં અન્ય કોણ સામેલ છે તેમજ અગાઉ પણ આવી કોઈ ખેપ પહોંચાડવામાં આવી છે કે કેમ તે સહિતના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. પોલીસ દ્વારા ટૂંક સમયમાં વધુ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.









જીગરજાન મિત્રને ખુબ ખુબ અભિનંદન

શ્રી ધવલભાઈ કાંતીલાલ આચાર્ય
પ્રમુખશ્રી ગાંધીધામ લોહાણા મહાજન

આપશ્રીની ગાંધીધામ લોહાણા મહાજનના ગૌરવવંતા પ્રમુખશ્રી પદે નિયુક્તી થવા બદલ હૃદયપૂર્વક અભિનંદન તથા અનંત શુભકામનાઓ...

શુભેચ્છક
શ્રીમતી જ્યોતિબેન દિનેશભાઈ માલી
કોર્પોરેટરશ્રી ગાંધીધામ મહાનગર પાલિકા
શ્રી દિનેશભાઈ કરશનભાઈ માલી
સામાજીક અગ્રણી, ગાંધીધામ


સરહદી જિલ્લા પર ઘેરાતું દુષ્કાળનું સંકટ

# કચ્છમાં વિલંબિત ચોમાસાથી પશુપાલકો, ખેડૂતો અને શ્રમિકોના જીવન પર આજીવિકાનું મોટું ગ્રહણ

**કચ્છમાં જુલાઈના ત્રણ સપ્તાહ કોરાધાકોર જતાં પશુપાલકો, ખેડૂતો અને શ્રમિકો સંકટમાં : ખેત મજૂરોના મુખમાંથી રોજીરોટીનો કોળિયો છીનવાયો : પીવાના પાણી અને ગ્રામીણ અર્થતંત્ર પર ઘેરાતા દુષ્કાળના વાદળો**

**સરકારી ઘાસચારાની અપૂરતી રાહતથી માલધારીઓમાં આક્રોશ : રોજીરોટીનો પ્રશ્ન ઉભો થતાં શ્રમિકોનું પલાયન વધવાની ભીતિ**

ભુજ - કચ્છઉદય : રણપ્રદેશ અને સરહદી વિસ્તાર ધરાવતા કચ્છ જિલ્લામાં આ વર્ષે ચોમાસાનું આગમન વિલંબિત થતાં સમગ્ર પંથકમાં ચિંતાની ઘેરી કાલીમા છવાઈ ગઈ છે. જુલાઈ મહિનાના ત્રણ સપ્તાહ પૂરા થવા આવ્યા હોવા છતાં વરુણદેવે મહેર ન કરતાં કચ્છનો મોટાભાગનો વિસ્તાર હજુ પણ પૂરતા વરસાદ માટે તરસાઇ રહ્યો છે. ચોમાસાની સિઝન ચાલી રહી હોવા છતાં માફકસરનો વરસાદ ન થતાં સમગ્ર જિલ્લામાં દુષ્કાળ જેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આ વિષમ પરિસ્થિતિની સીધી અસર કચ્છના નિર્વાહના મુખ્ય આધારસ્તંભ એવા પશુપાલન, ખેતી અને શ્રમજીવી વર્ગ પર અત્યંત ગંભીર રીતે પડી રહી છે.

માનવ વસ્તી કરતાં પશુઓની સંખ્યા વધારે ધરાવતા સરહદી કચ્છ જિલ્લામાં માલધારીઓ માટે પશુધન બચાવવું એ સૌથી મોટો પડકાર બની ગયો છે. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા કચ્છના પશુપાલકો માટે રાહત દરે ઘાસચારા વિતરણની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જેમાં એક ઘાસ કાર્ડ દીઠ વધુમાં વધુ પાંચ પશુઓ માટે દૈનિક ચાર કિલો ઘાસ બે રૂપિયાના રાહત દરે આપવાનું નક્કી કરાયું છે. જોકે, મોટા પ્રમાણમાં પશુઓ ધરાવતા કચ્છના માલધારીઓ માટે આ સહાય ઊંટના મોંમાં જીરા સમાન પુરવાર થઈ રહી છે. દિન-પ્રતિદિન સુકાઈ રહેલા સીમ-વગડા વચ્ચે પાંચથી વધુ પશુઓ ધરાવતા પરિવારો માટે બાકીના ઢોરને નિભાવવા આર્થિક રીતે અશક્ય બની રહ્યા છે, જેના કારણે સરકારની આ યોજના સામે માલધારી આલમમાં વ્યાપક અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ, ચોમાસાના આરંભે જ વરસાદ ખેંચાઈ જતાં કચ્છનો ખેડૂત વર્ગ પણ ભારે ચિંતામાં મુકાયો છે. વાવણી યોગ્ય વરસાદની રાહ જોઈને બેઠેલા ખેડૂતોએ બિયારણ અને ખાતર પાછળ કરેલો ખર્ચ માટીમાં મળી જવાની ભીતિ સેવાઈ રહી છે. જે ખેડૂતોએ આગોતરી વાવણી કરી દીધી હતી તેમના પાક સુકાઈ જવાની આરે પહોંચ્યા છે. વરસાદના અભાવે ભૂગર્ભ જળસ્તર સતત ઊંડા ઊતરી રહ્યા છે, જેના કારણે બોરવેલ અને કૂવાના પાણી પણ ખૂટી રહ્યા છે. ખેતીકામ પૂરઝડપે શરૂ ન થઈ શકતાં તેની સીધી અસર ખેત મજૂરી કરતા નાના અને ગરીબ પરિવારો પર પડી છે. ચોમાસાની સિઝનમાં રોજીરોટી મેળવી આખા વર્ષનું ગુજરાન ચલાવતા શ્રમિક પરિવારો પાસે અત્યારે કોઈ કામ ન હોવાથી તેમના ઘરમાં ચૂલો સળગાવવો પણ મુશ્કેલ

અનુસંધાન પાના નં.૫ પર


હાર્દિક અભિનંદન



શ્રીમાન ધવલભાઈ આચાર્ય
પ્રમુખશ્રી ગાંધીધામ લોહાણા મહાજન
• યુવાઓના પ્રણેતા • તેજસ્વી યુવા રાજકીય શકિત • રેડક્રોસનાં સેવાભાવી પ્રતિભા

સામાજીક, રચનાત્મક-ઉપયોગી કાર્યો છેલ્લા લાંબા સમયથી અવિરત-અટલ રાખનારા અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપની સ્થાપના માટે પાયાનાં કાર્ય સાથે આજ સુધી અવિરત યોગદાન આપનારા રઘુવંશી સમાજરત્ન ડો. નીમાબેન આચાર્યનાં પરિવારજન અને અમારા સૌના સ્નેહીજન એવા આપની આ નિમણુંક અમારા માટે ગૌરવની વાત છે.

વરિષ્ઠ સમિતી
જેન્તીભાઈ જેઠાલાલ ઠકકર - દુમરા, ભુજ
વસંતભાઈ જેઠાલાલ કોડરાણી - અંજાર
પંકજભાઈ હંસરાજ ઠકકર - ગાંધીધામ
જયેશભાઈ જમનાદાસ સચદે - (બાપા દયાળુ)
સુકેતુભાઈ નિરંજનભાઈ રૂપારેલ - ભુજ
હિરાચંદભાઈ જીવરામ ઠકકર - નલીયા

ઉપપ્રમુખશ્રી
રાજેશભાઈ રતનશીભાઈ ચંદે - રાપર
જયેશભાઈ ત્રીકમદાસ ઠક્કર - ભુજ
અશ્વીનભાઈ વિશનજી રૂપારેલ - રવાપર
નરેન્દ્રભાઈ વસંતલાલ કોટક - ભચાઉ
ભરતભાઈ કાકુભાઈ રૂપારેલ - આદિપુર
યોગેશભાઈ ધીરજલાલ પીપરાણી - મુન્દ્રા
રશ્મીકાંતભાઈ હરીશભાઈ ઠકકર - ભુજ
સંજયભાઈ હરિલાલ દાવડા - અંજાર

મંત્રીશ્રી
રામજીભાઈ પરસોતમ મજેઠીયા - ગઢશીશા
દિપકભાઈ પ્રવીણભાઈ ઠકકર - ગાંધીધામ
અરવિંદભાઈ ગંગારામ ઠકકર - નેત્રા
વિશાલભાઈ રમેશચંદ્ર બારૂ - માંડવી
રાજેશભાઈ દયારામ ચોથાણી - ભુજ
નિતીનભાઈ ડાહ્યાલાલ ઠકકર - માધાપર
ભાવેશભાઈ કિશોરભાઈ ઠકકર - મુન્દ્રા

પ્રમુખશ્રી
રાજેશ દામજી પલણ - નખત્રાણા

સંગઠન મહામંત્રી
મનોજભાઈ હરિદાસ કોટક - મુન્દ્રા

મહામંત્રીશ્રી
હરેશભાઈ રમેશચંદ્ર તન્ના - ભુજ
દિનેશભાઈ ચુનિલાલ ઠક્કર - માધાપર
મહેન્દ્રભાઈ લાલજીભાઈ ગટ્ટા - લખપત

ખજાનચી સહખજાનચી
કૈલાશભાઈ વિઠ્ઠલદાસ ગણાત્રા - ભુજ
જયંતભાઈ છોટાલાલ ઠકકર - ભુજ

સમુહલગ્ન સમિતી ચેરમેન
કુશલભાઈ મુકેશભાઈ ઠકકર - ભુજ

સોશ્યલ મિડીયા કન્વીનર
મેહુલભાઈ પ્રવિણભાઈ દાવડા - નખત્રાણા
નરેશભાઈ મણીલાલ સોમેશ્વર - નખત્રાણા

આરોગ્ય સમિતી
નવીનભાઈ પારપ્યા રૂપારેલ - ભુજ
કિરણભાઈ નરેન્દ્રભાઈ રૂપારેલ - ભુજ
નિલેશભાઈ મનોજભાઈ તન્ના - માધાપર

શિક્ષણ સમિતી
નિતીનભાઈ લીલાધરભાઈ ઠકકર - નખત્રાણા
મુકેશભાઈ કાનજીભાઈ સચદે - ભુજ
અશ્વિનભાઈ વિઠ્ઠલદાસ પવાણી - ભુજ

સૌજન્ય :- વિનય વિનોદભાઈ રેલોન, ઉષા કેબલ નેટવર્ક, ભુજ


# ભુજ - પાલનપુર ટ્રેન ૩ વર્ષથી બંધ, ગાંધીધામ-પાલનપુરને ભુજ સુધી લંબાવો

**કચ્છમાં ફરજ બજાવતા ઉત્તર ગુજરાતના હજારો કર્મીઓ રેલ પરિવહન સુવિધાથી વંચિત : રાજકીય આગેવાનો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનું મૌન**

ભુજ : કચ્છ જિલ્લામાં સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ઉત્તર ગુજરાતના નાગરિકોની સંખ્યા નોંધપાત્ર પ્રમાણમાં છે, ત્યારે ભુજ - પાલનપુર ટ્રેન છેલ્લા ત્રણ વર્ષથી કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવતા મુસાફરો અને નોકરિયાત વર્ગમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે હાલમાં જે ગાંધીધામ - પાલનપુર ઈન્ટરસિટી ટ્રેન ચાલી રહી છે, તેને ભુજ સુધી લંબાવવામાં આવે જેથી હજારો લોકોને રાહત મળી શકે.

કચ્છમાં ખાસ કરીને શિક્ષણ વિભાગ, પોલીસ અને અન્ય સરકારી કચેરીઓમાં મોટાભાગનો સ્ટાફ ઉત્તર ગુજરાતનો છે. આ ઉપરાંત, ખાવડા ખાતે નિર્માણ પામી રહેલા વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કને કારણે ઉત્તર ગુજરાત અને રાજસ્થાનથી મોટી સંખ્યામાં લોકો રોજગારી અર્થે કચ્છ આવે છે. આટલી મોટી સંખ્યામાં લોકો વસવાટ કરતા હોવા છતાં, પરિવાર માટે પરિવહનની યોગ્ય સુવિધાના અભાવે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અગાઉ ભુજ - પાલનપુર ટ્રેન દિલ્હી, રાજસ્થાન અને આબુરોડ જવા માટે ખૂબ જ ઉપયોગી

અનુસંધાન પાના નં.૫ પર

## એસ.ટી. બસોની ભીડ દર્શાવે છે ટ્રેનની જરૂરિયાત

ટ્રેન ભલે બંધ કરી દેવાઈ હોય, પરંતુ આ રૂટ પર મુસાફરોનો ધસારો યથાવત છે. હાલમાં ભુજથી પાલનપુર રૂટ પર રોજની ૧૦ જેટલી એસટી બસો દોડે છે. રાત્રે ૯.૪૫ ના છેલ્લી બસ છે અને આ તમામ બસો ફૂલ જાય છે. જો બસોમાં આટલો ટ્રાફિક મળતો હોય, તો ટ્રેનમાં મુસાફરો ન મળવાની વાત પાયાવિહોણી સાબિત થાય છે. આ ગંભીર મુદ્દે ચૂંટાયેલા પ્રતિનિધિઓ, નેતાઓ અને સંસ્થાઓએ પણ જાણે મૌન સેવી લીધું હોય તેવો ઘાટ સર્જાયો છે. ઉત્તર ગુજરાત અને રાજસ્થાન તરફ જતા મુસાફરોની સુવિધા માટે વહેલી તકે રેલવે તંત્ર જાગે અને ગાંધીધામ-પાલનપુર ટ્રેનને ભુજ સુધી લંબાવે તેવી લોકમાંગ ઉઠી છે.

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ : રેલવે ટ્રેકનું ધોવાણ થતાં કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી અમદાવાદ અટકાવાઈ

**ઉદવાડા-ઉમરગામ વચ્ચે પાણી ભરાતા મુંબઈ તરફનો રેલ વ્યવહાર ઠપ્પ : આજે મુંબઈથી કચ્છ આવતી ટ્રેનો રદ કે શોર્ટ ટર્મિનેટ થવાની શક્યતાથી મુસાફરો મુશ્કેલીમાં**

ભુજ - કચ્છઉદય : દક્ષિણ ગુજરાત અને મુંબઈ રેલવે ડિવિઝનમાં પડેલા ભારે વરસાદના કારણે કચ્છથી મુંબઈ તરફ જતી રેલ સેવાઓને માઠી અસર પહોંચી છે. દક્ષિણ ગુજરાતના ઉદવાડા અને ઉમરગામ નજીક આવેલ રાઈઝર નદીના રેલવે બ્રિજ નંબર ૨૦૩ પર પાણીનું સ્તર ભયજનક સપાટીએ પહોંચી જતાં તેમજ ટ્રેકનું ધોવાણ થતાં મુંબઈ સેન્ટ્રલ મંડળ દ્વારા સુરક્ષાના કારણોસર રેલ વાહનવ્યવહાર ક્ષણિક ધોરણે સ્થગિત કરી દેવાયો છે. આ કુદરતી આફતને પગલે કચ્છથી ઉપડેલી અને મુંબઈ જતી મુસાફરોથી ખચાખચ ભરેલી કચ્છ એક્સપ્રેસ (ટ્રેન નં. ૨૨૯૫૬) તેમજ સયાજીનગરી એક્સપ્રેસ (ટ્રેન નં. ૨૦૯૦૮)ને અમદાવાદ સ્ટેશને જ રોકી દેવામાં આવી છે. રેલવેના ઉચ્ચ અધિકારીઓ તરફથી મળતી માહિતી મુજબ પરિસ્થિતિને ધ્યાને રાખીને આ બંને મુખ્ય ટ્રેનોને અમદાવાદ ખાતે જ શોર્ટ ટર્મિનેટ એટલે કે પૂર્ણ કરી દેવાય તેવી પૂરી સંભાવના છે.

કચ્છને મુંબઈ સાથે જોડતી આ મહત્વપૂર્ણ ટ્રેનો જો અમદાવાદ ખાતે જ રોકી દેવાશે, તો તેની સીધી અસર આજે મુંબઈથી કચ્છ તરફ આવતા હજારો મુસાફરો પર

અનુસંધાન પાના નં.૫ પર

# લાયસન્સ વિના સ્કૂલમાં ટુ-વ્હીલર લાવવા પર પ્રતિબંધ

**રાજ્ય સ્કૂલ સંચાલક મહામંડળનો કડક આદેશ : વાલીની લેખિત સંમતિ પણ ફરજિયાત : ભુજ સહિત કચ્છના છાત્રોમાં ઈ-બાઈક અને મોપેડનો ક્રેઝ વધ્યો : સાઈકલ લઈને સ્કૂલે જતા વિદ્યાર્થીઓ હવે ભાગ્યે જ જોવા મળે છે : આરટીઓ અને પોલીસના સેમિનાર છતાં અમલવારી શૂન્ય**

ભુજ : સગીર વયના વિદ્યાર્થીઓમાં ટુ-વ્હીલર ચલાવવાનો ક્રેઝ અને સતત વધી રહેલા અકસ્માતના બનાવોના કારણે રાજ્ય સ્કૂલ સંચાલક મહામંડળે લાલ આંખ કરી છે. મહામંડળ દ્વારા નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ છે, જેમાં સ્પષ્ટ જણાવાયું છે કે લાયસન્સ વિના જો કોઈ વિદ્યાર્થી ટુ-વ્હીલર લઈને આવશે, તો તેને સ્કૂલમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

રાજ્ય સ્કૂલ સંચાલક મહામંડળના પ્રમુખ ભાસ્કર પટેલે રાજ્યની તમામ ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર (ખાનગી) સ્કૂલોના સંચાલકોને પત્ર પાઠવીને આ કડક સૂચનાઓનો તાત્કાલિક અમલ કરવા જણાવ્યું છે. નવી માર્ગદર્શિકા મુજબ કાયદેસર ડ્રાઈવિંગ લાઈસન્સ ધરાવતા વિદ્યાર્થીઓએ લાઈસન્સની નકલ સ્કૂલમાં જમા કરાવવાની રહેશે. વાહન લઈને આવવા માટે વાલીની લેખિત મંજૂરી (સંમતિ પત્રક) રજૂ કરવી ફરજિયાત છે. સ્કૂલોએ વાહન લઈને આવતા આવા તમામ વિદ્યાર્થીઓનો રેકોર્ડ જાળવવાનો રહેશે. મહામંડળે ભારપૂર્વક જણાવ્યું છે કે સ્કૂલો માત્ર શિક્ષણ પૂરું પાડતી સંસ્થાઓ નથી, પરંતુ નિયમોના પાલનની ભાવના વિકસાવવામાં પણ તેમની મહત્વની ભૂમિકા છે. માર્ગ સલામતી માટે સ્કૂલ, વિદ્યાર્થી અને વાલી ત્રણેયની જાગૃતિ

અનુસંધાન પાના નં.૫ પર


તેરમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



પળે પળે યાદ આવો છો અમને, સદાય આપની ખોટ રહેશે અમને, દેહથી ભલે દુર થયા તમો, પરંતુ સદાય અમારા હૃદયમાં વસો છો. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ હૃદયભરી પ્રાર્થના...

સ્વ.લક્ષ્મણભાઈ વાલજીભાઈ છાંગા (LVC)
સ્વ. તા. ૨૩/૭/૨૦૧૩, ઉ.વ. ૩૫, ગામ : મમુઆરા, તા. ભુજ

શોકમગ્ન
• સતીષભાઈ વાલાભાઈ છાંગા : મોટાભાઈ
• હરીભાઈ વાલાભાઈ છાંગા : મોટાભાઈ
• મોહનભાઈ વાલાભાઈ છાંગા : મોટાભાઈ
• પૃથ્વી, હેત : પુત્રો • ધરતી : પુત્રી

સતીષ મીનરલ્સ